વર્ષ : ૩૪
અંક : ૧૦
સળંગ અંક : ૪૧૨
જાન્યુઆરી-૨૦૧૮

વૈષ્ણવ પરિવાર

તંત્રી : વસંતબહેન ર. પરીખ

શ્રી પુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રમ્ : ભાગ-૨

ભાવભીની શ્રદ્ધાંજલિ

'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ' માસિકના તંત્રી

ગો.વા. વસંતબેન રમેશભાઈ પરીખ

(ગોલોકવાસ : તા.૭-૧-૨૦૧૮)

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રી વાક્પતયે નમઃ ॥

વૈષ્ણવ પરિવાર

વર્ષ : ૩૪ ✦ અંક : ૧૦ ✦ સળંગ અંક : ૪૧૨
જાન્યુઆરી-૨૦૧૮ ✦ પોષ-મહા : ૨૦૭૪ ✦ શ્રીવલ્લભાબ્દ : ૫૪૦

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી વિરચિત

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્ : ભાગ-૨

ભેટપુસ્તક વિશેષાંક

વિવરણ
શ્રી ડૉ. પીયૂષભાઈ એન. પરીખ (ભરૂચ)

આદ્યતંત્રી
શ્રી રમેશભાઈ વિ. પરીખ

તંત્રી
વસંતબહેન ર. પરીખ

પરામર્શક
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
શ્રી મુકેશભાઈ બી. દલાલ

વ્યવસ્થાપક
અમિત રમેશભાઈ પરીખ

ગો.વા. ડૉ. નટુભાઈ છોટાભાઈ પટેલ
લીલાબેન નટુભાઈ પટેલ
અમિત નટુભાઈ પટેલ
બિનીતા પટેલ
ગૌરવ પારેખ
સહ સમગ્ર પરિવાર (અમેરિકા)ના
દંડવત પ્રણામ
તથા
સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ



રાજેન્દ્ર કનુભાઈ પટેલ
જાગૃતિ (જોલી) રાજેન્દ્ર પટેલ
નેહલ રાજેન્દ્ર પટેલ
દેવકી નેહલ પટેલ
અનુરા રાજેન્દ્ર પટેલ
તિલક નેહલ પટેલ
સહ સમગ્ર પરિવાર (અમેરિકા)ના
શ્રીજીના ચરણમાં કોટી કોટી
દંડવત પ્રણામ
અને વલ્લભના વહાલા વૈષ્ણવોને
સદૈન્ય ભગવદ્ સ્મરણ.



ગો.વા. જમનાદાસ હીરાચંદ શાહ (દેત્રોજ)
ના સ્મરણાર્થે
હસ્તે જગત ગિરીશભાઈ શાહ (USA)
ના સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

ગો.વા. નીલાબેન ગિરીશભાઈ શાહ
(અમદાવાદ)
ના સ્મરણાર્થે
હસ્તે જગત ગિરીશભાઈ શાહ (USA)
ના સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.



પ. ભ. શ્રીમતી કુસુમબેન અરુજીસ



પ. ભ. ગો. વા. બકુલાબેન પટેલ

ના સર્વે વૈષ્ણવોને સદૈન્ય ભગવદ્ સ્મરણ.



ગો.વા. પ. ભ. વાડીલાલ ગોરધનદાસ શાહ
(અડાદરા)



ગો.વા. પ. ભ. માણેકબેન વાડીલાલ શાહ
(અડાદરા)

હસ્તે કિરીટભાઈ શાહ પરિવાર
(અમદાવાદ)ના સદૈન્ય ભગવદ્ સ્મરણ.

રાજા તરમકદાસ કિશનદાસ

શ્રીમતી પદમાબેન તરમકદાસ
રાજેન્દ્રકુમાર અને વ્રજબાળા
અરવિંદકુમાર અને મોના
સુરેખા અને અનીતા (હૈદ્રાબાદ)ના જયશ્રીકૃષ્ણ.

રમાબેન દિલપીભાઈ પટેલ
(યુ.કે.)
ના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. યશવંતલાલ એસ. પરીખ
ગો.વા. ઈન્દુબેન યશવંતલાલ પરીખ
ના સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.



ગો.વા. રતિલાલ ભીખાલાલ શાહ
ગો.વા. કુમુદબેન રતિલાલ શાહ
ના સૌ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.



ગો.વા. રમેશચંદ્ર ચીમનલાલ શાહ

(હાથીખાનાવાળા)

ના સ્મરણાર્થે

હસ્તે સૂર્યાબેન રમેશચંદ્ર શાહ

નીતા-નિતીનકુમાર કચેરીયા
નિશીથ-સ્મૃતિ રમેશચંદ્ર શાહ
સંજય-સ્ટેલા રમેશચંદ્ર શાહ
તેજલ-સંદીપકુમાર કડકીયા
શાહ પરિવારના
સર્વે વૈષ્ણવોને જય જય શ્રીગોકુલેશ.

ગો.વા. મહેન્દ્રભાઈ નાગર
ગો.વા. અલકાબેન નાગર
ગો.વા. કાશીબેન નાગર
(મુંબઈ)
ના સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

વીણાબેન જયેન્દ્રભાઈ શાહ
(અમેરિકા)
ના સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

સ્નેહલતાબેન દાવડા
(યુ.કે.)
ના સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ.

શર્મિષ્ઠાબેન નગીનદાસ શાહ, વડોદરા
ના જયશ્રીકૃષ્ણ.

દક્ષાબેન શેઠ, અમેરિકા
ના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. અ.સૌ. અરુણાબેન ચંદુલાલ શાહ,
(પૂના)ના જયશ્રીકૃષ્ણ.

હિતેશભાઈ ડી. શાહ (અમદાવાદ)
ના જયશ્રીકૃષ્ણ.

પ્રાક્કથન

'વૈષ્ણવ પરિવાર'ના ભેટપુસ્તક 'પુરુષોત્તમસહસ્રનામ સ્તોત્રમ્'નો બીજો ભાગ પ્રકટ થઈ રહ્યો છે. મારા માટે આ અલૌકિક આનંદનો વિષય છે.

સપ્ટેમ્બર-૨૦૦૯થી 'વૈષ્ણવ પરિવાર'માં આ નામસેવા શરૂ થઈ. તે વખતે 'પુરુષોત્તમ માસ' આવી રહ્યો હતો. પ.ભ. વસંતબેનની કા'નીથી આ નામ સેવાનું સૌભાગ્ય સાંપડ્યું. શ્રીમહાપ્રભુજીના અનુગ્રહથી આપશ્રી દ્વારા પ્રકટિત 'શ્રી પુરુષોત્તમસહસ્રનામ સ્તોત્રમ્' પર મારા દ્વારા લેખનની શરૂઆત થઈ.

વિશ્વભરના વંદનીય વૈષ્ણવો તથા અતુલિત સામર્થ્યવાળા શ્રીવલ્લભકુળના આચાર્યોએ મારા પર કૃપા કરી. આ લેખશ્રેણીને સુંદર પ્રતિસાદ પાઠવ્યો. આ રીતે મને પ્રોત્સાહિત કરતા રહ્યા.

પ્રત્યેક અંકમાં ૪-૫ નામો પર વિવેચન આવતું. દેશ-વિદેશના વૈષ્ણવો ફોન અને પત્ર દ્વારા તથા રૂબરૂમાં આ લેખો પુસ્તક રૂપે પ્રકટ થાય તેવું સૂચન કરતા હતા. આમ થવાથી વાંચનમાં એક સૂત્રતા તથા રસ જળવાઈ રહે તેવું બધાનું માનવું હતું.

પ.ભ. શ્રી વસંતબેન તથા શ્રી હરસાનીજી પ. ચે. ટ્રસ્ટે વાંચકોની આ લાગણી અને માંગણીને માન આપ્યું. આ ઉમદા સેવા કાર્યને વાસ્તવિક રૂપ આપવાનો મનોરથ કર્યો. રસિક અને ભાવુક વૈષ્ણવો શ્રી વલ્લભની પ્રેરણાથી મનોરથી બન્યા. આ સર્વેનો આ પળે હું અત્યંત આભારી છું. સર્વદા સર્વનો ઋણી રહીશ.

આ ગ્રંથના ૧૦૭૫ નામોનું વિવરણ એક જ પુસ્તકમાં સમાવવું શક્ય ન હતું. વ્યવહારુ પણ ન હતું. આથી ત્રણ ભાગમાં તે પ્રકટ કરવાનું નક્કી થયું.

'વૈષ્ણવ પરિવાર'ની દર વર્ષે ભેટ પુસ્તક આપવાની પરંપરા તેના આ ૩૪મા વર્ષે પણ 'શ્રીપુરુષોત્તમ સહસ્ર નામ સ્તોત્રમ્ ભાગ-૨' દ્વારા સચવાઈ છે. પ્રથમ ભાગમાં શ્રી ભાગવતના પાંચ સ્કન્ધ સુધીના ૪૦૬ નામો સમાવિષ્ટ હતા. આ બીજા ભાગમાં છઠ્ઠા સ્કન્ધ થી દશમ સ્કન્ધ (પૂર્વાર્ધ) સુધીના ૪૦૭ થી ૯૧૫ નામો બિરાજે છે.

'જો લોં હરિ આપુનપે ન જતાવે તોં લો સકલ સિદ્ધાંત મારગકો પઢે સુને નહીં આવે.' આ ન્યાયે શ્રીમહાપ્રભુજીએ અનુગ્રહ કર્યો, આ વિષયનું કેટલુંક સંદર્ભ સાહિત્ય મેળવી આપ્યું. આ સંદર્ભ સાહિત્ય રચનારા શ્રી આચાર્યો તથા

શ્રીમહાનુભાવોના આશિષથી આ લેખન શક્ય બન્યું છે. આ સર્વેનો હું ઋણી છું.

સંદર્ભ સાહિત્યનો ઉલ્લેખ કરવો ઉચિત સમજું છું.

(૧) શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્

- પંચમ લાલ ગો. શ્રી રઘુનાથજી વિરચિત

(૨) શ્રીમદ્વલ્લભાચાર્યજી (શ્રીમહાપ્રભુજી) વિરચિત

શ્રી પુરુષોત્તમસહસ્ર નામ સ્તોત્રમ્ (ગુજરાતી અર્થ સાથે)

રચયિતા - ગો.વા. શ્રીમધુસૂદનરાય ગિરધરરાય મજમુંદાર

(૩) શ્રી ભાગવત સુધા

કથા પ્રવક્તા - પૂ. શ્રી નરહરિ શાસ્ત્રીજી અકોલકર (પૂ. બાપજી)

(૪) શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ

પ્રસાદ પરિવેષક - પૂ. શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી

જીવ સ્વભાવ અને પ્રમાદ પરવશ મારાથી ઘણી ત્રુટિઓ થઈ હશે. શ્રીવલ્લભ મને પોતાનો જાણીને કૃપા કરશે જ તેવી વિનંતી.

અમારા ઘરમાં બિરાજતા અમારા શ્રીઠાકોરજીની કૃપાથી આ સેવા શક્ય બની છે.

હરિ, ગુરુ અને વૈષ્ણવોની કૃપા પ્રાર્થના.

- પીયૂષના
શ્રી આચાર્ય બાલકોને શત્ શત્
દંડવત્ પ્રણામ
વૈષ્ણવોને કરબદ્ધ થઈ ભગવદ્ સ્મરણ.

ભવે ભવે યથાભક્તિઃ પાદયોસ્તવ જાયતે ।
તથા કુરુષ્વ દેવેશ નાથસ્ત્વં નો યતઃ પ્રભો ॥
(શ્રી ભાગવત ૧૨-૧૩-૨૨)

દેવતાઓના આરાધ્ય દેવ સર્વેશ્વર આપ જ અમારા એકમાત્ર સ્વામી અને સર્વસ્વ છો. હવે આપ એવી કૃપા કરો કે વારંવાર જન્મ ગ્રહણ કરતા રહીએ તો પણ આપના ચરણ કમલમાં અમારી અવિચલ ભક્તિ બની રહે.

શ્રીપુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રમ્

पुराण-पुरुषो विष्णुः पुरुषोत्तम उच्यते ॥
नाम्नां सहस्रं वक्ष्यामि तस्य भागवतोद्धृतम् ॥१॥
यस्य प्रसादाद् वागीशाः प्रजेशा विभवोन्नताः ॥
क्षुद्राअपि भवन्त्याशु श्रीकृष्णं तं नतोऽस्म्यहम् ॥२॥
अनन्ताएव कृष्णस्य लीला नामप्रवर्तिकाः ॥
उक्ता भागवते गूढाः प्रकटा अपि कुत्रचित् ॥३॥
अतस्तानि प्रवक्ष्यामि नामानि मुरवैरिणः ॥
सहस्रं यैस्तु पठितैः पठितं स्यात् शुकामृतम् ॥४॥
कृष्णनाम-सहस्रस्य ऋषिरग्निर्निरूपितः ॥
गायत्री च तथा छन्दो देवता पुरुषोत्तमः ॥५॥
विनियोगः समस्तेषु पुरुषार्थेषु वै मतः ॥
बीजं भक्तिप्रियः शक्तिः सत्यवाग् उच्यते हरिः ॥६॥
भक्तोद्धरण-यत्नस्तु मन्त्रोऽत्र परमो मतः ॥
अवतारित-भक्तांशः कीलकं परिकीर्तितम् ॥७॥
अस्त्रं सर्वसमर्थश्च गोविन्दः कवचं मतम् ॥
पुरुषो ध्यानमत्रोक्तः सिद्धिः शरण संस्मृतिः ॥८॥

प्रथमस्कन्धनामानि

अधिकारलीला

श्रीकृष्णः सच्चिदानन्दो नित्यलीला-विनोदकृत् ॥
सर्वागम-विनोदी च लक्ष्मीशः पुरुषोत्तमः ॥९॥
आदिकालः सर्वकालः कालात्मा माययावृतः ॥
भक्तोद्धार-प्रयत्नात्मा जगत्कर्ता जगन्मयः ॥१०॥

नाम-लीला-परो विष्णुः व्यासात्मा शुकमोक्षदः ।।
व्यापि-वैकुण्ठ-दाता च श्रीमद्भागवतागमः ।।११।।
शुकवागमृताऽधीन्दुः शौनकाद्यखिलेष्टदः ।।
भक्ति-प्रवर्तकस्त्राता व्यास-चिन्ता-विनाशकः ।।१२।।
सर्वसिद्धान्त-वागात्मा नारदाद्यखिलेष्टदः ।।
अन्तरात्मा ध्यानगम्यो भक्ति-रत्न-प्रदायकः ।।१३।।
मुक्तोपसृप्यः पूर्णात्मा मुक्तानां रतिवर्धनः ।।
भक्त-कार्यैक-निरतो द्रौण्यस्त्र-विनिवारकः ।।१४।।
भक्त-स्मय-प्रणेता च भक्तवाक्-परिपालकः ।।
ब्रह्मण्य-देवो धर्मात्मा भक्तानां च परीक्षकः ।।१५।।
आसन्न-हित-कर्ता च माया-हित-करः प्रभुः ।।
उत्तरा-प्राणदाता च ब्रह्मास्त्र-विनिवारकः ।।१६।।
सर्वतः पांडवपतिः परीक्षिच्छुद्धि-कारणम् ।।
गूढात्मा सर्ववेदेषु भक्तैक-हृदयंगमः ।।१७।।
कुन्ती-स्तुत्यः प्रसन्नात्मा परमाद्भुत-कार्य-कृत् ।।
भीष्म-मुक्ति-प्रदः स्वामी भक्तमोह-निवारकः ।।१८।।
सर्वावस्थासु संसेव्यः समः सुख-हित-प्रदः ।।
कृतकृत्यः सर्वसाक्षी भक्त-स्त्री-रति-वर्धनः ।।१९।।
सर्व-सौभाग्य-निलयः परमाश्चर्य-रूप-धृक् ।।
अनन्य-पुरुष-स्वामी द्वारका-भाग्य-भाजनम् ।।२०।।
बीज-संस्कार-कर्ता च परीक्षिज्ज्ञान-पोषकः ।।
सर्वत्र-पूर्ण-गुणकः सर्व-भूषण-भूषितः ।।२१।।
सर्व-लक्षण-दाता च धृतराष्ट्र-विमुक्तिदः ।।
सन्मार्ग-रक्षको नित्यं विदुर-प्रीति-पूरकः ।।२२।।
लीला-व्यामोह-कर्ता च काल-धर्म-प्रवर्तकः ।।

पाण्डवानां मोक्षदाता परीक्षिद्-भाग्य-वर्धनः ।।२३।।
कलि-निग्रह-कर्ता च धर्मादीनां च पोषकः ।।
सत्सङ्ग-ज्ञान-हेतुश्च श्रीभागवत-कारणम् ।।२४।।
प्राकृतादृष्टमार्गश्च ... ...

द्वितीयस्कन्धनामानि

ज्ञान(साधन)लीला

... ... श्रोतव्यः सकलागमैः ।।
कीर्तितव्यः शुद्धभावैः स्मर्तव्यश्चात्मवित्तमैः ।।२५।।
अनेक-मार्ग-कर्ता च नानाविध-गति-प्रदः ।।
पुरुषः सकलाधारः सत्त्वैक-निलयात्मभूः ।।२६।।
सर्वध्येयो योगगम्यो भक्त्या ग्राह्यः सुरप्रियः ।।
जन्मादिसार्थककृतिः लीलाकर्ता पतिः सताम् ।।२७।।
आदि-कर्ता तत्त्व-कर्ता सर्व-कर्ता विशारदः ।।
नानावतार-कर्ता च ब्रह्माविर्भाव-कारणम् ।।२८।।
दश-लीला-विनोदी च नाना-सृष्टि-प्रवर्तकः ।।
अनेक-कल्प-कर्ता च सर्वदोष-विवर्जितः ।।२९।।

तृतीयस्कन्धनामानि

सर्गलीला

वैराग्यहेतुः तीर्थात्मा सर्व-तीर्थ-फल-प्रदः।।
तीर्थ-शुद्धैक-निलयः स्वमार्ग-परिपोषकः ।।३०।।
तीर्थ-कीर्तिः भक्त-गम्यो भक्तानुशय-कार्यकृत् ।।
भक्ततुल्यः सर्वतुल्यः स्वेच्छा-सर्व-प्रवर्तकः ।।३१।।
गुणातीतो-ऽनवद्यात्मा सर्गलीला-प्रवर्तकः ।।
साक्षात्-सर्वजगत्कर्ता महदादि-प्रवर्तकः ।।३२।।

माया-प्रवर्तकः साक्षी माया-रति-विवर्धनः ॥
आकाशात्मा चतुर्मूर्तिः चतुर्धा भूतभावनः ॥३३॥
रजःप्रवर्तको ब्रह्मा मरीच्यादि-पितामहः ॥
वेदकर्ता यज्ञकर्ता सर्वकर्ता-ऽमितात्मकः ॥३४॥
अनेक-सृष्टि-कर्ता च दशधा-सृष्टि-कारकः ॥
यज्ञांगो यज्ञ-वाराहो भू-धरो भूमि-पालकः ॥३५॥
सेतुर्विधरणो जैत्रो हिरण्याक्षान्तकः सुरः ॥
दिति-कश्यप-कामैक-हेतु-सृष्टि-प्रवर्तकः ॥३६॥
देवाभय-प्रदाता च वैकुंठाधिपतिर् महान् ॥
सर्व-गर्व-प्रहारी च सनकाद्यखिलार्थदः ॥३७॥
सर्वाश्वासन-कर्ता च भक्त-तुल्याहव-प्रदः ॥
काल-लक्षण-हेतुश्च सर्वार्थ-ज्ञापकः परः ॥३८॥
भक्तोन्नति-करः सर्व-प्रकार-सुख-दायकः ॥
नाना-युद्ध-प्रहरणो ब्रह्म-शाप-विमोचकः ॥३९॥
पुष्टि-सर्ग-प्रणेता च गुण-सृष्टि-प्रर्वतकः ॥
कर्दमेष्ट-प्रदाता च देवहूत्यखिलार्थदः ॥४०॥
शुक्ल-नारायणः सत्य-कालधर्म-प्रवर्तकः ॥
ज्ञानावतारः शान्तात्मा कपिलः काल-नाशकः ॥४१॥
त्रिगुणाधिपतिः सांख्य-शास्त्र-कर्ता विशारदः॥
सर्ग-दूषण-हारी च पुष्टि-मोक्ष-प्रर्वतकः ॥४२॥
लौकिकानन्द-दाता च ब्रह्मानन्द-प्रवर्तकः ॥
भक्तिसिद्धान्तवक्ता च सगुण-ज्ञान-दीपकः ॥४३॥
आत्म-प्रदः पूर्ण-कामो योगात्मा योग-भावितः ॥
जीवन्मुक्तिप्रदः श्रीमान् अन्यभक्तिप्रवर्तकः ॥४४॥
काल-सामर्थ्य-दाता च काल-दोष-निवारकः ॥

गर्भोत्तम-ज्ञान-दाता कर्ममार्ग-नियामकः ॥४५॥
सर्वमार्ग-निराकर्ता भक्ति-मार्गैक-पोषकः ॥
सिद्धि-हेतुः सर्व-हेतुः सर्वाश्चर्यैक-कारणम् ॥४६॥
चेतनाचेतन-पतिः समुद्र-परि-पूजितः ॥
सांख्याचार्यस्तुतः सिद्ध-पूजितः सर्व-पूजितः ॥४७॥

चतुर्थस्कन्धनामानि

विसर्गलीला

विसर्ग-कर्ता सर्वेशः कोटि-सूर्य-सम-प्रभः ॥
अनन्त-गुण-गम्भीरो महापुरुष-पूजितः ॥४८॥
अनन्त-सुख-दाता च ब्रह्म-कोटि-प्रजापतिः ॥
सुधाकोटिस्वास्थ्यहेतुः कामधुक् कोटिकामदः ॥४९॥
समुद्र-कोटि-गम्भीरः तीर्थ-कोटि-समाह्वयः ॥
सुमेरु-कोटि-निष्कम्पः कोटि-ब्रह्मांड-विग्रहः ॥५०॥
कोट्यश्वमेध-पापघ्नो वायु-कोटि-महाबलः ॥
कोटीन्दु-जगदानन्दी शिव-कोटि-प्रसादकृत् ॥५१॥
सर्व-सद्गुण-माहात्म्यः सर्व-सद्गुण-भाजनम् ॥
मन्वादि-प्रेरको धर्मो यज्ञनारायणः परः ॥५२॥
आकूति-सूनुः देवेन्द्रो रुचि-जन्माऽभय-प्रदः ॥
दक्षिणा-पतिरोजस्वी क्रिया-शक्तिः परायणः ॥५३॥
दत्तात्रेयो योग-पतिः योग-मार्ग-प्रवर्तकः ॥
अनसूया-गर्भ-रत्नम् ऋषि-वंश-विवर्धनः ॥५४॥
गुणत्रय-विभाग-ज्ञः चतुर्वर्ग-विशारदः ॥
नारायणो धर्म-सूनुः मूर्ति-पुण्य-यशस्करः ॥५५॥
सहस्र-कवचच्छेदी तपः-सारो नर-प्रियः ॥
विश्वानन्द-प्रदः कर्म-साक्षी भारत-पूजितः ॥५६॥

अनन्ताद्भुत-माहात्म्यो बदरीस्थान-भूषणम् ।।
जितकामो जितक्रोधो जितसंगो जितेन्द्रियः ।।५७।।
उर्वशी-प्रभवः स्वर्ग-सुखदायी स्थितिप्रदः ।।
अमानी मानदो गोप्ता भगवच्छास्त्र-बोधकः ।।५८।।
ब्रह्मादि-वन्द्यो हंसः श्रीः माया-वैभव-कारणम् ।।
विविधानन्त-सर्गात्मा विश्व-पूरण-तत्परः ।।५९।।
यज्ञ-जीवन-हेतुश्च यज्ञ-स्वामीष्ट-बोधकः ।।
नानासिद्धान्तगम्यश्च सप्ततन्तुश्च षड्गुणः ।।६०।।
प्रति-सर्ग-जगत्कर्ता नाना-लीला-विशारदः ।।
ध्रुवप्रियो ध्रुवस्वामी चिन्तिताधिक-दायकः ।।६१।।
दुर्लभानन्त-फलदो दया-निधिरमित्रहा ।।
अङ्गस्वामी कृपासारो वैन्यो भूमि-नियामकः ।।६२।।
भूमि-दोग्धा प्रजा-प्राण-पालनैक-परायणः ।।
यशो-दाता ज्ञान-दाता सर्व-धर्म-प्रदर्शकः ।।६३।।
पुरञ्जनो जगन्मित्रं विसर्गान्त-प्रदर्शकः ।।
प्रचेतसां पतिश्चित्र-भक्ति-हेतुः जनार्दनः ।।६४।।
स्मृति-हेतु-ब्रह्मभाव-सायुज्यादि-प्रदः शुभः ।।
विजयी ... ...

पञ्चमस्कन्धनामानि

स्थानलीला

... स्थिति-लीलाब्धिः अच्युतो विजय-प्रदः ।।६५।।
स्व-सामर्थ्य-प्रदो भक्त-कीर्ति-हेतुः अधोक्षजः ।।
प्रियव्रत-प्रिय-स्वामी स्वेच्छावाद-विशारदः ।।६६।।
सङ्गयगम्यः स्व-प्रकाशः सर्व-सङ्ग-विवर्जितः ।।
इच्छायां च समर्यादः त्याग-मात्रोपलम्भनः ।।६७।।

अचिन्त्य-कार्य-कर्ता च तर्कागोचर-कार्य-कृत् ।।
शृंगार-रस-मर्यादा आग्नीध्र-रस-भाजनम् ।।६८।।
नाभीष्ट-पूरकः कर्म-मर्यादा-दर्शनोत्सुकः ।।
सर्व-रूपो-ऽद्भुत-तमो मर्यादा-पुरुषोत्तमः ।।६९।।
सर्वरूपेषु सत्यात्मा कालसाक्षी शशिप्रभः ।।
मेरुदेवी-व्रत-फलम् ऋषभो भगलक्षणः ।।७०।।
जगत्-सन्तर्पको मेघ-रूपी देवेन्द्र-दर्पहा ।।
जयन्ती-पतिरत्यन्त-प्रमाणाशेष-लौकिकः ।।७१।।
शतधा-न्यस्त-भूतात्मा शतानन्दो गुणप्रसूः ।।
वैष्णवोत्पादनपरः सर्व-धर्मोपदेशकः ।।७२।।
पर-हंस-क्रिया-गोप्ता योग-चर्या-प्रदर्शकः ।।
चतुर्थाश्रम-निर्णेता सदानन्द-शरीरवान् ।।७३।।
प्रदर्शितान्य-धर्मश्च भरत-स्वाम्यपार-कृत् ।।
यथावत्-कर्म-कर्ता च सङ्गानिष्ट-प्रदर्शकः ।।७४।।
आवश्यक-पुनर्जन्म-कर्म-मार्ग-प्रदर्शकः ।।
यज्ञ-रूप-मृगः शान्तः सहिष्णुः सत्पराक्रमः ।।७५।।
रहूगण-गति-ज्ञश्च रहूगण-विमोचकः ।।
भवाटवी-तत्त्व-वक्ता बहिर्मुख-हिते रतः ।।७६।।
गयस्वामी स्थान-वंश-कर्ता स्थान-विभेदकृत् ।।
पुरुषावयवो भूमि-विशेष-विनिरूपकः ।।७७।।
जम्बू-द्वीप-पतिः मेरु-नाभि-पद्मरुहाश्रयः ।।
नानाविभूतिलीलाढ्यो गङ्गोत्पत्ति-निदानकृत् ।।७८।।
गङ्गामाहात्म्य-हेतुश्च गङ्गा-रूपो-ऽति-गूढ-कृत् ।।
वैकुण्ठ-देह-हेत्वम्बु-जन्मकृत् सर्व-पावनः ।।७९।।
शिवस्वामी शिवोपास्यो गूढ संकर्षणात्मकः ।।

स्थानरक्षार्थ-मत्स्यादि-रूपः सर्वैक-पूजितः ।।८०।।
उपास्य-नाना-रूपात्मा ज्योतिरूपो गतिप्रदः ।।
सूर्यनारायणो वेद-कान्तिरुज्ज्वल-वेष-धृक् ।।८१।।
हंसोऽन्तरिक्ष-गमनः सर्व-प्रसव-कारणम् ।।
आनन्द-कर्ता वसुदो बुधो वाक्पतिरुज्ज्वलः ।।८२।।
कालात्मा काल-कालश्च कालच्छेदकृदुत्तमः ।।
शिशुमारः सर्वमूर्तिः आधिदैविक-रूप-धृक् ।।८३।।
अनन्त-सुख-भोगाढ्यो विवरैश्वर्य-भाजनम् ।।
संकर्षणो दैत्यपतिः सर्वाधारो बृहद्-वपुः ।।८४।।
अनन्त-नरकच्छेदी स्मृति-मात्रार्ति-नाशनः ।।
सर्वानुग्रह-कर्ता च ... ...

षष्ठस्कन्धनामानि

पोषणलीला

... ... मर्यादा-भिन्न-शास्त्रकृत् ।।८५।।
कालान्तक-भयच्छेदी नाम-सामर्थ्य-रूप-धृक् ।।
उद्धारानर्ह-गोप्तात्मा नामादि-प्रेरकोत्तमः ।।८६।।
अजामिल-महादुष्ट-मोचको-ऽघ-विमोचकः ।।
धर्मवक्ता-ऽक्लिष्टवक्ता विष्णुधर्मस्वरूपधृक् ।।८७।।
सन्मार्ग-प्रेरको धर्ता त्यागहेतुः अधोक्षजः ।।
वैकुण्ठ-पुर-नेता च दास-संवृद्धि-कारकः ।।८८।।
दक्ष-प्रसाद-कृद्-हंस-गुह्य-स्तुति-विभावनः ।।
स्वाभिप्राय-प्रवक्ता च मुक्तजीव-प्रसूतिकृत् ।।८९।।
नारद-प्रेरणात्मा च हर्यश्व-ब्रह्म-भावनः।।
सुबलाश्व-हितो गूढ-वाक्यार्थ-ज्ञापन-क्षमः ।।९०।।
गूढार्थ-ज्ञापनः सर्व-मोक्षानन्द-प्रतिष्ठितः ।।

पुष्टि-प्ररोह-हेतुश्च दासैक-ज्ञात-हृद्गतः ।।९१।।
शान्तिकर्ता सुहितकृत् स्त्रीप्रसूः सर्वकामधृक् ।।
पुष्टि-वंश-प्रणेता च विश्वरूपेष्ट-देवता ।।९२।।
कवचात्मा पालनात्मा च (?) वर्मोपचिति-कारणम् ।।
विश्वरूप-शिरच्छेदी त्वाष्ट्र-यज्ञ-विनाशकः ।।९३।।
वृत्र-स्वामी वृत्र-गम्यो वृत्र-व्रत-परायणः ।।
वृत्र-कीर्तिः वृत्र-मोक्षो मघवत्-प्राण-रक्षकः ।।९४।।
अश्वमेध-हविर्-भोक्ता देवेन्द्रामीव-नाशकः ।।
संसार-मोचकश्चित्र-केतु-बोधन-तत्परः ।।९५।।
मन्त्रसिद्धिः सिद्धिहेतुः सुसिद्धि-फल-दायकः ।।
महादेव-तिरस्कर्ता भक्त्यै पूर्वार्थ-नाशकः ।।९६।।
देव-ब्राह्मण-विद्वेष-वैमुख्य-ज्ञापकः शिवः ।।
आदित्यो दैत्य-राजश्च महत्पतिरचिन्त्यकृत् ।।९७।।
मरुतां भेदकस्त्राता व्रतात्मा पुम्प्रसूतिकृत् ।।

सप्तमस्कन्धनामानि

ऊतिलीला

कर्मात्मा वासनात्मा च ऊति-लीला-परायणः ।।९८।।
सम-दैत्यसुरः स्वात्मा वैषम्य-ज्ञान-संश्रयः ।।
देहाद्युपाधि-रहितः सर्वज्ञः सर्व-हेतु-विद् ।।९९।।
ब्रह्मवाक्-स्थापनपरः स्व-जन्मावधि-कार्यकृत् ।।
सदसद्-वासनाहेतुः त्रिसत्यो भक्तमोचकः ।।१००।।
हिरण्यकशिपु-द्वेषी प्रविष्टात्माति-भीषणः ।।
शान्तिज्ञानादि-हेतुश्च प्रह्लादोत्पत्तिकारणम् ।।१०१।।
दैत्य-सिद्धान्त-सद्-वक्ता तपः-सार उदार-धीः ।।
दैत्य-हेतु-प्रकटनो भक्तिचिह्न-प्रकाशकः ।।१०२।।

सद्वेष-हेतुः सद्वेष-वासनात्मा निरन्तरः ॥
नैष्ठुर्य-सीमा प्रह्लाद-वत्सलः संग-दोष-हा ॥१०३॥
महानुभावः साकारः सर्वाकारः प्रमाण-भूः ॥
स्तम्भप्रसूतिर्-नृहरिः नृसिंहो भीम-विक्रमः ॥१०४॥
विकटास्यो ललज्जिह्वो नख-शस्त्रो जवोत्कटः ॥
हिरण्यकशिपुच्छेदी क्रूर-दैत्य-निवारकः ॥१०५॥
सिंहासनस्थः क्रोधात्मा लक्ष्मी-भय-विवर्धनः ॥
ब्रह्माद्यत्यन्त-भयभूः अपूर्वाचिन्त्य-रूपधृक् ॥१०६॥
भक्तैक-शान्त-हृदयो भक्त-स्तुत्यः स्तुति-प्रियः ॥
भक्ताङ्गलेहनोद्धूत-क्रोधपुञ्जः प्रशान्तधीः ॥१०७॥
स्मृति-मात्र-भय-त्राता ब्रह्म-बुद्धि-प्रदायकः ॥
गोरूप-धार्यमृत-पाः शिव-कीर्ति-विवर्धनः ॥१०८॥
धर्मात्मा सर्वकर्मात्मा विशेषात्मा-श्रम-प्रभुः ॥
संसारमग्नस्वोद्धर्ता सन्मार्गाखिल-तत्त्ववाक् ॥१०९॥
आचारात्मा सदाचारः ... ...

अष्टमस्कन्धनामानि

मन्वन्तरलीला

... ... मन्वन्तर-विभावनः ॥
स्मृत्याऽशेषाशुभहरो गजेन्द्र-स्मृति-कारणम् ॥११०।
जाति-स्मरण-हेत्वैक-पूजा-भक्ति-स्वरूप-दः ॥
यज्ञो भयान् मनुत्राता विभुः ब्रह्म-व्रताश्रयः ॥१११॥
सत्यसेनो दुष्ट-घाती हरिर्गज-विमोचकः ॥
वैकुण्ठो लोककर्ता च अजितोऽमृत-कारणम् ॥११२॥
उरुक्रमो भूमि-हर्ता सार्वभौमो बलि-प्रियः ॥
विभुः सर्वहितैकात्मा विष्वक्सेनः शिवप्रियः ॥११३॥

धर्म-सेतुः लोक-धृतिः सुधामान्तर-पालकः ॥
उपहर्ता-योगपतिः बृहद्भानुः क्रिया-पतिः ॥११४॥
चतुर्दश-प्रमाणात्मा धर्मो मन्वादि-बोधकः ॥
लक्ष्मी-भोगैक-निलयः देव-मन्त्रप्रदायकः ॥११५॥
दैत्य-व्यामोहकः साक्षाद्-गरुड-स्कन्ध-संश्रयः ॥
लीला-मन्दर-धारी च दैत्य-वासुकिपूजितः ॥११६॥
समुद्रोन्मन्थनायत्तः विघ्न-कर्ता स्ववाक्य-कृत् ॥
आदि-कूर्मः पवित्रात्मा मन्दरा-घर्षणोत्सुकः ॥११७॥
श्वासैजदब्धिर्वा-वीचिः कल्पान्तावधि-कार्यकृत् ॥
चतुर्दश-महा-रत्नो लक्ष्मी-सौभाग्यवर्धनः ॥११८॥
धन्वन्तरिः सुधा-हस्तो यज्ञ-भोक्तार्ति-नाशनः ॥
आयुर्वेद-प्रणेता च देव दैत्याखिलार्चितः ॥११९॥
बुद्धि-व्यामोहको देव-कार्य-साधन-तत्परः ॥
स्त्रीरूपो मायया वक्ता दैत्यान्तःकरणप्रियः ॥१२०॥
पायितामृत-देवांशो युद्ध-हेतु-स्मृति-प्रदः ॥
सुमालिमालिवधकृत् माल्यवत्-प्राणहारकः ॥१२१॥
कालनेमि-शिरच्छेदी दैत्य-यज्ञ-विनाशकः ॥
इन्द्र-सामर्थ्य-दाता च दैत्यशेषस्थितिप्रियः ॥१२२॥
शिव-व्यामोहको मायी भृगु-मन्त्र-स्वशक्तिदः ॥
बलि-जीवन-कर्ता च स्वर्गहेतुः व्रतार्चितः ॥१२३॥
आदित्यानन्द-कर्ता च कश्यपादिति-सम्भवः ॥
उपेन्द्र इन्द्रावरजो वामन-ब्रह्मरूप-धृक् ॥१२४॥
ब्रह्मादि-सेवित-वपुः यज्ञ-पावन-तत्परः ॥
याश्चोपदेश-कर्ता च ज्ञापिताशेष-संस्थितिः ॥१२५॥
सत्यार्थ-प्रेरकः सर्व-हर्ता गर्व-विनाशकः ॥

त्रिविक्रमः त्रिलोकात्मा विश्वमूर्तिः पृथुश्रवाः ।।१२६।।
पाश-बद्ध-बलिः सर्व-दैत्य-पक्षोपमर्दकः ।।
सुतलस्थापित-बलिः स्वर्गाधिक-सुखप्रदः ।।१२७।।
कर्म-सम्पूर्ति-कर्ता च स्वर्ग-संस्थापितामरः ।।
ज्ञातत्रिविध-धर्मात्मा महामीनोऽब्धिसंश्रयः ।।१२८।।
सत्यव्रत-प्रियो गोप्ता मत्स्य-मूर्ति-धृत-श्रुतिः ।।
शृंगबद्ध-धृत-क्षोणिः सर्वार्थ-ज्ञापको गुरुः ।।१२९।।

नवमस्कन्धनामानि

ईशानुकथालीला

ईश-सेवक-लीलात्मा सूर्य-वंश-प्रवर्तकः ।।
सोम-वंशोद्भव-करः मनु-पुत्र-गति-प्रदः ।।१३०।।
अम्बरीष-प्रियः साधुः दुर्वासा-गर्व-नाशकः ।।
ब्रह्म-शापोपसंहर्ता भक्त-कीर्ति-विवर्धनः ।।१३१।।
इक्ष्वाकु-वंश-जनकः सगराद्यखिलार्थदः ।।
भगीरथ-महायत्नो गङ्गाधौताङ्घ्रि-पंकजः ।।१३२।।
ब्रह्म-स्वामी शिव-स्वामी सगरात्मज-मुक्ति-दः ।।
खट्वाङ्ग-मोक्ष-हेतुश्च रघुवंश-विवर्धनः ।।१३३।।
रघुनाथो रामचन्द्रो रामभद्रो रघुप्रियः ।।
अनन्तकीर्तिः पुण्यात्मा पुण्यश्लोकैकभास्करः ।।१३४।।
कोशलेन्द्रः प्रमाणात्मा सेव्यो दशरथात्मजः ।।
लक्ष्मणो भरतश्चैव शत्रुघ्नो व्यूहविग्रहः ।।१३५।।
विश्वामित्र-प्रियो दान्तः ताडका-वध-मोक्ष-दः ।।
वायव्यास्त्राब्धिनिक्षिप्त-मारीचश्च सुबाहुहा ।।१३६।।
वृषध्वज-धनुर्भङ्ग-प्राप्त-सीता-महोत्सवः ।।
सीतापतिः भृगुपति-गर्व-पर्वत-नाशकः ।।१३७।।

अयोध्यास्थ-महाभोग-युक्त-लक्ष्मी-विनोदवान् ।।
कैकेयीवाक्यकर्ता च पितृवाक्-परिपालकः ।।१३८।।
वैराग्य-बोधको-ऽनन्य-सात्त्विक-स्थान-बोधकः ।।
अहल्या-दुःख-हारी च गुहस्वामी सलक्ष्मणः ।।१३९।।
चित्रकुट-प्रिय-स्थानो दण्डकारण्य-पावनः ।।
शरभङ्गसुतीक्ष्णादिपूजितोऽगस्त्य-भाग्यभूः ।।१४०।।
ऋषि-सम्प्रार्थित-कृतिः विराध-वध-पंडितः ।।
छिन्न-शूर्पणखा-नासः खर-दूषण-घातकः ।।१४१।।
एक-बाण-हताऽनेक-सहस्र-बल-राक्षसः ।।
मारीच-घाती नियतसीता-सम्बन्धशोभिलः ।।१४२।।
सीता-वियोग-नाट्यश्च जटायुर्वध-मोक्षदः ।।
शबरी-पूजितो भक्त-हनुमत्-प्रमुखावृतः ।।१४३।।
दुन्दुभ्यस्थि-प्रहरणः सप्त-ताल-विभेदनः ।।
सुग्रीवराज्यदो वाली-घाती सागर-शोषणः ।।१४४।।
सेतु-बन्धन-कर्ता च विभीषण-हित-प्रदः ।।
रावणादि-शिरच्छेदी राक्षसाघौघ-नाशकः ।।१४५।।
सीता-ऽभय-प्रदाता च पुष्पकागमनोत्सुकः ।।
अयोध्यापतिरत्यन्त-सर्वलोक-सुख-प्रदः ।।१४६।।
मथुरा-पुर-निर्माता सुकृतज्ञ-स्वरू पदः ।।
जनक-ज्ञानगम्यश्य ऐलान्त-प्रकट-श्रुतिः ।।१४७।।
हैहयान्त-करो रामः दुष्ट-क्षत्र-विनाशकः ।।
सोम-वंश-हितैकात्मा यदु-वंश-विवर्धनः ।।१४८।।

दशमस्कन्धपूर्वार्धनामानि

निरोधलीला

परब्रह्मावतरणः केशवः क्लेश-नाशनः ।।

भूमि-भारावतरणो भक्तार्थाऽखिल-मानसः ।।१४९।।
सर्व-भक्त-निरोधात्मा लीला-ऽनन्त-निरोधकृत् ।।
भूमिष्ठ-परमानन्दो देवकी-शुद्धि-कारणम् ।।१५०।।
वसुदेव-ज्ञान-निष्ठ-सम-जीव-निवारकः ।।
सर्व-वैराग्यकरण-स्व-लीलाधार-शोधकः ।।१५१।।
माया-ज्ञापन-कर्ता च शेष-सम्भार-सम्भृतिः ।।
भक्त-क्लेशपरिज्ञाता तन्निवारण-तत्परः ।।१५२।।
आविष्ट-वसुदेवांशः देवकी-गर्भ-भूषणम् ।।
पूर्ण-तेजो-मयः पूर्णः कंसाधृष्य-प्रतापवान् ।।१५३।।
विवेक-ज्ञान-दाता च ब्रह्माद्यखिल-संस्तुतः ।।
सत्यो जगत्कल्पतरुः नाना-रूप-विमोहनः ।।१५४।।
भक्ति-मार्ग-प्रतिष्ठाता विद्वन्-मोह-प्रवर्तकः ।।
मूल-काल-गुण-द्रष्टा नयनानन्द-भाजनम् ।।१५५।।
वसुदेव-सुखाब्धिश्च देवकी-नयनामृतम् ।।
पितृ-मातृ-स्तुतः पूर्व-सर्ववृत्तान्त-बोधकः ।।१५६।।
गोकुलागति-लीलाप्त-वसुदेव-कर-स्थितिः ।।
सर्वेशत्व-प्रकटनः माया-व्यत्यय-कारकः ।।१५७।।
ज्ञान-मोहित-दुष्टेशः प्रपञ्चास्मृति-कारणम् ।।
यशोदानन्दनो नन्द-भाग्यभू-गोकुलोत्सवः ।।१५८।।
नन्द-प्रियो नन्द-सूनुः यशोदायाः स्तनन्धयः ।।
पूतना-सुपयःपाता मुग्ध-भावाति-सुन्दरः ।।१५९।।
सुन्दरी-हृदयानन्दो गोपी-मन्त्राभिमन्त्रितः ।।
गोपालाश्चर्यरसकृत् शकटासुर-खंडनः ।।१६०।।
नन्द-व्रज-जनानन्दी नन्द-भाग्य-महोदयः ।।
तृणावर्त-वधोत्साहो यशोदा-ज्ञान-विग्रहः ।।१६१।।

बलभद्र-प्रियः कृष्णः संकर्षण-सहायवान् ।।
रामानुजो वासुदेवः गोष्ठाङ्गण-गति-प्रियः ।।१६२।।
किंकिणी-रव-भाव-ज्ञो वत्स-पुच्छावलम्बनः ।।
नवनीत-प्रियो गोपी-मोह-संसार-नाशकः ।।१६३।।
गोप-बालक-भाव-ज्ञः चौर्य-विद्या-विशारदः ।।
मृत्स्नाभक्षणलीलास्य-माहात्म्यज्ञानदायकः ।।१६४।।
धरा-द्रोण-प्रीति-कर्ता दधि-भाण्ड-विभेदनः ।।
दामोदरो भक्त-वश्यो यमलार्जुन-भञ्जनः ।।१६५।।
बृहद्वन-महाश्चर्यः वृन्दावन-गति-प्रियः ।।
वत्स-घाती बाल-केलिः बकासुर-निषूदनः ।।१६६।।
अरण्य-भोक्ताप्यथवा बाल-लीला-परायणः ।।
प्रोत्साहन-जनकश्चैवम् अघासुर-निषूदनः ।।१६७।।
व्याल-मोक्ष-प्रदः पुष्टो ब्रह्म-मोह-प्रवर्धनः ।।
अनन्तमूर्तिः सर्वात्मा जङ्गम-स्थावराकृतिः ।।१६८।।
ब्रह्म-मोहन-कर्ता च स्तुत्य आत्मा सदा-प्रियः ।।
पौगण्ड-लीलाभिरतिः गोचारण-परायणः ।।१६९।।
वृन्दावन-लता-गुल्म-वृक्ष-रूप-निरूपकः ।।
नाद-ब्रह्म-प्रकटनो वयः-प्रतिकृति-स्वनः ।।१७०।।
बर्हि-नृत्यानुकरणो गोपालानुकृति-स्वनः ।।
सदाचार-प्रतिष्ठाता बलश्रम-निराकृतिः ।।१७१।।
तरु-मूल-कृता-ऽशेष-तल्प-शायी सखि-स्तुतः ।।
गोपाल-सेवित-पदः श्रीलालित-पदाम्बुजः ।।१७२।।
गोप-सम्प्रार्थित-फल-दान-नाशित-धेनुकः ।।
कालीयफणिमाणिक्यरञ्जित-श्रीपदाम्बुजः ।।१७३।।
दृष्टि-सञ्जीविताशेष-गोप-गो-गोपिकाप्रियः ।।

लीलासम्पीतदावाग्नि: प्रलम्बवध-पण्डित: ।।१७४।।
दावाग्न्यावृत-गोपाल-दृष्ट्याच्छादन-वह्निप: ।।
वर्षा-शरद्-विभूतिश्री: गोपीकामप्रबोधक: ।।१७५।।
गोपी-रत्न-स्तुताऽशेष-वेणुवाद्य-विशारद: ।।
कात्यायनीव्रतव्याज-सर्व-भावाश्रिताङ्गन: ।।१७६।।
सत्सङ्गति-स्तुति-व्याज-स्तुत-वृन्दावनाङ्घ्रिप: ।।
गोपक्षुच्छान्तिसंव्याज-विप्रभार्याप्रसादकृत् ।।१७७।।
हेतु-प्राप्तेन्द्र-यागस्व-कार्य-गोसव-बोधक: ।।
शैल-रूप-कृताऽशेष-रस-भोग-सुखावह: ।।१७८।।
लीला-गोवर्धनोद्धार-पालित-स्व-व्रजप्रिय: ।।
गोपस्वच्छन्दलीलार्थ-गर्गवाक्यार्थ-बोधक: ।।१७९।।
इन्द्र-धेनु-स्तुति-प्राप्त-गोविन्देन्द्राभिधानवान् ।।
व्रतादिधर्मसंसक्त-नन्द-क्लेश-विनाशक: ।।१८०।।
नन्दादि-गोप-मात्रेष्ट-वैकुण्ठ-गति-दायक: ।।
वेणुवाद-स्मरक्षोभ-मत्त-गोपी-विमुक्तिद: ।।१८१।।
सर्व-भाव-प्राप्त-गोपी-सुख-संवर्धन-क्षम: ।।
गोपीगर्व-प्रणाशार्थ-तिरोधान-सुख-प्रद: ।।१८२।।
कृष्ण-भाव-व्याप्त-विश्व-गोपी-भावित-वेषधृक् ।।
राधाविशेष-सम्भोग-प्राप्त-दोष-निवारक: ।।१८३।।
परम-प्रीति-सङ्गीत-सर्वाद्भुत-महागुण: ।।
मानापनोदनाक्रन्द-गोपी-दृष्टि-महोत्सव: ।।१८४।।
गोपिका-व्याप्त-सर्वाङ्ग: स्त्री-सम्भाषा-विशारद: ।।
रासोत्सवमहासौख्य-गोपीसम्भोग-सागर: ।।१८५।।
जल-स्थल-रति-व्याप्त-गोपी-दृष्ट्यभिपूजित: ।।
शास्त्रानपेक्ष-कामैक-मुक्तिद्वार-विवर्धन: ।।१८६।।

सुदर्शन-महासर्प-ग्रस्त-नन्द-विमोचक: ।।
गीतमोहित-गोपीधृक्-शङ्खचूडविनाशक: ।।१८७।।
गुण-सङ्गीत-सन्तुष्टि गोपी-संसार-विस्मृति: ।।
अरिष्ट-मथनो दैत्य-बुद्धि-व्यामोह-कारक: ।।१८८।।
केशी-घाती नारदेष्ट: व्योमासुर-विनाशक: ।।
अक्रूरभक्ति-संराद्ध-पाद-रेणु-महानिधि: ।।१८९।।
रथावरोह-शुद्धात्मा गोपी-मानस-हारक: ।।
ह्रदसन्दर्शिता-ऽशेष-वैकुण्ठाक्रूर-संस्तुत: ।।१९०।।
मथुरा-गमनोत्साह: मथुरा-भाग्य-भाजनम् ।।
मथुरा-नगरी-शोभा-दर्शनोत्सुक-मानस: ।।१९१।।
दुष्ट-रञ्जक-घाती च वायकार्चित-विग्रह: ।।
वस्त्रमालासुशोभाङ्ग: कुब्जा-लेपन-भूषित: ।।१९२।।
कुब्जा-सुरूप-कर्ता च कुब्जा-रति-वर-प्रद: ।।
प्रसादरूप-सन्तुष्ट-हर-कोदण्ड-खण्डन: ।।१९३।।
शकलाहत-कंसाप्त-धनू-रक्षक-सैनिक: ।।
जाग्रत्स्वप्न-भयव्याप्त-मृत्युलक्षणबोधक: ।।१९४।।
मथुरा-मल्ल ओजस्वी मल्ल-युद्ध-विशारद: ।।
सद्य: कुवलयापीड-घाती चाणूर-मर्दन: ।।१९५।।
लीला-हत-महामल्ल: शल-तोशल-घातक: ।।
कंसान्तको जितामित्रो वसुदेव-विमोचक: ।।१९६।।
ज्ञात-तत्त्व-पितृज्ञान-मोहनामृत-वाङ्मय: ।।
उग्रसेन-प्रतिष्ठाता यादवाधि-विनाशक: ।।१९७।।
नन्दादि-सान्त्वन-कर: ब्रह्मचर्यव्रते स्थित: ।।
गुरु-शुश्रूषण-पर: विद्या-पारमितेश्वर: ।।१९८।।
सान्दीपनिमृतापत्य-दाता कालान्तकादिजित् ।।

गोकुलाश्वासन-परः यशोदा-नन्द-पोषकः ।।१९९।।
गोपिका-विरह-व्याज-मनो-गति-रति-प्रदः ।।
समोद्धव-भ्रमरवाक् गोपिका-मोह-नाशकः ।।२००।।
कुब्जा-रति-प्रदो-ऽक्रूर-पवित्रीकृत-भू-गृहः ।।
पृथा-दुःख-प्रणेता च पाण्डवानां सुखप्रदः ।।२०१।।

दशमस्कन्धोत्तरार्धनामानि

निरोधलीला

जरासन्ध-समानीत-सैन्य-घाती विचारकः ।।
यवनव्याप्त-मथुरा-जन-दत्त-कुशस्थलिः ।।२०२।।
द्वारकाद्भुत-निर्माण-विस्मापित-सुरासुरः ।।
मनुष्य-मात्र-भोगार्थ-भूम्यानीतेन्द्र-वैभवः ।।२०३।।
यवन-व्याप्त-मथुरा-निर्गमानन्द-विग्रहः ।।
मुचुकुन्द-महाबोध-यवन-प्राण-दर्प-हा ।।२०४।।
मुचुकुन्द-स्तुताशेष-गुण-कर्म-महोदयः ।।
फलप्रदान-सन्तुष्टिः जन्मान्तरित-मोक्ष-दः ।।२०५।।
शिव-ब्राह्मण-वाक्याप्त-जय-भीतिविभावनः ।।
प्रवर्षण-प्रार्थिताग्नि-दान-पुण्य-महोत्सवः ।।२०६।।
रुक्मिणी-रमणः काम-पिता प्रद्युम्न-भावनः ।।
स्यमन्तकमणिव्याज-प्राप्तजाम्बवतीपतिः ।।२०७।।
सत्यभामा-प्राणपतिः कालिन्दी-रति-वर्धनः ।।
मित्रविन्दा-पतिः सत्या-पतिः वृष-निषूदनः ।।२०८।।
भद्रा-वाञ्छित-भर्ता च लक्ष्मणा-वरण-क्षमः ।।
इन्द्रादि-प्रार्थित-वध-नरकासुर-सूदनः ।।२०९।।
मुरारिः पीठ-हन्ता च ताम्रादि-प्राण-हारकः ।।
षोडशस्त्री-सहस्रेशः छत्र-कुण्डल-दानकृत् ।।२१०।।

पारिजातापहरणः देवेन्द्र-मद-नाशकः ।।
रुक्मिणीसम-सर्वस्त्री-साध्यभोग-रतिप्रदः ।।२११।।
रुक्मिणी-परिहासोक्ति-वाक्तिरोधान-कारकः ।।
पुत्र-पौत्र-महाभाग्य-गृह-धर्म-प्रवर्तकः ।।२१२।।
शम्बरान्तक-सत्पुत्र-विवाह-हत-रुक्मिकः ।।
उषापहृत-पौत्र-श्रीः बाण-बाहु-निवारकः ।।२१३।।
शीत-ज्वर-भय-व्याप्त-वर-संस्तुत-षड्गुणः ।।
शंकर-प्रति-योद्धा च द्वन्द्व-युद्ध-विशारदः ।।२१४।।
नृग-पाप-प्रभेत्ता च ब्रह्मस्व-गुण-दोष-दृक् ।।
विष्णुभक्तिविरोधैक-ब्रह्मस्व-विनिवारकः ।।२१५।।
बल-भद्राहित-गुणः गोकुल-प्रीति-दायकः ।।
गोपीस्नेहैकनिलयः गोपी-प्राण-स्थितिप्रदः ।।२१६।।
वाक्यातिगामि-यमुना-हलाकर्षण-वैभवः ।।
पौण्ड्रकत्याजितस्पर्धः काशीराज-विभेदनः ।।२१७।।
काशी-निदाह-करणः शिव-भस्म-प्रदायकः ।।
द्विविद-प्राण-घाती च कौरवाखर्व-गर्व-नुत् ।।२१८।।
लाङ्गलाकृष्ट-नगरी-संविग्नाऽखिल-नागरः ।।
प्रपन्नाभयदः साम्ब-प्राप्तसन्मानभाजनम् ।।२१९।।
नारदाविष्ट-चरणः भक्त-विक्षेप-नाशकः ।।
सदाचारैक-निलयः सुधर्माध्यासितासनः ।।२२०।।
जरासन्धावरुद्धेन विज्ञापित-निजक्लमः ।।
मन्त्र्युद्धवादिवाक्योक्त-प्रकारैक-परायणः ।।२२१।।
राजसूयादि-मख-कृत् सम्प्रार्थित-सहायकृत् ।।
इन्द्रप्रस्थ-प्रयाणार्थ-महत्सम्भार-सम्भृतिः ।।२२२।।
जरासन्ध-वध-व्याज-मोचिताऽशेष-भूमिपः ।।

सन्मार्गबोधको-यज्ञ-क्षिति-वारण-तत्परः ।।२२३।।
शिशुपाल-हतिव्याज-जय-शाप-विमोचकः ।।
दुर्योधनाभिमानाब्धि-शोष-बाण-वृकोदरः ।।२२४।।
महादेव-वर-प्राप्त-पुर-शाल्व-विनाशकः ।।
दन्तवक्त्रवध-व्याज-विजयाद्यौघ-नाशकः ।।२२५।।
विदूरथ-प्राण-हर्ता न्यस्त-शस्त्रास्त्र-विग्रहः ।।
उपधर्म-विलिप्ताङ्ग-सूत-घाती वर-प्रदः ।।२२६।।
बल्वल-प्राण-हरण-पालितर्षि-श्रुति-क्रियः ।।
सर्वतीर्थाघनाशार्थ-तीर्थ-यात्रा-विशारदः ।।२२७।।
ज्ञान-क्रिया-विभेदेष्ट-फल-साधन-तत्परः ।।
सारथ्यादिक्रियाकर्ता भक्तवश्यत्व-बोधकः ।।२२८।।
सुदामा(म?)रंक-भार्यार्थ-भूम्यानीतेन्द्र-वैभवः ।।
रविग्रह-निमित्ताप्त-कुरुक्षेत्रैक-पावनः ।।२२९।।
नृप-गोपी-समस्त-स्त्री-पावनार्थाखिलक्रियः ।।
ऋषिमार्ग-प्रतिष्ठाता वसुदेव-मखक्रियः ।।२३०।।
वसुदेव-ज्ञान-दाता देवकी-पुत्र-दायकः ।।
अर्जुन-स्त्री-प्रदाता च बहुलाश्व-स्वरूपदः ।।२३१।।
श्रुतदेवेष्ट-दाता च सर्व-श्रुति-निरूपितः ।।
महादेवाद्यति-श्रेष्ठो भक्ति-लक्षण-निर्णयः ।।२३२।।
वृक-ग्रस्त-शिव-त्राता नाना-वाक्य-विशारदः ।।
नर-गर्व-विनाशार्थ-हृत-ब्राह्मण-बालकः ।।२३३।।
लोकालोक-परस्थान-स्थित-बालक-दायकः ।।
द्वारकास्थ-महाभोग-नानास्त्री-रतिवर्धनः ।।२३४।।
मनस्तिरोधान-कृत-व्यग्र-स्त्री-चित्त-भावितः ।।

एकादशस्कन्धनामानि

मुक्तिलीला

मुक्तिलीलाविहरणः मौशल-व्याज-संहृतिः ।।२३५।।
श्रीभागवत-धर्मादि-बोधको भक्ति-नीतिकृत् ।।
उद्धव-ज्ञान-दाता च पञ्चविंशतिधा गुरुः ।।२३६।।
आचारभक्ति-मुक्त्यादि-वक्ता शब्दोद्भव-स्थितिः ।।
हंसो धर्म-प्रवक्ता च सनकाद्युपदेशकृत् ।।२३७।।
भक्ति-साधन-वक्ता च योग-सिद्धि-प्रदायकः ।।
नाना-विभूति-वक्ता च शुद्ध-धर्मावबोधकः ।।२३८।।
मार्गत्रय-विभेदात्मा नाना-शंका-निवारकः ।।
भिक्षुगीताप्रवक्ता च शुद्ध-सांख्य-प्रवर्तकः ।।२३९।।
मनो-गुण-विशेषात्मा ज्ञापकोक्त-पुरूरवाः ।।
पूजाविधि-प्रवक्ता च सर्वसिद्धान्त-बोधकः ।।२४०।।
लघु-स्वमार्ग-वक्ता च स्वस्थान-गति-बोधकः ।।
यादवाङ्गोपसंहर्ता सर्वाश्चर्य-गति-क्रियः ।।२४१।।

द्वादशस्कन्धनामानि

आश्रयलीला

काल-धर्म-विभेदार्थ-वर्ण-नाशन-तत्परः ।।
बुद्धो गुप्तार्थ-वक्ता च नानाशास्त्रविधायकः ।।२४२।।
नष्ट-धर्म-मनुष्यादि-लक्षण-ज्ञापनोत्सुकः ।।
आश्रयैकगतिज्ञाता कल्किः कलि-मलापहः ।।२४३।।
शास्त्र-वैराग्य-सम्बोधः नाना-प्रलय-बोधकः ।।
विशेषतः शुकव्याज-परीक्षिज्ज्ञान-बोधकः ।।२४४।।
शुकेष्ट-गति-रूपात्मा परीक्षिद्-देह-मोक्ष-दः ।।
शब्दरूपो नादरूपो वेदरूपो विभेदनः ।।२४५।।

व्यास: शाखा-प्रवक्ता च पुराणार्थ-प्रवर्तक: ।।
मार्कण्डेय-प्रसन्नात्मा वट-पत्र-पुटे-शय: ।।२४६।।
माया-व्याप्त-महामोह-दु:ख-शान्तिप्रवर्तक: ।।
महादेव-स्वरूपश्च भक्तिदाता कृपानिधि: ।।२४७।।
आदित्यान्तर्गत: काल: द्वादशात्मा सुपूजित: ।।
श्रीभागवत-रूपश्च सर्वार्थ-फल-दायक: ।।२४८।।

इतीदं कीर्तनीयस्य हरेर्नाम-सहस्रकम् ।।
पञ्चसप्तति-विस्तीर्णं पुराणान्तर-भाषितम् ।।२४९।।
य एतत् प्रातरुत्थाय श्रद्धावान् सुसमाहित: ।।
जपेदर्थाहितमति: स गोविन्दपदं लभेत् ।।२५०।।
सर्वधर्म-विनिर्मुक्त: सर्वसाधन-वर्जित: ।।
एतद्धारण-मात्रेण कृष्णस्य पदवीं व्रजेत् ।।२५१।।
हर्यावेशित-चित्तेन श्रीभागवत-सागरात् ।।
समुद्धृतानि नामानि चिन्तामणिनिभानि हि ।।२५२।।
कण्ठस्थितान्यर्थदीप्त्या बाधन्ते-ऽज्ञानजं तम: ।।
भक्तिं श्रीकृष्ण-देवस्य साधयन्ति विनिश्चितम् ।।२५३।।
किम्बहूक्तेन भगवान् नामभि: स्तुत-षड्गुण: ।।
आत्मभावं नयत्याशु भक्तिं च कुरुते दृढाम् ।।२५४।।
य: कृष्णभक्तिमिह वाञ्छति साधनौघै: ।
नामानि भासुरयशांसि जपेत् स नित्यम् ।।
तं वै हरि: स्व - पुरुषं कुरुतेति - शीघ्रम् ।
आत्मार्पणं समधिगच्छति भावतुष्ट: ।।२५५।।

श्रीकृष्ण! कृष्णसख! वृष्णि-वृषावनिधृक्-
राजन्यवंश दहनानपवर्ग-वीर्य।

गोविन्द! गोप-वनिता-व्रज-भृत्यगीत!
तीर्थश्रव: श्रवणमङ्गल पाहि भृत्यान् ।।२५६।।

।।इति श्रीभागवतसारसमुच्चये वैश्वानरोक्तं श्रीपुरुषोत्तमसहस्रनामस्तोत्रं सम्पूर्णम् ।।

શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રમ્
ભાગ-૨

ષષ્ઠમ સ્કંધ નામાનિ

છઠ્ઠા સ્કંધને પોષણલીલા કહે છે. શ્રી ગોવર્ધનનાથજી બાર અંગવાળા છે. આપના વામ (ડાબા) ઉરુ (સાથળ) આ લીલારૂપ છે. તેમાં કુલ ઓગણીસ અધ્યાયો છે. ત્રણ પ્રકરણો છે. નામ પ્રકરણ, ધ્યાન પ્રકરણ અને અર્ચન પ્રકરણ.

પોષણ લીલાને કૃપા – અનુગ્રહ કે પુષ્ટિ પણ કહે છે. પ્રભુઃ સર્વસમર્થો હિ તતઃ નિશ્ચિંતતાં વ્રજેત્. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રભુ સર્વ સમર્થ છે. પ્રભુ કર્તું, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સર્વ સમર્થ છે. આથી પ્રભુની ઈચ્છા થાય ત્યારે પોતાના સામર્થ્યથી ગમે તે પ્રકારના જીવને કૃતાર્થ કરે છે. ચાહે તે જીવ યોગ્ય હોય કે ન હોય – અહીં જીવને કશું જ કરવું પડતું નથી. આથી જ તે કૃપા – અનુગ્રહ કે પુષ્ટિ છે. કાલ, કર્મ અને સ્વભાવના પ્રભાવથી કોઈ બચી શકતું નથી. આ માટે પ્રભુ કૃપા જ સંપૂર્ણ ઉપાય છે.

પ્રભુનું નામ સ્મરણ કરીએ, સ્વરૂપ ધ્યાન કરીએ કે અર્ચન કરીએ ત્યારે પ્રભુના અનુગ્રહનો અનુભવ થાય છે. આ સ્કંધના ઓગણીસ અધ્યાય સૂચક છે. પ્રથમ સ્કંધના ઓગણીસ અધ્યાય છે. તેમાં ઓગણીસ પ્રકારના અધિકારો કહ્યા છે. આમાંનો એક પણ અધિકાર ન હોય તો પણ ભગવદ્ કૃપા સઘળાં ફલ આપે છે. આથી અહીં ઓગણીસ અધ્યાય છે.

ગો.વા. ઝવેરબેન મૂળજીભાઈ બબલા, દારેસલામના જયશ્રીકૃષ્ણ

.......મર્યાદાભિન્નશાસ્ત્રકૃત્ ॥૮૫॥

(૪૦૭) મર્યાદાભિન્નશાસ્ત્રકૃત્ = મર્યાદાથી જુદા પ્રકારના શાસ્ત્રને કરનાર.

પુષ્ટિમાર્ગ એટલે જ અનુગ્રહ માર્ગ. મર્યાદા અને વૈદિક માર્ગથી તે ભિન્ન છે. સાધકે કરેલા સાધન પ્રકારનું ફળ મળે તે મર્યાદા છે. દા.ત. સ્વર્ગની ઈચ્છાવાળાએ યજન કરવું. કામરૂપી અને મોક્ષરૂપી ફલ મેળવવા વેદોમાં કર્મ-ક્રિયાઓ કહી છે. આ વેદ શાસ્ત્રમાં મર્યાદામાર્ગ છે. આનાથી જુદું, સાધન વિના કે અલ્પ સાધનથી ભગવદ્ સ્વરૂપ કે લીલાના અનુભવ રૂપી ફળની પ્રાપ્તિ થવી તે અનુગ્રહ માર્ગ છે. ભગવદ્ કૃપાથી જ તે સાધ્ય છે.

શ્રીકૃષ્ણ પોતાના પ્રમેય બળથી ભક્તોનો ઉદ્ધાર કરે છે. આ કથાઓ છઠ્ઠા સ્કંધમાં વણાઈ છે. આથી જ આ સ્કંધ પોષણલીલા છે. શ્રીવલ્લભ આજ્ઞા કરે છે 'પોષણં તદનુગ્રહઃ' ભગવાનના અનુગ્રહને જ પોષણ કહે છે.

વેદ માર્ગમાં સ્ત્રી, શૂદ્ર વગેરેને તે જન્મમાં મોક્ષની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. આ વૈદિક મર્યાદા છે. અનુગ્રહ માર્ગમાં મોક્ષનું દ્વાર સર્વ માટે સુલભ છે. અનુગ્રહના લીધે ભગવાનના દિવ્ય રસમય સ્વરૂપ સાથે સંબંધ થઈ શકે છે. પ્રભુની દિવ્ય લીલાઓમાં પ્રવેશ પણ મળે છે.

શ્રી ભાગવત અને શ્રીગીતામાં સ્વ મુખે પ્રભુએ અનુગ્રહ માર્ગનું શાસ્ત્ર કહ્યું છે. શ્રી વ્યાસ, શુકજી, નારદજી તથા શાંડિલ્ય વગેરે ભક્તોએ આ શાસ્ત્રનો ઉપદેશ કર્યો છે. આ બધા જ ભગવદ્ અંશો છે.

કાલાન્તક ભયચ્છેદી નામ સામર્થ્યરૂપધૃક્ ।
ઉદ્ધારાનર્હગોપ્તાત્મા નામાદિપ્રેરકોત્તમઃ ॥૮૬॥

(૪૦૮) કાલાન્તકભયચ્છેદી = કાલ જેવા યમરાજ અને અંતક (મૃત્યુ)ના ભયને છેદવાના (નાશ કરવાના) સ્વભાવ વાળા ભગવાન.

ડો. હરેશ ડી. રામૈયા, વડોદરાના જયશ્રીકૃષ્ણ

કાલ એટલે યમરાજ અને મૃત્યુનો ભય પ્રાયઃ સર્વને છે. પ્રભુ આ બંનેના ભયને દૂર કરનારા છે. આ છઠ્ઠા સ્કન્ધના પ્રથમ ત્રણ અધ્યાયોમાં અજામિલની કથા કહી છે. અજામિલને જીવનના અંતે મરણનો ભય છે. તે બાદ નરકપ્રાપ્તિનો પણ ભય છે. અજામિલ પોતાના દીકરાનું નામ લે છે. કૃપાળુ ભગવાન માની લે છે કે મને યાદ કરે છે. ભગવાન પોતાના નામ સ્મરણનું અપૂર્વ માહાત્મ્ય પ્રકાશિત કરે છે. અજામિલને મૃત્યુ અને નરક ગતિથી બચાવે છે. અભયનું દાન કરે છે. શ્રીભાગવત સેવનના પાંચ મુખ્ય ફલો પૈકી અભયનું દાન પણ એક ફલ છે.

પ્રભુનું નામ સ્મરણ કાલનો, મૃત્યુનો અને નરક સંબંધી ભયનો નાશ કરે છે.

---

(૪૦૯) નામ સામર્થ્યરૂપધૃક્ = નામના સામર્થ્યવાન પ્રભાવશાલી સ્વરૂપને ધારણ કરનાર.

સ્વરૂપ પ્રથમ પ્રકટ થાય છે. નામ તે પછી આવે છે. આ સામાન્ય નિયમ છે. પ્રભુનું સ્વરૂપ અને નામ સમાન સામર્થ્ય ધરાવે છે. આપણા માર્ગમાં કહ્યું જ છે *'નામે નિષ્પાપ થાય નર નારી.'* અજામિલની કથામાં ભગવાનના નામનો પ્રભાવ બતાવ્યો છે.

શ્રી ગીતાના વિભૂતિયોગમાં પ્રભુ આજ્ઞા છે 'યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં - મમતેજોંશસંભવમ્' વિશ્વમાં જે જે ઐશ્વર્ય સંપન્ન, શોભા યુક્ત અને શક્તિયુક્ત પદાર્થ છે, તે તે મારા તેજના અંશની જ અભિવ્યક્તિ છે.

અજામિલને સંપૂર્ણ પાપ મુક્ત કરનારા ચાર પાર્ષદો છે. આ વિષ્ણુ પાર્ષદો પ્રભાવ યુક્ત છે. પ્રભુના જ અંશ રૂપ છે. પાર્ષદો રૂપે ભગવાને જ અજામિલને મુક્ત કર્યો છે. અજામિલ 'નારાયણ' બોલે છે. એ નામથી ચાર પાર્ષદોને પ્રભુએ મોકલ્યા છે. ભગવાનના નામનું સ્વરૂપ ભગવાનની દિવ્ય અને કૃપાયુક્ત લીલા જ છે.

---

(૪૧૦) ઉદ્ધારાનર્હગોપ્તાત્મા = સંસારથી મુક્ત થવાને જેમની યોગ્યતા નથી એવા જીવોનું પાલન કરનાર જેમનો આત્મા છે એવા ભગવાન.

વિનોદચંદ્ર મંગળદાસ કા. પટેલ, વાસણાના જયશ્રીકૃષ્ણ

ઘણા જીવો સંસારથી મુક્ત થઈ શકતા નથી. તે માટે તેમની યોગ્યતા નથી હોતી. પ્રભુનો સ્વભાવ જ એવો છે કે આવા જીવોને પણ રક્ષે છે. અજામિલનું આચરણ તેના ઉદ્ધાર માટે અયોગ્ય છે. તેના અંત સમયે યમદૂતો પાશ લઈને તેને લેવા આવ્યા છે. ભગવાનના દિવ્ય નામનો પ્રભાવ પણ દિવ્ય છે. આથી યમદૂતોના પાશમાંથી મુક્તિ મેળવી શક્યો. તેના જીવનનું પરિવર્તન થયું છે. આ સ્કંધના બીજા અધ્યાયમાં શ્રી શુકદેવજી કહે છે કે પરીક્ષિત! અજામિલને દાસીનો સહેવાસ થયો. આનાથી તેનો બધો જ ધર્મ નાશ પામ્યો. નિન્દિત કર્મથી તે પતિત થયો હતો. નિયમોનું પાલન કર્યું નથી આથી તેને નરકમાં નાંખવાનો હતો, પણ ભગવાનના એક નામના ઉચ્ચારણ કરવા માત્રથી તે તત્કાલ મુક્ત થઈ ગયો. 'સદ્યો વિમુક્તો ભગવન્નામ ગૃહ્ણત્'

અજામિલ સિવાય પણ પ્રભુએ ઘણા જીવોનું રક્ષણ કર્યું છે. નરકમાં પડેલા જીવો શ્રીકૃષ્ણ નામ ઉચ્ચારતા વૈકુંઠને પામ્યા છે. નૃસિંહ પુરાણ વગેરેમાં કહ્યું છે કે પ્રભુના નામ સ્મરણથી ઘણા જીવોને તાત્કાલિક ભગવાનના ધામની પ્રાપ્તિ થઈ છે.

---

(૪૧૧) નામાદિપ્રેરકોત્તમઃ = (૧) જે સાધનોમાં પ્રભુનું નામ સ્મરણ મુખ્ય છે તેવાં સાધનોને પ્રેરણા કરનાર ઉત્તમ ભગવાન (૨) નામ આદિ સાધનો જેમને ઉત્તમ પ્રેરણા કરનાર છે એવા પ્રભુ.

છઠ્ઠા સ્કંધના પ્રથમ ત્રણ અધ્યાય નામના માહાત્મ્યને સમજવા અતિ મહત્ત્વના છે. ભગવાન અને ભગવાનનું નામ એ બંને નિત્ય છે, દિવ્ય છે અને સર્વ સમર્થ છે. આ નામો શ્રીકૃષ્ણની લીલારૂપ જ છે. બીજા અધ્યાયમાં વિષ્ણુ પાર્ષદો કહે છે કે સંકેતમાં, પરિહાસમાં, તાન આલાપમાં કે કોઈની અવહેલના કરવામાં જો કોઈ ભગવાનના નામોનો ઉચ્ચાર કરે તે બધા પાપથી મુક્ત થાય છે.

જે મનુષ્ય પડતી વખતે, પગ લપસે ત્યારે, અંગ ભંગ થાય, સાપ કરડે ત્યારે, આગમાં સળગતી વખતે, ઠોકર લાગે ત્યારે વિવશતાથી હરિ હરિ કરે ત્યારે યમયાતના રહેતી નથી.

જયદીપ, વાસણાના જયશ્રીકૃષ્ણ

નામના પ્રભાવથી વિષ્ણુ પાર્ષદોનું દર્શન છે. અજામિલનું પરિવર્તન છે ભગવાનનું નામ આસાનીથી સદ્ય મુક્તિ આપે છે.

અજામિલ મહાદુષ્ટ મોચકોઘવિમોચકઃ ।
ધર્મવક્તાકિલષ્ટવક્તા વિષ્ણુધર્મસ્વરૂપ ધૃક્ ॥૮૭॥

(૪૧૨) અજામિલ મહાદુષ્ટ મોચકઃ = અજામિલ જેવા મહાદુષ્ટને મુક્ત કરનાર

(૪૧૩) અઘવિમોચકઃ = અજામિલને પાપમાંથી ઉત્તમ રીતે મુક્ત કરનારા

(૪૧૪) ધર્મવક્તાઃ = ધર્મના સ્વરૂપને સમજાવનારા. વિષ્ણુદૂતો અને યમરાજા દ્વારા ધર્મના વક્તા ભગવાન

(૪૧૫) અકિલષ્ટવક્તાઃ = શાસ્ત્ર વિરૂદ્ધ ન હોય તેવા સરલ ધર્મના વક્તા-વિષ્ણુદૂતો તથા યમરાજ દ્વારા પ્રભુ જ વક્તા છે.

(૪૧૬) વિષ્ણુધર્મ સ્વરૂપ ધૃક્ = (૧) વિષ્ણુ ધર્મ જ જેનું સ્વકીય ધન છે તે વિષ્ણુધર્મસ્વ કહેવાય. આવા ભગવદીયોમાં પોતાના રૂપનું સ્થાપન કરનાર (૨) ધર્મ-યમસ્વરૂપને ધારણ કરનારા વિષ્ણુ પરમાત્મા જ છે.

આ પાંચ નામોની સંગતિ અને કંઈક સમજ માટે અજામિલ આખ્યાનનું કિંચીત્ અવગાહન કરીએ.

કનોજ નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ અજામિલ હતું. તે શાસ્ત્રોનો જાણકાર, સદ્‌ગુણી અને પવિત્ર હતો. અહંકાર વગરનો હતો. ગુરુ, અગ્નિ વગેરેની સેવા કરતો. કોઈના ગુણ દોષ જોતો ન હતો.

એકવાર તે સમિધ, કુશ વગેરે લાવવા વનમાં ગયો. ત્યાં એક કામી પુરુષ અને દુસંગી સ્ત્રીના વિહાર જોયા. આ દૃશ્યથી તેનામાં કામ જાગ્યો. સદાચાર ભૂલી ગયો. આ દુષ્ટ સ્ત્રીના મોહ પાશમાં આવી ગયો. તે સ્ત્રીને રીઝવવા પાપી જીવન જીવવા લાગ્યો. તે એક દાસીનો પતિ થયો. કુટુંબનું ભરણપોષણ કરવા નિંદનીય વૃત્તિ કરતો. તેને દસ પુત્રો થયા - છેલ્લાનું નામ 'નારાયણ' હતું. તેના પર અજામિલને ખૂબ મોહ હતો. આ રીતે અઠ્ઠાવીસ વર્ષ વીતી ગયા. મહાદુષ્ટ બની ગયો. અંત સમય આવ્યો. ત્યારે પણ પુત્ર નારાયણના વિચારો કરતો હતો.

જે. એસ. દેસાઈ, દાહોદના જયશ્રીકૃષ્ણ

મૃત્યુ સમયે તેને લેવા ત્રણ યમદૂતો આવ્યા. તેમને જોઈ તે વ્યાકુલ બન્યો. પોતાના વ્હાલા પુત્ર નારાયણને પોકાર કર્યો. નારાયણ ભગવાનના પાર્ષદો ઝડપથી ત્યાં આવી ગયા. યમદૂતો તે વખતે અજામિલના સૂક્ષ્મ શરીરને ખેંચી રહ્યા હતા. વિષ્ણુદૂતોએ તેમને બળપૂર્વક રોકી લીધા. અઘ (પાપ) વાળો અજામિલ બચી ગયો. સજામાંથી મુક્ત થયો (૪૧૩) અઘવિમોચકઃ પ્રભુ થયા. યમદૂતો, વિષ્ણુદૂતોને રોકવાનું કારણ પૂછે છે. વિષ્ણુ દૂતો દ્વારા પ્રભુ ધર્મનું સ્વરૂપ, યમદૂતોને સમજાવે છે.

યમદૂતો કહે છે કે અમને કેમ રોક્યા? વેદોએ વિધાન કરેલ કર્મો ધર્મ છે. નિષેધ કર્મો અધર્મ છે. આ લોકમાં મનુષ્ય જેટલો અધર્મ કે ધર્મ કરે તેનું ફલ પરલોકમાં ભોગવે છે. પૂર્વજન્મોના પાપ અને પુણ્યમય સંસ્કારો પ્રમાણે જીવ સ્થૂલ અને સુક્ષ્મ શરીર પ્રાપ્ત કરે છે.

વિષ્ણુના દૂતો જવાબ આપે છે. અજામિલે નારાયણ નામ લીધું. વિવશ થઈને લીધું પણ તે ભગવાનનું નામ છે. નારાયણ એ ચાર અક્ષરોના ઉચ્ચારણથી તેજ સમયે તેના સમસ્ત પાપોનું પ્રાયશ્ચિત થઈ ગયું. ભગવાનના નામોનું ઉચ્ચારણ જ સૌથી મોટું પ્રાયશ્ચિત છે. નામના ઉચ્ચારથી મનુષ્યની બુદ્ધિ ભગવાનના ગુણ, લીલા અને સ્વરૂપમાં રમી જાય છે. ભગવાન પણ તેને આત્મીય માને છે. આમ પ્રભુ ધર્મવક્તા બને છે.

વિષ્ણુદૂતો ધર્મ સમજાવતાં પહેલાં કહે છે કે ધર્મનું દર્શન કરનારી ન્યાય આપનારાઓની સભાને અધર્મે અભડાવી દીધી છે.

યમસભામાં યમરાજા પોતાના દૂતોને કહે છે કે આ ચરાચર જગતના સ્વામી મારા સિવાય એક અન્ય છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર તેમના અંશ છે. હું અને મોટા મોટા દેવો પણ સત્વ પ્રધાન છીએ છતાં તે સ્વામીની માયાને આધીન છીએ. આવા ભગવાનના પાર્ષદોના દર્શન દુર્લભ છે. પાર્ષદો ભક્તજનોને બધી વિપત્તિમાંથી રક્ષે છે.

અપૂર્વભાઈ વી. મણીયાર, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

ભગવાને ભાગવતધર્મ પ્રકટ કર્યો છે. તે પરમશુદ્ધ છે. ખૂબ ગોપનીય છે. તેને જાણવો ખૂબ કઠિન છે. તે ધર્મ જાણતાં ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આમ અહીં પ્રભુ યમરાજા દ્વારા ધર્મવક્તા બન્યા છે. (૪૧૪)

વિષ્ણુદૂતો કહે છે કે પ્રાયશ્ચિતથી પાપ નાશ પામે છે, પણ હૃદય શુદ્ધ થતું નથી. ભગવાનની ચરણસેવાથી જ તે શુદ્ધ બને છે. જાણતાં કે અજાણતાં અગ્નિનો સ્પર્શ ઈંધણને ભસ્મ કરે છે. જાણતાં કે અજાણતાં અમૃતનું પાન, પીનારને અમર બનાવે છે. આ રીતે જાણતાં કે અજાણતાં લેવાયેલું પ્રભુનું નામ ફલ આપે જ છે. આમ સુખપૂર્વક થઈ શકે તેવો ઉપાય અક્લિષ્ટ વક્તા (૪૧૫) પ્રભુ બતાવે છે.

શ્રીકૃષ્ણ સંયમીઓમાં યમ-ધર્મરાજ છે. યમ કહે છે કે ભાગવત ધર્મ મોટો છે. તે અંતઃ કરણમાં ભક્તિભાવ સ્થાપે છે. તેમને કોઈ દંડ અપાતો નથી. ભગવાનનું પ્રેમથી ગાન કરનારની રક્ષા ભગવાનની ગદા કરે છે. શુકદેવજી પણ કહે છે કે ભગવાનના ગુણો, લીલાઓ અને નામોનું કીર્તન કરવાથી જીવોનું કલ્યાણ છે. મોટા મોટા પાપો આથી નિર્મૂલ બને છે. ભાગવત ધર્મ વૈષ્ણવોનું એક અને અદ્વિતીય ધન છે. આમ અહીં પ્રભુ 'વિષ્ણુ ધર્મ સ્વરૂપ ધૃક્' (૪૧૬) બન્યા છે.

સન્માર્ગપ્રેરકો ધર્તા ત્યાગહેતુરધોક્ષજઃ ।
વૈકુંઠપુરનેતા ચ દાસસંવૃદ્ધિકારકઃ ॥૮૮॥

(૪૧૭) સન્માર્ગપ્રેરકઃ = સાધુ-સત્પુરુષોના માર્ગમાં પ્રેરણા કરનાર.

જીવનમાં નિષ્ઠા હોવી આવશ્યક છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શ્રદ્ધા અને વિશ્વાસ ટકી રહેવો તે જ નિષ્ઠા. ભગવાન ઉપરની આવી નિષ્ઠા કૃતાર્થ કરે છે. આ ભગવદ્‌નિષ્ઠા તરફ લઈ જતા માર્ગને સન્માર્ગ કહે છે. સાધુપુરષો-સત્પુરુષોનો આ માર્ગ છે.

શ્રીમહાપ્રભુજી ત્રણ નિષ્ઠાના ફલ બતાવે છે. (૧) જ્ઞાનનિષ્ઠાથી સર્વજ્ઞતા આવે છે. (૨) ધર્મનિષ્ઠાથી ચિત્તની પ્રસન્નતા થાય છે અને ભક્તિનિષ્ઠાથી કૃષ્ણ પ્રસન્ન થાય છે. કૃષ્ણની પ્રસન્નતા કૃપાનું દાન કરે છે. તેથી

હિરેન લક્ષ્મીદાસ પરીખ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

ભજનાનંદનો આસ્વાદ કરે છે. આ ભજનાનંદ બ્રહ્માનંદથી પણ શ્રેષ્ઠ છે.

આવા સન્માર્ગમાં નામ સ્મરણ અગત્યનું છે. સત્પુરુષોનું તે ભૂષણ છે. 'વેદ રટત, બ્રહ્મા રટત, શંભુ રટત, શેષ રટત, નારદ શુક વ્યાસ રટત.' શ્રી નારદજી કહે છે કે શ્રીહરિ પરમાત્માનું નામસ્મરણ કરવું એ જ મારું પરમ જીવન છે. શ્રીનારદજીની આ ભગવદ્ 'કૃષ્ણ' નિષ્ઠા છે. આ જ સન્માર્ગનું સ્વરૂપ છે.

'નામ નિરમોલ નગ લે કોઈ ના સકે. ભક્ત રાખત હિયે હાર કરકે.'
આમ સત્પુરુષોના નામ સ્મરણ રૂપ સન્માર્ગ છે. પ્રભુ તેના પ્રેરક બને છે.

(૪૧૮) ઉદ્ધર્ત્તા (ધર્તા) = ભક્તોનો ઉદ્ધાર કરનારા પ્રભુ. (ધારણ કરનારા) સન્માર્ગે ચાલનાર ભક્તનો ભગવાન સર્વ રીતે ઉદ્ધાર કરે છે.

શ્રીગીતા આજ્ઞા પ્રમાણે - જીવભૂતાં......ધાર્યતે જગત્ (૭-૫) પ્રભુ જ આ દૃશ્યમાન જગતને ધારણ (પોષણ) કરે છે. તેમાં ય ભક્તો તો પ્રભુને ખૂબ જ પ્રિય છે. શ્રીગીતામાં કૃષ્ણજી અર્જુનને કહે છે કે મારો ભક્ત નાશ પામતો નથી. ભક્તોનો ઉદ્ધાર ભગવાન સર્વ રીતે કરે છે, આથી જન્મ-મરણના ફેરા પણ ટળી જાય છે. પ્રભુ જ્યારે ધારણ કરે પછી જ ભક્તની આ સ્થિતિ બને છે.

(૪૧૯) ત્યાગહેતુઃ = જેમને પ્રાપ્ત કરવા વિષયનો ત્યાગ એ મુખ્ય હેતુ છે એવા પરમાત્મા.

મનુષ્યને પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. નેત્ર, નાસિકા, રસના, કર્ણ અને ત્વચા. આ દરેકને સંલગ્ન એક એક વિષય છે. નેત્રનો રૂપ, નાસિકાનો ગંધ, રસનાનો રસ, કર્ણનો શબ્દ અને ચામડીનો સ્પર્શ. શાસ્ત્ર વચન છે કે -

પતંગ-માતંગ-કુરંગ-ભૃંગ-મીના હતા : પંચભિરેવ પંચ ।
એકઃ પ્રમાદી સ કથં હન્યતે યઃ સેવતે પંચભિરેવ પંચ ॥

પતંગિયુ નેત્ર વિષયથી દીપકમાં પડીને મરે છે. હાથી સ્પર્શવિષય કરી મરે છે. હરણ શ્રવણ વિષયથી મરે છે. ભમરો નાસિકાના વિષય ગંધથી મરે છે. માછલી જીભના વિષયથી મરે છે. એક એક વિષયથી આ મર્યા. મનુષ્ય તો આ પાંચનું સેવન કરે છે. આ પાંચેયનું સેવન પ્રભુ સેવનને

રામનારાયણ જોષી, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

ભૂલાવી દે છે.

પાંચ વિષયોનો મનથી પણ ત્યાગ જરૂરી છે. પરમાત્માની પ્રાપ્તિ માટે આ ત્યાગ એ જ મુખ્ય હેતુ છે.

શ્રીમહાપ્રભુજી સ્વમાર્ગમાં આ વિષયોને પણ ભગવદ્ વિષયક બનાવતું ઉર્ધ્વીકરણ શીખવે છે.

(૪૨૦) અધોક્ષજઃ = સ્વતઃ સિદ્ધ જ્ઞાનવાળા ભગવાન.

સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે અધોક્ષજ એટલે ઈંદ્રિયજ્ઞાનથી અગોચર- આપણી ઈન્દ્રિયો ભગવાનને જ જાણી શકતી નથી, નાણી શકતી નથી. માણી શકતી નથી. ભગવાન જ સિદ્ધ જ્ઞાનવાળા છે. સાંખ્ય અને યોગરૂપ જ્ઞાન આપના કર્ણ કુંડળ બનીને શોભે છે.

પ્રભુ, ઈન્દ્રિયોથી ઉત્પન્ન થાય તેવા જ્ઞાનને પ્રકટ કરે છે. આનાથી જ ભગવાન સંબંધી જ્ઞાન થાય છે.

(૪૨૧) વૈકુંઠપુરનેતા = વૈકુંઠ પુરના નેતા - નાયક.

ભગવાનનું નિવાસ સ્થાન વૈકુંઠ છે. આ સ્થાન દરેકને પ્રાપ્ત થતું નથી. સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે નેતૃથી નેતા શબ્દ બન્યો. તેને નાયક પણ કહે. જે દોરે કે લઈ જાય તે નેતા - નાયક. અજામિલ ને વૈકુંઠ સ્થાનમાં લાવનાર ભગવાન જ છે. પ્રભુના પાર્ષદોના માત્ર થોડી જ વારના સત્સંગથી અજામિલનું જીવન બદલાઈ ગયું. યોગ માર્ગ દ્વારા બધી ઈંદ્રિયોને વિષયોથી હટાવી મનમાં લીન કરી, મનને બુદ્ધિમાં મેળવ્યું. બુદ્ધિને વિષયોથી દૂર કરી ભગવાનના ધામમાં જોડી દીધી. ફરી પ્રભુ પાર્ષદોના દર્શન થયાં. શરીર છોડી દીધું. પાર્ષદનું રૂપ પ્રાપ્ત કર્યું અને વિષ્ણુદૂતો સાથે વિમાનમાં બેસી વૈકુંઠલોક ગયા.

(૪૨૨)દાસ સંવૃદ્ધિકારકઃ = દાસોની સર્વ રીતે વૃદ્ધિ કરનાર.

ભગવાન ભક્તિપ્રિય છે. શ્રી ભાગવત ભગવાનને 'ભક્ત ભક્તિમાનઃ' કહે છે. દાસ-નિજભક્તની ઉન્નતિ નિહાળવી પ્રભુને ગમે છે. તેથી પ્રભુ પ્રસન્ન થાય છે. ભક્તોની સર્વ પ્રકારે ઉત્તરોત્તર ઉન્નતિ જ કર્યા કરે છે.

લીલાવતીબેન રાજાણી, ગોવાના જયશ્રીકૃષ્ણ

દક્ષપ્રસાદકૃદ્ હંસ ગુહ્ય સ્તુતિ વિભાવનઃ ।
સ્વાભિપ્રાય પ્રવક્તા ચ, મુક્તજીવ પ્રસૂતિ કૃત્ ।।૮૯।।

(૪૨૩) દક્ષપ્રસાદકૃત્ = દક્ષને સૃષ્ટિ પ્રગટ કરવાના સામર્થ્ય રૂપ પ્રસાદ - અનુગ્રહ કરનાર પરમાત્મા.

પ્રાચીનબર્હિ નામે રાજા હતા. તેમને દસ દીકરાઓ હતા. તેમનું નામ પ્રચેતા હતું. તેઓ તપ કરવા સમુદ્રમાં ગયા હતા. પ્રભુએ પ્રસન્ન થઈ વરદાન આપ્યું. પ્રચેતસો બહાર આવ્યા. પૃથ્વી પર વૃક્ષો વધેલા જોયા. તેમને ક્રોધ આવ્યો. તપોબળથી વૃક્ષોને બાળવા લાગ્યા. વૃક્ષોના રાજા ચંદ્ર છે. તેમણે પ્રચેતસોને શાંત કર્યા. વૃક્ષોએ પોષેલી એક કન્યા સાથે લગ્ન કરાવ્યા. તેનું નામ વાર્ક્ષી હતું. તે પ્રમ્લોમા અપ્સરાની કન્યા હતી. પ્રચેતાઓ દ્વારા આ કન્યાના ગર્ભથી દક્ષની ઉત્પત્તિ થઈ. આ દક્ષ રાજાની પ્રજા સૃષ્ટિથી ત્રણે લોક ભરાઈ ગયા. રાજાને પુત્રીઓ પર ખૂબ પ્રેમ હતો. રાજાએ પોતાના સંકલ્પથી વિવિધ પ્રાણીઓની સૃષ્ટિ કરી. આ સામર્થ્ય આપનારા પરમાત્મા જ છે.

(૪૨૪) હંસગુહ્યસ્તુતિ વિભાવનઃ = હંસ ગુહ્યસ્તુતિ દ્વારા જેમની વિભાવના કરવામાં આવી છે તેવા પ્રભુ (૨) હંસ પરમાત્મા સંબંધી ગુહ્યની સ્તુતિમાં પ્રેરનાર.

પ્રજાપતિ દક્ષે પહેલા જલ, થલ અને આકાશમાં રહેનારા દેવતા, અસુર અને મનુષ્ય વગેરે પ્રજાની સૃષ્ટિ સંકલ્પથી કરી. તેમણે જોયું કે આ સૃષ્ટિ વધતી નથી. આથી તે ઘોર તપસ્યા કરવા વિન્ધ્યાચલની નજીક પર્વતો પર ગયા. અઘમર્ષણ તીર્થમાં 'હંસગુહ્ય'નામની સ્તુતિ કરી.

પ્રભુ સ્વયંપ્રકાશ છે. પરાત્પર છે. કોઈ પ્રમાણ તેમના સુધી પહોંચતા નથી. જીવ અને પ્રકૃતિથી પર છે. પ્રભુ જ જીવ અને જગતના દ્રષ્ટા છે. બધાના જ્ઞાતા છે. અનંત છે. શુદ્ધ છે. શુદ્ધ હૃદય મંદિર નિવાસ સ્થાન છે. બધા નામ અને રૂપ પ્રભુ જ છે પ્રભુ સ્વરૂપ, મન, બુદ્ધિ અને ઈન્દ્રિયોથી ગ્રહણ થતું નથી. સમગ્ર જગત પ્રભુમાં સ્થિત છે. પ્રભુમાંથી જ પ્રકટ્યું છે

સ્નેહલતાબેન દાવડા, યુ.કે.ના જયશ્રીકૃષ્ણ

અને પ્રભુના આધારે જ છે. પ્રભુ અદ્વિતીય છે. સ્વયં બ્રહ્મ છે. અનંત છે. સાકાર પણ છે અને નિરાકાર પણ છે. આમ આ બંનેથી અવિરૂદ્ધ સમ પરબ્રહ્મ છે. જુદી જુદી લીલાઓ અનુસાર નામ ધારણ કરે છે. પ્રભુ બધાની ભાવનાઓનું અનુસરણ કરનારા છે.

આથી હે પ્રભુ, મારી અભિલાષા (મનોરથ) પૂર્ણ કરો. 'મે કુરુતાન્મનોરથમ્'

(૪૨૫) સ્વાભિપ્રાય પ્રવક્તા = પોતાના અભિપ્રાયને સારી રીતે જણાવનારા (પ્રવક્તા)

દક્ષ પ્રજાપતિએ હંસ ગુહ્ય સ્તુતિ કરી. ભગવાન પ્રકટ થયા. ગરૂડ પર આરૂઢ થયા હતા. આઠ ભુજાઓમાં આઠ આયુધો ધર્યાં હતા. ત્રિલોકને મોહિત કરતું રૂપ હતું. દક્ષની પ્રજાવૃદ્ધિની કામના પ્રભુ જાણે છે. આથી પ્રભુ કહે છે.

હે દક્ષ ! તારી તપસ્યા સિદ્ધ થઈ. મારી જ ઈચ્છા છે કે જગતના બધા પ્રાણીની અભિવૃદ્ધિ થાય. સમૃદ્ધ થાય. આના માટે જ તેં તપસ્યા કરી છે. બ્રહ્મા, શંકર વગેરે મારી વિભૂતિઓ છે. બધા પ્રાણીઓની અભિવૃદ્ધિ કરનારા છે.

પ્રભુનું હૃદય તપસ્યા છે. શરીર વિદ્યા છે. આકૃતિ કર્મ છે. અંગ યજ્ઞ છે. મન ધર્મ છે અને પ્રાણ દેવતા છે. પ્રભુ અનંત ગુણોના આધાર છે. અનંત છે. પ્રભુ આગળ કહે છે. માયાના ક્ષોભથી આ બ્રહ્માંડ શરીર પ્રકટ થયું. તેમાં બ્રહ્મા ઉત્પન્ન થયા. બ્રહ્માને ભક્તિ આપી આથી તે સૃષ્ટિ રચવા પ્રવૃત્ત થયા. પણ બ્રહ્મા અસમર્થ રહ્યા. બ્રહ્માને તપ કરવાની આજ્ઞા કરી. ઘોર તપસ્યા તેમણે કરી. તેના પ્રભાવથી પ્રજાપતિઓની સૃષ્ટિ કરી.

પંચજન પ્રજાપતિ છે. તેમને એક કન્યા છે તેનું નામ અસિકની છે. તેને તું પત્ની બનાવ. ગૃહસ્થા શ્રમ સ્વીકાર કર. અસિકની પણ તે ધર્મ સ્વીકારશે. આનાથી તમે ખૂબ પ્રજા ઉત્પન્ન કરશો. આજ સુધી માનસી સૃષ્ટિ હતી. હવે પછી સ્ત્રી-પુરુષના સંયોગથી પ્રજા થશે. આમ ભગવાન દક્ષ આગળ અભિપ્રાયો પ્રકટ કરે છે.

રમાબેન દિલીપભાઈ પટેલ, યુ.કે.ના જયશ્રીકૃષ્ણ

---

(૪૨૬) મુક્ત જીવ પ્રસૂતિકૃત્ = મુક્ત જીવોને પ્રકટ કરનારા.

દક્ષ પ્રજાપતિ પર ભગવાને શક્તિ સંચાર કર્યો હતો. આથી દક્ષ સમર્થ થયા હતા. અસિકનીથી તેમને દશ હજાર પુત્ર ઉત્પન્ન કર્યા. તેમનું નામ હર્યશ્વ છે. આ જ રીતે શબલાશ્વ નામના એકથી હજાર પુત્ર ઉત્પન્ન કર્યા. બંનેને દક્ષે પ્રજોત્પતિની આજ્ઞા કરી હતી. આ બંને પુત્રોને નારદજીએ ઉપદેશ કર્યો. આથી તેઓ મોક્ષના માર્ગે ચાલ્યા. દક્ષની ઈચ્છા મુજબ આ પ્રજા સંસારી બની નહીં. મોક્ષપથના પથિક બન્યા. આ માટે ભગવાન જ હેતુ હતા.

નારદપ્રેરણાત્મા ચ હર્યશ્વબ્રહ્મભાવનઃ ।
સુબલાશ્વહિતો ગૂઢવાક્યાર્થજ્ઞાપનક્ષમઃ ॥૯૦॥

(૪૨૭) નારદપ્રેરણાત્મા = નારદમુનિની પ્રેરણામાં જેમનો આત્મા-ચિત્ત છે તેવા પ્રભુ છે.

નારદજી માટે લોકો કહે છે કે લોકોને લડાવે તે નારદ. ખરેખર નારદજી આવા નથી. નર સમૂહને નાર કહેવાય. તેનું ખંડન કરે, જુદા પાડે, તે નારદ કહેવાય. બહુ ભેગા થાય તો કલહ કરે. નારદજી સંસારના ઝઘડામાંથી છૂટા પાડે છે. લોકોને સન્માર્ગે વાળે છે. લોકોને જ્ઞાન આપે તે નારદ છે.

દક્ષના પુત્રોને પ્રેરણા આપી. નારદજીએ જોયું કે પુત્રોને તો ભાગવતધર્મમાં રૂચિ છે, પણ પ્રજાવૃદ્ધિ માટે તત્પર થયા છે. આથી તેમને બ્રહ્મજ્ઞાન કરાવ્યું. નારદજીની આવી પ્રેરણા અને ઉપદેશના આત્મારૂપ શ્રી હરિ છે.

(૪૨૮) હર્યશ્વબ્રહ્મભાવનઃ = હર્યશ્વોને બ્રહ્મત્વ પ્રાપ્ત કરાવનાર પ્રભુ.

હર્યશ્વ નામના દસ હજાર પુત્રો છે. તેઓનું આચરણ અને સ્વભાવ એક સરખા જ છે. પિતા દક્ષે તેમને સંતાન ઉત્પન્ન કરવા આજ્ઞા કરી. તેઓ પશ્ચિમ દિશામાં તપસ્યા માટે ગયા. અહીં સિંધુ નદી અને સમુદ્રના સંગમ પર નારાયણ સરોવર છે. અહીં તેઓ આવ્યા. સ્નાન કર્યું. આ સાથે તેમનું અંતઃકરણ શુદ્ધ થયું. બુદ્ધિ ભાગવત ધર્મમાં લાગી. નારદજીએ આ જોયું. હર્યશ્વોને બ્રહ્મજ્ઞાન

ગુણવંતીબેન મૂળચંદભાઈ પાઉ, યુ.કે.ના જયશ્રીકૃષ્ણ

આપ્યું. બ્રહ્મત્વ પ્રાપ્ત કરાવ્યું. આ કરાવનાર તો હરિ જ છે.

(૪૨૯) સુબલાશ્વહિતઃ

દક્ષના આ પણ પુત્રો છે. એક હજાર પુત્રો છે. પિતાની પ્રજાઉત્પત્તિ કરવાની આજ્ઞા લઈ તે પણ નારાયણ સરોવર આવ્યા છે. અહીં સ્નાન કરતાં તેમના અંતઃકરણનો મેલ ધોવાઈ ગયો. દેવર્ષિ નારદ તેમની પાસે પણ ગયા. નારદજીએ તેમને પણ અર્થગંભીર વચનો કહ્યા અને પોતાના ભાઈઓના માર્ગે ચાલવાનું કહ્યું. અહીં શ્રીમહાપ્રભુજીએ શબલાશ્વના બદલે શ્લોકમાં સુબલાશ્વ પદ મૂક્યું છે.

(૪૩૦) ગૂઢવાક્યાર્થજ્ઞાપનક્ષમઃ = ગૂઢ વાક્યોનો અર્થ જણાવવામાં સમર્થ પ્રભુ.

નારદજી હર્યશ્વોને કૂટ પ્રશ્નો પૂછે છે. (૧) એક એવો દેશ છે જેમાં એક જ પુરુષ છે. (૨) એક એવું બિલ (દર) છે, જ્યાંથી બહાર નીકળવાનો રસ્તો જ નથી. (૩) એક એવી સ્ત્રી જે બહુરુપિણી છે. (૪) એક એવો પુરુષ જે વ્યભિચારિણીનો પતિ છે. (૫) એક એવી નદી જે આગળ પાછળ બંને બાજુ વહે છે. (૬) એક વિચિત્ર ઘર જે પચ્ચીસ પદાર્થોનું બન્યું છે. (૭) એક એવો હંસ જેની વાત વિચિત્ર છે. (૮) એક ચક્ર જે છરા અને વજ્રથી બન્યું છે. પોતાની મેળે ઘૂમ્યા કરે છે.

કૂટપ્રશ્નોના કુમારોએ આપેલા ઉત્તરોઃ

(૧) એક પુરુષવાળો દેશ – ઈશ્વર જેમાં બિરાજે તેવો દેહ – પિંડ બ્રહ્માંડ

(૨) બહાર નીકળવાનો માર્ગ ન મળે તેવું બિલ (ગુફા) – અક્ષરબ્રહ્મ

(૩) અનેક રૂપવાળી સ્ત્રી – બુદ્ધિ

(૪) પુંશ્ચલી વ્યભિચારિણીનો પતિ – કામનાવાળો જીવ

(૫) બે તરફ વહેતી નદી – માયા

(૬) પચ્ચીસ પદાર્થવાળું ઘર – શરીર

(૭) વિચિત્ર કથા કરતો હંસ – શાસ્ત્ર કે ગુરુજન

(૮) ભમતું તીક્ષ્ણચક્ર – કાળ

વીણાબેન જયેન્દ્રભાઈ શાહ, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

ગૂઢાર્થજ્ઞાપનઃ સર્વ મોક્ષાનન્દ પ્રતિષ્ઠિતઃ ।
પુષ્ટિપ્રરોહહેતુશ્ચ દાસૈકજ્ઞાતહૃદ્ગતઃ ॥૯૧॥

(૪૩૧) ગૂઢાર્થજ્ઞાપનઃ = ગૂઢ અર્થને જણાવનાર પ્રભુ.

શ્રી નારદજી એ હર્યશ્વોને સૃષ્ટિ કરતાં અટકાવ્યા. મોક્ષ માર્ગે મોકલ્યા. દક્ષ રાજાએ જાણ્યું કે મારા શીલવાન પુત્ર નારદના ઉપદેશથી કર્તવ્યને ચુકી ગયા છે. આથી રાજા શોકથી વ્યાકુલ થઈ ગયા. રાજાને પશ્ચાતાપ થયો. રાજા વિચારે છે કે ખરેખર સારા સંતાન હોવા તે પણ શોકનું જ કારણ છે. બ્રહ્માજી તે વખતે રાજાને સાંત્વન આપે છે.

શબલાશ્વ તપ માટે ગયા. નારદજીએ તેમને પણ ઉપદેશ કર્યો. તેઓ પણ મોક્ષ પથના પથિક બન્યા.

હવે દક્ષ પ્રજાપતિને ઘણા અપશુકન થઈ રહ્યા છે. તેમના ચિત્તમાં પુત્રોના અનિષ્ટની આશંકા થઈ.

દક્ષ રાજાને ઘરે બેઠા આ બંને વૃતાંત સમજાયા છે. આ ગુપ્ત અર્થને પ્રભુ જ રાજાને સમાધિમાં જણાવનાર છે. દક્ષરાજાને પુત્રોની મુક્તિ રૂપ ગૂઢ સમાચાર જણાવનારા પ્રભુ છે.

(૪૩૨) સર્વમોક્ષાનન્દપ્રતિષ્ઠિતઃ = દક્ષના પુત્રોને મોક્ષ રૂપ આનંદ જેનાથી ઉત્પન્ન થયો છે તેવા પ્રભુ.

નારદજીએ સુબલાશ્વોને જણાવ્યું છે કે તમારા ભાઈઓએ શ્રેષ્ઠ માર્ગનું અનુસરણ કર્યું છે. આ પુણ્યવાન્ પુરુષો પરલોકમાં મરુદ્ગણો સાથે આનંદ ભોગવે છે. સુબલાશ્વોએ પણ ભાઈ હર્યશ્વોના માર્ગે અનુગમન કર્યું. તેમને પણ ભગવાનની પ્રાપ્તિ થઈ.

દક્ષના પુત્રોને આ રીતે મોક્ષના આનંદની પ્રાપ્તિ થઈ. આ આનંદ સ્વરૂપ ભગવાન છે. પ્રભુ જ આનંદ સ્વરૂપ છે. તેથી મોક્ષનો આનંદ એ પણ ભગવાનના સ્વતઃ સિદ્ધ પરમાનંદનું જ સ્વરૂપ છે.

દક્ષ પુત્રોનો મોક્ષ થયો છે. આ રીતે નારદજીને પણ આનંદ આપનારા પ્રભુ છે.

પ્રતિમા અરુણકુમાર પટેલ, યુ.કે.ના જયશ્રીકૃષ્ણ

(૪૩૩) **પુષ્ટિપ્રરોહહેતુઃ** = પુષ્ટિમાર્ગીય સૃષ્ટિના કારણરૂપ.

શ્રીમહાપ્રભુજી સૃષ્ટિના ત્રણ પ્રકારો દર્શાવે છે. ષોડશગ્રંથો પૈકી પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા ગ્રંથમાં તેનું નિરૂપણ છે. આ સૃષ્ટિઓનું સર્જન પ્રભુએ જુદી જુદી રીતે કર્યું છે. 'ઈચ્છા માત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ' – ઈચ્છા માત્રથી પ્રવાહ સૃષ્ટિ થઈ. 'વચસા વેદમાર્ગ હિ' – વાણીથી મર્યાદા સૃષ્ટિ થઈ. 'પુષ્ટિ કાયેન નિશ્ચયઃ' પુષ્ટિ સૃષ્ટિ શ્રીવિગ્રહથી થઈ. પુષ્ટિ સૃષ્ટિ બાકીની બે સૃષ્ટિથી વિલક્ષણ છે. તેના નિર્માણનો હેતુ પણ વિલક્ષણ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. 'તસ્માજ્જીવાઃ પુષ્ટિમાર્ગે, ભિન્ના એવ ન સંશયઃ । ભગવદ્ રૂપ સેવાર્થં, તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્.' ભગવાનની સેવા માટે જ પુષ્ટિ સૃષ્ટિ છે.

હર્યશ્વો અને શબલાશ્વોની સૃષ્ટિ સંસારી નથી. પ્રવાહ સૃષ્ટિ નથી. આથી જ તેમણે ઈશ્વરની આરાધનાનો માર્ગ લીધો.

આ સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં દક્ષ પ્રજાપતિની સાઈઠ કન્યાઓના વંશનું વર્ણન છે. બ્રહ્માજીના ખૂબ સમજાવ્યા પછી પત્ની આસકનીના ગર્ભથી આ કન્યાઓ ઉત્પન્ન કરી. તે બધી જ દક્ષ પિતાને ખૂબ પ્રેમ કરતી હતી.

આ બધી સૃષ્ટિ પ્રકટ કરનારા પ્રભુ જ છે. ભગવાન પુષ્ટિ સૃષ્ટિકર્તા છે.

(૪૩૪) **દાસૈકજ્ઞાતહૃદ્ગતઃ** = કેવળ ભગવદીયો જ જેમનો હૃદયગત અભિપ્રાય જાણે છે એવા પ્રભુ.

સર્વ વ્યવસાય દૂર કરીને જે પ્રભુનું જ સદાય આરાધન કરે છે તે ભગવદીય છે. આવા ભગવદીયો આ કારણે જ પ્રભુના હૃદયના ભાવોને જાણી શકે છે. કૃષ્ણદાસ મેઘનજી શ્રીમહાપ્રભુજીના હૃદયગત્ ભાવ જાણીને જ મુરમુરા લેવા ગયા છે.

નારદજી પણ પ્રભુના હૃદયના ભાવને જાણે છે. આથી જ હર્યશ્વો અને સુબલશ્વોને સદુપદેશ આપી પ્રભુ પરાયણ બનાવે છે. ભગવદ્ ઈચ્છા જાણ્યા વગર નારદજીએ આ કાર્ય કર્યું ન હોત.

હીતેન લક્ષ્મીદાસ આશર, મુંબઈના જયશ્રીકૃષ્ણ

શાન્તિકર્તા સુહિતકૃત્ સ્ત્રીપ્રસૂઃ સર્વકામધૂક્ ।
પુષ્ટિવંશપ્રણેતા ચ વિશ્વરુપેષ્ટદેવતા ॥૯૨॥

(૪૩૫) **શાન્તિકર્તાઃ** = શાંતિ આપનારા પ્રભુ.

પ્રભુએ દક્ષને પોતાની વાણીથી શાંતિ આપી છે. દક્ષને પ્રજાની કામના હતી. તેથી ઘોર તપસ્યા કરી. હંસગુહ્ય સ્તુતિ કરી. ભક્તવત્સલ ભગવાન પ્રકટ થયા. દક્ષની ભક્તિ અને પ્રજાવૃદ્ધિની કામના જોઈ કહેવા લાગ્યા. તારી તપસ્યા સિદ્ધ થઈ તારા હૃદયમાં મારા માટે પ્રેમ ઉત્પન્ન થયો છે. જગતના બધા પ્રાણીઓની અભિવૃદ્ધિ થાય તે મારી ઈચ્છા છે. બ્રહ્માજીને મેં જ ઉત્પન્ન કર્યા. સૃષ્ટિ સર્જનનું સામર્થ્ય આપ્યું. બ્રહ્માજીએ નવ પ્રજાપતિઓની સૃષ્ટિ કરી.

આ પ્રજાપતિ પૈકી પંચજન પ્રજાપતિની કન્યા છે. આસિકની તેનું નામ છે. તેને તારી પત્ની બનાવ. ગૃહસ્થ ઉચિત ધર્મને સ્વીકાર. આથી તેને ખૂબ પ્રજા થશે.

હર્યશ્વોને નારદજીએ મોક્ષ માર્ગે વાળ્યા. દક્ષ વ્યાકુલ થયા. આ વખતે બ્રહ્માજી તેમની પાસે આવ્યા છે. સાન્ત્વના આપી છે. શબલાશ્વોને પણ નારદજીએ તેમના ભાઈઓના સન્માર્ગે વાળ્યા. દક્ષ ફરી શોકાતુર થયા. નારદજી પર ક્રોધ આવ્યો. આ વખતે પણ બ્રહ્માજી આવ્યા છે. દક્ષને ખૂબ સમજાવ્યા છે. તે પછી દક્ષને ત્યાં સાઈઠ કન્યાઓ થઈ છે. આમ બ્રહ્માજી રૂપે પ્રભુએ જ દક્ષને શાંતિ આપી છે.

(૪૩૬) **સુહિતકૃત્** = સર્વનું સારી રીતે હિત (કલ્યાણ) કરનારા પ્રભુ.

ભગવાન ભક્તોનું સદા ઉત્તમ પ્રકારે હિત જ કરે છે. દક્ષ કન્યાઓના વિવાહ ધર્મ, કશ્યપ વગેરે સાથે કરાવી પ્રભુએ સૌનું હિત કર્યું છે.

(૪૩૭) **સ્ત્રીપ્રસૂઃ** = સ્ત્રીઓને ઉત્પન્ન કરનારા.

દક્ષ રાજાએ આસિકની પત્નીના ગર્ભથી ૬૦ કન્યાઓ ઉત્પન્ન કરી છે. પુત્રીઓની પ્રાપ્તિ ભગવાનની ઈચ્છાથી જ થઈ છે.

શ્રી રાજેન્દ્ર (રાજુભાઈ) નરસિંહદાસ પૌરાણા, મુંબઈના જયશ્રીકૃષ્ણ.

(૪૩૮) સર્વકામધૂક્ = સર્વની કામનાઓને પુરી કરનારા કામધેનુ જેવા પ્રભુ.

દક્ષની કન્યાઓ દ્વારા કશ્યપ વગેરેના કામને પ્રભુએ પૂર્ણ કર્યા છે. દક્ષે દસ કન્યાઓને ધર્મ સાથે, તેર કન્યાઓને કશ્યપ સાથે, સત્યાવીસ કન્યાઓને ચંદ્ર સાથે, બે કન્યાઓ ભૂત સાથે, બે ને અંગિરા સાથે, બે ને કૃશાશ્વ સાથે અને બાકીની ચાર ને તાર્ક્ષ્યનામ ધારી કશ્યપ સાથે પરણાવી. આમ પ્રભુએ સર્વના કામને પૂર્ણ કર્યા.

(૪૩૯) પુષ્ટિવંશ પ્રણેતાઃ = પુષ્ટિ એટલે અનુગ્રહ દ્વારા દક્ષથી પ્રકટ થયેલ વંશનો ઉત્કર્ષ અને વિસ્તાર કરનાર પ્રભુ.

દક્ષનો વંશ વિસ્તાર બહોળો છે. તેનું વર્ણન છઠ્ઠા અધ્યાયમાં છે.

દક્ષ પુત્રીઓ ધર્મની પત્ની બની. તેમનાં સંતાનો – ભાનુથી દેવઋષભ (૨) લમ્બાથી વિદ્યોત (૩) કુકુભથી સંકટ (૪) જામિથી સ્વર્ગ (૫) વિશ્વાથી વિશ્વદેવ (૬) સાધ્યાથી સાધ્યગણ (૭) મરુત્વતીથી મરુત્વાન્ અને જયંત વસુથી આઠ વસુ (૯) મુર્હૂતાથી મુહૂર્તના દેવતાઓ (૧૦) સંકલ્પા થી સંકલ્પ. ભૂતની સાથે દક્ષની બે કન્યાના લગ્ન થયા.

(૧) સરુપાને રુદ્રગણો થયા (૨) ભૂતાથી ભૂત અને વિનાયકનો જન્મ થયો. અંગીરા સાથે બે કન્યાના લગ્ન.

(૧) સ્વધાથી પિતૃગણો (૨) સતીએ અથર્વઆંગિરસને પુત્રરૂપે સ્વીકાર્યા કુશાશ્વ સાથે બે કન્યાઓના લગ્ન.

(૧) અર્ચિથી ધૂમ્રકેશ (૨) ધિષણાથી વેદ શિરા, દેવલ, ક્યુન અને મનુ એમ ચાર પુત્રો. તાર્ક્ષ્ય નામધારી કશ્યપ સાથે ચાર કન્યાઓના લગ્ન

(૧) પતંગીથી પક્ષિયો (૨) યામિનીથી પતિંગો (૩) વિનતાના ગરુડ અને અરુણ.

(૪) કદ્રૂથી અનેક નાગો થયા.

ચંદ્ર સાથે કૃતિકા વગેરે સત્તાવીસ દેવીઓના લગ્ન થયા. સંતાન થયા નથી. કશ્યપ સાથે તેર કન્યાઓના લગ્ન થયા. આ કન્યાઓ લોકમાતા છે. તેમનાથી સઘળી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

કે.કે. જેસરાણી, હૈદ્રાબાદના જયશ્રીકૃષ્ણ

(૧) તિમિથી જલચર જંતુ (૨) સરમાથી વાઘ વગેરે (૩) સુરભિથી ભેંસ, ગાય તથા અન્ય પશુઓ (૪) તામ્રાથી બાજ, ગીધ (૫) મુનિથી અપ્સરાઓ (૬) ક્રોધ વશાથી સાપ, વિંછી (૭) ઈલાથી વૃક્ષ, લતા (૮) સુરસાથી યાતુધાન રાક્ષસ (૯) અરિષ્ટાથી ગાંધર્વ (૧૦) કાષ્ઠાથી ઘોડા વગેરે (૧૧) દનુથી દ્વિમૂર્ધા, શંબર વગેરે એકસઠ પુત્રો (૧૨) અદિતીથી બાર આદિત્ય અને વામનજી (૧૩) દીતિથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ

દક્ષ પર થયેલ પ્રભુનો આ અનુગ્રહ છે.

(૪૪૦) વિશ્વરૂપેષ્ટ દેવતા = વિશ્વરૂપના ઈષ્ટ દેવતા.

અદિતીના બાર પુત્રોમાં એક ત્વષ્ટા હતા. તેમને રચના નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા. આથી એક પુત્ર થયો. તેનું નામ વિશ્વરૂપ. તેને દષ્ટ (જોવાય) અને અદષ્ટ (ન જોવાય) તેવું ફળ પ્રભુએ અર્પણ કર્યું. આ નારાયણ કવચ. તેના દેવતા શ્રીપુરુષોત્તમ છે.

કવચાત્મા પાલનાત્મા, વર્મોપચિતિ કારણમ્ ।
વિશ્વરૂપશિરચ્છેદી ત્વાષ્ટ્રયજ્ઞ વિનાશકઃ ॥૯૩॥

(૪૪૧) કવચાત્મા = નારાયણ કવચરૂપી જેમનો આત્મા – દેહ છે એવા.

દેવતાઓના ગુરુ બૃહસ્પતિ છે. દેવતાઓના રાજા ઈન્દ્ર છે. એક વાર ઈન્દ્રની સભામાં બૃહસ્પતિજી આવ્યા. ઈન્દ્રે આ વંદનીય ગુરુને માન ન આપ્યું. અહંકારી વર્તન કર્યું. બૃહસ્પતિજી ત્યાંથી અંતર્ધાન થયા. ઈન્દ્રને પોતાની ભૂલ સમજાઈ ત્યારે ઘણું મોડું થયું હતું.

આ અણબનાવની વાત દૈત્યોએ જાણી. તેમણે તેમના ગુરુ શુક્રાચાર્યના આદેશ પ્રમાણે દેવતાઓ ઉપર હલ્લો કર્યો. વિજયી થયા. દેવતાઓનું બધું લૂંટી લીધું.

બ્રહ્માજીની આજ્ઞા પ્રમાણે તેઓ વિશ્વરૂપ પાસે ગયા. તેમના પુરોહિત બનવા વિનંતી કરી. તેમને સમજાવ્યા.

શુક્રાચાર્યે અસુરોની સંપત્તિ સુરક્ષિત કરી હતી. વિશ્વરૂપે તપ બળથી અને વૈષ્ણવી વિદ્યાથી અસુરોની સુરક્ષિત સંપત્તિ પણ ઈન્દ્રને અપાવી

ગો.વા.ભીમજીભાઈ નારણભાઈ રાજાણી, રાજકોટના જયશ્રીકૃષ્ણ

દીધી. વિશ્વરૂપની બુદ્ધિ ઉદાર છે. તેમણે વૈષ્ણવી વિદ્યા ઈન્દ્રને આપી. ઈન્દ્રે તે ધારણ કરી. સુરક્ષિત થયો અને અસુરોની સેના પર વિજય મેળવ્યો.

પરીક્ષિતજી શુકદેવજીને કહે છે કે ઈન્દ્ર જે વિદ્યાથી જીત્યો તે નારાયણ કવચ મને સંભળાવો. શુકદેવજી કહે છે કે વિશ્વરૂપે ઈંદ્રને નારાયણ કવચનો ઉપદેશ કર્યો છે અને તે કવચ શુકદેવજી સંભળાવે છે. ૮મા અધ્યાયના ચોથાથી ચોત્રીસમા શ્લોક સુધી આ વર્ણન છે. પાંત્રીસમા શ્લોકમાં શુકદેવજી ઈંદ્રને કહે છે કે 'વર્મ નારાયણાત્મકમ્' – નારાયણ કવચ મેં કહ્યું. આમ નારાયણ સ્વરૂપનું કવચ – બખ્તર થયું છે.

(૪૪૨) પાલનાત્મા: = કવચ રૂપે ઈન્દ્રનું પ્રતિપાલન કરનારા.

શ્રી હરિએ નારાયણ કવચ દ્વારા ઈન્દ્રનું રક્ષણ કર્યું છે. નારાયણ સર્વ મનુષ્યોનું પાલન કરનારા (પરમ) આત્મા છે. આ કવચથી ઈંદ્રને જે રક્ષણ મળશે તેનું વર્ણન ૩૬ અને ૩૭મા શ્લોકમાં (આઠમા અધ્યાયના) કહ્યું છે.

આ નારાયણ કવચને ધારણ કરનાર પુરુષ જેને પણ નેત્રથી જુએ કે પગથી સ્પર્શે તે વ્યક્તિ તત્કાલ બધા ભયથી મુક્ત થઈ જાય છે. આ વૈષ્ણવી વિદ્યાને જે ધારણ કરી લે તેને રાજા, ડાકુ, પ્રેત, પિશાચ અને વાઘ જેવા હિંસક જીવોનો કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી. ઈંદ્રનું તો રક્ષણ થયું. આનાથી સર્વ મનુષ્યોનું રક્ષણ શ્રીહરિ કરે છે.

(૪૪૩) વર્મોપચિતિ કારણમ્ = નારાયણ કવચનું વિસ્તારથી વર્ણન કરનારા.

વિશ્વરૂપ દેવતાઓના પુરોહિત બને છે. ઈન્દ્રને નારાયણ કવચ ધારણ કરી પોતાના શરીરની રક્ષા કરવા કહે છે. આ માટેનો વિધિ કહે છે. 'ઓમ નમો નારાયણાય' અને 'ઓમ નમો ભગવતે વાસુદેવાય' મંત્રો દ્વારા અંગન્યાસ અને કરન્યાસ કરવા કહે છે. આ કર્યા પછી પોતાના ઈષ્ટદેવ ભગવાનનું ધ્યાન કરવાનું. જાતને પણ તદ્રૂપ માનવી અને પછી પાઠ કરવો. આઠમા અધ્યાયમાં આ પાઠ બારમા શ્લોકથી ચોત્રીસમા શ્લોક સુધી છે. આ કવચના પ્રેરક શ્રી હરિ છે. તેમણે વિશ્વરૂપને પ્રેર્યો છે.

શર્મિષ્ઠાબેન નગીનદાસ શાહ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

(૪૪૪) વિશ્વરૂપશિરશ્છેદી = વિશ્વરૂપના ત્રણ મસ્તકોને ઈન્દ્ર દ્વારા છેદનાર ભગવાન.

નવમા અધ્યાયમાં આ કથા છે. શુકદેવજી કહે છે કે તેમણે સાંભળ્યું છે કે વિશ્વરૂપને ત્રણ મસ્તક હતા. એક મહોંથી સોમરસ, બીજાથી સુરા અને ત્રીજાથી અન્ન ખાતા હતા.

વિશ્વરૂપ પહેલા અન્ન ખાનાર મનુષ્ય હતો. તેથી દેવતાઓ પર દયા કરી. દેવોનો પુરોહિત થયા પછી દેવરૂપ થયો. દેવતાઓ જેવો ભોગરત થયો. તેની માતા અસુર કુલની હતી, આથી તે અસુરોને પરોક્ષમાં યજ્ઞભાગ આપવા લાગ્યો. આથી દૈત્ય થયો. દૈત્ય જેવો ભોગ કરવા લાગ્યો.

વિશ્વરૂપ દૈત્યોને યજ્ઞભાગ આપતો. ઈંદ્રે આ જોયું. વિશ્વરૂપ ધર્મની આડશમાં અધર્મ આચરતો હતો. આમ તો તે અસુરોના પરાજય માટે ઈન્દ્ર પાસે યજ્ઞ કરાવતો હતો પણ પરોક્ષ રીતે અસુરોને ભાગ પણ આપતો. આનાથી ઈન્દ્રને ડર પણ લાગ્યો. દેવતાઓનો અપરાધ આથી થતો હતો. ઈંદ્રે ક્રોધમાં આવી વિશ્વરૂપના ત્રણે મસ્તકો છેદી નાખ્યા.

શ્રી ગીતાના વિભૂતિ યોગમાં પ્રભુ કહે છે 'દેવનામસ્મિ વાસવઃ' દેવોમાં હું ઈન્દ્ર છું. ઈન્દ્ર સ્વરૂપી પ્રભુનું આ કાર્ય છે. આથી જ નારાયણ કવચવાળા વિશ્વરૂપનો વધ થઈ શક્યો છે.

(૪૪૫) ત્વાષ્ટ્રયજ્ઞવિનાશક: = ત્વષ્ટાએ કરેલા યજ્ઞનો નાશ કરનારા.

ત્વષ્ટા વિશ્વરૂપના પિતા છે. ઈન્દ્રે વિશ્વરૂપનો વધ કર્યો હતો. તેનો બદલો લેવા ત્વષ્ટાએ યજ્ઞ કર્યો. ઈન્દ્રને હણે એવા પુત્ર માટે આ યજ્ઞ હતો. અભિચાર કર્મમાં ત્વષ્ટા પ્રવૃત્ત થયા. મેલા કામ માટે મંત્ર પ્રયોગ કરવો તે અભિચાર કર્મ કહેવાય 'સ્વાહેન્દ્ર શત્રોવર્ધસ્વ' કહી હોમ કર્યો. 'ઈન્દ્રશત્રોવિવર્ધસ્વ મા ચિરં જહિ વિદ્વિષમ્' – અર્થાત્ હે ઈન્દ્રશત્રો વૃદ્ધિ પામ અને જલદી શત્રુને માર. મંત્રના ઉચ્ચારણમાં ઉદાત્ત અને અનુદાત્તનો ખ્યાલ રાખવો પડે છે. ઉદાત્તમાં સ્વરને લંબાવીને તે પર ભાર મૂકવો પડે. ત્વષ્ટાને ઈન્દ્રનો શત્રુ જોઈતો હતો. આથી શત્રુની મુખ્યતા અને ઈન્દ્રની ગૌણતા થાય તે રીતે ઉચ્ચારણ કરવું જોઈએ. આથી શત્રુ શબ્દ પર ભાર

ગો.વા. મગનલાલ હરજીભાઈ કડીવાર, જૂનાગઢના જયશ્રીકૃષ્ણ

મૂકવો જોઈએ. ઉદાત્ત ઉચ્ચારણ કરવું પડે અને ઈન્દ્ર શબ્દને ભાર મૂકીને ન બોલાય.

પ્રભુને ઈન્દ્રની રક્ષા કરવી છે. ત્વષ્ટાને ઉચ્ચારણમાં સ્વરભંગ થયો. ઈન્દ્ર પદ લંબાયું. ઉદાત્ત ઉચ્ચારણ થયું. ઈન્દ્રની મુખ્યતા થઈ. શત્રુની ગૌણતા થઈ.

ઈન્દ્રને મારે તેવો પુરુષ પ્રકટ કરવો હતો પણ સ્વરભંગ થતાં ઈન્દ્ર જેનો શત્રુ છે તેવો પુરુષ પ્રકટ થયો. ઈન્દ્રની મુખ્યતા થઈ આથી પ્રકટ થયેલ પુરુષ ઈન્દ્રનો શત્રુ થયો પણ ઈન્દ્રને મારી શક્યો નહીં.

આ રીતે ત્વષ્ટાના યજ્ઞનો નાશ કરનાર પ્રભુ છે.

વૃત્રસ્વામી વૃત્રગમ્યો વૃત્ર વ્રત પરાયણઃ ।
વૃત્રકીર્તિ વૃત્રમોક્ષો મઘવત્પ્રાણ રક્ષકઃ ॥૯૪॥

(૪૪૬) વૃત્રસ્વામીઃ = વૃત્રાસુર નામે દૈત્યના સ્વામી

વૃત્ર દૈત્ય છે. તેના પિતાનું નામ ત્વષ્ટા છે. યજ્ઞમાંથી વૃત્રની ઉત્પત્તિ થઈ છે. ત્વષ્ટાથી શ્લોકના ઉચ્ચારણમાં ભૂલ થઈ. આથી ભયાનક દૈત્ય પ્રકટ થયો. પ્રલય વખતના વિકરાળ કાલ જેવો તે દેખાતો હતો. દરરોજ ચારે બાજુથી એક બાણ જેટલો તે વધતો હતો. સળગેલા પહાડ જેવો કાળો હતો. તેના શરીરમાંથી સાંજ સમયના વાદળો જેવું તેજ નિકળતું હતું. તેના માથાના વાળ અને દાઢી મૂછ તપેલા તાંબા જેવા લાલ હતા. તેનાં નેત્રો બપોરના સૂર્ય સમાન પ્રચંડ હતાં. હાથમાં ચમકતું ત્રિશુળ રાખી તે નાચતો, કૂદતો અને બૂમો પાડતો હતો. આ વખતે પૃથ્વી કાંપતી હતી અને અંતરિક્ષ તેના ત્રિશુલ પર હોય તેવું લાગતું. વારંવાર તે બગાસા ખાતો. આ વખતે તેનું ગુફા જેવું મોં ખુલી જતું. આકાશને તે પી જશે, નક્ષત્રોને ચાટી જશે અને ત્રણે લોકને ગળી જશે તેવું તે વખતે લાગતું. મ્હોંમાં વિકરાળ દાઢો હતી. આવા ભયાનક રૂપથી બધા ડરી ગયા હતા. આમ તેમ ભાગતા હતા. વૃત્રે બધા લોકને ઘેરી લીધા આથી તેનું નામ વૃત્રાસુર પડ્યું.

અસુર હોવા છતા ભગવાનનો એકનિષ્ઠ ભક્ત હતો. પ્રભુ પાસે દેવ કે દૈત્ય એવો કોઈ પણ ભેદ નથી. બ્રહ્મ તો નિર્દોષ અને સમ છે. પ્રભુનું જે સેવન કરે છે તેને પ્રભુ સ્વીકારે છે. 'જાતિ પાતિ પુછે નહીં કોઈ, હરિ કો ભજે સોં હરિ કો હોઈ.' આમ વૃત્ર દૈત્ય છતાં પ્રભુ પ્રેમી છે. પ્રભુએ તેનો સ્વીકાર કર્યો છે. તેના સ્વામી બન્યા છે. પાલક થયા છે.

સુમનભાઈ પી. વોરા, ભાવનગરના જયશ્રીકૃષ્ણ

(૪૪૭) વૃત્રગમ્યઃ = (૧) વૃત્રાસુરે શરણ કરવા યોગ્ય પ્રભુ (૨) વૃત્રથી જાણવા યોગ્ય પ્રભુ.

દેવતાઓએ વૃત્ર પર આક્રમણ કર્યું. દેવતાના અનુયાયી પણ તેમાં જોડાયા. તેમના દિવ્ય અસ્ત્ર અને શસ્ત્રોથી પ્રહાર કરવા લાગ્યા. વૃત્ર તે બધા જ શસ્ત્રોને ગળી ગયો. દેવતાઓનો પ્રભાવ જતો રહ્યો. તેમણે આદિપુરુષ નારાયણની શરણાગતિ કરી. પ્રાર્થના કરી. સ્તુતિ કરી. પ્રસન્ન ભગવાને દધીચિ ઋષિ પાસે જવાની આજ્ઞા કરી. ઋષિના અંગમાંથી આયુધ બનાવવા કહ્યું. દેવતાઓ ઋષિ પાસે ગયા. શરીરની યાચના કરી. ઋષિએ શરીરનું દાન કર્યું. વિશ્વકર્માએ તેમાંથી શ્રેષ્ઠ આયુધ વજ્ર બનાવ્યું. ઈન્દ્રે તે લઈ દેવતાઓ સાથે વૃત્ર પર આક્રમણ કર્યું.

વૃત્ર આ યુદ્ધમાં ઈન્દ્રને કહે છે કે વજ્રથી તું મને મારી નાંખ. પ્રભુ જે પક્ષમાં છે ત્યાં જ વિજયા લક્ષ્મી અને બધા ગુણ નિવાસ કરે છે. ભગવાન તેમના અનન્ય પ્રેમીઓને પરમાનંદની પ્રાપ્તિ કરાવી આપે છે. આમ વૃત્રને પ્રભુએ પોતાનું સ્વરૂપ જણાવ્યું છે. વૃત્રે તે પ્રભુનું શરણ કર્યું છે.

(૪૪૮) વૃત્રવ્રત પરાયણઃ = વૃત્રાસુરના વ્રતની પ્રાપ્તિના પરમ સ્થાનરૂપ પ્રભુ

વૃત્રાસુરને ચતુર્વિધ પુરુષાર્થો પ્રાપ્ત કરવા હતા. આ તેનું વ્રત હતું. તેના આ વ્રતની સિદ્ધિ રૂપ ભગવાન છે. યુદ્ધમાં વૃત્ર ઈન્દ્રને કહે છે કે ભગવાન સંકર્ષણની આજ્ઞા પ્રમાણે હું મારા મનને તેમના ચરણોમાં લીન કરીશ. શરીર છોડીને મુનિજનોને મળતી ગતિ પ્રાપ્ત કરીશ.

ઈન્દ્રને કહે છે કે મારા સ્વામી પોતાના ભક્તના લૌકિક ચાર પુરુષાર્થોના પ્રયાસ વ્યર્થ કરે છે. યુદ્ધમાં વૃત્રને ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ થયો છે. પ્રભુ પાસે તે અલૌકિક ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો માગે છે.

એક વૈષ્ણવ, મહેસાણાના જયશ્રીકૃષ્ણ

વૃત્રાસુર ચતુઃશ્લોકીમાં (અગિયારમો અધ્યાય ૨૪ થી ૨૭ શ્લોક)માં તે છે. ભગવાને તે સિદ્ધ કર્યા છે.

(૪૪૯) વૃત્રકીર્તિઃ = વૃત્રાસુરની કીર્તિ જેમને લઈને છે તેવા પ્રભુ.

દેવતાઓ સામે દૈત્યો નિષ્ફળ રહ્યા. ભાગવા લાગ્યા. ત્યારે વીર શિરોમણી વૃત્રાસુર સમય અનુસાર વીરોચિત વાણીથી અસુરોને ભાગતા અટકાવે છે. તે કહે છે કે જન્મ્યો તેને એક વાર મરવાનું છે. બે પ્રકારનું મૃત્યુ શ્રેષ્ઠ છે. યોગીને મળતું અને યુદ્ધભૂમિમાં આગળ રહી ઝઝૂમીને મરનારનું. પોતાની સેનાને છિન્ન ભિન્ન થતાં વૃત્રે જોઈ. તે અસહિષ્ણુ અને ક્રોધી બન્યો. દેવતાઓને લલકાર્યા. પોતાના ભયાનકરૂપથી દેવતાઓને ભયભીત કર્યા. જોરથી સિંહનાદ કર્યો. તે સાંભળી ઘણા અચેત થયા. તેની ગર્જનાથી દેવતાઓ મૂર્છિત થયા. ભૂમિ પર પડ્યા. વૃત્ર તેમને પગથી કચડવા લાગ્યો. ઈન્દ્રથી આ સહન ન થયું. તેણે વૃત્ર તરફ ગદા ફેંકી. વૃત્રે તે ગદા ડાબા હાથથી પકડી લીધી. તેજ ગદા ઈન્દ્રના વાહન ઐરાવતના માથા પર ફટકારી. હાથીનું માથું ફાટી ગયું. તે વ્યાકુલ થયો. ઈન્દ્રને લઈ તે અઠ્ઠાવીસ હાથ પાછો હટી ગયો. આમ વૃત્રની યુદ્ધ કલાની, પરાક્રમની તથા ભક્ત તરીકેની કીર્તિ ભગવાનની કૃપાથી છે.

(૪૫૦) વૃત્રમોક્ષઃ = વૃત્રાસુરને આસુર દેહથી, આસુરભાવથી મુક્ત કરનારા પરમાત્મા.

ઈન્દ્રે વજ્રથી વૃત્રનો વધ કર્યો. વજ્રને વૃત્રની ગરદન બધી બાજુથી છેદતાં એક વર્ષ લાગ્યું છે. વૃત્ર જમીન પર પડ્યો. ઈન્દ્રના વિજયને બધા વધાવતા હતા તે વખતે વૃત્રાસુરના શરીરમાંથી તેની આત્મજ્યોતિ બહાર નીકળી અને બધાના દેખતાં ભગવાનના સ્વરૂપમાં લીન થઈ ગઈ.

(૪૫૧) મઘવત્પ્રાણરક્ષકઃ = ઈન્દ્રના પ્રાણનું રક્ષણ કરનારા.

યુદ્ધમાં ઈન્દ્રે વજ્રથી વૃત્રની ભુજાઓ કાપી. વૃત્રના બંને ખભાથી લોહીની ધારા વહેતી હતી. વૃત્રે તેની દાઢી જમીન પર ટેકવી. ઉપરનો હોઠ સ્વર્ગને લગાવ્યો. દોડતો આવ્યો અને ઈન્દ્રને ઐરાવત સહિત ગળી ગયો. ઈન્દ્ર નારાયણ કવચથી સુરક્ષિત હતો આથી વૃત્રના પેટમાં પણ તે મર્યો નહીં. વજ્રથી વૃત્રનું પેટ ચીરી બહાર આવ્યો. વજ્રથી વૃત્રનું માથું કાપી નાખ્યું. બારમાં અધ્યાયના ૩૧મા શ્લોક 'નિગીર્ણો... યોગ માયા... 'માં છે. આમ પ્રભુએ જ ઈન્દ્રના પ્રાણનું રક્ષણ કર્યુ છે. જેને ઘણું સુખ હોય તેને મઘવા કહેવાય છે. મઘવા એટલે દેવોના રાજા ઈન્દ્ર. તેનું રક્ષણ પ્રભુએ કર્યું છે.

રત્ના ત્રિવેદી, મુંબઈના જયશ્રીકૃષ્ણ

અશ્વમેધહવિર્ભોક્તા દેવેન્દ્રાભીવનાશકઃ ।
સંસારમોચકશ્ચિત્ર કેતુ બોધન તત્પરઃ ॥૯૫॥

(૪૫૨) અશ્વમેધહવિર્ભોક્તાઃ = અશ્વમેધયજ્ઞસંબંધી હવિ (હોમવાની વસ્તુ)ને ભોગવનાર – સ્વીકાર કરનારા પ્રભુ.

તેરમા અધ્યાયમાં ૧૩ થી ૨૧ શ્લોકમાં આ કથા છે. ઈન્દ્રે વિશ્વરૂપનો વધ કર્યો. આથી આધ્યાત્મિક પાપ લાગ્યું હતું. વૃત્રના વધથી ઈન્દ્રને બ્રહ્મહત્યા લાગી. વિશ્વરૂપના વધથી થયેલ પાપ કરતાં પણ આ પાપ અધિક હતું. આ બ્રહ્મહત્યા ઈન્દ્રની પાસે આવી. ઈન્દ્રને આથી ક્લેશ થયો. તે સળગતો હોય તેવો અનુભવ કર્યો. એક ક્ષણ તેને ચેન ન હતું. બ્રહ્મ હત્યા ચાંડાલીની જેમ ઈન્દ્રની પાછળ દોડતી હતી. તેના અંગો કાંપતા હતા. વસ્ત્રો લોહીથી ખરડાયેલા હતા. તેના શ્વાસમાંથી દુર્ગંધ આવતી હતી. આનાથી બચવા ઈન્દ્ર બધી દિશાઓમાં ભાગવા લાગ્યા. માનસરોવરના કમલનાલના તંતુમાં એક હજાર વર્ષ છુપાઈને રહ્યા. ભૂખ્યા રહ્યા.

આ સમય દરમ્યાન નહુષ રાજા ઈન્દ્રાસને બેઠા. ઈન્દ્ર પત્ની શચિનો અભિલાષ કર્યો. ઋષિઓના શ્રાપથી તે સર્પ બન્યો.

કમલનાલમાં ઈન્દ્ર ભગવાનનું ધ્યાન કરતા રહ્યા. તેના પાપ તેથી નષ્ટ થયા. આથી બ્રાહ્મણોએ ઈન્દ્રને ફરી સ્વર્ગમાં બોલાવ્યા. ઈન્દ્રને અશ્વમેધની દીક્ષા આપી. અશ્વમેધ યજ્ઞ કરાવ્યો. આ દ્વારા પુરુષોત્તમ ભગવાનની આરાધના થઈ. આરાધનાના પ્રભાવથી વૃત્રવધરૂપી પાપ રાશિ ભસ્મ થઈ ગઈ, સૂર્યોદયથી જેમ ધુમ્મસ નાશ પામે તે રીતે પાપ બળી ગયા. પ્રભુ જ

લાલજીભાઈ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

અશ્વમેઘ યજ્ઞ સંબંધી વસ્તુઓ આરોગ્યા છે. તેથી જ ઈન્દ્ર ફરી પૂજનીય થયો.

(૪૫૩) દેવેન્દ્રામીવનાશકઃ = દેવેન્દ્રના બ્રહ્મહત્યારૂપ રોગને નાશ કરનારા પ્રભુ.

વિશ્વરૂપે ઈન્દ્રને નારાયણ કવચ આપેલું. વિશ્વરૂપે પ્રભુની ઈચ્છા જાણ્યા વગર આ વિદ્યા આપી. આ તેનો અપરાધ હતો. તેથી તેનો વધ થયો. ઈન્દ્રને આથી બ્રહ્મ હત્યા લાગી. બે હાથથી હત્યા કરી હતી તેથી પાપને તેણે ખોબામાં લીધું. આ આધ્યાત્મિક પાપને એક વર્ષ અંજલિમાં રાખ્યું. ભૂમિ, વૃક્ષો અને સ્ત્રીઓ ભગવાનના ભક્ત છે. તેમણે દયા કરી. પ્રભુની ઈચ્છા જાણી ઈન્દ્રની આ હત્યા વહેંચી લીધી. શ્રી ભાગવતમાં જલે પણ આ હત્યા સ્વીકારી છે તેવો ઉલ્લેખ છે. (નવમો અધ્યાય દશમો શ્લોક)

બ્રહ્મહત્યા પૃથ્વીમાં ખારાશ રૂપે, વૃક્ષોમાં નીકળતા ગુંદર વગેરે રસ રૂપે, સ્ત્રીઓમાં રજસ્વલા ધર્મરૂપે અને જલમાં ફીણ કે પરપોટા રૂપે દેખાય છે.

પ્રભુએ આ સામે વરદાન દીધાં કે પૃથ્વીનો ખાડો થાય તે પોતાની જાતે જ ભરાઈ જાય. વૃક્ષનો કોઈ હિસ્સો કપાય તો પાછો ફરી જામી જાય. સ્ત્રીઓને પુરુષો સાથે સદા સહવાસ કરે તેવું દાન. પાણી ગમે તેટલું ખર્ચાય છતાં ઝરણા વગેરે સ્વરૂપે પાણી વધે. પ્રભુએ આ રીતે ઈન્દ્રના બ્રહ્મહત્યા રૂપી રોગ અને પાપનો નાશ કર્યો.

(૪૫૪) સંસારમોચકઃ = સંસારથી મુક્ત કરનાર પ્રભુ.

સમ્યક્ સરણમ્ આગમન સંસાર – સારી રીતે સરવું–આવવું તેને સંસાર કહેવાય. ઈન્દ્રને બ્રહ્મહત્યા રૂપ સંસારમાંથી મુક્ત કર્યો. ઈન્દ્રની બ્રહ્મહત્યા ભૂમિ (સદ્રૂપ ભક્ત છે) વૃક્ષો (ચિદ્રૂપ વૈષ્ણવ છે) સ્ત્રીઓ (આનંદ રૂપ લક્ષ્મીના અંશરૂપ છે)માં મૂકી. ભગવાનની કૃપાથી જ પાપ બીજામાં મૂકી શકાયું. આમ ઈન્દ્રને સંસાર ફેરામાંથી મુક્ત કર્યો.

(૪૫૫) ચિત્રકેતુ બોધન તત્પરઃ = ચિત્ર કેતુને બોધ આપવામાં કુશલ.

વૃત્ર પાપી હતો. અસુર હતો. સર્વ લોકને તાપ કરતો હતો. આ છતાં યુદ્ધમાં વૃત્ર કૃષ્ણમાં એક નિષ્ઠાવાળો હતો. આવું કઈ રીતે બન્યું તે વિશે પરીક્ષિતજીએ શુકજીને પૂછ્યું છે. આથી વૃત્રાસુરના પૂર્વ જન્મની કથા ચૌદમા અધ્યાયથી આરંભી છે.

ભાવનાબેન જીતેન્દ્ર શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

શ્રી શુકે આ ઈતિહાસ દેવલના મુખે સાંભળ્યો છે. આમ આ કથા મતાંતર છે. (શ્રી ભાગવતમાં સમાધિ, મતાંતર અને લૌકિક આમ ત્રણ ભાષાઓ છે.)

પૂર્વજન્મમાં વૃત્રાસુર ચિત્રકેતુ રાજા છે. કરોડ રાણીઓ હતી. કૃતદ્યુતિ તેમાં મુખ્ય હતી. રાજાને સંતાન ન હતાં. તેથી સુખમાં પણ વૈરાગ્ય હતો. અંગિરા ઋષિ જ્ઞાન આપવા આવ્યા. રાજાએ પુત્ર માટે પ્રાર્થના કરી. ઋષિઓએ ચરુ આપ્યો. કૃતદ્યુતિને તેથી બાલક થયો. બીજી રાણીઓને અદેખાઈ થઈ. ઝેર આપી પુત્રને માર્યો. રાજાને શોક થયો. રુદન ચાલતું હતું ત્યાં નારદ અને અંગિરા આવ્યા. રાજાને સાંત્વન દીધું. જ્ઞાન દીધું. દેહ-દેહી વિભાગ સમજાવ્યો. નારદે બાલકના જીવને તેના મૃત શરીરમાં પ્રવેશ કરાવ્યો. તે બાળક દ્વારા જીવની નિત્યતા અને દેહ સંબંધોની અનિત્યતા કહી. નારદજીએ રાજાને સંકર્ષણ વિદ્યા આપી. રાજાને મૃણાલગૌર શેષભગવાનનાં દર્શન થયા. રાજાએ સ્તુતિ કરી. શેષ ભગવાને કહ્યું કે માનવ દેહ મળે છતાં આત્મા (પ્રભુ)ને ઓળખે નહિ તેનું કલ્યાણ ન થાય. આમ ચિત્રકેતુને નારદ અને અંગિરા મુનિઓ દ્વારા જ્ઞાન અપાવનારા પ્રભુ છે.

મંત્ર સિદ્ધિઃ સિદ્ધિહેતુઃ સુસિદ્ધિફલદાયકઃ ।
મહાદેવતિરસ્કર્તા ભક્ત્યૈ પૂર્વાર્થનાશકઃ ॥૯૬॥

(૪૫૬) મંત્રસિદ્ધિઃ = મંત્રની સિદ્ધિ જેમનાથી છે એવા પ્રભુ

નારદજીએ ચિત્રકેતુ રાજાને ભગવત્ પ્રાપ્તિ માટે સંકર્ષણ વિદ્યાનો મહામંત્ર આપ્યો. ૐ નમો ભગવતે મહા પુરુષાય મહાનુભાવાય મહાવિભૂતિપતયે સકલ સાત્વત પરિવૃઢનિકર કર કમલકુડ્મલોપલાલિત ચરણારવિન્દ યુગલ પરમ પરમેષ્ઠિન્નમસ્તે (૬-૧૬-૨૫)

વીણાબેન સુધાકર મહેતા, નંદુરબારના જયશ્રીકૃષ્ણ

ઓમકાર સ્વરૂપ મહાપ્રભાવશાળી મહાવિભૂતિપતિ ભગવાન્ મહાપુરુષને નમસ્કાર છે. શ્રેષ્ઠ ભક્તોનો સમુદાય તેમના કરકમલો રૂપી કળીઓથી પ્રભુના યુગલ ચરણકમલોની સેવામાં સંલગ્ન રહે છે. પ્રભુ ! આપ જ સર્વશ્રેષ્ઠ છો. હું આપને વારંવાર નમન કરું છું.

આ મંત્રની સિદ્ધિ રૂપે ભગવાન જ છે.

(૪૫૭) સિદ્ધિ હેતુઃ = સિદ્ધિ થવાના હેતુરૂપ ભગવાન

ચિત્રકેતુને પુત્રના મૃત્યુનો શોક હતો. પ્રભુ કૃપાથી દેવર્ષિ નારદ અને મહર્ષિ અંગિરા રાજા પાસે આવ્યા. નારદજીએ ઉપદેશ દીધો. ત્યાર પછી બ્રહ્મલોકમાં ગયા. રાજા નારદજી પાસે વિદ્યા શીખ્યા હતા. તેમણે સાત દિવસ સુધી માત્ર જલ પીને એકાગ્રતાથી અનુષ્ઠાન કર્યું. આનાથી રાજા ચિત્રકેતુ વિદ્યાધરોના અધિપતિ બન્યા. વિદ્યાના પ્રભાવથી મન શુદ્ધ થઈ ગયું. ભગવાન શેષજીના ચરણો નજીક પહોંચી ગયા. શેષજીના દર્શને પાપ નષ્ટ થયાં. અંતઃકરણ નિર્મલ થયું. હૃદયમાં ભક્તિભાવ વધ્યો. નેત્રમાંથી પ્રેમાશ્રુ છલક્યાં. રોમેરોમ ખીલી ઉઠ્યાં. થોડીવાર તો ભાવાવેશથી બોલી ન શક્યા. થોડીવાર પછી બોલવાની શક્તિ આવી. પ્રભુની સ્તુતિ કરી.

આમ ચિત્રકેતુ શોકરહિત થયા. તેનું કારણ પ્રભુ જ છે. ભગવદાનંદનો અનુભવ થાય છે ત્યારે જ સાંસારિક સુખોની અભિલાષાઓ નિવૃત્ત થાય છે. શોક જાય છે.

(૪૫૮) સુસિદ્ધિફલદાયકઃ = સારી સિદ્ધિરૂપ ફળ આપનારા.

ચિત્રકેતુ રાજાએ શેષ ભગવાનની સુંદર સ્તુતિ કરી છે. નિષ્કામ ભાવથી ભજન કરનારા ભક્તને પ્રભુ પોતાની જાત દાન કરે છે. બધી વસ્તુઓના આદિ, અંત અને મધ્યમાં પ્રભુ બિરાજે છે. પ્રભુ અજિત છે. અનંત છે. જ્ઞાનસ્વરૂપ છે. નિર્ગુણ છે. ભાગવતધર્મના ઉપદેશક છે. સંપૂર્ણ જગતના આત્મા છે.

બ્રહ્મા વગેરે દેવો પોતાની કાર્યશક્તિ પ્રભુ પાસેથી જ મેળવે છે. પ્રભુકૃપાથી જ્ઞાનેન્દ્રિયો પોતાના વિષયોને ગ્રહણ કરવા સક્ષમ બને છે. ભૂમંડલ શેષજીના શ્રીમસ્તકે સરસવના દાણા જેવું શોભે છે.

અતુલ કે. જસાણી, મુંબઈના જયશ્રીકૃષ્ણ

શેષજી રાજાને કહે છે કે 'નારદજી અને અંગિરાએ કરેલા ઉપદેશથી અને મારા દર્શનથી તમે સારી રીતે સિદ્ધ થઈ ગયા છો.' સિદ્ધિનું ફલ ભગવત્ પ્રાપ્તિ છે. તે ફલ ભગવાન પોતાની કૃપાથી આપે છે.

(૪૫૯) મહાદેવતિરસ્કર્તા = મહાદેવનો તિરસ્કાર કરાવનારા

ચિત્રકેતુ રાજા વિદ્યાધર બન્યા. તેમનું શરીર બલ અને ઈન્દ્રિયોની શક્તિ અક્ષુણ્ણ રહી. સુમેરુ પર્વતની ઘાટીઓમાં વર્ષોનાં વર્ષો વિહાર કરતા રહ્યા. આકાશ માર્ગે વિચરવા લાગ્યા. ભગવાને ચિત્રકેતુને તેજોમય વિમાન આપ્યું હતું. એક વાર તેમાં બેસીને જઈ રહ્યા હતા.

આ વખતે તેમણે જોયું કે ભગવાન શંકર મોટા મોટા મુનિઓની સભામાં સિદ્ધ અને ચારણોની વચ્ચે બિરાજ્યા છે. પાર્વતીજી ભગવાનના ઉત્સંગ (ખોળા)માં બિરાજ્યાં છે. આ જોઈને ચિત્રકેતુ મોટેથી હસવા લાગ્યો. પાર્વતીજીને સંભળાવતાં કહેવા લાગ્યોઃ

'શંકર તો જગતના ધર્મશિક્ષક છે. ગુરુદેવ છે. બધા પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. તે પોતાની પત્નીને આલિંગન આપી ભરી સભામાં બેઠા છે. શંકર તો જટાધારી, તપસ્વી અને બ્રહ્મવાદીઓના સભાપતિ છે. તે સાધારણ પુરુષની જેમ સ્ત્રીને ગોદમાં રાખી બેઠા છે. સાધારણ પુરુષ પ્રાયઃ એકાંતમાં પોતાની સ્ત્રીઓ સાથે આમ ઉઠે બેસે છે. આ તો વ્રતધારી છે, છતાં આમ બેઠા છે. (સત્તરમાં અધ્યાયના ૬ થી ૮ શ્લોકો પ્રમાણે)

ચિત્રકેતુને અભિમાન થયું હતું. પ્રભુને તેનું અભિમાન દૂર કરવું હતું. તે માટે પાર્વતીજીનો શ્રાપ જરૂરી હતો, તેથી પ્રભુએ આ યુક્તિ કરી છે. ચિત્રકેતુ પાસે મહાદેવજીનો તિરસ્કાર કરાવ્યો છે. તિરસ્કાર ચિત્રકેતુએ કર્યો છે. પણ બ્રહ્મવાદ અને 'કર્તા કારયિતા ચ સઃ' સિદ્ધાંત પ્રમાણે કૃષ્ણનું આ નામ યોજ્યું છે.

(૪૬૦) ભક્ત્યૈપૂર્વાર્થનાશકઃ = ભક્તિ દઢ કરવા પૂર્વના અર્થનો નાશ કરનારા.

ચિત્રકેતુના તિરસ્કારથી ભગવાન શંકર હસ્યા. પાર્વતીજી રાજાની ધૃષ્ટતા જોઈ ક્રોધિત થયા અને શ્રાપ આપ્યો 'હે દુર્મતિ રાજા, તું પાપમય અસુર

કુમુદ એસ. ઠકરાર, યુ.કે.ના જયશ્રીકૃષ્ણ

યોનિમાં જા. આથી તું ફરી કોઈ મહાપુરુષનો અપરાધ નહીં કરે.' ચિત્રકેતુ ગંધર્વરાજના પદથી ભ્રષ્ટ થયો. શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહ મર્યાદા' ગ્રંથમાં આજ્ઞા કરે છે 'આસક્તૌ ભગવાન...' ભક્તને આસક્તિ કે અહંકાર થાય ત્યારે ભગવાન કોઈવાર શાપ અપાવે છે. પણ આવા શાપિતો મહાનુભાવો તરીકે કાયમ રહે છે. શાપ તો શુદ્ધિ કરવાના હેતુરૂપ છે. આવા શાપિતો પાખંડી બનતા નથી. ભગવાન તો ભક્તિવર્ધન છે. આથી જ શાપ પછી ચિત્રકેતુ વિમાનમાંથી ઉતરી મસ્તક ઝુકાવે છે. બે હાથ જોડી શાપનો સ્વીકાર કરે છે. રાજા કહે છે કે હું શાપ મુક્ત થવા તમને પ્રસન્ન કરતો નથી.

દેવબ્રાહ્મણવિદ્વેષ - વૈમુખ્યજ્ઞાપકઃ શિવઃ ।
આદિત્યો દૈત્યરાજશ્ચ, મરુત્પતિરચિન્ત્યકૃત્ ॥૯૭॥

(૪૬૧) દેવબ્રાહ્મણવિદ્વેષવૈમુખ્યજ્ઞાપકઃ = દેવ અને બ્રાહ્મણનો વિદ્વેષ કરવાથી ભગવાનથી વિમુખ થવાય એવું જ્ઞાન આપનારા.

ચિત્રકેતુ રાજા વિદ્યાધર થયા. વિમાનમાં બેસી કૈલાસ પર્વત પર આવ્યા. સતીને શંકરના ઉત્સગમાં જોયાં. સત્સંગ કરવાનું મન ન થયું. ચિત્રકેતુ અભિમાની થયો છે. તેણે એ ન વિચાર્યું કે શંકર યોગી છે. સતી યોગ શક્તિ છે. શક્તિ અને શક્તિમાન એકરૂપ છે. અવિવેક કરી તેણે નિંદા કરી. અજ્ઞાન વશ ઉપદેશ દીધો.

શંકરજીની સભામાં મુનિઓ, સિદ્ધો અને ચારણો હતા. શંકરજીનો તિરસ્કાર કરવાથી આ બધાનો પણ તિરસ્કાર થઈ ગયો.

શંકર તો મહાવ્રત છે. નિંદા સાંભળી. હસ્યા. મૌન રહ્યા. સતીએ રાજાનું હિત વિચારી તે અભિમાનીને શાપ રૂપ કડવું ઔષધ આપ્યું. ચિત્રકેતુ વૃત્રાસર દૈત્ય થયો. ઉચ્ચ કોટી (વિદ્યાધર)માંથી રાક્ષસની અધમ કોટીમાં આવવું પડ્યું. બ્રાહ્મણો તથા દેવોનું અપમાન કરવાથી આવું પરિણામ આવે છે.

(૪૬૨) શિવઃ = પરમ મંગળરૂપ

પ્રભુ નિરંતર કલ્યાણ કરનારા હોવાથી શિવરૂપ છે. અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ને યમ કહેવાય. જાતિ, દેશ, કાલ, પ્રતિજ્ઞા વગેરે વિષયોમાં આ યમ ખંડિત થઈ શકે છે. જ્યારે દરેક વિષયમાં યમ અખંડિત રહે ત્યારે તે વ્યક્તિ મહાવ્રતધરઃ છે. શંકર આવા મહાવ્રતધર છે. તેઓ યમનું પાલન અપવાદ વગર કરે છે. આથી જ ચિત્રકેતુએ મશ્કરી કરી તો પણ મૌન રહ્યા છે. હસી કાઢ્યું છે. પ્રભુ આ રીતે નિરંજન, નિર્મલ અને મંગલપ્રદ છે. આથી તે શિવ કહેવાય. શ્રુતિ કહે છે 'શાશ્વતં શિવમચ્યુતમ્ (પ્રભુ નિરંતર શિવરૂપ, ભદ્રરૂપ અચ્યુત છે. માટે જ શ્રીકૃષ્ણને શિવ કહે છે. મંગલ રૂપ - 'કલ્યાણ સ્વરૂપ. સત્યં શિવં સંદરમ્'

રસિકલાલ એન. ગાંધી, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

(૪૬૩) આદિત્યઃ = સવિતૃના પુત્ર રૂપ

અઢારમા અધ્યાયના પ્રથમ શ્લોક પ્રમાણે સવિતાની પત્ની પૃશ્નિ છે. તેને આઠ પુત્રો થયા. સાવિત્રી, વ્યાહૃતિ, ત્રયી, અગ્નિહોત્ર, પશુ, સોમ, ચાતુર્માસ્ય અને પંચમહાયજ્ઞ. આમ આદિત્ય એટલે સવિતા નારાયણ - સૂર્યસ્વરૂપવાળા પરમાત્મા, સવિતા અને પૃશ્નિના પુત્ર એટલે આદિત્ય સ્વરૂપ ભગવાન. ઉપર કહેલી પ્રજાઓ ભગવદ્ રૂપ જ છે.

(૪૬૪) દૈત્યરાજઃ = દૈત્યોમાં પ્રહલાદ સ્વરૂપે શોભતા.

શુકદેવજીએ કશ્યપઋષિની બીજી પત્ની દિતિ દ્વારા ઉત્પન્ન થનારી સંતાન પરંપરાનું વર્ણન કર્યું છે. આ પરંપરામાં ભગવાનના વહાલા ભક્ત શ્રી પ્રહલાદજી અને બલિનો જન્મ થયો છે. પ્રહલાદ જેવા મહાભાગવત દૈત્યમાં પ્રભુએ પોતાની વિભૂતિનો પ્રકાશ કર્યો છે. (શ્રી ગીતા ૧૦-૩૦) પ્રહલાદશ્ચાસ્મિ દૈત્યાનામ્ - દૈત્યોમાં હું પ્રહલાદ છું.

(૪૬૫) મરુત્પતિઃ = વાયુના પતિ - પાલક - રક્ષક.

દિતિના બે પુત્રો. હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ. ઈન્દ્રના ભલા માટે વિષ્ણુએ બંને દૈત્યોને માર્યા. દિતિએ ઈન્દ્રને મારે તેવો અમર પુત્ર આપવા કશ્યપજીને વિનવ્યા. કશ્યપજીને ન ગમ્યું પણ વચન બદ્ધ હતા તેથી 'પુંસવન' વ્રત આપ્યું. દિતિએ વ્રતનું પાલન કર્યું. દિતિ ઈન્દ્રની માસી થાય. ઈન્દ્રને સમાચાર મળ્યા તેથી તે વેશ બદલી તેની ગર્ભવતી માસીની સેવામાં આવ્યો.

પદ્માબેન તરમકદાસ રાજા, હૈદ્રાબાદના જયશ્રીકૃષ્ણ

તેનું ધ્યાન એ રહેતું કે દિતિ વ્રત દરમ્યાન કોઈ ભૂલ કરે છે?

કશ્યપ ઋષિએ દિતિને કહ્યું હતું કે ત્રુટિ વગર એક વર્ષ વિધિથી વ્રત પાલન કરવાથી ઈન્દ્રને મારનાર પુત્ર થશે. જો વ્રતમાં ત્રુટિ રહી તો તે બાળક દેવતાઓનો મિત્ર બનશે.

એક દિવસ સાંજે દિતિ આચમન કર્યા વગર અને મ્હોં અને પગ ધોયા વગર સૂઈ ગયાં. વ્રતનો ભંગ થયો. ઈન્દ્રે તરત દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. વજ્રથી ગર્ભના સાત ટુકડા કર્યા. ગર્ભનો નાશ ન થયો. ગર્ભ રડવા લાગ્યો. ઇન્દ્રે સાત ટુકડાના એક એક કરી પાછા સાત ટુકડા કર્યા. આમ ૪૯ ટુકડા ગર્ભના થયા. તે મરુત દેવો હતા છતાં સમર્થ શ્રીકૃષ્ણે તેમને રક્ષ્યા-મરવા દીધા નહીં. દિતિના પુંસવન વ્રત તથા હરિના આરાધનથી મરુતોએ જન્મસિદ્ધ આસુરી ભાવનો ત્યાગ કર્યો. ભગવત્પ્રેરણાથી ઈન્દ્રે તેમને દેવ ભાવ પ્રાપ્ત કરાવ્યો. (૧૮-૬૭)

(૪૬૬) **અચિન્ત્ય કૃત્** = મનથી પણ ચિંતવી ન શકાય તેવું કાર્ય કરનાર

દિતિને પ્રસૂતિ સમયે ૪૯ પુત્રો પ્રકટ થયા. દિતિને આશ્ચર્ય થયું. દિતિએ ઈન્દ્રને કહ્યું કે મેં એક પુત્ર માંગેલો. ૪૯ કઈ રીતે થયા ? ઈન્દ્રે બધો વૃત્તાંત કહ્યો. ઈન્દ્રે ગર્ભના ખંડ ખંડ કર્યા છતાં જીવિત રહ્યા. અસુરના બદલે પુત્રો સુર થયા. આમ પ્રભુની લીલા મનથી પણ ચિંતવી શકાય તેવી નથી. આશ્ચર્યજનક કાર્ય કરનારા પ્રભુ છે.

મરુતાં ભેદકસ્ત્રાતા વ્રતાત્મા પુંપ્રસૂતિકૃત્ ॥૯૭ ½॥

(૪૬૭) **મરુતાં ભેદકઃ** = મરુતો - વાયુઓના ટુકડા કરાવનાર

ભગવાને ઈન્દ્ર દ્વારા મરુતો - વાયુઓના ૪૯ ટુકડા કરાવ્યા છે. દિતિના પુંસવન વ્રતમાં ત્રુટિ થઈ. ઈન્દ્ર યોગબલથી દિતિના ગર્ભમાં પ્રવેશે છે. ઈન્દ્રને માહિતી છે કે આ ગર્ભ ઈન્દ્રને મારનાર થશે. આથી તે ગર્ભના ઈન્દ્ર સાત ટુકડા કરે છે. પ્રભુએ તે ગર્ભને જીવતા રાખ્યા. ઈન્દ્રે ફરી સાતે સાત

દક્ષા શેઠ, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

ટુકડાના સાત ભાગ કર્યા. વજ્રથી આ કાર્ય કર્યું છે. કુલ ૪૯ ટુકડા થયા. પ્રભુએ તે બધાને જીવાડ્યા.

દિતિના પુત્રો દૈત્ય થાય. પ્રભુને તેમને દેવતા બનાવવા છે. આથી ઈન્દ્રને પ્રેર્યો છે. ઈન્દ્રના દુષ્કૃત્યને દિતિએ જાણ્યું. ઈન્દ્રે જ આ દુષ્કૃત્યની જાણ કરી છે. દિતિની ઈન્દ્રે ખૂબ સેવા કરી છે. દિતિએ ઈન્દ્રને માફ કર્યો. ઈન્દ્રે આ ૪૯ મારુતો (પોતાના માસીના દિકરાઓ)ને દેવતા બનાવ્યા. સોમરસ પીવાના અધિકારી બનાવ્યા. ભગવદ્ ઈચ્છા જ આ રીતે કૃપા કરવાની છે.

(૪૬૮) **ત્રાતાઃ** = રક્ષણ કરનારા

દિતિએ ઈન્દ્રને મારે તેવા ગર્ભની ઈચ્છા કરી હતી. ઈન્દ્ર તે જાણતો હતો. તેથી દિતિના એ સોના જેવા ચમકતા ગર્ભના કુલ ૪૯ ટુકડા કર્યા. ભગવાને તેમને બચાવ્યા. ઈન્દ્રે તેમને મિત્ર કર્યા. ભગવાને તેમને દેવો કર્યા.

આમ ભગવાને ઈન્દ્રનું રક્ષણ કર્યું અને ઈન્દ્ર દ્વારા ગર્ભના ટુકડા કરાવ્યા છતાં તે ટુકડાઓનું પણ રક્ષણ કર્યું. એક કવિએ કહ્યું છે 'જે મારતું તે પોષતું, એ ક્રમ દિસે છે કુદરતી.' જીવોને પ્રારબ્ધ ભોગથી કે પરીક્ષા માટે દુઃખ આપનાર અને તે વખતે શરણે રહેનારનું રક્ષણ કરનારા પ્રભુ છે.

(૪૬૯) **વ્રતાત્મા** = પુંસવન વ્રત જેમનું સ્વરૂપ છે એવા

દિતિને પુંસવન વ્રત કરવાથી તેજસ્વી ગર્ભ રહ્યો હતો. પ્રભુ જ આ વ્રતનું સ્વરૂપ છે. તેથી તે શક્ય બન્યું.

(૪૭૦) **પુંપ્રસૂતિકૃત્** = પુરુષ સંતતિ ઉત્પન્ન કરનારા

પુંસવન વ્રત ભગવાનને પ્રસન્ન કરનારું સમર્થ વ્રત છે. આથી જ અગાઉનું 'વ્રતાત્મા' નામ શ્રી વલ્લભે નિરૂપ્યું છે. વ્રતના આત્મા ભગવાન છે. આ વ્રતના યોગ્ય પાલનથી પુરુષ સંતતિ થઈ શકે છે. વ્રતથી મળતું આ લૌકિક ફલ છે. દિતિને આ વ્રતના ફલથી જ પુરુષ સંતાન વાયુ રૂપે થયું હતું.

પરીક્ષિતજીએ પુંસવન વ્રતની વિગતો જાણવા શુકજીને ઓગણીસમા અધ્યાયની શરૂઆતમાં પ્રશ્ન કર્યો છે. શુકદેવજીએ બીજાથી ચોવીસ શ્લોકમાં આ વ્રતની પ્રક્રિયાઓ કહી છે.

કંચનબેન કે. બગરીયા, મુંબઈના જયશ્રીકૃષ્ણ

પતિની આજ્ઞા લઈ માગશર સુદ એકમથી વ્રતનો આરંભ કરવો. બાર માસ વ્રત કરવું. મરુતોની જન્મ કથા સાંભળવી. નિત્ય પ્રાતઃકાલે શ્રીલક્ષ્મીનારાયણનું પૂજન કરવું. 'ઓમ નમો ભગવતે મહાપુરુષાય' - મંત્રથી રાજોપચાર કે ષોડશોપચાર પૂજન કરવું. અગ્નિમાં બાર આહુતિ આપવી. દશ વાર મંત્ર જપવો. સ્તુતિ કરવી. યજ્ઞોચ્છિષ્ટ (યજ્ઞમાં રહેલું ઉચ્છિષ્ટ) સૂંઘી, પુનઃ અર્ચન કરવું. પતિનું પણ પૂજન કરવું. પત્નીને બદલે પતિથી પણ વ્રત થાય. કાર્તક માસની અમાસે સમાપ્તિ કરવી. બ્રાહ્મણોનું અર્ચન કરવું.

આ વ્રતથી અનેક પ્રકારની સિદ્ધિઓ મળે છે. તેનું વર્ણન ૨૫ થી ૨૮ શ્લોકોમાં છે.

વિધિ પૂર્વકના અનુષ્ઠાનથી મન ચાહી વસ્તુ મળે છે. સ્ત્રીને સૌભાગ્ય સંપત્તિ, સંતાન, યશ અને ગૃહની પ્રાપ્તિ થાય છે. તેનો પતિ ચિરાયુ બને છે. વ્રત કરનારી કન્યાને સુલક્ષણો પતિ મળે છે. વિધવા નિષ્પાપ થઈ વૈકુંઠમાં જાય છે, જેના બાળકો મરી જતા હોય તે સ્ત્રીને વ્રત પ્રભાવથી ચિરાયુ પુત્ર પ્રાપ્ત થાય છે. કુરુપ સ્ત્રીને શ્રેષ્ઠ રૂપ મળે છે. રોગી રોગમુક્ત થાય છે. માંગલિક શ્રાદ્ધકર્મમાં પાઠ કરવાથી પિતર અને દેવતા તૃપ્ત થાય છે. લાભ કરે છે. ભગવાન લક્ષ્મીનારાયણ પણ સંતુષ્ટ થાય છે. વ્રત કરનારની અભિલાષા પૂર્ણ કરે છે.

(અહીં છઠ્ઠા સ્કંધનાં ૪૦૭ થી ૪૭૦ નામો પ્રભુકૃપાથી સંપન્ન થયાં.)

●

એક વૈષ્ણવ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

સપ્તમ સ્કંધ નામાનિ

શ્રી ભાગવતના ભગવાન દશલીલાવાળા છે. તે પૈકી પાંચમી લીલાનું નામ ઊતિલીલા છે. શ્રી ભાગવત ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. ભગવાન બાર અંગવાળા છે. શ્રી ભાગવતના બાર સ્કંધો છે. પ્રત્યેક અંગ એક એક સ્કંધ છે.

શ્રી ગોવર્ધનનાથજીનો દક્ષિણ (જમણો) કરકમલ, શ્રીભાગવતનો સાતમો સ્કન્ધ - ઊતિલીલા છે. શ્રીગોવર્ધનનાથજી જમણા શ્રીહસ્તની મુઠ્ઠી વાળીને જમણા કટિ પર ધરે છે. મુઠ્ઠીવાળીને અંગુષ્ટ બતાવે છે. ભક્તોના વાસના સહિત મનને ભગવાન પોતાની મુઠ્ઠીમાં બાંધી દે છે. ચતુરાઈપૂર્વકનો અંગુષ્ટ બતાવી જીવને કહે છે કે હવે તું મારી પાસેથી દૂર થઈ શકીશ નહીં.

ઊતિ એટલે કર્મવાસના. ઊતિલીલામાં ભગવાને રચેલી વાસનાઓ છે. વાસનાથી કર્મ થાય. કર્મથી વાસના થાય. કર્મ ત્રિવિધ છે. (૧) આધ્યાત્મિક (૨) આધિભૌતિક (૩) આધિદૈવિક. આ ત્રણે પ્રકારને અવિદ્યા અને વિદ્યાના પાંચ પર્વ સાથે સંબંધ છે. અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ આ પાંચ સાથે પણ કર્મને સંબંધ છે. આ પાંચના સંબંધથી કુલ ૧૫ પ્રકાર થયા. તેથી ઉતિલીલામાં ૧૫ અધ્યાયો છે.

વાસના ત્રણ પ્રકારની છે. અસદ્ વાસના, સદ્ વાસના અને મિશ્ર વાસના. અસદ્ વાસનાથી અસત્કર્મ થાય. સદ્ વાસનાથી સત્કર્મ થાય અને મિશ્ર વાસનાથી ફલાભિલાષવાળાં ધર્મ વગેરે મિશ્રકર્મ થાય છે. આ ત્રણ પ્રકાર હોવાથી ઊતિલીલાનાં ત્રણ પ્રકરણો છે. દરેક પ્રકરણ પાંચ અધ્યાયનું છે. અસદ્ વાસના ૧ થી ૫ અધ્યાય, સદ્વાસના ૬ થી ૧૦ અધ્યાય અને મિશ્રવાસના ૧૧ થી ૧૫ અધ્યાયમાં છે.

જીવને દેહમાં વસાવે તે વાસના. જીવને કર્મમાં યોજે તે પણ વાસના. વાસનાના બળથી માનવ ઈચ્છે તેવો બની શકે છે.

આલાપ શાહ - વ્રજ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

કર્માત્મા વાસનાત્મા ચ ઊતિલીલા-પરાયણઃ ॥૯૮॥

(૪૭૧) કર્માત્મા = પૂર્વ જન્મોમાં કરેલા કર્મ સ્વરૂપ.

ભગવાને દરેકને જીવન આપ્યું. જીવવા માટે પોષણ, રક્ષણ, શરીર, સમજ અને શક્તિ ભગવાને આપ્યાં છે. શરીરને ટકાવવામાં અને શરીર સુખનાં સાધનો મેળવવામાં પ્રાયઃ બધા શરીર, સામર્થ્ય અને સમયને વેડફી દે છે.

જીવનમાં આવતાં સુખ-દુઃખ પોતાના કરેલાં કર્મનાં જ પરિણામ છે.

શ્રી ગીતાના ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગયોગ (અ. ૧૩)માં શ્રીઠાકોરજી અર્જુનને કહે છે કે મૂળ પ્રકૃતિ અને પુરુષ અનાદિ છે. પ્રકૃતિ દ્વારા રાગ-દ્વેષ વગેરે વિકારો ઉદ્‌ભવે છે. ત્રિગુણાત્મક પદાર્થો પણ પ્રકૃતિથી થાય છે. આમ પ્રકૃતિ અહીં કારણ છે. સુખદુઃખનો અનુભવ જીવાત્મા કરે છે. તેથી અહીં તે કારણ છે.

જીવાત્મા પ્રકૃતિમાં જ રહે છે. પ્રકૃતિએ બનાવેલા ત્રિગુણાત્મક પદાર્થોને અનુભવે છે. આ ગુણોનો સંગ જ જીવાત્માને સારી નરસી યોનિમાં જન્મ થવામાં કારણ બને છે. સત્વગુણના સંગથી દેવયોનિ, રજોગુણના સંગથી મનુષ્યયોનિ અને તમોગુણના સંગથી પશુ-પક્ષી વગેરે નીચ યોનિમાં જન્મ થાય છે.

આમ જીવનમાં આવતાં સુખદુઃખ પોતાનાં કરેલાં કર્મનાં જ પરિણામ છે. કર્મના ફલ જ સુખદુઃખ રૂપે મળે છે.

(૪૭૨) વાસનાત્મા = (૧) પૂર્વે કરેલાં કર્મોની વાસનાઓ રૂપ (૨) સર્વને વસાવનાર એવો જેમનો આત્મા છે એવા પરમાત્મા.

'વસ્' ધાતુમાંથી 'વાસના' શબ્દ બને છે. જીવને દેહમાં વસાવે અને કર્મમાં યોજે તે વાસના કહેવાય. વાસનાથી કર્મ થાય છે. કર્મથી વાસના થાય છે. મનમાં દબાઈ રહેલી વાસનાઓ સાનુકૂલ સંયોગોમાં ફૂટી નીકળે છે. વંશમાં પરંપરા છે. તે રીતે વાસનાનું પણ આ લક્ષણ છે. આમ પૂર્વે કરેલાં કર્મોથી ઉત્પન્ન થતી વાસનાઓ સ્વરૂપે પ્રભુ જ છે.

ધીરજબેન દેસાઈ, યુ.કે.ના જયશ્રીકૃષ્ણ

(૪૭૩) ઊતિલીલા પરાયણઃ = ઊતિ એટલે કર્મ અને વાસનાઓ. તે દ્વારા લીલા કરવામાં તત્પર એવ પરમાત્મા.

'ઊતયઃ કર્મવાસનાઃ' (ભા. ૨-૧૦-૪) આ ઊતિની વ્યાખ્યા થઈ. ઊતિ એટલે કર્મવાસના.

વાસનાના પ્રકારો બે રીતે છે. એક પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) સૂક્ષ્મ વાસના (૨) મધ્યમ વાસના (૩) કર્મ વાસના.

(૧) સૂક્ષ્મ વાસના - સૃષ્ટિના આરંભથી ભગવાને સૌ માટે વિચાર કરી રાખ્યો છે. 'આ જીવને આવો બનાવી આ ફલ દઈશ.' - આ વિચાર સૂક્ષ્મ વાસના રૂપ છે. જીવને તે સૂક્ષ્મ દેહ (લિંગ દેહ)માં પ્રવેશ કરાવે છે.

(૨) મધ્યમ વાસના - જીવ દેહને પોતાનો જાણી સ્થૂલ દેહમાં પ્રવેશ કરે છે. જડ શરીર સાથે ચૈતન્ય જીવનો સંબંધ કરાવનારી આ મધ્યમ વાસના છે.

સૂક્ષ્મ અને મધ્યમ વાસના જીવના સંબંધવાળી છે. આનાથી જીવ કર્મ કરવા સમર્થ બને છે.

કર્મવાસના - કર્મ કરવાથી થતી આ વાસના છે. તે મનના સંબંધવાળી છે. આનાથી અનેક કર્મ માનવ કરે જાય છે.

સૂક્ષ્મ વાસના ભગવદ્ વિચારરૂપ છે. મધ્યમ વાસના જીવને દેહસંબંધ કરાવનારી છે. મધ્યમ વાસનાને લીધે જ જીવ શરીરમાં રહે છે. મનમાં રહેલી વાસના અનુસાર જીવ કર્મ કરે છે.

વાસનાનો બીજો પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) અસદ્ વાસના (૨) સદ્ વાસના (૩) મિશ્ર વાસના

અસદ્ વાસના સત્ કર્મ કરવા દેતી નથી. અસત્કર્મ કરાવે છે.

સદ્ વાસના સત્ કર્મ કરાવે છે.

મિશ્રવાસના ફલની ઈચ્છાવાળાં ધર્મ કરાવે છે.

૧ થી ૫ સુધીના અધ્યાયમાં અસદ્ (મલીન) વાસનાઓ છે. હિરણ્ય કશિપુની મલિન વાસનાનું વર્ણન છે.

૬ થી ૧૦ સુધીના અધ્યાયોમાં (શુદ્ધ) સદ્‌વાસના છે. મહાભાગવત

સરોજબેન જતીનભાઈ મોદી, મહેસાણાના જયશ્રીકૃષ્ણ

પ્રહલાદ્જીના ચરિત્રનું વર્ણન છે.

૧૧ થી ૨૫ સુધીના અધ્યાયોમાં સદ્ અસદ્ (મિશ્ર) વાસનાનું વર્ણન છે. અહીં સનાતન ધર્મ, વર્ણધર્મો, સ્ત્રી ધર્મો, બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ, સંન્યાસ જેવા ગૃહસ્થધર્મોનું વર્ણન છે.

> **સમદૈત્યસુરઃ સ્વાત્મા, વૈષમ્ય જ્ઞાન સંશ્રયઃ ।**
> **દેહાદ્યુપાધિરહિતઃ સર્વજ્ઞઃ સર્વહેતુવિદ્ ।।૯૯।।**

(૪૭૪) સમદૈત્યસુરઃ = દૈત્યો અને દેવો જેમને સમાન છે એવા.

પ્રભુની નજરમાં બધા સમાન છે. દરેક જીવને શરીર આપ્યાં. શરીર ટકાવવા એને સુખના સાધનો આપ્યાં. પોષણ અને રક્ષણ માટે સમજ અને શક્તિ આપ્યાં. આમ પ્રભુમાં સમ-વિષમ ભાવ નથી. પ્રભુની સમતાનું ઘણી જગ્યાએ વર્ણન છે. દા.ત. 'ભગવાન નિર્દોષ છે. સમ છે.' 'સમપ્રિયસુહૃદ્ બન્ધુઃ' શત્રુ, મિત્ર, બંધુ વગેરે મને સમાન છે. આમ પરમાત્માને કોઈ શત્રુ નથી. કોઈ મિત્ર નથી. કોઈ બંધુ નથી. સર્વ સમાન છે.

કોઈક કોઈક જગ્યાએ દૈત્યોને મારી દેવોને રક્ષ્યા છે. અહીં ઉઘાડો પક્ષપાત દેખાય છે. તો કહે છે કે આ ખરેખર પક્ષપાત નથી. પણ દૈત્યો ઉપર કરેલી કૃપા છે.

કેટલાક દૈત્યો જન્મથી જ છે. તેમની દુષ્કૃતિઓના લીધે તેમનો ઉદ્ધાર નથી જ. પ્રભુના હાથે જ્યારે તે મરાય છે ત્યારે તેમનો મોક્ષ થાય છે. કેટલાક શ્રાપવશ દૈત્ય થયા છે. તે બધા મૂળ તો ભક્તો જ હતા. આથી પુનઃ તેમને શરણે લેવા અને ઉદ્ધાર કરવા પ્રભુ આ શ્રમ લઈ રહ્યા છે. આથી આ પક્ષપાત નથી પણ હિત કાર્ય છે.

(૪૭૫) સ્વાત્મા = (૧) સર્વના આત્મા રૂપ (૨) નિજ ભક્તો જ જેમનો આત્મા છે તે.

પ્રપંચ એટલે જગત. આ સ્વરૂપે પ્રભુ જ છે. જગતમાં પ્રભુ જ સર્વ સ્થળે પ્રકાશમાન છે. ઘટઘટમાં પરમાત્મા જ આત્મા સ્વરૂપે બિરાજે છે. એક વિશાળ અગ્નિમાંથી વિસ્ફુલ્લિંગ (તણખા) છૂટા પડે તે રીતે પરમાત્મામાંથી જ આત્મા વિખૂટા પડ્યા છે.

અમિત દિપકભાઈ દેસાઈ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

ઘણા ભક્તો આથી કહે છે *'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.'* નરસૈયો ગાય છે કે *બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે.* શ્રી ગીતા પ્રમાણે પ્રકૃતિ અને પુરુષ રૂપે ભગવાન જ છે. આમ દરેકના આત્મા રૂપ છે.

સ્વ એટલે ભક્તો. પ્રભુને બધા જ પ્રિય છે. ભક્તો તો પરમાત્મા સ્વરૂપ છે. આ તેમની વિશેષતા છે. આવા સ્વકીય ભક્તો ભગવાનના આત્મા છે.

શ્રીકૃષ્ણ દુર્વાસાજીને કહે છે 'હું ભક્ત પરાધીન છે. ભક્તો એ મારું હૃદય લઈ લીધું છે. સાધુઓ મારા હૃદયરૂપ છે. હું સાધુઓના હૃદયરૂપ છું. ભગવાન ભક્ત સિવાય બીજું કંઈ પણ જાણતા નથી.'

(૪૭૬) વૈષમ્યજ્ઞાન સંશ્રયઃ = વિષમતા દર્શક જ્ઞાનનો આશ્રય કરવાવાળા.

દૈત્યોને વિદારવા અને દેવોને રક્ષવા. આ કાર્ય ભગવાનમાં વિષમતા દર્શાવે છે. વાસ્તવમાં પ્રભુનો આ વિલક્ષણ સ્વભાવ છે. શ્રી ગીતા આજ્ઞા છે જ 'સમોઽહં સર્વભૂતેષુ.. ચાપ્યહમ્' સર્વ ભૂતોમાં હું સમભાવથી વ્યાપક છું. મને કોઈ અપ્રિય નથી કે પ્રિય નથી. પણ જે ભક્ત મને પ્રેમથી ભજે છે તે મારામાં છે અને હું પણ તેમનામાં પ્રત્યક્ષ પ્રકટ છું.

સૂક્ષ્મ રૂપમાં અગ્નિ બધી જગ્યાએ વ્યાપક છે પણ સાધનો દ્વારા પ્રકટ કરતાં તે પ્રત્યક્ષ થઈ જાય છે. આ જ રીતે દરેક જગ્યાએ રહેતા પરમેશ્વર ભક્તિથી ભજન કરનારના અંતઃકરણમાં પ્રત્યક્ષ રૂપે પ્રકટ થાય છે. આ રીતે પરમાત્મા વિષમતાના જ્ઞાનનો આશ્રય કરનારા છે.

(૪૭૭) દેહાદ્યુપાધિરહિતઃ = દેહાદિ ઉપાધિથી રહિત

ભગવાનનો શ્રીવિગ્રહ આનંદમય છે. 'આનંદ માત્ર કર પાદ મુખોદરાદિ' જેમના શ્રીહસ્ત અને શ્રી ચરણકમલ, શ્રી મુખ તથા ઉદર વગેરે આનંદ રૂપ છે તેવા ભગવાન. આમ ભગવાનને લૌકિક દેહ નથી. તેથી લૌકિક દેહ સંબંધી ધર્મો પણ પ્રભુમાં નથી. મનુષ્ય ને હું અને મારું એવું અભિમાન પણ છે. પ્રભુ નિરંતર સ્વસ્વરૂપમાં જ રમણ કર્યા કરે છે. આનંદ કર્યા કરે છે.

હરવદન દ્વારકાદાસ પરીખ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

પ્રભુને આથી અભિમાન નથી. મનુષ્યમાં દેહ અને દેહી વિભાગ છે. પ્રભુમાં નથી. આથી જ ભક્તો ગાય છે. ‘નિગમ નેતિ નેતિ ગાવે’ પ્રભુ નિત્યાનંદ છે. મહોદધિ છે. દિવ્ય સ્વરૂપ છે.

(૪૭૮) સર્વજ્ઞઃ = (૧) સર્વ ને જાણનાર (૨) સર્વ જ્ઞાનવાન જેમનાથી છે એવા.

પ્રભુ સર્વવ્યાપી છે. આથી સર્વ વસ્તુઓ પ્રત્યક્ષ રીતે જુએ છે. અંતર્યામી સ્વરૂપ તે દરેકમાં બિરાજે છે. શ્રીહરિરાયચરણો આજ્ઞા કરે છે ‘અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્’ અર્જુનને પ્રભુના વિરાટ સ્વરૂપમાં અનેક ભુજા, પેટ અને મુખ સાથે અનેક નેત્રનાં પણ દર્શન થયા છે. બીજા બધા સર્વજ્ઞતાનો આડંબર કરે છે. પ્રભુ સર્વરૂપ અને સર્વ વ્યાપી છે. તેથી સર્વજ્ઞ છે.

નારદ, વ્યાસ અને અન્ય જ્ઞાનીઓના જ્ઞાન પણ પ્રભુથી જ છે. ભગવાન સર્વ કાંઈ જુએ છે આવી લોકોક્તિ પણ છે જ.

(૪૭૯) સર્વહેતુવિદ્ = (૧) સર્વ વસ્તુઓ અને તેમના કારણને જાણનારા. (૨) સર્વ હેતુ વડે પ્રાપ્ત થાય તેવા ભગવાન.

આ સાતમા સ્કંધના પ્રથમ અધ્યાયમાં પરીક્ષિતજી પ્રશ્ન પૂછે છે ‘ભગવાન સમ છે. સૌના સુહૃદ છે, છતાં સાધારણ મનુષ્ય જેવો ભેદભાવ કેમ કરે છે? ઈન્દ્રનો પક્ષ કરી દૈત્યોનો વધ કેમ કર્યો ? શુકદેવજી સમજાવે છે કે ભગવાન નિર્ગુણ, અજન્મા, અવ્યક્ત અને પ્રકૃતિથી પર છે. પ્રભુ માયાના ગુણોને સ્વીકારે છે. ભગવાન જ મરનાર અને મારનાર બંને વિરોધી રૂપોને ગ્રહણ કરે છે.’

ભગવાન સમય અનુસાર ગુણોનો સ્વીકાર કરે છે. સત્ત્વ ગુણની વૃદ્ધિના સમયે દેવતા અને ઋષિઓનો, રજો ગુણની વૃદ્ધિના સમયે દૈત્યોનો અને તમોગુણની વૃદ્ધિના સમયે યક્ષ અને રાક્ષસોને અપનાવે છે. તેમનો અભ્યુદય કરે છે.

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞમાં જોયું કે ચેદીરાજ શિશુપાલ ભગવાનને ગાળો બોલે છે. છતાં તે પ્રભુમાં સમાઈ જાય છે. અનન્ય ભક્તોને પણ પ્રભુ દુર્લભ બને છે તો શિશુપાલ અને દંતવક્ત્રને આવી ગતિ કેમ?

છાયાબેન રોહીતકુમાર શાહ, ભરુચના જયશ્રીકૃષ્ણ

આ ચર્ચામાં એક જ મહત્વનો સિદ્ધાંત બતાવ્યો કે કામ, ક્રોધ, ભય, સ્નેહ કે ભક્તિથી પ્રેરાઈને શ્રીકૃષ્ણમાં મનને પરોવાઈ દેવાય તો આવા મનવાળો દૈત્ય હોય કે દેવં હોય કે મનુષ્ય હોય તે સર્વને ભગવાન પોતાની ગતિ આપે છે. ગોપીઓને ભગવાન તીવ્ર કામ (પ્રેમ)થી, કંસને ભયથી, શિશુપાલ - દંતવક્ત્ર વગેરે રાજાઓને દ્વેષથી, યદુવંશીઓને પરિવારના સંબંધથી, યુધિષ્ઠિર વગેરેને સ્નેહથી અને નારદજી જેવાને ભક્તિથી પ્રભુ મળ્યા.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ‘યેન કેન પ્રકારેણ મનઃ કૃષ્ણે નિવિશયેત્’ કોઈ પણ ઉપાયથી મનને કૃષ્ણમાં જોડી દેવું.

હિરણ્યકશિપુને ઉત્તમ ગતિ, શિશુપાલને સાયુજ્ય વગેરે દૃષ્ટાંતોથી સમજાય છે કે શ્રીકૃષ્ણને દેવો અને દૈત્યો બંને તરફ સમતા છે.

બ્રહ્મવાક્સ્થાપન પરઃ સ્વજન્માવધિકાર્યકૃત્ ।
સદસદ્વાસના હેતુ - ત્રિસત્યો ભક્તમોચકઃ ॥૧૦૦॥

(૪૮૦) બ્રહ્મવાક્સ્થાપન પરઃ = બ્રાહ્મણોની વાણીને સ્થાપન કરવામાં જેમનું ઉત્તમ પ્રયોજન છે એવા પરમાત્મા.

સનકાદિ બ્રહ્માજીના પુત્રો છે. જય અને વિજય ભગવાનના દ્વારપાળ છે. સનકાદિએ જય વિજયને શ્રાપ આપ્યો છે.

યુધિષ્ઠિર રાજા નારદજીને આ સંબંધી પ્રશ્ન પૂછે છે. નારદજી જવાબ આપે છે કે સનકાદિ બ્રહ્માજીના માનસ પુત્રો છે. તેઓ ત્રણે લોકમાં સ્વછંદ રીતે વિચરણ કરે છે. એક વાર તે વૈકુંઠમાં આવી પહોંચ્યા.

સનકાદિ બધાથી પ્રાચીન છે. છતાં પાંચ-છ વર્ષના બાળક જેવા જણાય છે. વસ્ત્રો પણ નથી પહેરતા. જય વિજય વૈકુંઠના દ્વારપાળો છે. તેમને સનકાદિ સાધારણ બાલક લાગ્યા. તેથી તેમણે તેમને આગળ વધતા અટકાવ્યા.

સનકાદિ ક્રોધિત થયા. દ્વારપાળોને શ્રાપ આપતાં કહ્યું કે હે મૂર્ખો! ભગવનના ચરણ તો રજો અને તમો ગુણ રહિત છે. તમે બંને ભગવાનની

રીના કે. શાહ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

નજીક રહેવા યોગ્ય નથી. આથી તમે અહીંથી તરત પાપવાળી અસુર યોનિમાં જાઓ. આ સાથે જ તે બંને દ્વારપાળ વૈકુંઠથી નીચે પડવા લાગ્યા. ત્યારે આ કૃપાળુ મહાત્માઓએ કહ્યું કે ત્રણ જન્મોમાં આ શ્રાપ ભોગવી તમે ફરી વૈકુંઠમાં આવશો.

આમ જય વિજયને મળેલા શાપને સત્ય કરનારા ભગવાન છે.

(૪૮૧) સ્વજન્માવધિ કાર્યકૃત્ = પોતાના જન્મ સુધી કાર્ય કરનારા પ્રભુ.

પ્રભુ અજન્મા છે. જન્મરહિત છે. મરણરહિત પણ છે. પ્રભુનો નાશ નથી. આવું અવ્યય રૂપ છે. આમ છતાં ભક્તોને રક્ષવા, ભક્તોના મનોરથો પૂર્ણ કરવા આપ વરાહ વગેરે અવતારો ધારણ કરે છે.

નન્દસ્ત્વાત્મજઉત્પન્ને... (૧૦-૫-૧) અજન્માના જન્મનો ઉત્સવ મનાવ્યો છે. અવતારો સમયે જન્મ જેવું પ્રતીત થાય છે. આ જન્મ પ્રકારમાં રાગદ્વેષ કાર્યો પ્રકટ થાય છે. તે કરનારા પ્રભુ જ છે.

અસુરો પ્રજાને પીડતા હોય છે. તેમના વિનાશ માટે દ્વેષ કાર્યો કરે છે. મુનિઓ અને દેવો વગેરેનું પાલન કરવામાં અનુરાગ યુક્ત કાર્યો કરે છે. આ બધા કાર્યોનું વહન પ્રભુ જ કરે છે.

જય વિજયને ત્રણ જન્મોમાં ભગવાન તરફનો જે વૈર ભાવ હતો. તેમના ત્રણે જન્મોમાં ભગવાને અવતાર લીધા છે. ત્યાં સુધી વૈરભાવ કાયમ રહ્યો છે. જ્યાં સુધી અવતાર ધારી પ્રભુ બિરાજે ત્યાં સુધી તે નિમિત્તે થતાં સર્વ કાર્યોના કરયિતા ભગવાન જ છે.

(૪૮૨) સદસદ્વાસના હેતુઃ = સદ્ અને અસદ્ વાસનાની જેમની પ્રાપ્તિના હેતુ છે એવા (૨) સદ્ અને અસદ્ વાસના હેતુ રૂપ પરમાત્મા.

પ્રભુ પ્રાપ્તિ માટે બે પ્રકારની વાસનાઓ મુખ્ય કારણભૂત મનાય છે. (૧) સદ્ વાસના (૨) અસદ્ વાસના. બંને પ્રકારની વાસનાઓ માત્ર પ્રભુ માટે હોવી જોઈએ. પ્રભુ સિવાય બીજા પ્રત્યે આ વાસના હોવી જોઈએ નહીં. આ પ્રકારથી જ શિશુપાલ, દંતવક્ત્ર વગેરેને ભગવાનની પ્રાપ્તિ થઈ છે. શિશુપાલને પ્રભુ માટે અસદ્ વાસના છે. આ અસદ્ વાસના હતી પણ

બ્રિસિકાબેન નંદા, રાજકોટના જયશ્રીકૃષ્ણ

સુદૃઢ અને એક જ નિષ્ઠાવાળી હતી, તેથી પ્રભુપ્રાપ્તિ થઈ છે.

સદ્ વાસનાથી પરમાત્મા મળે છે. આ હકીકતો તો સર્વત્ર પ્રસિદ્ધ છે જ. ઈશ્વર કર્તું, અકર્તું, અન્યથાકર્તું સર્વ સમર્થ છે. કરવું, નહિ કરવું કે વિપરીત કરવું તેમના માટે સહજ લીલા છે. આપ જેને જે રીતે શરણે લેવા ઇચ્છતા હોય કે ઉદ્ધાર કરવા ઈચ્છતા હોય તેને તે રીતે શરણે લે છે. ઉદ્ધાર કરે છે. આમ સદ્ અને અસદ્ વાસના પ્રકટ કરનારા પ્રભુ જ છે.

પ્રભુને આ સંસાર રૂપી નાટક ચલાવવાનું છે. આ માટે જ સદ્ વાસના, અસદ્ વાસના, વિદ્યા અને અવિદ્યાનું નિર્માણ કર્યું છે. આ બે અનુસાર જીવ ઉત્તમ કે અધઃ ગતિને મેળવે છે. જો આ બંને વાસનાઓ પ્રભુને ઉદ્દેશીને થાય તો પ્રભુની પ્રાપ્તિ થાય છે જ.

હિરણ્ય કશિપુની અસદ્ વાસના અને પ્રહલાદજીની સદ્ વાસનાઓ અને એ દ્વારા જે ચરિત્રો કર્યા તેના પ્રેરક પ્રભુ છે.

(૪૮૩) ત્રિસત્યઃ = શાપ રૂપ વાણીને સત્ય કરનારા.

સનકાદિએ જય વિજયને શાપ આપેલો અને કૃપા કરતાં કહ્યું હતું કે ત્રણ અવતારો વડે ભગવાન ઉદ્ધાર કરશે.

જય વિજયના ત્રણ જન્મ થયા. તેમનામાં રજોગુણ - તમોગુણથી થતા લોભ, કામ અને ક્રોધ સ્પષ્ટ થયા. પહેલા લોભ રૂપ દૈત્ય હિરણ્યાક્ષ - હિરણ્યકશિપુ થયા. રજોગુણની આ અસર રજોગુણના પરિણામરૂપ ક્રોધથી જાય. ભગવાને પશુઓના ક્રોધ રૂપ વરાહનું રૂપ લઈ હિરણ્યાક્ષને માર્યો અને ક્રોધ રૂપ નૃસિંહે હિરણ્યકશિપુને માર્યો. બીજા જન્મે રાક્ષસ રૂપે રાવણ - કુંભકર્ણ થયા. તે કામાત્મક છે. ભગવાને સંયમ રૂપ રામાવતાર લઈ તેનો દોષ દૂર કર્યો. ત્રીજા જન્મે માનવ રૂપે શિશુપાલ, દન્તવક્ત્ર થયા. તે ક્રોધાત્મક છે. પ્રેમપુંજ શ્રીકૃષ્ણ પધાર્યા. તેમના દોષ દૂર કર્યા.

(૪૮૪) ભક્તમોચકઃ = પોતાના ભક્તોને વૈકુંઠના અધિકારથી મુક્ત કરનારા.

પોતાના ભક્તો જય વિજયના અધિકારને પડાવી દીધો. જય વિજય મધુ કૈટભ દૈત્યો હતા. પ્રભુએ તેમનામાં સૂક્ષ્મ વાસના તરીકે અસદ્ વાસના

જ્યોતિબેન નંદા, રાજકોટના જયશ્રીકૃષ્ણ

મુકેલી. કૃપાબલથી દ્વારપાલ તો બન્યા પણ સૂક્ષ્મ વાસના ગઈ નથી તેથી સનતકુમારોને લાકડીથી અટકાવ્યા. તેમનામાં રહેલા દૈત્ય ભાવને દૂર કરવા ત્રણ જન્મનો શ્રાપ સનતકુમારો દ્વારા અપાવ્યો. તેમના ત્રણે જન્મોમાં પ્રભુએ જુદા જુદા અવતારોથી તેમનો ઉદ્ધાર કરીને રક્ષ્યા જ છે.

(૭-૧-૪૬) પ્રમાણે વૈરભાવ હોવાથી આ બંને નિરંતર ભગવાનનું ચિંતન કરતા હતા. આ તેમની તીવ્ર તન્મયતાના ફલ સ્વરૂપ તેઓને ભગવાન પ્રાપ્ત થયા. પુનઃ પાર્ષદ બન્યા અને પ્રભુજી સમીપમાં ગયા. સામીપ્ય નામના મોક્ષની પ્રાપ્તિ થઈ.

હિરણ્યકશિપુદ્વેષી પ્રવિષ્ટાત્માતિ ભીષણઃ ।
શાન્તિજ્ઞાનાદિહેતુશ્ચ, પ્રહ્લાદોત્પત્તિકારણમ્ ॥૧૦૧॥

(૪૮૫) હિરણ્યકશિપુદ્વેષી = હિરણ્યકશિપુનો જેમના તરફ દ્વેષ ભાવ હતો તેવા પ્રભુ.

હિરણ્યાક્ષનો ભાઈ હિરણ્યકશિપુ છે. વરાહ ભગવાને હિરણ્યાક્ષને માર્યો. આથી હિરણ્યકશિપુને ભગવાન પર ઘણો દ્વેષ હતો. તેનું વર્ણન શ્રી ભાગવતમાં છે. હિરણ્યકશિપુ રોષથી બળવા લાગ્યો. ક્રોધથી તે કાંપતો હતો. દાંતોથી વારંવાર હોઠને ચાવતો હતો. આંખોમાંથી ક્રોધની જ્વાળાઓ નીકળતી હતી. તેની દાઢો વિકરાળ હતી. ભ્રમર ચઢી ગઈ હતી. હાથમાં ત્રિશૂલ લઈ તેણે ભરી સભામાં ત્રાડ નાંખી અને કહ્યું કે હું કહું છું તેમ કરો. મારા ભાઈને મારા દુશ્મનોએ વિષ્ણુ દ્વારા મરાવ્યો. વિષ્ણુ માટે બધા સરખા છે. પણ દેવતાઓએ ગમે તે રીતે વિષ્ણુને પોતાના પક્ષમાં કરી લીધા. હવે હું આ ત્રિશૂલથી તેનું ગળું કાપી નાખીશ. તેના ખૂનથી મારા ભાઈનું તર્પણ કરીશ. ત્યારે મારા હૃદયની પીડા શમી જશે. વિષ્ણુ દેવતાઓનું જીવન છે. તે નહીં રહે તો દેવતાઓ પણ નહીં રહે. આથી હે દૈત્યો, તમે પૃથ્વી પર જાઓ. ત્યાં તપસ્યા, યજ્ઞ, સ્વાધ્યાય અને વ્રત વગેરે કરનારા બધાને મારી નાંખો. આ બધાના ધર્મ-કર્મની જડ વિષ્ણુ છે. તે જ વિષ્ણુના સ્વરૂપ છે. આથી જ્યાં જ્યાં બ્રાહ્મણ, ગાય અને વેદ છે તથા વર્ણાશ્રમ વગેરે ધર્મ-કર્મ વગેરે થાય છે. તે દેશમાં જાવ અને બધાને સળગાવી દો. ઉજાડી દો.

કૌમુદી એચ. પરીખ, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

આ અહીં હિરણ્યકશિપુનો પ્રભુ દ્વેષ દેખાય છે.

(૪૮૬) પ્રવિષ્ટાત્મા = સર્વમાં આત્મારૂપે પ્રવેશ કરનારા

પ્રભુ આત્મા રૂપે સર્વમાં પ્રવેશ કરે છે. પ્રભુ એકલા હતા. આપે અનેક થવાની ઈચ્છા કરી. જેમ વિશાળ અગ્નિમાંથી તણખાઓ છૂટા પડે છે તે રીતે પરમાત્મામાંથી અનેક આત્માઓ છૂટા પડ્યા. પ્રભુ ઈચ્છાથી આત્માને માયાનો સંગ થયો. તે જીવ બન્યો અને દેહ રૂપી ખોળિયામાં પ્રવેશ કર્યો. શ્રુતિ કહે છે - 'અન્તઃપ્રવિષ્ટઃશાસ્તાજનાનામ્' - સર્વના અંતરમાં પ્રભુ બિરાજે છે. શાસન કરે છે. શિક્ષણ આપે છે.

શ્રી ગીતામાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગ યોગમાં ક્ષેત્રજ્ઞ આત્મા છે, એવું નિરૂપણ છે જ. તે રૂપે પરમાત્મા જ છે.

અહીં હિરણ્યકશિપુમાં દ્વેષ ભાવથી પોતાના આત્માને પ્રવિષ્ટ કરાવ્યો છે. તે બધાને પીડે છે. વળી તેને શાપમુક્ત પણ કરવો છે આથી આવા ભાવથી આત્માનો પ્રવેશ કરાવ્યો છે. વાસ્તવમાં તો પ્રભુને દરેકમાં સમભાવ જ છે.

(૪૮૭) અતિભીષણઃ = હિરણ્યકશિપુને અત્યંત ભય ઉત્પન્ન કરનારા પ્રભુ

ભગવાનનું નૃસિંહ સ્વરૂપ અત્યંત ભયાનક છે. મારા ભાઈને વરાહ બની માર્યો હતો. મારો પણ આ જ સ્વરૂપ નાશ કરશે એમ ધારીને હિરણ્યકશિપુને પ્રભુનો બહુ જ ભય લાગતો હતો.

(૪૮૮) શાન્તિજ્ઞાનાદિહેતુઃ = શાન્તિ અને જ્ઞાનના ઉપદેશના પ્રેરક પ્રભુ.

હિરણ્યાક્ષના વધ પછી તેની પત્ની રુષાભાનુ અને માતા દિતિને શોક થયો છે. હિરણ્યકશિપુ તેમને શાન્તિના જ્ઞાનનો ઉપદેશ આપે છે. તે કહે છે કે માનવોના સંબંધ પરબ ઉપર મળેલા તરસ્યાઓના જેવા છે. વાસનાનુસાર કર્મબંધન પૂરાં થતાં સૌ પોતપોતાના કર્માનુસાર જુદા પડવાનાં છે. આત્મા નિત્ય

રુલન રાકેશભાઈ પટેલ, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

છે. સુયજ્ઞ રાજાના દૃષ્ટાંતથી યમ રાજાએ કહેલ તત્ત્વજ્ઞાન કહ્યું. જેણે ગર્ભમાં રક્ષ્યા તે સર્વત્ર રક્ષા કરે છે. હિરણ્યકશિપુ કહે છે 'આત્મા કોણ?' એ જ્ઞાન વગર લોકોને આસક્તિથી પોતાનું અને પારકું લાગે છે. હિરણ્યકશિપુના જ્ઞાનથી સૌએ શોક છોડ્યો. આવા જ્ઞાનની પ્રેરણા કરનારા પ્રભુ જ છે.

(૪૮૯) પ્રહ્લાદોત્પત્તિકારણમ્ = (૧) પ્રહ્લાદની ઉત્પત્તિના કારણ રૂપ (૨) જેમનો અવતાર થવાનું કારણ પ્રહ્લાદ છે એવા.

પ્રહ્લાદજીનો જન્મ ભગવદિચ્છાથી જ થયો છે. પ્રહ્લાદજીએ જ આ કથા તેમના સહ અભ્યાસી છાત્રોને સંભળાવી છે. આ વખતે તેમને નારદજીનું સ્મરણ થયું છે અને આ વાત કરી છે.

પ્રહ્લાદજીના પિતા તપસ્યા કરવા ગયા. આ તકનો દેવોએ લાભ લીધો. દૈત્યો પર આક્રમણની યોજના કરી. દૈત્યો હિંમત હારી ગયા. પોતાના પ્રાણ બચાવવા આમ તેમ ભાગવા લાગ્યા. ઈન્દ્રે પ્રહ્લાદજીની માતા કયાધુને બંદી બનાવી. આ વખતે ભગવદ્ ઈચ્છાથી દેવર્ષિ નારદ ત્યાંથી નીકળ્યા. નારદજીએ ઈન્દ્રને કહ્યું કે કયાધૂના ગર્ભમાં ભગવદ્ ભક્ત છે. આમ કહી કયાધુને છોડાવી. ઈન્દ્ર પણ આ સાંભળીને કયાધૂની પરિક્રમા કરે છે અને પછી પોતાના લોકમાં જાય છે. નારદજીએ કયાધુને પોતાના આશ્રમમાં રાખી.

આ રીતે નારદજી દ્વારા ઈન્દ્રને ખરી વસ્તુની સમજ આપનારા પ્રભુ છે. ઈન્દ્ર દ્વારા યોગ વર્તન કરાવનાર પ્રભુ છે. આમ પ્રહ્લાદજીના જન્મ માટે ભગવદ્ ઈચ્છા જ કારણભૂત છે. ઈન્દ્ર તો પ્રહ્લાદનો નાશ કરવા કૃત નિશ્ચયી હતો. ભગવાને તેની ઈચ્છા સફળ થવા દીધી નહીં.

હિરણ્યકશિપુના પૂછવાથી પ્રહ્લાદે કહ્યું છે કે આ સ્તંભમાં ભગવાન છે. પ્રહ્લાદની વાણી સત્ય કરવા સ્તંભમાંથી નૃસિંહનો પ્રાદુર્ભાવ થયો. આમ ભગવદ્ અવતારનું કારણ પ્રહ્લાદ બન્યા.

દૈત્યસિદ્ધાંતસદ્વક્તા તપઃ સાર ઉદારધીઃ ।
દૈત્યહેતુ પ્રકટનો ભક્તિચિહ્નપ્રકાશકઃ ।।૧૦૨।।

ભાનુપ્રસાદ જમનાદાસ ચોક્સી, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

---

(૪૯૦) દૈત્યસિદ્ધાંતસદ્વક્તા = દૈત્યોના સ્થાનમાં સત્ - શુદ્ધ સિદ્ધાંતનું કથન કરનારા.

પ્રહ્લાદજીએ પોતાના પિતાને ઉત્તરો આપ્યા હતા. દૈત્ય બાળકોને ઉપદેશ આપ્યો હતો. પ્રહ્લાદજીએ ભક્તિના સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું હતું. આ સર્વ સત્ સિદ્ધાંતો હતા.

હિરણ્યકશિપુએ પ્રહ્લાદજીને શિક્ષણ દેવાની વ્યવસ્થા કરી. શુક્રાચાર્યજીને કુલપતિ બનાવ્યા. તેમના પુત્ર શંડ અને મર્કને અધ્યાપક બનાવ્યા.

એકવાર હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પ્રેમથી ખોળામાં બેસાડીને પૂછ્યું: તને કઈ વાત સૌથી સારી લાગે છે? પ્રહ્લાદજી પિતાને કહે છે કે સંસારમાં મનુષ્ય હું અને મારું ના દુરાગ્રહને પકડી રાખે છે તેથી સદા ઉદ્વેગમાં રહે છે. આવા જીવોએ ઘર છોડી વનમાં જઈ પ્રભુના શરણાગત બની જવું. પિતાને ગુસ્સો આવ્યો. ફરી ભણવા ગુરુ પાસે મોકલ્યા.

થોડા દિવસ પછી ફરી પિતાએ પુત્રને કહ્યું કે ગુરુએ જે શીખવ્યું છે તેમાંથી કોઈ સુંદર વાત સંભળાવ.

પ્રહ્લાદજી કહે છે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન આ વિષ્ણુ ભગવાનની નવ પ્રકારની ભક્તિના ભેદ છે. ભગવાનને સમર્પિત થઈ આ નવ પ્રકારની ભક્તિ થાય તો તે ઉત્તમ અધ્યયન છે.

એકવાર પ્રહ્લાદજીએ તેમના સમવયસ્ક છાત્રોને પણ ઉપદેશ કર્યો. મનુષ્ય જન્મ દુર્લભ છે. તેના દ્વારા જ પ્રભુ પ્રાપ્તિ થાય છે. પ્રભુના શરણાગત થવું. સુખ અને દુઃખ પ્રારબ્ધ અનુસાર મળે છે. જનનેન્દ્રિય અને રસના ઈન્દ્રિયના ભોગો બંધન કરાવે છે. પોતાના અને કુટંબીઓના પેટ પાળવામાં જે રચ્યો પચ્યો રહે છે તે વિદ્વાન છતાં અજ્ઞાની છે. પરમાત્મા સર્વના આત્મા છે. અંતર્યામી પણ તે જ છે.

શ્રીહરિએ જ પ્રહ્લાદજી દ્વારા આ સિદ્ધાંતો પ્રકટ કર્યા. દૈત્યોનો સિદ્ધાંત દ્વૈતનો છે. પ્રહ્લાદજીએ તેમને અદ્વૈતનો સિદ્ધાંત કહ્યો છે.

આલાપ શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

(૪૯૧) તપઃ સાર = ભજન રૂપી તપના બલ સ્વરૂપ

હિરણ્યાક્ષને વરાહ ભગવાને માર્યો. હિરણ્યકશિપુને વિચાર આવ્યો કે હું અજેય, અમર, અજર અને સંસારનો એક માત્ર સમ્રાટ બનું. આના માટે તેણે તપ કરવાનું નક્કી કર્યું. મંદરાચલ પર્વતની ઘાટીમાં ગયો. દારૂણ તપ શરૂ કર્યું. હાથ ઉપર ઉઠાવી આકાશની તરફ જોવા લાગ્યો. પગના અંગૂઠાના બળે પૃથ્વી પર ઊભો રહ્યો.

ઘણા દિવસોની તપસ્યા પછી તેના માથામાંથી તપસ્યાની આગનો ધુમાડો નીકળવા લાગ્યો. આ આગ સર્વને બાળવા લાગી. નદી અને સમુદ્રના પાણી ઉકળવા લાગ્યા. દ્વીપ અને પર્વતો સહિત પૃથ્વી ડગમગવા લાગી. ગ્રહો અને તારા તૂટીને પડવા લાગ્યા.

હિરણ્યકશિપુને જે બળ મળ્યું તે તપનું બળ હતું. બળ એ ભગવાનની વિભૂતિ છે. શ્રી ગીતા આજ્ઞા છે, 'બલં બલવતાં ચાહમ્'. બળવાનોનું બળ હું છું.

(૪૯૨) ઉદારધીઃ = પ્રહ્લાદજીની ઉદાર બુદ્ધિના સ્વરૂપવાળા પરમાત્મા.

હિરણ્યકશિપુને ચાર પુત્રો હતા. પ્રહ્લાદજી સૌથી નાના હતા. ગુણોમાં સૌથી મોટા હતા. તેઓ બ્રાહ્મણભક્ત, સૌમ્ય સ્વભાવ, સત્યપ્રતિજ્ઞ અને જિતેન્દ્રિય હતા. વિદ્યા, ધન, સૌંદર્ય અને કુલીનતા હોવા છતાં ઘમંડી ન હતા. લોક પરલોકના વિષયોને નિઃસાર અને અસત્ય માનતા. ચિત્તમાં કોઈ કામના થતી નહીં. શ્રીકૃષ્ણના ચરણોમાં સ્વાભાવિક અને જન્મજાત પ્રેમ હતો. જગતની કોઈ સુધબુધ રહી નહતી. ભગવાનની ભાવનામાં એવા ડૂબી જતા કે કોકવાર નાચતા. ભગવાનના ચરણકમલોની આ ભક્તિ અકિંચન ભગવત્પ્રેમી મહાત્માઓના સંગથી તેમને મળી છે. આથી તે ભગવદ્ રૂપ છે. આમ પ્રહ્લાદજીની ઉદાર-નિર્મળ બુદ્ધિ ભગવદ્ રૂપ હતી.

(૪૯૩) દૈત્યહેતુપ્રકટનઃ = દૈત્યના કારણે પ્રકટ થનાર નૃસિંહ ભગવાન.

પ્રહ્લાદના સંગથી દૈત્ય બાળકો પણ ભગવાનનું ભજન કરવા લાગ્યા. હિરણ્યકશિપુ માટે આ અસહ્ય હતું. પુત્રનો વધ કરવા તત્પર થયો. પ્રહ્લાદજી ત્યારે પણ પ્રેમથી ભગવાનનો મહિમા ગાવા લાગ્યા. અસુર પિતાનો ક્રોધ વધ્યો. ત્રાડ પાડી કહ્યું, મરવાનો થયો છે? મારા વિના જગદીશ્વર બીજો કોણ છે? સર્વત્ર હોય તો આ થાંભલામાં દેખાતો કેમ નથી? તને શરણ આપનાર આજે તારી રક્ષા તો કરે. આમ કહેતો દૈત્ય તલવાર લઈ ઉઠ્યો. કાષ્ઠ સ્તંભ પર વજ્રમુષ્ટિનો પ્રહાર કર્યો. ભીષણ અવાજ થયો. કાન ભરાઈ ગયા. આંખો બંધ થઈ. આંખ ખૂલી ત્યારે નૃસિંહજીના દર્શન થયા. પ્રહ્લાદજી પણ દૈત્ય કુળના જ છે. તેથી પણ તેમના કારણે પ્રકટ થયા.

ગજેન્દ્રભાઈ હીરાલાલ શાહ, ભરુચના જયશ્રીકૃષ્ણ

(૪૯૪) ભક્તિચિહ્નપ્રકાશકઃ = ભક્તિના લક્ષણોને પ્રકાશ કરનાર

પ્રહ્લાદજીમાં બાળપણથી જ ભક્તિનાં લક્ષણો છે. ભગવાન જ તેને પ્રકાશ કરનારા છે.

પ્રહ્લાદજી પ્રાણીમાત્રને પોતાના સમાન ગણી વર્તન કરતા. મોટા લોકોના ચરણમાં સેવકની જેમ ઝૂકતા. મોટાં મોટાં દુઃખોથી જરા પણ ડરતા ન હતા. ઈન્દ્રિય , પ્રાણ, શરીર અને મન તેમના વશમાં હતા. ભગવાનના ગુણો અનંત છે. આ રીતે પ્રહ્લાદજીના ગુણોની કોઈ સીમા નથી.

દેવતાઓ માટે પ્રહ્લાદજી દૈત્ય હોવાથી શત્રુ છે. છતાં બીજા ભક્તોને પ્રહ્લાદ જેવા કહી તેમનું સન્માન કરતા હતા. તે અજાત શત્રુ હતા. આ લક્ષણોમાં અતિ મહત્ત્વનું લક્ષણ (૭-૪-૩૭) પ્રમાણે - શ્રી કૃષ્ણે એમના આત્માને પોતાની પકડમાં લઈ લીધો હતો. તેથી પ્રહ્લાદજી આ જગતને જેવું દેખાય છે તેવા સ્વરૂપનું જાણતા ન હતા.

સદ્ દ્વેષહેતુઃ સદ્વેષ વાસનાત્મા નિરંતરઃ ।
નૈષ્ઠુર્યસીમા પ્રહ્લાદ-વત્સલઃ સંગદોષહા ॥૧૦૩॥

(૪૯૫) સદ્દ્વેષહેતુઃ = સત્ એટલે પ્રહ્લાદમાં તેના પિતાનો દ્વેષ થવામાં કારણરૂપ.

હિરણ્યકશિપુનું આકરું તપ હતું. બ્રહ્માજીનું વરદાન હતું. આથી તે દિગ્વિજયી અને એકચ્છત્ર સમ્રાટ થયો. ઐશ્વર્ય મદ અને ઘમંડથી ચૂર થઈ ગયો. શાસ્ત્રોની મર્યાદા ઉલ્લંઘી ગયો. આથી લોકપાલો ગભરાયા. તેમની

નિર્મળાબેન ગજેન્દ્રભાઈ શાહ, ભરુચના જયશ્રીકૃષ્ણ

પાસે કોઈ આશ્રય ન રહ્યો. હવે ભગવાનનું શરણ લીધું. ખાવા પીવાનું છોડી ભગવાનની આરાધના કરી. પ્રભુ પ્રસન્ન થયા. આકાશવાણી થઈ 'તમે ડરો નહીં. આ નીચ દૈત્યની દુષ્ટતા હું જાણતો હતો. હું એને મિટાવી દઈશ. થોડા સમયની પ્રતીક્ષા કરો. વ્યક્તિ જ્યારે દેવતા, વેદ, ગાય, બ્રાહ્મણ, સાધુ, ધર્મ અને મારાથી દ્વેષ કરે છે, ત્યારે તેનો તરત નાશ થાય છે.'

જ્યારે તે પોતાના વેર વગરના શાંત અને મહાત્મા પુત્ર પ્રહલાદનો દ્રોહ કરશે, તેનું અનિષ્ટ કરશે ત્યારે તેને હું અવશ્ય મારી નાખીશ. ભગવાન આવા સુપુત્ર તરફ પિતાનો દ્વેષ પેદા કરાવવા ઈચ્છતા હતા, જેથી અસુરનો નાશ કરી શકાય.

(૪૯૬) સદ્દ્વેષ વાસનાત્મા = (૧) સત્પુરુષો તરફ દ્વેષની વાસનામાં પરમાત્મા જ કારણભૂત રહેલા છે. (૨) ભક્તજનો પર દ્વેષ કરવો એ જ જેમને પ્રાપ્ત કરવામાં અંતરાય રૂપ છે એવા પરમાત્મા.

સત્ પુરુષો તરફ દ્વેષ રૂપી કર્મના હેતુ પરમાત્મા છે. તેવા કર્મથી થતી વાસનાના પણ કારણરૂપ પરમાત્મા છે. બ્રહ્મવાદના સિદ્ધાંત પ્રમાણે સારું કે ખોટું દેખાતું સર્વ ભગવાનથી પ્રેરિત છે. અને ભગવદ્ સ્વરૂપ છે. આ સિદ્ધાંત આ નામના મૂળમાં છે.

બીજા અર્થ પ્રમાણે :- ભગવદીયો પર દ્વેષ ન કરવો. તેમની નિંદા ન કરવી. આ બંને વસ્તુઓ ભગવાનનું શરણ પ્રાપ્ત કરવામાં મુખ્ય બાધક બને છે.

(૪૯૭) નિરન્તરઃ = દૈત્યોથી સાવ જુદા

નિરન્તરઃ 'એટલે નિઃશેષેણ અંતરઃ' ભગવાન દૈત્યોના અસુરભાવથી જુદા છે. આથી અસુરોને તે મળતા નથી. આસુરી જીવો નિરંતર સંસારના પ્રવાહમાં તણાતા જ રહે છે. જ્યાં સુધી અસુરભાવ છે ત્યાં સુધી પ્રભુ પ્રાપ્તિ નથી.

(૪૯૮) નૈષ્ઠુર્યસીમા = નિર્દયતાની સીમા - અવધિરૂપ પરમાત્મા

મધુરિકાબેન વિદ્યાધરભાઈ મહેતા, મહેસાણાના જયશ્રીકૃષ્ણ

પ્રભુ પરમકૃપાલુ છે. કરુણાના સાગર છે. પ્રહ્‌લાદ ભક્ત છે. પ્રભુ પર અપાર પ્રેમ છે. આ પ્રેમની કસોટી પ્રભુ કરે છે. દૈત્ય હિરણ્યકશિપુ દ્વારા આ કસોટી કરી છે.

દૈત્યે પ્રહ્‌લાદને મારવા અનેક તરકીબો કરી પણ પ્રહ્‌લાદજીનો પ્રભુ પ્રત્યે પ્રેમ તેવો ને તેવો જ દૃઢ રહ્યો છે. આમ અહીં ભક્ત પરીક્ષા માટે પ્રભુ દૈત્ય દ્વારા ઘણા કઠોર ઉપાયો કરે છે. અહીં આ રીતે પ્રભુ નિર્દયતાની સીમા રૂપ છે તેમ કહે છે. જોકે પ્રભુએ જ તે બધા ઉપાયો નિષ્ફળ કરી ભક્ત રક્ષા કરી છે.

ભક્ત રક્ષણ માટે પ્રભુ નૃસિંહ બને છે. હિરણ્યકશિપુને ચીરી નાંખે છે. આ ભયાવહ સ્વરૂપનું વર્ણન શ્રીભાગવતમાં છે. આ રૂપ અત્યંત ભયાનક છે. તપાવેલા સોના જેવી પીળી અને ભયંકર આંખો હતી. બગાસું ખાતી વખતે ગરદનના વાળ આમ તેમ ઉડી રહ્યા હતા. વિકરાળ દાઢો હતી. છરા જેવી ધારવાળી અને તલવાર જેવી લપલપાતી જીભ હતી. ત્રાંસી ભ્રમરથી વધુ વિકરાળ લાગતા હતા. કાન ઊભા થઈ ગયા હતા. ફૂલેલું નાક અને ખુલેલું મોં પહાડની ગુફા જેવું લાગતું હતું. ફાટેલા જડબાથી ઓર ભયંકરતા દેખાતી હતી. વિશાળ શરીર સ્વર્ગનો સ્પર્શ કરતું હતું. ગરદન થોડી બટકી અને જાડી હતી. છાતી પહોળી અને કમર પાતળી હતી. શરીર પર રોમાવલીઓ ચમકતી હતી. ચારે બાજુ ઘણી ભુજાઓ ફેલાયેલી હતી. મોટા નખ આયુધ જેવા લાગતા હતા.

આ પ્રકારે પણ અહીં નિષ્ઠુરતાની અવધિરૂપ પરમાત્મા છે.

(૪૯૯) પ્રહ્‌લાદવત્સલઃ = પ્રહ્‌લાદ તરફ વત્સલતા દર્શાવનારા પ્રભુ.

હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદજીને દારૂણ દુઃખો આપ્યા છે. પ્રહ્‌લાદજીને મારી નાંખવાનો ઉદ્યમ કર્યો છે. આમ છતાં પ્રહ્‌લાદજીને કષ્ટ થયા નથી. કોઈ ઉપાય દુઃખદાયક બન્યો નથી. આ જ ભગવાનની વત્સલતાનો ચોક્કસ પૂરાવો છે. કારણ પ્રભુએ જ પ્રહ્‌લાદજીને સર્વ રીતે રક્ષ્યા છે.

(૫૦૦) સંગદોષહા = સંગતિ (દુસંગ) ના દોષને હણનારા (નાશ કરનારા)

ગો. વા. અ. સૌ. અરુણાબેન ચંદુલાલ શાહ, પુનાના જયશ્રીકૃષ્ણ

પ્રહ્લાદજીને દૈત્યોનો સંગ હતો. ભગવત્ કૃપાથી સંગ દોષ લાગ્યો નથી. દૈત્ય કુળમાં જન્મ છતાં કુળ દોષ લાગ્યો નથી. ભગવાને તેમના મસ્તક પર કરકમલ ધર્યો છે. પ્રહ્લાદજીની વાણી છે 'મુકુન્દ ચરણનું ભજન કરવાથી દેવ, અસુર, મનુષ્ય. યક્ષ ગંધર્વ ગમે તે પ્રકારનો જીવ હોય તો પણ તે સ્વસ્તિમાન થાય છે. જેવી રીતે હું દૈત્ય સંગી હોવા છતાં સ્વસ્તિમાન થયેલો છું. દૈત્ય બાલકોને પ્રહ્લાદજી આ કહી રહ્યા છે. (૭-૭-૫૦)'

હવે અહીંથી નૃસિંહ અવતારનાં નામો શરૂ થાય છે.

મહાનુભાવઃ સાકારઃ સર્વાકારઃ પ્રમાણભૂઃ ।
સ્તમ્ભપ્રસૂતિર્નૃહરિર્નૃસિંહો ભીમવિક્રમઃ ॥૧૦૪॥

(૫૦૧) મહાનુભાવઃ = (૧) મહાન પ્રભાવવાળા પરમેશ્વર (૨) પ્રહલાદ સ્વરૂપે મહાન પ્રતાપવાળા ભક્તવર્ય.

ભગવાનનું સામર્થ્ય અચિંત્ય છે. અવર્ણનીય છે. પ્રહ્લાદજીની રક્ષા કરવામાં તેનું દર્શન થાય છે.

પ્રહ્લાદજી એ પ્રભુનું જ સ્વરૂપ છે. શ્રી ગીતાના વિભૂતિ યોગમાં શ્રીકૃષ્ણ વાક્ય છે 'પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનામ્' - 'દૈત્યોમાં હું પ્રહ્લાદ છું.' તેથી જ પ્રહ્લાદજીમાં દૃઢ ભગવદ્ ભાવ, દિવ્ય પ્રભાવ, શાંત સ્વભાવ જેવા અનેક ગુણો બિરાજે છે.

(૫૦૨) સાકારઃ = નૃસિંહ સ્વરૂપે સાકાર થયેલા પ્રભુ

શ્રી વ્યાસજીને સાકાર સ્વરૂપ અભિપ્રેત છે. ભક્તોને તો સાકાર સ્વરૂપ જ ગમે છે. પ્રહ્લાદજીએ પ્રભુને બોલાવ્યા અને તેની સાથે જ વર્તન કરનાર પ્રત્યક્ષ રૂપે શ્રીનૃસિંહ પ્રકટ થયા છે.

(૫૦૩) સર્વાકારઃ = સર્વ સ્વરૂપવાળા (આકારવાળા)

શ્રીકૃષ્ણ સમસ્ત વિશ્વમાં સર્વરૂપે પ્રકાશમાન છે. શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે 'રૂપનામ વિભેદેન જગત ક્રીડતિ યોયતઃ' જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં ઈશ્વર જ છે. પ્રભુ સિવાયનો અણુભાગ પણ બાકી નથી. જુદા જુદા રૂપ અને નામથી પ્રભુ જ જગતમાં ક્રીડા કરે છે. આથી જ આપ સ્તંભમાંથી પ્રકટ થયા છે. આ સમયે આપનું સ્વરૂપ નહિ મનુષ્યમાં અને નહિ સિંહમાં એવું ઘણું જ વિસ્મયજનક અને ભયંકર છે. આમ સર્વથી વિલક્ષણ આકારવાળા પ્રભુ છે.

સુરભીબેન પંકજકુમાર ગાંધી, દાહોદના જયશ્રીકૃષ્ણ

(૫૦૪) પ્રમાણભૂઃ = પ્રહ્લાદજીના વાક્યને પ્રમાણભૂત કરવાવાળા.

હિરણ્યકશિપુએ પ્રહ્લાદજીને પૂછ્યું - 'પ્રભુ સર્વ વ્યાપક છે તો આ સ્તંભમાં દેખાતા કેમ નથી?' દૈત્ય સ્તંભ ઉપર તલવારથી વાર કરી તેનો નાશ કરવાનો પ્રયત્ન કરે છે. આ સાથે જ પ્રભુ સ્તંભમાંથી પ્રકટ થયા. પોતાની સર્વવ્યાપકતા સત્ય કરી. પ્રહ્લાદજીના વચનને સત્ય કર્યું. પ્રમાણભૂત કર્યું. આ રીતે પ્રભુ ભક્તવત્સલતા અને ભક્તાધીનતાના દર્શન કરાવે છે.

(૫૦૫) સ્તમ્ભપ્રસુતિઃ = સ્તંભમાંથી પ્રકટ થયેલા નૃસિંહ ભગવાન.

દૈત્ય બાળકો પ્રહ્લાદજીની વાતને માની લેતા. ગુરુ શિક્ષા તરફ ધ્યાન ન દીધું. ગુરુએ હિરણ્યકશિપુને જણાવ્યું. હિરણ્યકશિપુ ક્રોધથી કાંપતો હતો. પુત્રને મારી નાખવાનો નિશ્ચય કર્યો. પ્રહ્લાદજી નમ્રતાથી હાથ જોડી પિતાની પાસે ઉભા હતા. પિતા કહે છે કે હું થોડો ક્રોધ પણ કરું તો ત્રણે લોકના લોકપાલ અને લોક કંપે છે. હે મૂર્ખ! તું કોના બલબૂતા પર નીડર થયો છે અને મારી આજ્ઞા વિરૂદ્ધ વર્તે છે? તેના ઉત્તરમાં પ્રહ્લાદજી કહે છે કે હરિ જ સર્વને બલ આપે છે. પ્રહ્લાદજી હરિના સ્વરૂપનું વર્ણન કરે છે. 'બ્રહ્માજીથી તૃણ સુધી બધાને પ્રભુએ વશ કરી રાખ્યા છે. બળવાનોનું બળ પણ તે જ છે. મહાપરાક્રમી અને સર્વ શક્તિમાન છે. ઈન્દ્રિયબલ, મનોબલ, દેહબલ, ધૈર્ય અને ઈન્દ્રિય પણ તે જ છે.

પ્રહ્લાદજીએ **સાકારઃ** અને **સર્વાકારઃ** સ્વરૂપ પ્રભુ માટે કહ્યું છે. આ સ્વરૂપને સિદ્ધ કરવા પ્રભુ **પ્રમાણભૂઃ** પ્રમાણભૂત કરનારા થયા.

હિરણ્ય કશિપુ પૂછે છે, 'શું ભગવાન સર્વત્ર છે? તો આ ખંભમાં કેમ દેખાતા નથી?' હું હમણાં તારું માથું ધડથી અલગ કરું છું. જોઉં છું કે કઈ રીતે તારી રક્ષા કરે છે.

હિતેશભાઈ ડી. શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

દૈત્યના આ કટાક્ષને ખોટો કરવા પ્રભુ સ્તંભમાંથી પ્રકટ થયા. પોતાના સેવકનું વચન સાચું જ છે. પ્રભુ સર્વ ભૂતોમાં છે. સર્વ વ્યાપક છે. આ સિદ્ધ કરવા પ્રભુ સ્તંભમાંથી પ્રકટ થયા.

(૫૦૬) નૃહરિઃ = મનુષ્ય અને સિંહ એવા મિશ્ર સ્વરૂપવાળા ભગવાન.

પ્રહ્‌લાદજી સ્તુતિમાં કહે છે કે ભગવાન પોતાની દિવ્ય શક્તિથી વિશ્વને સરજે છે. પાલન કરે છે અને ગ્રાસ કરી લે છે. આ સંદર્ભમાં નૃહરિઃ નો એક અર્થ એવો નીકળે કે પ્રલય સમયે મનુષ્ય માત્રને જીવ માત્રને પ્રભુ પોતાના સ્વરૂપમાં હરિ લે છે - તિરોહિત કરે છે. (નૃ=મનુષ્યો)

આ અર્થ એટલા માટે કે હવેનું નામ નૃસિંહઃ છે એટલે પુનરુક્તિ ન થાય તેથી આ અર્થ કર્યો છે.

(૫૦૭) નૃસિંહઃ = નરસિંહનું રૂપ ધારણ કરનારા.

હિરણ્યકશિપુએ બ્રહ્માજી પાસે વરદાન માંગેલું કે આપે બનાવેલ કોઈ પણ પ્રાણીથી કે કોઈનાથી પણ મારું મૃત્યુ થાય નહીં. અંદર-બહાર, દિવસે કે રાત્રિમાં, અસ્ત્ર-શસ્ત્રથી, પૃથ્વી કે આકાશમાં કોઈ પણ તમારા બનાવેલ કે તેથી અતિરિક્ત જીવથી હું મરું નહીં. હિરણ્યકશિપુની તપસ્યાથી પ્રસન્ન થયેલ બ્રહ્માજીએ વરદાન આપ્યું પણ ખરું. આવી સ્થિતિમાં ભગવાને ન મૃગો ન માનુષઃ એવું નરસિંહનું રૂપ લેવું પડ્યું.

(૫૦૮) ભીમવિક્રમઃ = ભયંકર પરાક્રમવાળા

હિરણ્યકશિપુનો વધ કરવા પ્રભુએ ભયાનક પરાક્રમ દાખવ્યું છે.

દૈત્યે ગદા જોરથી ફેરવી. નૃસિંહ ભગવાન પર પ્રહાર કર્યો. તે સાથે જ પ્રભુએ તેને ગદા સાથે પકડી લીધો. ગરૂડ સાપને પકડે તેવું દશ્ય તે હતું. પ્રભુ દૈત્યની સાથે ખિલવાડ કરવા લાગ્યા. તે દરમ્યાન દૈત્ય છટક્યો. તે વખતે એવું દશ્ય લાગ્યું કે ક્રીડા કરતા ગરુડની ચુંગલમાંથી સાપ છૂટી ગયો. હિરણ્યકશિપુને લાગ્યું કે તેના બળથી તે છૂટ્યો. ઢાલ તલવાર લઈ ફરી દોડ્યો. ઉછળી ઉછળીને જુદા જુદા પેંતરા કરવા લાગ્યો. તે વખતે ભગવાને પ્રચંડ અને ભયંકર અટ્ટહાસ્ય કર્યું. ભગવાને દૈત્યને પકડ્યો. દૈત્યની આંખો બંધ થઈ ગઈ. ભગવાન તેને સભાના દરવાજા પર લાવ્યા. પોતાની જાંઘો પર પટક્યો અને રમતા રમતા પોતાના નખોથી તેને ફાડી નાંખ્યો. જાણે કે ગરુડ સાપને ચીરી નાંખે તેવું દશ્ય લાગતું હતું.

કુસુમબેન અરુજીસ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

વિકટાસ્યો લલજ્જિહ્વો - નખશસ્ત્રો જ્વોત્કટઃ ।
હિરણ્યકશિપુચ્છેદી ક્રૂર દૈત્ય નિવારકઃ ॥૧૦૫॥

(૫૦૯) વિકટાસ્યઃ = વિકરાળ મુખવાળા

સ્તંભમાંથી પ્રકટ થયેલ નરસિંહ ભગવાનનું મુખ વિકરાળ હતું. આઠમા અધ્યાયમાં તેનું વર્ણન આ પ્રકારે છે.

શ્રી નરસિંહનું રૂપ અત્યંત ભયાનક હતું. તપાવેલા સોના જેવી પીળી-પીળી ભયાનક આંખો હતી. બગાસા ખાતા હતા. આ વખતે ગરદન ઉપરના વાળ આમ તેમ લહેરાતા હતા. ભગવાનની દાઢો ખૂબ વિકરાળ હતી. જીભ છરીની ધાર જેવી તીક્ષ્ણ હતી અને તલવારની જેમ લપલપાતી હતી. ભ્રમરો વાંકી થયેલી. આથી મુખ વધુ દારૂણ થયું હતું. કાન ઉપર તરફ થઈ ગયા હતા. નાસિકા ફૂલી ગઈ હતી. મોં ખુલ્લુ હતું. આથી તે ગુફા જેવું અદ્‌ભુત જણાતું હતું. જડબા ફાટેલા હતા આથી તેમની ભયંકરતા ખૂબ વધી ગઈ.

(૫૧૦) લલજ્જિહ્વઃ = ચોતરફ જેની જીભ લળી રહી છે તેવા.

ઉપર જોયું તે પ્રમાણે ભગવાન નૃસિંહની જીભ તલવારની જેમ ફરતી હતી. છરીની ધાર જેવી તીક્ષ્ણ જીભ હતી. લપલપાતી જીભ ચોતરફ લળી રહી હતી.

(૫૧૧) નખશસ્ત્રઃ = નખરૂપ આયુધધારી પ્રભુ

હિરણ્યકશિપુએ અત્યંત દારૂણ તપ કર્યું. બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. વરદાન માંગવા કહ્યું. દૈત્યે માંગ્યું કે મારું મૃત્યુ મનુષ્ય કે પશુ, પ્રાણી કે અપ્રાણી, દેવતા કે દૈત્ય અથવા નાગ વગેરેથી થાય નહિ. મારું મૃત્યુ અંદર-બહાર, દિવસે, રાત્રિએ, આપે બનાવેલ પ્રાણીઓ સિવાયના કોઈ પણ જીવથી,

એક વૈષ્ણવ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

અસ્ત્ર-શસ્ત્રથી, પૃથ્વી કે આકાશમાં ક્યાંય પણ થાય નહિ. 'ન નરૈઃ ન મૃગૈરપિ'-

આવું વરદાન હોવાથી ન મનુષ્ય કે ન પશુ એવું મિશ્ર નર અને હરિનું સ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું. નખની ગણત્રી શસ્ત્ર કે અસ્ત્રમાં થતી નથી. દૈત્યને નૃસિંહજીએ નખથી ચીરી નાંખેલો.

(૫૧૨) જ્વોત્કટઃ = યુદ્ધના વેગને લીધે નં સહન કરી શકાય તેવા.

દૈત્ય ઢાલ અને તલવાર લઈ પ્રભુને મારવા દોડ્યો. તે વખતે તે બાજની જેમ ખૂબ વેગથી ઉછળકૂદ કરતો હતો. ઢાલ-તલવારના દાવ અજમાવતો હતો. તે વખતે ભગવાને ઊંચા સ્વરથી પ્રચંડ અટ્ટહાસ્ય કર્યું. દૈત્યની તેથી આંખો બંધ થઈ ગઈ. ભગવાને અત્યંત વેગથી ઝાપટ મારી તેને પકડી લીધો. એક સાપ ઉંદરને ઝપટી લે તેવું લાગતું હતું. આઠમા અધ્યાયમાં 'મહાજવઃ' શબ્દ છે. તેનો આ અનુવાદ છે.

(૫૧૩) હિરણ્યકશિપુરછેદીઃ = હિરણ્યકશિપુને ચીરી નાખનારા.

ભગવાને દૈત્યને પકડ્યો. દૈત્ય ભગવાનના હાથમાંથી છુટવા છટપટાતો હતો. ભગવાન તેને રાજ્યસભાના દરવાજા પર લાવ્યા. પોતાની જાંઘો પર પાડી દીધો. એક ગરૂડ સાપને ચીરી નાંખે તેમ રમત-માત્રમાં દૈત્યને નખોથી ફાડી નાંખ્યો.

(૫૧૪) ક્રૂર દૈત્ય નિવારકઃ = દૈત્યના ક્રૂર અનુચરોનો નાશ કરનારા.

ભગવાને પોતાના તીક્ષ્ણ નખોથી દૈત્યનું કલેજું ફાડી તેને જમીન પર પટકી દીધો. તે સમયે હજારો દૈત્ય-દાનવો હાથમાં શસ્ત્રો લઈ ભગવાન પર પ્રહાર કરવા આવ્યા. ભગવાને પોતાની ભુજારૂપી સેનાથી, લાતોથી અને નખરૂપી શસ્ત્રોથી ચારે બાજુ તેમને ખેંચી ખેંચીને મારી નાંખ્યા.

સિંહાસ્થનસ્થઃ ક્રોધાત્મા લક્ષ્મીભયવિવર્ધનઃ ।
બ્રહ્માદ્યત્યન્તભયભૂ-અપૂર્વાચિન્ત્યરૂપધૃક્ ॥૧૦૬॥

(૫૧૫) સિંહાસ્થનસ્થઃ = સિંહાસન પર બિરાજનારા.

ગો.વી. શ્રી રવિન્દ્રભાઈ જે. શાહ અને હંસાબેન આર. શાહ, થાણાના જયશ્રીકૃષ્ણ

હિરણ્યકશિપુને માર્યો, તે વખતે ભગવાનના વાળના હલન ચલનથી વાદળો તિતર બિતર (આમતેમ) થવા લાગ્યા. આંખોમાંથી જવાળાઓ નીકળતી હતી. આનાથી સૂર્ય વગેરેના તેજ ઝાંખા પડ્યા. તેમના શ્વાસના ધક્કાથી સમુદ્ર ક્ષુબ્ધ થઈ ગયા. તેમના સિંહનાદથી હાથીઓ ભયભીત થઈ અવાજ કરવા લાગ્યા. ગરદનના વાળ સાથે દેવતાઓના વિમાન અસ્તવ્યસ્ત થયા. સ્વર્ગ ડોલવા લાગ્યું. પગના પછડાટથી ધરતીકંપ આવ્યો. પર્વતો ઉડવા લાગ્યા.

આ વખતે ભગવાનનો સામનો કરનાર કોઈ દેખાતું નહોતું. આમ છતાં તેમનો ક્રોધ હજુ વધતો જ જતો હતો. હવે તે દૈત્યની રાજસભામાં ઊંચા સિંહાસન ઉપર જઈને બિરાજ્યા.

(૫૧૬) ક્રોધાત્માઃ = અત્યંત ક્રોધથી પૂર્ણ જેમનો આત્મા (સ્વરૂપ) છે.

નૃસિંહજી નૃપાસન (રાજ્યાસન) પર બિરાજ્યા. આ વખતે તેમનો ચહેરો ખૂબ જ તેજોમય હતો. ચહેરો ક્રોધવાળો ભયંકર હતો. આથી કોઈએ તેમની પાસે જવા સાહસ કર્યું નહિ.

(૫૧૭) લક્ષ્મીભયવિવર્ધનઃ = લક્ષ્મીજીના ભયને વધારનારા.

દૈત્યના મર્યા પછી પ્રભુ શાંત થતા ન હતા. બ્રહ્મા, ઈંદ્ર, શંકર, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો અને પાર્ષદો વગેરે આવ્યા. તે બધાએ દૂરથી અલગ અલગ રીતે સ્તુતિ કરી. આનાથી પણ પ્રભુ શાંત ન થયા. પ્રભુનો બીજો છેડો દેખાતો ન હતો. (ભગવાન હજુ મન્યુસરંલમ્ સુદુરાસદમ્ હતા.) હવે દેવતાઓએ લક્ષ્મીજીને મોકલ્યાં. લક્ષ્મીજીએ ભગવાનનું મહાન અદ્ભુત રૂપ જોયું. લક્ષ્મીજીને ભય લાગ્યો. તેઓ પણ પ્રભુ પાસે જઈ ન શક્યાં. તેમણે પ્રભુનું આવું સ્વરૂપ ક્યારે પણ જોયું ન હતું કે સાંભળ્યું પણ ન હતું. આથી તેઓ પણ ભય અને શંકાથી પાસે ન ગયાં. (નો પેયાય)

(૫૧૮) બ્રહ્માદ્યત્યન્તભયભૂઃ = બ્રહ્માજી વગેરેને અત્યંત ભય ઉત્પન્ન કરનારા.

નૃસિંહ ભગવાનના સ્વરૂપ અને ક્રોધથી બ્રહ્માજીને ભય થયો. બ્રહ્માજીએ

ચિ. સૌરભભાઈ રાજેશ શેઠ, વેલ્હા-પુનાના જયશ્રીકૃષ્ણ

જ દૈત્યને વરદાન આપ્યું હતું. આથી ભગવાનને આવું વિચિત્ર રૂપ લેવું પડ્યું. આથી બ્રહ્માજીને અત્યંત ભય થયો.

(૫૧૯) અપૂર્વાચિન્ત્યરૂપધૃક્ = અપૂર્વ અને અચિન્ત્ય રૂપ ધારણ કરનારા.

નૃસિંહ સ્વરૂપ અગાઉ કોઈએ જોયું નહતું. આવું સ્વરૂપ ભગવાને પહેલાં લીધું ન હતું આથી તે અપૂર્વ સ્વરૂપ કહેવાય. કોઈની પણ કલ્પનામાં આવી શકે તેવું ન હતું. આથી અચિન્ત્ય કહેવાય. પાર્ષદો તો નિત્ય ભગવાનની સમીપમાં રહે છે. છતાં સ્તુતિમાં ગાય છે કે હે શરણાગત વત્સલ! હે લોકોને શાંતિ આપનારા પ્રભુ, આ અલૌકિક નૃસિંહ રૂપ અમે આજે જ જોયું. આ પાર્ષદોના નામ સુનંદ, કુમદ વગેરે હતા.

ભક્તૈકશાન્ત હૃદયો ભક્ત સ્તુત્યઃ સ્તુતિપ્રિયઃ ।
ભક્તાંગલેહનોદ્ભૂત - ક્રોધપુંજઃ પ્રશાન્તધીઃ ।।૧૦૭।।

(૫૨૦) ભક્તૈકશાન્તહૃદયઃ = કેવળ ભક્ત માટે જ જેમનું હૃદય શાંત છે.

કેવળ ભક્ત દ્વારા જ જેમનું હૃદય શાંત થાય એવા નૃસિંહ ભગવાન બ્રહ્માજી વગેરે દેવો કે લક્ષ્મીજીથી શાંત ન થયા. ત્યારે બ્રહ્માજીએ પ્રહ્લાદજીને કહ્યું કે હવે તમે જ નજીક જઈ પ્રભુને શાંત કરો. પ્રહ્લાદજી તો ભગવાનના પરમ પ્રેમી છે. તેઓ ધીરેથી ભગવાન પાસે ગયા. બે હાથ જોડ્યા અને પૃથ્વી પર સાષ્ટાંગ દંડવત્ કર્યા. ભગવાને જોયું કે એક નાનો બાળક મારા ચરણો પાસે પડ્યો છે. પ્રભુનું હૃદય દયાથી ભરાઈ ગયું. પ્રહ્લાદજીને ઉભા કર્યા. તેમના માથા પર હસ્ત કમલ ધરી દીધો.

(૫૨૧) ભક્તસ્તુત્યઃ = ભક્તથી સ્તુતિ કરવા યોગ્ય અથવા ભક્તથી સ્તુતિ પામેલા.

ભગવાનના કર કમલનો સ્પર્શ થતાં પ્રહ્લાદજીને પરમાત્મ તત્વનો સાક્ષાત્કાર થયો. તેમણે ભગવાનના ચરણ કમલ પોતાના હૃદયમાં ધારણ

ભાવના સી. કાનાબાર, વડોદરાના જયશ્રીકૃષ્ણ

કર્યા. સમગ્ર શરીરમાં પ્રેમની ધારા પ્રવાહિત થઈ. નેત્રોથી આનંદના અશ્રુ ઝરવા લાગ્યા. પ્રહ્લાદજીનું હૃદય ભાવપૂર્ણ થયું. ભાવ સમાધિ લાગી. મન એકાગ્ર થયું. ભગવાનના ગુણોનું ચિંતન કર્યું અને પ્રેમથી ગદ્ગદ્ થયેલી વાણીથી સ્તુતિ કરી. સપ્તમ સ્કન્ધના નવમા અધ્યાયના આઠમા શ્લોકથી પચાસમા શ્લોક સુધી આ સ્તુતિ છે. પ્રહ્લાદજીએ ખૂબ જ પ્રેમથી પ્રકૃતિ અને પ્રાકૃત ગુણોથી રહિત ભગવાનના સ્વરૂપભૂત ગુણોનું વર્ણન કર્યું. ભગવાનની શ્રેષ્ઠ સ્તુતિઓમાં આ સ્તુતિનો સમાવેશ થાય છે. આથી આ નામ શ્રીવલ્લભે પ્રકટ કર્યું છે.

(૫૨૨) સ્તુતિપ્રિયઃ = સ્તુતિ જેમને પ્રિય છે એવા.

પ્રહ્લાદજીએ સ્તુતિ કરી. ભગવાનના ચરણોમાં મસ્તક ઝુકાવી ચૂપ થઈ ગયા. નૃસિંહ ભગવાનનો ક્રોધ શાંત થયો. અને ખૂબ પ્રેમથી અને પ્રસન્નતાથી ભક્તને કહેવા લાગ્યા.

(૫૨૩) ભક્તાંગલેહનોદ્ભૂતક્રોધપૂંજઃ = ભક્તના અંગોને ચાટવાથી જેમનો મહાન ક્રોધ શાંત થવા પામ્યો હતો.

ભગવાને પ્રહ્લાદજીના અંગોનું આસ્વાદન કર્યું. આનાથી તે ક્રોધ રહિત થયા.

(૫૨૪)પ્રશાંતધીઃ = જેમની બુદ્ધિ સંપૂર્ણ શાંત છે એવા નિર્વિકાર પ્રભુ.

પ્રભુ સ્વરૂપથી તો શાંત જ છે. પ્રહ્લાદજીમાં વિષય અભિલાષા નથી. પ્રહ્લાદજીની બુદ્ધિ જ્ઞાનનિષ્ઠ છે. આવી બુદ્ધિ પ્રભુથી જ બની છે.

સ્મૃતિમાત્ર ભયત્રાતા બુદ્ધબુદ્ધિપ્રદાયકઃ ।
ગોરૂપધાર્યમૃતપાઃ શિવકીર્તિવિવર્ધના ।।૧૦૮।।

(૫૨૫) સ્મૃતિમાત્રભયત્રાતાઃ = કેવળ સ્મરણ માત્રથી ભયમાંથી રક્ષણ કરનાર.

અનેક ભક્તોએ પ્રભુનું સ્મરણ કર્યું છે. ભગવાને આ ભક્તોને ભયમુક્ત કર્યા છે. ભગવાન દયાળુ છે. સ્નેહથી સ્મરણ કરે તેને તો તારે જ. અરે!

ગો.વા.તારાગૌરી મહેશચંદ્ર વોરા પરિવાર, વડોદરાના જયશ્રીકૃષ્ણ

સ્નેહ વગર પણ સ્મરણ કરે તો તેને પણ તારે છે. દયારામભાઈ ૨૨મા ચંદ્રાવળામાં કહે છે.

કંસ શિશુપાળ કુબ્જાદિકે વેરે સમર્યા શ્યામ,
એ વિના નાના ભાવથી સ્મર્યે સર્યાં સર્વનાં કામ,
કામ થયા તુચ્છ ભાવે જ્યારે
શું કહેવું સ્નેહે સમરે પછી ત્યારે
ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું,
તો ભવસંકટ સહુ તેનું ભાગ્યું.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ... ૨૨

૨૪મા ચંદ્રાવળામાં દયારામભાઈ કહે છેઃ

એકવાર આખા જન્મમાં જો શ્રીકૃષ્ણ ચરણ સ્મરાય.
તો દર્શન યમદૂતનું, કદી સ્વપ્ને નવ થાય.

સુરદાસજીના પદ પ્રમાણે – યમલાર્જુન, ગજ, દ્રુપદ સુતા, વ્રજવાસીઓ વગેરેએ પ્રભુને સ્મર્યા. પ્રભુએ તેમને ભયથી બચાવ્યા. આવા ઘણા ઉદાહરણો છે.

શ્રીમહાપ્રભુજી પણ 'સ્મૃતિમાત્રાર્તિનાશનઃ' છે.

(૫૨૬) બ્રહ્મબુદ્ધિપ્રદાયકઃ = બ્રહ્માજીને બુદ્ધિ આપનારા

અસુરોને વરદાનો આપતાં મુશ્કેલી થાય. તે અંગેની સાચી સમજણ પ્રભુ શીખવે છે. અહીં નૃસિંહ અવતારે બ્રહ્માજીને સ્પષ્ટ આજ્ઞા કરી છે 'હે પદ્મસંભવ બ્રહ્માજી! આવાં વરદાન અસુરોને આપે આપવાં નહિ. ક્રૂર સ્વભાવવાળાઓને આપેલો વર એ સર્પોને અમૃત આપવા જેવો છે.'

(અહીં નૃસિંહ અવતારના નામો સંપન્ન થયાં)

(૫૨૭) ગોરૂપધારી = ગાયનું સ્વરૂપ ધારણ કરનારા.

દસમા અધ્યાયમાં ત્રિપુરદહનની કથા છે. ભગવાન શંકર ત્રિપુરાસુરનો પરાભવ કરવા ઈચ્છતા હતા. આથી તેનાં નગરોને ભાગી નાંખ્યા. દૈત્યો પર અનેક બાણ વરસાવ્યા. પણ મરણને શરણ થયેલા અસુરો કૂપમાંથી અમૃત પીને પ્રથમ કરતાં પણ વિશેષ બળવાન બનતા. આ સમયે શંકરને સહાય કરવા પ્રભુએ ગાયનું રૂપ લીધું. બ્રહ્માને વત્સ બનાવ્યા. ત્રિપુરાસુરની નગરીમાં જે અમૃત કૂપ હતો તેનું સઘળું અમૃત પાન કરી ગયા. આમ પ્રભુ ગોરૂપ ધારી છે.

ગો.વા. દિવેન્દ્ર વી. કક્કડ હ. કંચનબેન વી. કક્કડ, જૂનાગઢના જયશ્રીકૃષ્ણ

(૫૨૮) અમૃતપાઃ = તે સ્વરૂપથી અમૃતનું પાન કરનારા.

એકવાર પ્રભુકૃપાથી દેવોએ યુદ્ધમાં અસુરોને જીતી લીધા. અસુરો મયદાનવના શરણે ગયા. મયદાનવ માયાવીઓનો પરમગુરુ હતો. મયદાનવે અસુરોના સોના, ચાંદી અને લોખંડના ત્રણ વિમાન બનાવી આપ્યા. આ વિમાનો એક મોટા નગર જેવા હતા. અસુરો તેમાં છુપાઈને દેવો અને લોકપાલોનો નાશ કરવા લાગ્યા. બધા દેવો શંકરને શરણે ગયા.

શંકરે ખૂબ બાણો છોડ્યા. એમાંથી જાણે આગની જ્વાળાઓ નીકળતી હતી. તેનાથી અસુરોના વિમાનરૂપી ગામો દેખાવાના બંધ થયા. બાણના સ્પર્શથી વિમાનવાસીઓ નિષ્પ્રાણ થયા.

મયદાનવે એક અમૃતનો કૂપ બનાવેલો. આ બધા નિષ્પ્રાણ દૈત્યોને લઈ આ અમૃતના કૂવામાં નાખ્યા. આથી અસુરો વજ્ર જેવા સુદઢ થયા. મહાદેવજી હવે ઉદાસ થયા. તેમનો પ્રયત્ન નિષ્ફળ રહ્યો હતો. આ વખતે શ્રીકૃષ્ણ ગાય બન્યા. બ્રહ્માજીને વાછરડા બનાવ્યા. મધ્યાહ્ન સમયે તેઓ તે ત્રણે નગરોમાં ગયા અને સિદ્ધરસના કૂવાનું બધું અમૃત પી ગયા. પ્રભુએ શિવજીને પોતાની શક્તિથી યુદ્ધ સામગ્રી આપી. તે દ્વારા શિવજીએ દાનવો અને ત્રિપુરોને નષ્ટ કર્યા. શંકરજીનું એક નામ ત્રિપુરારિ છે.

(૫૨૯) શિવકીર્તિવિવર્ધનઃ = શિવજીની કીર્તિ વધારનારા.

ગોરૂપ ધરી પ્રભુ ત્રિપુરાસુર શત્રુનું સઘળું અમૃત પી ગયા. એને કારણે ત્રિનયન શંકરજીને તેનો વિનાશ કરવો સરળ બન્યો. પ્રભુએ આમ ન કર્યું હોત તો ત્રિપુરાસુરનો નાશ ન થાત. પ્રભુ દૈત્યોના નાશનું મુખ્ય કારણ બન્યા. શંકરજીને વિજયમાળા અને કીર્તિમાળા સમર્પણ કરી. શંકરજીની આ રીતે કીર્તિ વધારી. ભગવાન શંકર ત્રિપુરારિ થયા. આ કથા દસમા અધ્યાયમાં શ્લોક ૫૩ થી ૭૦ માં છે.

ગો.વા.જમનાદાસ હીરાચંદ શાહ (દેત્રોજ) યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

ધર્માત્મા સર્વ કર્માત્મા વિશેષાત્માશ્રમપ્રભુઃ ।
સંસાર મગ્નસ્વોદ્ધર્તા, સન્માર્ગાખિલતત્ત્વવાક્ ॥૧૦૯॥

(૫૩૦) ધર્માત્મા = ધર્મના આત્મા. ધર્મસ્વરૂપ. ધર્મના આધારરૂપ પરમાત્મા.

ધર્મનું સ્વરૂપ મનુસ્મૃતિમાં જણાવ્યું છે.

ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ।
ધીર્વિદ્યા સત્યમક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥

ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈન્દ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને અક્રોધ આ દશ લક્ષણો ધર્મનાં છે. ધૃતિ=સંતોષ રાખવો (૨) ક્ષમા=અપકાર ઉપર પણ ઉપકાર કરવો (૩) દમ=મનને અવિકારી કરી સ્થિર રાખવું (૪) અસ્તેય=ન્યાયપૂર્વક ધન ઉપાર્જન કરવું (૫) શૌચ=શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દેહનું શોધન (શુદ્ધ) કરવું (૬) ઈન્દ્રિય નિગ્રહ = ઈન્દ્રિયોને પોતાને વશ કરવી. (૭) ધી=શાસ્ત્ર વગેરે તત્ત્વોનું જ્ઞાન (બુદ્ધિ) (૮) વિદ્યા=ભગવાન વિષયક જ્ઞાન મેળવવું (૯) સત્ય=યથાર્થ કથન કરવું (૧૦) અક્રોધ=ક્રોધનું કારણ હોય છતાં ક્રોધ રહિત રહેવું.

આવો ધર્મ સર્વસંમત છે. આવા ધર્મના આત્મા, સ્વરૂપ અને આધાર રૂપ પ્રભુ છે.

(૫૩૧) સર્વકર્માત્મા = સર્વ વર્ણોના કર્મ સ્વરૂપ.

ચાર વર્ણો સમાજમાં છે. શ્રી ગીતા આજ્ઞા પ્રમાણે પ્રભુએ જ તે રચ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ણો છે. દરેક વર્ણના અલગ અલગ ધર્મો (સત્કર્મો) છે. (૧) બ્રાહ્મણ=યજન અને યાજન વગેરે (૨) ક્ષત્રિય=શૌર્ય અને ધૈર્ય વગેરે (૩) વૈશ્ય=કૃષિ, ગોરક્ષા, વાણિજ્ય વગેરે (૪) શૂદ્ર = પરિચર્યા. આ સર્વ કર્મ-ધર્મ સ્વરૂપ પરમાત્મા છે.

(૫૩૨) વિશેષાત્મા = વિશેષ ધર્મ સ્વરૂપ

વર્ણના ધર્મ-કર્મ ઉપર જોયા. દરેક વર્ણના વિશિષ્ટ ધર્મ પણ હોય છે.

ગો.વા. નીલાબેન ગિરીશભાઈ શાહ (અમદાવાદ)યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

ઉપનયન પછી બ્રહ્મચર્યાશ્રમની શરૂઆત થાય. અહીં બ્રાહ્મણ દંડ ગ્રહણ કરે છે. તે ખાખરનો હોય છે. ક્ષત્રિય તે રીતે પિપ્પલનો દંડ ધરે છે. આ વિશેષ ધર્મો સ્વરૂપે શ્રીકૃષ્ણ જ છે.

(૫૩૩) આશ્રમપ્રભુઃ = ચારે આશ્રમોના સ્વામી - પ્રભુ

સાતમા સ્કંધના ૧૧ થી ૧૫ એ પાંચ અધ્યાયો પ્રમાણ છે. તે વૈદિક ધર્મોની ધર્મ પંચાધ્યાયી તરીકે પણ ઓળખાય છે.

ખરાબ વાસનાના નાશ માટે વર્ણાશ્રમ ધર્મ છે. નારદજીએ નારાયણ ભગવાન પાસે ધર્મો સાંભળ્યા છે. તેનું વર્ણન તેઓ કરે છે.

બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તઆશ્રમ એમ ચાર આશ્રમ છે.

સામાન્ય ધર્મો અને વિશેષ ધર્મો આપણે આગળ જોયા જ છે.

પુરુષ વ્યવહાર અને વ્યવસાયને વ્યવસ્થિત રાખે. સ્ત્રી પોતાના ગૃહસ્થાશ્રમને વ્યવસ્થિત રાખે.

બ્રહ્મચર્ય અને વાનપ્રસ્થ ધર્મો વનવાસ સાથે સંકળાયા છે.

બ્રહ્મ વેદ, સ્વાધ્યાયને સાનુકૂલ આચાર અને વિચારવાળો હોય તે બ્રહ્મચારી. પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યાશ્રમ છે.

પચાસથી પંચોતેર વર્ષ વાનપ્રસ્થાશ્રમના છે. શેકેલુ, કાચું એક વખત ભોજન. વ્યવહાર અને વ્યવસાયની વૃત્તિ અને પ્રવૃત્તિનો ત્યાગ-પ્રભુ પરાયણતા.

પંચોતેર પછી સન્યસ્તાશ્રમ મનમાં કોઈ કામના ન રહે, અસંગ્રહ, એકાકી વિચરણ - સર્વત્ર ભગવદ્ દૃષ્ટિ. વાદ વિવાદનો ત્યાગ, વૈરાગ્ય અને સંતોષ.

ગૃહસ્થાશ્રમ બાકીના ત્રણ આશ્રમોના આધારરૂપ છે. અર્થ અને કામનો સમન્વય જીવનમાં ધર્મ સાથે સાધી, મંગલમય-જીવન ઉદ્યાન રચવાનો ઉદ્યમ ગૃહસ્થાશ્રમ છે. પચ્ચીસ વર્ષથી પચાસ સુધી ગૃહસ્થાશ્રમ છે.

મહાભારતમાં વેદાવ્યાસજી આજ્ઞા કરે છે કે આચારથી ધર્મ ઉત્પન્ન થાય છે. તે ધર્મના પ્રભુ-સ્વામી અચ્યુત શ્રીકૃષ્ણ છે. આમ ધર્મના સ્વામી પ્રભુ જ છે.

અ.સૌ.ગીતાબેન શૈલેષકુમાર મોદી, ગોધરાના જયશ્રીકૃષ્ણ

(૫૩૪) સંસારમગ્નસ્વોદ્ધર્તા = સંસારમાં મગ્ન થયેલા પોતાના ભક્તોનો ઉદ્ધાર કરનારા.

ઘણીવાર નિજ ભક્તો સંસારના વિષયોના સુખમાં લીન થાય છે. આવા મગ્ન ભક્તોનો ઉદ્ધાર કરવા પ્રમાણધર્મો કહે છે. પોતે આચરે છે અને ભક્તો પાસે આચરણ કરાવે છે. ભક્તોની વૃત્તિઓ જ્ઞાન અને વૈરાગ્યમાં દોરી પોતાની દૃઢ ભક્તિનું સ્થાપન ભક્ત હૃદયમાં કરે છે.

(૫૩૫) સન્માર્ગાખિલતત્ત્વવાક્ = સન્માર્ગમાં સંપૂર્ણ તત્ત્વ ધરાવનારી વાણીરૂપ

શાસ્ત્રોએ બતાવેલ ધર્મમાર્ગ સન્માર્ગ કહેવાય છે. પ્રભુની વાણીમાં અધ્યાત્મ વિદ્યા છે. તે વાણી માર્ગોના સંપૂર્ણ તત્વોનું પ્રતિપાદન કરે છે. શ્રીગીતામાં કૃષ્ણજી આજ્ઞા કરે છે – 'અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્' – વિદ્યાઓમાં આત્મવિદ્યારૂપ પ્રભુ છે.

આચારાત્મા સદાચારઃ..............॥૧૦૯ ॥

(૫૩૬) આચારાત્માઃ = ધર્મના આચરણા રૂપ સ્વરૂપવાળા.

પ્રત્યેકના આચાર અને ધર્મરૂપ ભગવાન છે. આથી પ્રભુજ્ઞાનરૂપ સ્વરૂપવાળા છે.

(૫૩૭) સદાચારઃ = સત્ પુરુષોની ભક્તિ રૂપ (૨) સત્પુરુષોમાં જેમનો આચાર છે તેવા.

પ્રભુ ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. આથી પ્રભુ ભક્તિ સ્વરૂપ છે. સત્પુરુષોમાં ભગવાન સંબંધી જ્ઞાન હોય છે. દુર્જનોના અંતઃકરણમાં તેવું જ્ઞાન સ્થિર નથી થતું. આથી જેમનું જ્ઞાન સત્પુરુષોમાં છે એમ કહ્યું છે.

સાતમા સ્કંધના ૪૭૧ થી ૫૩૭ સુધીનાં નામ સંપન્ન થયાં.

સોની અરવિંદભાઈ હીરાલાલ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

અષ્ટમ સ્કંધ નામાનિ

આઠમો સ્કંધ મન્વન્તરલીલા છે. શ્રીગોવર્ધનનાથજીનો દક્ષિણ (જમણો) સ્તન શ્રીભાગવતનો આઠમો સ્કંધ મન્વન્તર લીલા છે. મન્વન્તર એ સદ્ધર્મ રૂપ છે. સત્પુરુષોનો ધર્મ સદ્ધર્મ છે. સત્પુરુષો ઈર્ષા વગરના હોય છે. તેમનો ધર્મ નિષ્કપટ હોય છે.

સાતમો સ્કન્ધ ઉતિલીલા હતો. ત્યાં વાસનાઓનો વિચાર હતો. આ પ્રાકૃત વાસનાઓને દૂર કરવા આઠમા સ્કંધમાં પ્રાકૃત-સદ્ધર્મ કહે છે. કર્મથી ઉત્પન્ન થતી વાસનાઓ સદ્ધર્મથી નાશ પામે છે. વાસનાઓ દૂર થતા ભક્તિ થાય. તેથી ભક્તિનો વિચાર નવમા સ્કંધમાં છે.

સદ્ધર્મ ત્રણ પ્રકારનો છે. તામસ, સાત્વિક અને રાજસ. તેના વક્તા ભગવાન મત્સ્યનારાયણ છે. આથી આ સ્કંધના ચાર પ્રકરણ છે.

પૂર્વમીમાંસામાં ધર્મનો વિચાર કર્યો છે. તેના બાર અધ્યાય છે. તેનાથી બાહ્ય અને આંતર એમ બે પ્રકારના ફલ મળે છે. બાર અધ્યાય અને બે પ્રકારના ફલ ભેદ. આથી અહીં ૨૪ અધ્યાયો છે.

મન્વન્તર રૂપ સદ્ધર્મ પ્રાકૃત છે. દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણમાંથી તે ઉત્પન્ન થાય છે. પ્રાકૃત મૂલ પદાર્થો ૨૪ છે. પ્રાકૃતવાસના તેથી ૨૪ પ્રકારની છે. ૨૪ અધ્યાયમાં કહેલ ૨૪ પ્રકારના પ્રકૃત સદ્ધર્મથી પ્રકૃત વાસનાનો નાશ થાય છે.

એક મન્વન્તરના છ અંગો છે. મનુ, મનુપુત્ર, દેવો, ઈન્દ્ર, ઋષિ અને ભગવદ્ અવતાર. બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ મનુઓ થાય છે. તેથી જુદા જુદા કાલ ધર્મો ૧૪ પ્રકારના છે. સ્થાનના પણ ધર્મો ભિન્ન હોય છે.

આ બધા ધર્મોના સાર રૂપ ત્રણ મુખ્ય ભગવદ્ ધર્મ છે. (૧) આપત્તિમાં હરિ-સંસ્મરણ (૨) સંપત્તિમાં દાન (૩) વિપત્તિમાં સ્વોક્ત નિર્વાહ (કહેલાનું પાલન કરવું). હવે મન્વન્તરલીલાનાં નામો જોઈએ.

શેઠ વ્રજબિહારી ચંદુલાલ, ગાંધીનગરના જયશ્રીકૃષ્ણ

.... મન્વન્તર વિભાવનઃ ।।
સ્મૃત્યાશેષાશુભહરો, ગજેન્દ્રસ્મૃતિ કારણમ્ ।।૧૧૦।।

(૫૩૮) મન્વન્તર વિભાવનઃ = મનુઓને વધારનારા - રક્ષણ કરનારા.

સ્વાયંભુવ વગેરે ૬ મનુઓ થઈ ગયા છે. વૈવસ્વત આદિ ૮ મનુઓ થનારા છે. આ ૧૪ મનુઓને રક્ષનાર - વધારનાર પ્રભુ છે. આ મનુઓ પ્રભુનું ચિંતન અને આરાધન કરે છે. મન્વન્તરો વડે પ્રભુ કાળની ભાવના કરે છે. આ મન્વન્તર સંબંધી કાળથી પ્રભુ સર્વનો પ્રકાશ કરે છે. આ ચૌદ મનુઓના સદ્ધર્મોની કથા આ સ્કંધમાં છે.

(૫૩૯) સ્મૃત્યાશેષાશુભહરઃ = સ્મરણ કરતાં જ સમગ્ર અકલ્યાણ-અશુભ-પાપોને હરનારા.

ક્ષીરસાગરમાં ત્રિકૂટ નામે સુંદર અને શ્રેષ્ઠ પર્વત હતો. આ પર્વતના ઘોર જંગલમાં એક ગજેન્દ્ર રહેતો હતો. તેની સાથે ઘણી હાથિણીઓ હતી. એક વાર આ બધાં જંગલમાં ઘૂમતાં હતાં. ફરતાં ફરતાં બધા સરોવરના તટે આવ્યા. તે બધા જલક્રીડા કરવા લાગ્યા. ગજેન્દ્ર તે વખતે ઉન્મત બન્યો. એક ગ્રહે (મગરે) ક્રોધમાં આવી ગજેન્દ્રનો પગ પકડ્યો. ગજેન્દ્રએ બધી શક્તિથી છૂટવાનો પ્રયત્ન કર્યો. પણ તે છૂટી ન શક્યો. તેના સાથીઓ પણ ગજેન્દ્રને છોડાવવાની હિંમત ન કરી શક્યા. હાથી અને મગરને લડતા લડતા એક હજાર વર્ષો વીતી ગયા. બંને જીવતા હતા. ગજેન્દ્ર શિથિલ થયો હતો. પોતાની અસમર્થતા જોઈ તેણે પ્રભુને સ્મર્યા. ગજેન્દ્ર કહે છે કે હવે હું સંપૂર્ણ વિશ્વના એક માત્ર આશ્રય ભગવાનનું શરણ લઉં છું. અત્યંત ભયભીત થઈ પ્રભુની શરણે જનારને પ્રભુ જરૂર બચાવે છે. આવા પ્રભુ સર્વના આશ્રય છે. હું એમનું શરણ લઉં છું. (૮-૨-૩૨,૩૩). આ રીતે ભગવાનનું શરણ લીધું. સ્મરણ કર્યું અને સ્તુતિ કરી. ભગવાનને નમસ્કાર કરું છું. પ્રેમથી ધ્યાન ધરું છું. ભગવાનનું શરણ ગ્રહણ કરું છું. કાર્ય અને કારણથી અતીત પ્રભુ મારી રક્ષા કરે વગેરે કહીને સ્તુતિ કરી. ૩ અધ્યાયના

સત્સંગ મંડળ, સતારાના જયશ્રીકૃષ્ણ

૨ થી ૨૯ શ્લોક સુધી આ સ્તુતિ છે.

(૫૪૦) ગજેન્દ્રસ્મૃતિકારણમ્ = ગજેન્દ્રની સ્મૃતિના કારણરૂપ પ્રભુ.

આ સ્તુતિથી હરિ તરત જ પ્રકટ થયા. પોતાની કૃપાથી ગજેન્દ્રને ગ્રાહ સહિત સરોવરમાંથી બહાર કાઢ્યો. બંનેને પૂર્વ જન્મના શ્રાપથી મુક્ત કર્યા. ગજેન્દ્રે પૂર્વ જન્મમાં જે જપ્યું હતું તેની સ્મૃતિ રૂપે ભગવાનની આ સ્તુતિ કરી. પૂર્વ જન્મના જાપની તેને સંકટના સમયે સ્મૃતિ થઈ તેનું કારણ ભગવત્ કૃપા.

જાતિસ્મરણહેત્વૈક પૂજા ભક્તિ સ્વરૂપદઃ ।
યજ્ઞો ભયાન્મનુત્રાતા વિભુઃ બ્રહ્મવ્રતાશ્રયઃ ।।૧૧૧।।

(૫૪૧) જાતિસ્મરણહેત્વૈકપૂજાભક્તિ સ્વરૂપદઃ = જાતિ સ્મરણના હેતુરૂપ ભક્તિથી ગજેન્દ્ર રૂપ પશુ શરીરને છોડવનારા શ્રીહરિ.

ગજેન્દ્રને પૂર્વ જન્મની તેની જાતિનું સ્મરણ રહેલું હતું. આનું કારણ તેની તે જન્મની ભગવદ્ સેવા અને ભગવદ્ ભક્તિ હતી. તેની આ સેવા ભક્તિને પૂર્વજન્મની સ્મૃતિ આપવાનું સામર્થ્ય શ્રીહરિએ આપેલું.

ગજેન્દ્ર પૂર્વ જન્મમાં ઈન્દ્રદ્યુમ્ન રાજા હતો. દ્રવિડ દેશમાં તેનું રાજ હતું. તે પાંડ્ય વંશી હતો. તેણે રાજ પાટ છોડી દીધા. મલય પર્વત પર આવ્યો. તપસ્વીનો વેશ ધરી રહેવા લાગ્યો. એક વાર એ ભગવાનની આરાધના કરતો હતો. આ વખતે અગસ્ત્ય મુનિને ક્રોધ આવ્યો. રાજાને હાથીની યોનિ મળે તેવો શ્રાપ આપ્યો. રાજા હાથી બન્યો. પોતાના આત્માની વિસ્મૃતિ થઈ ગઈ.

ભગવાનની આરાધનાનો પ્રભાવ જ એવો છે કે હાથી બન્યા પછી તેને ભગવાનની સ્મૃતિ થઈ જ ગઈ (૮-૪-૧૨). આ સ્મૃતિ કરાવનાર કૃષ્ણ જ છે.

(૫૪૨) યજ્ઞ : = યજ્ઞ રૂપ પરમાત્મા.

હવે ચૌદ મન્વન્તરનાં નામોની શરૂઆત થાય છે.

કુમુદબેન ઇન્દ્રદમન શાહ, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

શ્રુતિ કહે છે 'યજ્ઞો વૈ વિષ્ણુઃ' – યજ્ઞ એ વિષ્ણુ જ છે. આદિ મન્વન્તરનો સમય હતો. મનુને ત્રણ કન્યાઓ હતી. આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ. આકૂતિ યજ્ઞની બાહ્ય ક્રિયાનું સ્વરૂપ છે. તેનાં લગ્ન રુચિ ઋષિ સાથે થયા. તેને ત્યાં એક કુમાર અને કુમારી સાથે પ્રકટ થયાં. આ પુત્રનું નામ સુયજ્ઞ હતું. પુત્રીનું નામ દક્ષિણા. આ 'સુયજ્ઞ'જી યજ્ઞનારાયણ પ્રભુનું જ સ્વરૂપ છે.

(૫૪૩) ભયાન્મનુત્રાતા = ભયથી મનુનું રક્ષણ કરનારા.

સ્વાયમ્ભુવ મનુએ કામનાઓનો ત્યાગ કર્યો. વિરક્ત થયા. રાજ્ય છોડી દીધું. તેમના પત્ની શતરૂપા છે. તેમની સાથે મનુ વનમાં ગયા. તપસ્યા કરવા લાગ્યા. એક વાર સ્વાયમ્ભુવ મનુ એકાગ્રચિત્ત થયા. ઉપનિષદ્‌ની શ્રુતિનો પાઠ કરતા હતા. ત્યાં અસુર અને રાક્ષસો આવ્યા. તે બધા ભૂખ્યા હતા. તે બધા મુનિને મારીને ખાવા માટે તૂટી પડ્યા. આ જોઈને અંતર્યામી યજ્ઞ પુરુષ ભગવાન આવ્યા. સાથે તેમનો પુત્ર યામ હતો – દેવતાઓ હતા. આ બધાએ તે અસુરોનો સંહાર કર્યો. મનુનું રક્ષણ કર્યું.

(૫૪૪) વિભુઃ = સમર્થ ઈશ્વર (૨) સર્વવ્યાપક પ્રભુ.

વિભુએ બીજા મન્વન્તરમાં અવતાર લીધો. બીજા મનુ સ્વારોચિષ હતા. તે અગ્નિના પુત્ર હતા. આ મન્વન્તરમાં ઋષિ વેદશિરા નામે હતા. તેમની પત્નીનું નામ તુષિતા હતું. તેમના ગર્ભથી ભગવાને અવતાર લીધો. તે વિભુ નામથી પ્રસિદ્ધ થયા. તે આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા. તેમના આચરણને જોઈ અઠાસી હજાર ઋષિઓએ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું.

(૫૪૫) બ્રહ્મવ્રતાશ્રયઃ = વેદ જ જેમનું વ્રત છે એવા.

ભગવાન વિભુ બ્રહ્મચારી છે. ૮૮ હજાર ઋષિઓએ તેમની પાસેથી શિક્ષા લીધી. વ્રતનિષ્ઠ બન્યા. બ્રહ્મચર્યનું તે બધાએ પાલન કર્યું. આમ વિભુ વેદવ્રતવાળા બ્રહ્મચારીઓના આશ્રય રૂપ બન્યા.

સત્યસેનો દુષ્ટઘાતી, હરિર્ગજવિમોચકઃ ।।
વૈકુંઠો લોકકર્તા અજિતોઽમૃત કારણમ્ ।।૧૧૨।।

ગીતાબેન પ્રકાશચંદ્ર પરીખ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

(૫૪૬) સત્યસેનઃ = સત્ય વદનારા જ જેમની સેના-મંડલી છે એવા પ્રભુ.

ત્રીજા મન્વંતરમાં ઉત્તમ નામના મનુ હતા. તે પ્રિય વ્રતના પુત્ર હતા. તે સમયના ઈન્દ્રનું નામ સત્યજિત હતું. આ સમયે ધર્મના પત્ની સુનૃતાના ગર્ભથી પુરુષોત્તમ ભગવાને અવતાર લીધો. આ અવતારનું નામ સત્યસેન હતું. તેમની સાથે સત્યવ્રત નામના દેવગણ પણ હતા. તે સમયના ઇન્દ્ર સત્યજીત સત્યસેન ભગવાનના સખા બનાવ્યા અને અસત્ય પરાયણ લોકોનો સંહાર કર્યો. તે હરિ નામથી ઓળખાયા. આ પ્રભુએ ગજેન્દ્રની ગ્રાહથી રક્ષા કરી હતી.

મહાભારતમાં પ્રભુ આજ્ઞા કરે છે કે યજ્ઞોમાં હુતદ્રવ્યનું તેમજ મારું સ્મરણ કરનારનાં સર્વ પાપોનું તથા દુઃખોનું હું હરણ કરું છું, તેથી મને હરિ કહે છે.

(૫૪૭) દુષ્ટઘાતી = દુષ્ટજનોનો વધ કરનારા

સત્યસેન ભગવાને દુષ્ટ યક્ષો, રાક્ષસો અને જીવદ્રોહી ભૂતગણોનો સંહાર કર્યો.

(૫૪૮) હરિઃ = સ્મરણ કરતાંની સાથે સકલ દુઃખોનું હરણ કરનાર.

ચોથા મન્વંતરના મનુનું નામ તામસ હતું. તે ત્રીજા મનુ ઉત્તમના સગા ભાઈ હતા. આ મન્વંતરમાં હરિ મેધા નામના ઋષિ હતા. તેમનાં પત્નીનું નામ હરિણી હતું. તેમના ગર્ભથી ભગવાને અવતાર લીધો.

(૫૪૯) ગજવિમોચકઃ = ગજેન્દ્રને છોડવનારા હરિ પરમાત્મા

ગજેન્દ્રને ગ્રાહે પકડેલો. તેના છૂટવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. તેના કુટુંબીઓએ તેને મદદ ન કરી. પૂર્વ જન્મની સ્મૃતિથી પ્રભુને સ્મર્યા. પ્રભુને શરણે ગયા. હરિ ભગવાન ગરુડજી પર પધાર્યા. પછી ગરુડ પરથી કૂદ્યા – ગજેન્દ્ર અને ગ્રાહને શીઘ્રતાથી સરોવરની બહાર કાઢ્યા. ચક્રથી ગ્રાહનું મોં ફાડી નાખ્યું અને ગજેન્દ્રને છોડાવ્યો. ગજેન્દ્રને ભગવાનનો સ્પર્શ થયો. અજ્ઞાનના બંધનમાંથી મુક્ત થયો. તેને ભગવાનનું જ રૂપ પ્રાપ્ત થયું. તે પીતાંબરધારી અને ચતુર્ભુજ બની ગયો. (૮-૪-૬)

અ.સૌ.ગો.વા.લીલાવતીબેન દ્વારકાદાસ જોષી (ચીતલવાળા)કોડીનારના જયશ્રીકૃષ્ણ

(૫૫૦) વૈકુંઠઃ = વિકુંઠાના પુત્ર

પાંચમા મન્વન્તરમાં રૈવત નામના મનુ હતા. તે ચોથા મનુ તામસના સગા ભાઈ હતા. તે પૈકી સપ્તર્ષિઓમાં એક શુભ ઋષિ હતા. તેમનાં પત્નીનું નામ વિકુણ્ઠા હતું. તેમના ગર્ભથી ભગવાને વૈકુંઠ નામનો અવતાર લીધો. લક્ષ્મી દેવીની પ્રાર્થનાથી તેમણે વૈકુંઠ ધામની રચના કરી.

(૫૫૧) લોકકર્તા = વૈકુંઠ નામના લોકને કરનારા.

વૈકુંઠનાથ કલ્યાણકારી ગુણોવાળા છે. તેમનો પ્રભાવ અચિંત્ય છે. તેમનું ટૂંકમાં વર્ણન ત્રીજા સ્કંધમાં છે. લક્ષ્મીજીએ તેમના લોકના સર્જન માટે ભગવાનને પ્રાર્થના કરી. ભગવાને પ્રસન્ન થઈ તેમને માટે વૈકુંઠધામ (લોક)ની રચના કરી હતી.

(૫૫૨) અજિતઃ = સર્વથી અજેય

છઠ્ઠા મન્વંતરમાં મનુ તરીકે ચાક્ષુષ હતા. તે ચક્ષુના પુત્ર હતા. તે વખતે વૈરાજ ઋષિ હતા. તેમની પત્ની સંભૂતિ હતી. તેના ગર્ભથી ભગવાને અંશાવતાર ગ્રહણ કર્યો. તે અજિત નામે ઓળખાયો.

(૫૫૩) અમૃતકારણમ્ = અમૃતની ઉત્પત્તિ - પ્રાપ્તિનું કારણ.

અજીત ભગવાને જ સમુદ્ર મન્થન કર્યું. દેવતાઓને અમૃત પાયું. તેઓ જ કાચબાનું રૂપ લઈ મંદરાચલની મથનીના આધાર બન્યા હતા.

ઉરુક્રમો ભૂમિહર્તા સાર્વભૌમો બલિપ્રિયઃ ।
વિભુઃ સર્વહિતૈકાત્મા વિષ્વક્સેનઃ શિવપ્રિયઃ ॥૧૧૩॥

(૫૫૪) ઉરુક્રમઃ = જેમનું ક્રમણ (પગલું) ઘણું જ વિસ્તારવાળું છે એવા.

સાતમા મન્વન્તરમાં મનુનું નામ વૈવસ્વત છે. વિવસ્વાનના પુત્ર શ્રાદ્ધદેવ છે. તે યશસ્વી છે. તે જ વૈવસ્વત મનુ છે. આ મન્વન્તરમાં કશ્યપ, અત્રિ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ આ સપ્તર્ષિ છે. આ મન્વન્તરમાં કશ્યપજીની પત્ની અદિતિના ગર્ભથી વામનજીનો અવતાર થયો. અદિતિના ગર્ભથી આદિત્યો પણ જન્મેલા. આથી વામનજી તેમના નાના ભાઈ છે. વામનજી વિષ્ણુનો અવતાર છે.

અરવિંદાબેન રમેશચંદ્ર શાહ (શિકાગો), યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

---

(૫૫૫) ભૂમિહર્તા = બલિરાજાની ભૂમિને હરનારા

વામન ભગવાન બલિના યજ્ઞમાં પધાર્યા. બલિએ આ બટુકને માંગવા માટે કહ્યું. ભગવાને ત્રણ પગલાં જેટલી ભૂમિ માગી. બલિએ તે આપી. તે વખતે ભગવાને પોતાનાં બે પગલાંમાં સર્વ લોકોને આવરી લીધા. વામન ભગવાનનું આવું વિરાટ સ્વરૂપ થયું હતું. આ પ્રમાણે વામનજીએ બલિની સર્વ ભૂમિ પડાવી હતી.

(૫૫૬) સાર્વભૌમઃ = સર્વ ભૂમિના અધિપતિ.

સર્વ ભૂમિના ચક્રવર્તી રાજા હરિ જ છે.

બલિ રાજાએ વામનજીને ત્રીજું પગલું તેના માથે ધરવા કહ્યું. આ વખતે પ્રહલાદજી પણ પધાર્યા. પ્રહ્લાદજી બલિના પિતામહ થાય. આ વખતે બલિનાં પત્ની વિદ્યાવલીજી પ્રભુને કહે છે કે હે પ્રભુ, આપે આપની ક્રીડા માટે જ આ સંપૂર્ણ જગતની રચના કરી છે. જે લોકોમાં કુબુદ્ધિ છે તેઓ પોતાને જગતના સ્વામી માને છે. આપ જ જગતના કર્તા, ભર્તા અને સંહર્તા છો. આમ પ્રભુ સર્વભૂમિના અધિપતિ છે. ત્રણે લોકનું સાર્વભૌમત્વ પ્રભુનું જ છે.

સાર્વભૌમ આઠમા મન્વંતરનો અવતાર છે. તે સરસ્વતીના પુત્ર રૂપે છે.

(૫૫૭) બલિપ્રિયઃ = (૧) બલિ જેમને પ્રિય છે (૨) બલિ રાજાના પ્રિય પરમાત્મા.

બલિએ તેનું વચન પાળ્યું છે. તેના ગુરુ શુક્રાચાર્ય છે. તેમણે બલિને વાર્યો છે. ચેતવ્યો છે. છતાં બલિએ પોતાનું વચન સત્ય કર્યું. આથી બલિ રાજા પ્રભુને પ્રિય છે. ભગવાને બલિને સુતલ લોકનો રાજા બનાવ્યો. ભગવાન બલિને કહે છે કે જે કોઈ દૈત્ય તારી આજ્ઞાનું પાલન નહીં કરે તેને મારું ચક્ર મારી નાખશે. બલિની સર્વ ભોગ સામગ્રીની રક્ષા કરવા વચન આપે છે. બલિને પ્રભુ કહે છે કે તું મને હંમેશા તારી પાસે જોઈશ. આમ પ્રભુને બલિ પ્રિય છે.

જમનાબેન સુંદરલાલ શાહ (છોટાઉદેપુર), યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

(૫૫૮) વિભુઃ = વિશેષ કરીને ઐશ્વર્યવાન ભગવાન.

ભગવાન સર્વવ્યાપી છે. તેમના ત્રણ પગલામાં સમગ્ર સૃષ્ટિનો સમાવેશ થઈ ગયો. આવા સર્વ વ્યાપી પ્રભુ વિભુ છે. આવા વિશેષ ઐશ્વર્ય સંપન્ન ભગવાન નવમા મન્વંતરનો અવતાર છે.

(૫૫૯) સર્વ હિતૈકાત્મા = સર્વના હિતમાં જ જેમનું ચિત્ત છે તેવા.

બલિરાજાના ઉપદ્રવોમાંથી સર્વને મુક્ત કર્યા. આ રીતે સર્વનું હિત કર્યું છે. પ્રભુના અંતઃકરણમાં સર્વનું હિત હંમેશા રહ્યા કરે છે. પ્રભુ કૃપાનિધિ છે. પ્રભુ સામે કોઈ દ્વેષ કરે, ક્રોધ કરે કે કામથી જુએ તે બધાંનું પણ પ્રભુ હિત કરે છે. તો પછી ભક્તિ કે પ્રેમ કરનારનું તો હિત કરે જ. પ્રભુ સર્વભાવથી સર્વનું કલ્યાણ કરવું તેને નિજ કર્તવ્ય ગણે છે. પિતા તેના પિતૃપ્રેમી પુત્રને નજીક રાખે છે અને બાકીના પુત્રોનું હિત પણ પિતા તરીકે કરે જ છે. તે જ રીતે પ્રભુ પ્રેમીભક્તને નજીકમાં રાખે છે. બાકી સર્વનું હિત કરે જ છે.

(૫૬૦) વિષ્વક્સેનઃ = જેમની સેના સર્વત્ર છે એવા.

પ્રભુના ભયથી ચારે દિશામાં રહેલા દૈત્યોની સેનાઓ નાસે છે. દસમા મન્વન્તરમાં વિષ્વક્ નામનો ભગવદ્ અવતાર છે.

(૫૬૧) શિવપ્રિયઃ = શિવજીના પ્રિય

શિવજી સાથે પ્રભુનો સુહૃદભાવ છે. ત્રિપુરારીનો શંકરજીએ નાશ કર્યો. પ્રભુએ જ સહાય કરી. ભસ્માસુરથી બચાવવામાં પ્રભુ જ કૃપા કરે છે. આવા ઘણા પ્રસંગો શ્રી ભાગવતમાં છે, જ્યાં જોવા મળે કે શિવજી ભગવાનનાં અતિ પ્રિય છે.

ધર્મસેતુર્લોકધૃતિઃ સુધામાન્તર પાલકઃ ।
ઉપહર્તા યોગપતિઃ - બૃહદ્ભાનુઃ ક્રિયાપતિઃ ।।૧૧૪।।

(૫૬૨) ધર્મસેતુઃ = ધર્મની મર્યાદારૂપ.

અગિયારમા મનુ ધર્મ સાવર્ણિ નામના થશે. તે સમયે આર્યક ઋષિ હશે.

ગો.વા. પ્રેમચંદભાઈ કેશવલાલ શાહ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

તેમની પત્નીનું નામ વૈધૃતા હશે. તેના ગર્ભમાંથી ધર્મસેતુના રૂપે ભગવાનનો અંશાવતાર થશે. આ રૂપે તે ત્રિલોકની રક્ષા કરશે.

(૫૬૩) લોકધૃતિઃ = ત્રણે લોકને ધારણ કરનાર પ્રભુ

ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક એ ત્રણે લોકને ધારણ કરનારા પરમાત્મા છે. ધર્મસેતુ રૂપે ત્રિલોકને ધારણ કરે છે.

(૫૬૪) સુધામાન્તર પાલકઃ = સુધામા સ્વરૂપે પાલન કરનારા.

બારમા મન્વંતરમાં સદ્રસાવર્ણિ મનુ થશે. તે વખતે સત્યાસહા ઋષિ હશે. તેમની પત્ની સૂનૃતા હશે. તેના ગર્ભથી સ્વધામ (સુધામા)ના રૂપમાં ભગવાનનો અવતાર થશે અને તે રૂપમાં તે મન્વંતરનું પાલન કરશે.

(૫૬૫) ઉપહર્તા યોગપતિઃ = સર્વને સુખ આપનારા યોગેશ્વર શ્રીકૃષ્ણ.

તેરમા મન્વંતરમાં દેવસાવર્ણિ મનુ થશે. દેવહોત્ર ઋષિ હશે. તેમના પત્ની બૃહતી થશે. તેમના ગર્ભથી યોગેશ્વરના રૂપમાં ભગવાનનો અંશાવતાર થશે અને દિવસ્પતિને ઈન્દ્રનું પદ આપશે.

આ નામમાં ઉપહર્તા અને યોગપતિ એમ બે નામ જણાય છે. પણ આ એક જ નામ માનવાનું છે. મહાભારતના શાંતિપર્વમાં સંકર્ષણોડચ્યુતઃ એ બે નામમાં એક નામ આપેલું છે. તેમ અહીં પણ માનવું.

(૫૬૬) બુહદ્ભાનુઃ = મોટાં જેમના કિરણો છે તેવા પ્રભુ

ચૌદમા મન્વંતરમાં મનુ તરીકે ઈન્દ્રસાવર્ણિ થશે. સત્રાયણ ઋષિ હશે. તેમની પત્ની વિતાના હશે. તેમના ગર્ભથી બુહદ્ભાનુના રૂપમાં ભગવાન અવતાર ગ્રહણ કરશે અને કર્મકાંડનો વિસ્તાર કરશે.

પરમાત્મા પૂર્ણ તેજોમય સ્વરૂપ છે. તેથી જ તેમના મહાન કિરણો છે. શ્રીગીતામાં આજ્ઞા છે. અહમગ્નિરહં હુતમ્ - હું જ અગ્નિ છું. હું જ હોમવાના સ્વરૂપે છું.

(૫૬૭) ક્રિયાપતિઃ = સર્વ યજ્ઞ ક્રિયાઓનો પતિ

ભગવાન બૃહદ્ ભાનુ નામ ધારણ કરીને સર્વ યજ્ઞની ક્રિયાઓના માલિક થશે એવું શ્રી ભાગવતના આઠમા સ્કંધના તેરમા અધ્યાયના પાત્રીસમા

ગો.વા. લીલાવતીબેન પ્રેમચંદભાઈ શાહ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

શ્લોકમાં કહ્યું છે. સત્રાયણની પત્ની વિતાનાના ગર્ભથી બૃહદ્‌ભાનુના રૂપમાં ભગવાન અવતાર લેશે અને કર્મ કાંડનો વિસ્તાર કરશે.

ચતુર્દશપ્રમાણાત્મા, ધર્મો મન્વાદિબોધકઃ ।
લક્ષ્મીભોગૈકનિલયઃ, દેવમંત્રપ્રદાયતઃ ॥૧૧૫॥

(૫૬૮) ચતુર્દશપ્રમાણાત્મા = પ્રમાણોને પ્રવર્તાવનારા ચૌદ મનુઓ જેમના અંશ સ્વરૂપ છે.

બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ મનુઓ થાય છે. દરેક મનુના કાળમાં તે તે સમયને અનુરૂપ સદ્ધર્મો હોય છે. ચૌદ મનુઓએ પોત પોતાની સ્મૃતિઓ પ્રકટ કરી છે. તે સ્મૃતિઓમાં ધર્મોનું વર્ણન કર્યું છે. આ વર્ણવેલા ધર્મોને પરમેશ્વર પ્રમાણ રૂપ બનાવે છે.

(૫૬૯) ધર્મઃ = ધર્મરૂપ શ્રીહરિ.

મનુઓ ભગવાનનું જ સ્વરૂપ છે. ભગવાન ધર્માત્મા છે. આથી જ મનુઓએ સ્મૃતિઓમાં જે ધર્મ વર્ણવ્યા છે તે ધર્મરૂપે ભગવાન જ છે.

(૫૭૦) મન્વાદિબોધકઃ = મનુ વગેરેને બોધ કરનારા.

શ્રીઠાકોરજીએ પોતાના મહાત્મ્યનો બોધ સર્વ મનુઓ વગેરેને કરાવ્યો છે. આજ રીતે સર્વ મનુ વગેરેના મહાત્મ્યનો જગતમાં પ્રભુએ બોધ કરાવ્યો છે.

(૫૭૧) લક્ષ્મીભોગૈકનિલયઃ = સ્વર્ગ સંબંધી લક્ષ્મીના ભોગ - ઉપભોગના અનુભવના સ્થાન રૂપ.

સ્વર્ગમાં દિવ્ય વૈભવો છે. તેના મુખ્ય સ્થાન (નિલય) રૂપ આપ પ્રભુ જ છે. પરમાત્માના પ્રકાશથી જ કોઈ પણ વસ્તુ આનંદદાયિની બને છે. દરેક મન્વન્તરમાં ભગવદ્ અવતાર પણ થાય છે. પ્રભુ જ સ્વર્ગની લક્ષ્મીના કારણરૂપ બને છે. દરેક મન્વન્તરમાં પ્રભુના પ્રાકટ્યથી જ દેવોને વૈભવ પ્રાપ્ત થાય છે.

(૫૭૨) દેવમંત્રપ્રદાયકઃ = દેવોને અમૃત મેળવવામાં પ્રયત્ન આપનારા.

કાનજી પાનાચંદાઈ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

ભગવાને દેવોને સલાહ આપી કે દૈત્યો સાથે સંધિ કરો. તેમનો સહકાર લો. સમુદ્ર મંથન કરો. આ રીતે અમૃત પ્રાપ્ત કરવાની સલાહ આપી છે.

શ્રીઠાકોરજી બ્રહ્મા, શંકર વગેરે દેવતાઓને સાવધાન થઈ સલાહ માનવાનું કહે છે. શ્રીઠાકોરજી કહે છે કે હમણાં કાલની કૃપા અસુરો ઉપર છે. આથી તમારો અભ્યુદયનો સમય ન આવે ત્યાં સુધી દૈત્યો પાસે જઈ સંધિ કરો. કોઈ વિશિષ્ટ કાર્ય કરવું હોય તો શત્રુઓ સાથે પણ મેળ કરી દેવો. કામ થઈ જાય પછી સાપ અને ઉંદર જેવો વર્તાવ કરી શકો છો. તમે અમૃત કાઢવાનો પ્રયત્ન કરો. તે પીવાથી મરનાર પ્રાણી અમર થઈ જાય છે. ક્ષીરસાગર પાસે જાવ. તેમાં ઘાસ, લતા, ઔષધિ વગેરે નાંખો. મંદરાચલનો રવૈયો કરો. વાસુકિ નાગનું દોરડું કરો. મારી મદદથી સમુદ્ર મંથન કરો. હવે આળસ અને પ્રમાદ છોડો. વિશ્વાસ રાખો - દૈત્યોને શ્રમ અને ક્લેશ મળશે પણ ફલ તમને જ મળશે. અસુરો જે જે વસ્તુ તમારી પાસે માગે તે બધી સ્વીકારી લો. શાંતિ રાખવાથી બધાં કામ બને છે. ક્રોધ કરવાથી કંઈ બનતું નથી.

સમુદ્રમાંથી પહેલા કાલકૂટ વિષ નીકળશે. તેથી ડરવું નહીં. કોઈ વસ્તુ માટે ક્યારે પણ લોભ કરવો નહીં. કોઈ વસ્તુની કામના કરવી નહીં. જો કામના પૂરી ન થાય તો ક્રોધ તો કરવો જ નહીં.

ઉદ્યોગથી જ કોઈપણ કાર્યની સિદ્ધિ થાય છે. ઉદ્યોગ કરનારને પરમાત્મા મદદ આપે છે. ફલ સમર્પણ કરે છે. કાયરને કાંઈ મળતું નથી. પ્રભુ પ્રાપ્ત કરવા પરિશ્રમની જરૂર છે. તોજ અમૃત સુખ મળે. પ્રભુ મળે. અન્યથા નહિ.

દૈત્યવ્યામોહકઃ સાક્ષાદ્ ગરુડ સ્કંધ સંશ્રયઃ ।
લીલામન્દરધારી ચ દૈત્યવાસુકિપૂજિતઃ ॥૧૧૬॥

(૫૭૩) દૈત્યવ્યામોહકઃ = દૈત્યોને વ્યામોહ - બુદ્ધિ ભ્રંશ કરનારા.

ભગવાનને દૈત્યોનો નાશ કરવાના મિષથી ઉદ્ધાર જ કરવો છે. આથી દૈત્યોમાં મોહ ઉત્પન્ન કરાવે છે.

રજની આર. કાવઠીયા, મોડાસાના જયશ્રીકૃષ્ણ

દૈત્યોએ વાસુકિનું પૂછડું લેવાનો વિરોધ કર્યો. પ્રભુએ તેમની પાસે મુખનો ભાગ પસંદ કરાવ્યો. મથન શરૂ થયું. નાગના મુખથી વિષની જવાલાઓ નીકળી. આથી અસુરો કાળા પડી ગયા. દૈત્યો આ રીતે દુઃખી થયા. મુખની પસંદગી કરવામાં તેમજ સમુદ્ર મંથનમાંથી પ્રાપ્ત થયેલી વસ્તુઓની પસંદગી કરવામાં દૈત્યોએ ભૂલો કરી હતી. પ્રભુએ જ આ માટે દૈત્યોમાં વ્યામોહ કરાવ્યો છે.

(૫૭૪) સાક્ષાદ્ ગરુડ સ્કંધ સંશ્રયઃ = પોતાના રૂપ ગરૂડજીના સ્કંધ પર સ્થિતિ કરનારા

શ્રીકૃષ્ણની ગીતા આજ્ઞા પ્રમાણે 'વૈનતેયશ્ચ પક્ષિણામ્' પક્ષીઓમાં હું ગરૂડજી છું. આમ ગરુડજી સ્વસ્વરૂપ છે. ગરુડજીના સ્કંધ પર આપ બિરાજે છે. અષ્ટમ સ્કન્ધના છઠ્ઠા અધ્યાય પ્રમાણે - દેવતા અને અસુરોની સંધિ થઈ. બંને ભેગા થઈ અમૃત મન્થન માટે પ્રયત્ન કરવા લાગ્યા. એમણે પોતાની શક્તિથી મંદરાચલ પર્વતને ઉપાડ્યો. ગર્જન કરતાં તેઓ સમુદ્ર તટ તરફ ચાલ્યા. પર્વત બહુ ભારે હતો. દૂર લઈ જવાનો હતો આથી બંને પક્ષો થાક્યા. હાર્યા. પર્વતને રસ્તામાં જ પટકી દીધો. પડતા પર્વતથી બંને પક્ષના લોકો ચગદાયા. બંને પક્ષે ઉત્સાહ તૂટી ગયો. આ જોઈને અચાનક જ ગરૂડ પર આરૂઢ થયેલા પ્રભુ ત્યાં પ્રકટ થયા. પોતાની કૃપા દૃષ્ટિથી દેવતાઓને જીવાડ્યા. રમત માત્રમાં એક હાથથી મંદરાચલ પર્વત ઉઠાવ્યો. ગરુડ પર રાખી દીધો. સ્વયં પણ ગરુડ પર સવાર થયા. સમુદ્ર તટે આવ્યા. ગરુડજીએ પર્વતને સમુદ્ર તટે ઉતાર્યો.

(૫૭૫) લીલા મંદર ધારી = વિના શ્રમે મંદરાચલને ધારણ કરનારા.

ઉપર જોયું તે પ્રમાણે પ્રભુ મંદર પર્વતને ગરુડ પર આરૂઢ થઈ ક્ષીર સમુદ્ર સુધી લઈ ગયા. પ્રભુ આનંદ સ્વરૂપ છે. આપના સર્વ કાર્યોમાં પણ આનંદ જ છે. લીલા છે. આથી શ્રમ વિના મંદરને ધારણ કરનારા પ્રભુ છે.

(૫૭૬) દૈત્યવાસુકિપૂજિતઃ = દૈત્યોનું સામર્થ્ય હરવા વાસુકિનો સત્કાર કરનારા.

કિરીટકુમાર વાડીલાલ શાહ, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

વાસુકિ નાગને નેતરૂ બનાવવાના હતા. આથી બંને પક્ષે નાગને વચન આપ્યું કે અમૃતનો ભાગ તેમને મળશે. આ રીતે વાસુકિ નાગનું સન્માન કર્યું. આ લીલા હરિની જ હતી.

સમુદ્રોન્મથનાયત્તો વિઘ્નકર્તા સ્વવાક્ય કૃત્ ।
આદિકૂર્મઃ પવિત્રાત્મા મંદરાઘર્ષણોત્સુકઃ ॥૧૧૭॥

(૫૭૭) સમુદ્રોન્મથનાયત્તઃ = સમુદ્ર મથન માટે ઉદ્યોગ કરનારા.

દેવો અને દૈત્યોએ વાસુકિનું નેતરૂ કર્યું. મંદરાચલ સાથે બરોબર લપેટ્યા. ખૂબ ઉત્સાહ અને આનંદથી સમુદ્ર મંથનની શરૂઆત કરી. આ વખતે અજિત ભગવાન વાસુકિના મુખ તરફ આવી ગયા. તે જોઈ દેવતાઓ પણ ત્યાં આવ્યા.

આ સમયે પ્રભુએ મેઘ જેવા શ્યામ શરીરે સોનેરી પીતાંબર ધર્યું હતું. કાનના કુંડલ વીજળીની જેમ ચમકતા હતા. શિર પર વાંકડિયા વાળ હતા. નેત્રોમાં લાલ લાલ રેખાઓ હતી. ગળું વનમાળાથી સુશોભિત હતું. ભગવાને ભુજદંડોથી વાસુકિ નાગને પકડ્યો. કૂર્મ રૂપથી મંદર પર્વત ધારણ કર્યો. ભગવાન મંદર પર્વતને રવૈયો બનાવી સમુદ્ર મંથન કરવા લાગ્યા. આ વખતે તે બીજા પર્વતરાજની સમાન સુંદર લાગતા હતા. અજિત ભગવાને સમુદ્ર મથન કર્યું, ત્યારે સમુદ્રમાં ખળભળાટ મચી ગયો.

(૫૭૮) વિઘ્નકર્તા = વિઘ્નો થાય અને વિઘ્નો દૂર થાય તેવું કરનારા.

સમુદ્ર મંથનમાં અનેક વિઘ્નો આવ્યાં. આ વિઘ્નો પ્રભુ ઈચ્છાથી જ થાય છે. આ વિઘ્નો દૂર કરી અવિઘ્ન કર્તા પણ પ્રભુ જ બને છે. આવી પરસ્પર વિરૂધ્ધ લીલા શ્રીકૃષ્ણ કરે છે.

(૫૭૯) સ્વવાક્યકૃત્ = પોતાનાં વાક્યોને સફળ કરનારા.

ભગવાને દેવતાઓને અમૃત પ્રાપ્ત કરવા સલાહ આપેલી. આ કાર્યમાં જો અંતરાય આવે તો અમૃત ઉત્પન્ન ન થાય. પોતાનું વાક્ય નિષ્ફળ થાય. મંથન દરમ્યાન અંતરાયો આવ્યા. પ્રભુએ તે દૂર કર્યા. પોતાના વચનને

ચીનુભાઈ એન. સોની તથા અ.સૌ.સુલોચનાબેન (અમદાવાદ), યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

યથાર્થ કર્યું. ભક્ત દેવોએ દૈત્યોને કહ્યું હતું કે આપણે સાથે મળી અમૃત ઉત્પન્ન કરીએ. પોતાના ભક્તોની આ વાણીને સત્ય કરવા પ્રભુએ વિઘ્નો દૂર કર્યા છે.

(૫૮૦) આદિકૂર્મઃ = આદિ કૂર્મ રૂપ ધારણ કરનારાં

દેવતા અને અસુર અમૃત મેળવવા સમુદ્ર મન્થન કરવા લાગ્યા. તેમની તૈયારી બરોબર હતી. મન્થન દરમ્યાન નીચે કોઈ આધાર ન હતો. આથી મંદર પર્વત ડૂબવા લાગ્યો. આથી બંને પક્ષે મન ખાટાં થઈ ગયાં. બધા ઉદાસ બન્યા. ભગવાને જોયું કે આ વિઘ્નરાજની કરતૂત છે. તેના નિવારણ માટે પ્રભુએ વિશાળ અને વિચિત્ર કાચબાનું રૂપ ધારણ કર્યું. સમુદ્ર જળમાં પ્રવેશ કર્યો. મંદરાચલને પીઠ પર ઊંચકી લીધો.

પૌરાણિક માન્યતા પ્રમાણે પૃથ્વી શેષનાગ પર રહેલી છે. પૃથ્વી અને શેષનાગ બંને કૂર્માવતાર ભગવાન વિષ્ણુના આધારે રહેલા છે. આમ કૂર્મ સર્વના આધારરૂપ છે, આથી અહીં આદિકૂર્મઃ કહે છે. આ આદિકૂર્મ ભગવાને મંદર ધારણ કરવા કૂર્મ સ્વરૂપ પ્રકટ કર્યું.

(૫૮૧) પવિત્રાત્મા = પવિત્ર દેહવાળા

કૂર્મરાજનું સ્વરૂપ પવિત્ર છે. શ્રુતિ કહે છે કે પશુઓમાં કૂર્મરાજ અત્યંત પવિત્ર છે. શેષનાગ સહિત ધરણીને ધારણ કરનારા કૂર્મરાજે પ્રભુના અંશરૂપ છે. માટે પવિત્ર દેહધારી કૂર્મ ભગવાન એમ કહ્યું છે.

(૫૮૨) મંદરાઘર્ષણોત્સુકઃ = મંદરાચલે કરેલા ઘણા જ ઘર્ષણમાં ઉત્સાહ ધરાવનારા કૂર્મપ્રભુ

ભગવાને મંદરાચલને પીઠ પર ધારણ કર્યો. દેવો અને અસુરોએ તેમના બાહુબળથી મંદરાચલથી વલોવવાનું કાર્ય શરૂ કર્યું. આથી મંદાર પર્વત કૂર્મ ભગવાનની પીઠ પર ફરવા લાગ્યો. આ વખતે આદિકૂર્મ ભગવાનને એવું લાગ્યું કે કોઈ એમની પીઠ ને ખંજવાળી રહ્યું છે. પ્રભુ માટે આ ખંજવાળવાનું આનંદ રૂપ હતું.

ગો.વા. રમેશચંદ્ર ચીમનલાલ શાહ (હાથીખાનાવાળા), મુંબઈના જયશ્રીકૃષ્ણ

શ્વાસૈજદબ્ધિવાર્વીચિઃ કલ્પાન્તાવધિકાર્યકૃત્ ।
ચતુર્દશમહારત્નો, લક્ષ્મી સૌભાગ્ય વર્ધનઃ ॥૧૧૮॥

(૫૮૩) શ્વાસૈજદબ્ધિવાર્વીચિઃ = શ્વાસ ચાલવાથી સમુદ્રના જળમાં મોજા ઉત્પન્ન કરનાર.

મંદરાચલને આધાર આપવા માટે ભગવાન આદિકૂર્મ બન્યા. જળમાં જ બિરાજીને રહ્યા. આ વખતે કૂર્મ ભગવાનના શ્વાસોચ્છવાસની ક્રિયાથી સમુદ્રના જળમાં મોજા ઉત્પન્ન થવા લાગ્યા.

(૫૮૪) કલ્પાન્તાવધિકાર્યકૃત્ = કલ્પના અંત સુધી મન્દરને ધારણ કરવાનું કાર્ય કરનાર.

કૂર્મ અવતાર રૂપે કલ્પના અંત સુધી પ્રભુએ મન્દરને પીઠ પર ધરી રાખ્યો. (આદિ કૂર્મઃ થી કલ્પાન્તાવધિ કાર્યકૃત્ નામો કૂર્માવતારનાં થયાં.)

(૫૮૫) ચતુર્દશમહારત્નઃ = ચૌદ મહારત્નોના સ્વરૂપવાળા.

સમુદ્ર મંથન દરમ્યાન ચૌદ મહારત્નો પ્રકટ થયાં હતાં.

હલાહલ, કામધેનુ, ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો, ઐરાવત હાથી, કૌસ્તુભ મણિ, કલ્પવૃક્ષ, અપ્સરાઓ, લક્ષ્મીજી, વારુણી, ધન્વન્તરી, અમૃત, ચંદ્ર, સારંગ ધનુષ, પાંચજન્ય શંખ. આ ચૌદરત્નો પ્રકટ કરનારા પ્રભુ જ છે. આ રત્નો ઉત્પન્ન કરવાની ઈચ્છાથી જ દેવો અને દૈત્યોને સંધિ કરાવી છે. વિષ્ણુએ લક્ષ્મીને વક્ષઃસ્થલમાં અને કૌસ્તુભ મણિને કંઠમાં ધારણ કર્યો છે.

(૫૮૬) લક્ષ્મી સૌભાગ્ય વર્ધનઃ = લક્ષ્મીના સૌભાગ્યને વધારનારા

સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં. તેમનાં રૂપ, કાન્તિ અને લાવણ્યનું વર્ણન મળે છે. લક્ષ્મીદેવી શોભાની મૂર્તિ છે. ભગવાનની નિત્યશક્તિ છે. તેમની છટા વીજળી જેવી ચમકીલી હતી. તેથી દિશાઓ ઝગમગી ઊઠી. તેમનાં સૌંદર્ય, સૌદાર્ય, યૌવન, રૂપ, રંગ અને મહિમાથી બધાનું ચિત્ત તેમના તરફ ખેંચાઈ ગયું. આ શોભા વગેરે ભગવાનના સ્વરૂપમાંની જ હતી. આવાં લક્ષ્મીજીએ ભગવાનનું વરણ કર્યું. આ જ તેમનું મહાભાગ્ય

કેતનભાઈ મુકુંદચંદ્રરાય મોદી, મુંબઈના જયશ્રીકૃષ્ણ

છે. ભગવાને તેમને હૃદયમાં સ્થાન આપ્યું. આ પણ લક્ષ્મીજીનું મહાભાગ્ય હતું.

આવા લક્ષ્મીજીમાં સર્વ દેવોને મોહ થયો હતો. પ્રભુ ઈચ્છતા હતા કે લક્ષ્મી પ્રભુમાં જ મોહ પામે. આથી પ્રભુએ પોતાની શોભા (લક્ષ્મી) દિવ્ય અને પ્રભાવશાળી કરી. લક્ષ્મીજીની શોભા કરતાં પ્રભુની શોભા જરા પણ ન્યૂન (ઓછી) ન હતી. આમ લક્ષ્મી માટે પ્રભુએ પોતાનામાં સુભગતા-સુંદરતાની વૃદ્ધિ કરી છે.

ધન્વન્તરિઃ સુધાહસ્તો યજ્ઞભોક્તાર્તિનાશનઃ ।
આયુર્વેદ પ્રણેતા ચ દેવ દૈત્યાખિલાર્ચિતઃ ॥૧૧૯॥

(૫૮૭) ધન્વન્તરિઃ = રોગ રૂપ સમુદ્રને તરવા માટે વહાણ તુલ્ય

ધન્વન્ - રોગ રૂપ સમુદ્રને તરવાને તરિ-વહાણ તુલ્ય એવા ધન્વન્તરિ રૂપ ભગવાન. અમૃતની ઈચ્છાથી સમુદ્ર મંથન થયું. તેમાંથી એક અત્યન્ત અલૌકિક પુરુષ પ્રકટ થયા. તેમની ભુજાઓ લાંબી હતી. ગળુ શંખ જેવું હતું. આંખોમાં લાલિમા હતી. શરીરનો રંગ સુંદર શ્યામ હતો. ગળામાં માળા હતી. અંગ પર આભૂષણો હતાં. શરીર પર પીતાંબર હતું. કાનોમાં ચમકતા મણીઓના કુંડળ હતાં. વિશાળ છાતી હતી. તરૂણ અવસ્થા હતી. સિંહ સમાન પરાક્રમ હતું.અનુપમ સૌંદર્ય હતું. ચળકતા વાંકડિયા વાળ હતા.

આ પુરુષ તે ધન્વન્તરિ. ચૌદ રત્નો પૈકીનું એક રત્ન. તે ભગવદ્ રૂપ છે. તેમણે આયુર્વેદ ચિકિત્સાશાસ્ત્ર-વૈદ્યક શાસ્ત્ર પ્રકટ કર્યું. ધન્વન્તરિ સ્વરૂપે સર્વના રોગો દૂર કરનારા આ રૂપે પ્રભુ જ છે.

(૫૮૮) સુધાહસ્તઃ = સુધા જેના હાથમાં છે તેવા ધન્વંતરિ પ્રભુ

ધન્વન્તરિજી પ્રકટ થયા ત્યારે તેમના કંગનવાળા હાથમાં સુધા-અમૃત ભરેલો કળશ હતો. વિષ્ણુ ભગવાનના તે અંશાંશ અવતાર હતા. આ અમૃત મૃત્-મરણથી રહિત કરનારું છે.આથી તે રોગ રૂપી સમુદ્રમાંથી તારનાર (તરિ-વહાણ-તારનાર) કહેવાય છે.

પુષ્પાબેન મુકુંદરાય મોદી, મુંબઈના જયશ્રીકૃષ્ણ

(૫૮૯) યજ્ઞભોક્તાઃ = યજ્ઞને ભોગવનાર.

ધન્વન્તરિજી યજ્ઞભોક્તા તરીકે પ્રસિદ્ધ છે. (૮-૮-૩૫) ઈજ્યભાક્-ધન્વન્તરિજીને યજ્ઞમાં ભાગ મળે છે.

(૫૯૦) આર્તિનાશનઃ = રોગથી થયેલી પીડાનો નાશ કરનાર

અમૃતનો સ્વભાવ જ મરતાને જીવાડવાનો છે. રોગથી દુઃખ થાય. તેનાથી ચિંતા અર્થાત્ પીડા થાય. અમૃત દ્વારા આ આર્તિ ધન્વન્તરિ પ્રભુ દૂર કરે છે.

(૫૯૧) આયુર્વેદ પ્રણેતાઃ = આયુર્વેદના રચનારા

આયુર્વેદ એટલે આયુષ્યની વૃદ્ધિ કરવા સમર્થ એવો વેદ. ઋગ્વેદ્ અંતર્ગત તે ઉપવેદ છે. રોગની પીડા નાશ કરીને આયુષ્યની વૃદ્ધિ કરે તેવો આયુર્વેદ છે. તેના પ્રણેતા ધન્વન્તરિજી છે. વેદદક્ તેવું શ્રીભાગવતમાં છે. (૮-૮-૩૫)

(૫૯૨) દેવદૈત્યાખિલાર્ચિતઃ = દેવો અને દૈત્યોથી પૂર્ણ રીતે પૂજાયેલા.

ધન્વન્તરિજી પ્રકટ થયા. અમૃતનો કલશ શ્રીહસ્તમાં હતો. અમૃતથી રોગનું દુઃખ દૂર થાય અને આયુષ્ય મળે. આથી દેવો અને દૈત્યોએ મનથી તે પ્રભુનો સત્કાર કર્યો. પૂજન અને અર્ચન કર્યું.

બુદ્ધિવ્યામોહકો દેવ કાર્યસાધન તત્પરઃ ।
સ્ત્રીરૂપો માયયા વક્તા, દૈત્યાન્તઃકરણ પ્રિયઃ ॥૧૨૦॥

(૫૯૩) બુદ્ધિવ્યામોહક :- દૈત્યોની બુદ્ધિમાં વિશેષ મોહ ઉત્પન્ન કરનારા

ધન્વન્તરી પ્રભુ અમૃત કલશ લઈ પ્રકટ થયા. દૈત્યોની દૃષ્ટિ કલશમાં પડી. દૈત્યોએ બળપૂર્વક અમૃત કલશ ઝૂંટવી લીધો. દૈત્યોની દૃષ્ટિ તો પહેલાથી જ મંથનમાંથી નીકળેલ બધી વસ્તુઓમાં હતી. દેવતાઓ આથી વિષાદ યુક્ત થયા. તે ભગવાનની શરણમાં આવ્યા. ભગવાન ભક્ત વત્સલ છે. દેવતાઓની ઉદાસી જોઈ તેમણે કહ્યું 'દેવતાઓ તમે દુઃખ ન કરો હું

ઝરણા સમીર નાયર, મુંબઈના જયશ્રીકૃષ્ણ

મારી માયાથી દૈત્યોમાં ફૂટ પડાવી તમારું કામ તરત કરી આપીશ.' ભગવાને આથી દૈત્યોની બુદ્ધિમાં વિશેષ મોહ ઉત્પન્ન કર્યો.

(૫૯૪) દેવકાર્યસાધનતત્પરઃ = અમૃત પાન કરાવવા રૂપ દેવતાઓના કાર્યને સાધવામાં તત્પર.

દૈત્યો અમૃત લોલુપ તો હતા જ. તેમની બુદ્ધિમાં વ્યામોહ થયો. આપસમાં તેઓ ઝઘડવા લાગ્યા.બધા કહેવા લાગ્યા 'પહેલા હું પીશ, તું નહીં.' દુર્બલ દૈત્યો બલવાન દૈત્યોનો વિરોધ કરવા લાગ્યા. જેમણે કલશ ઝુંટવીને પોતાના હાથમાં લીધેલો તેમની બાકીના દૈત્યો ઈર્ષ્યા કરવા લાગ્યા. દૈત્ય હોવા છતાં ધર્મના સોગંદ આપવા લાગ્યા. તેમને રોકવા કહેવા લાગ્યા, 'દેવતાઓએ પણ પરિશ્રમ કર્યો છે. તેમને પણ ભાગ મળવો જોઈએ.' આ પ્રેરણા પ્રભુની જ છે. પ્રભુ આ રીતે દેવકાર્ય સાધવા તત્પર છે.

(૫૯૫) સ્ત્રીરૂપઃ = સ્ત્રીરૂપ ધારણ કરનારા.

પ્રભુએ જ દૈત્યોમાં કલહ કરાવ્યો. પ્રભુ સર્વ ઉપાયો જાણે છે. તેમણે સ્ત્રીરૂપ ધારણ કર્યું. તેમનું સ્વરૂપ એવું લોકોત્તર હતું કે દૈત્યોના ચિત્તમાં કામનું ઉદ્દીપન થયું. શરીરનો રંગ નીલકમલ જેવો શ્યામ હતો. અંગ-પ્રત્યંગ ખૂબ જ આકર્ષક હતાં. બંને કાનમાં કર્ણફૂલ શોભતાં હતાં. કપોલ સુંદર હતા. તીક્ષ્ણ નાસિકા હતી. મુખ રમણીય હતું. મુખમાંથી સુગંધ પ્રકટિત થતી હતી તેથી ભમરાઓ ગણગણતા હતા. લાંબા વાળ હતા, તેમાં માળા ગૂંથી હતી. ગળામાં કંઠના આભૂષણ અને સુંદર ભુજાઓમાં બાજૂબંધ શોભતા હતા. ચરણોમાં નૂપુર હતાં. તે રૂનઝૂન-રૂનઝૂન ધ્વનિ કરતાં હતાં. આનાથી દૈત્યો મોહિત થયા. તેમની બુદ્ધિ મારી ગઈ હતી. પ્રભુનું આ મોહિની - સ્ત્રીરૂપ હતું.

(૫૯૬) માયયા વક્તા = માયા ઉત્પન્ન કરે તેવી વાણીને બોલનારા.

દૈત્યો એક બીજાના હાથમાંથી અમૃત કળશ ઝૂંટવતા હતા ત્યાં તેમણે મોહિની પ્રભુ જોયા. બધા આપસનો ઝઘડો ભૂલી મોહિની પ્રભુ પાસે પહોંચ્યા. દૈત્યોએ કહ્યું, 'અમે બધા કશ્યપજીના પુત્ર હોવાથી ભાઈઓ

સમીર એમ. નાયર, મુંબઈના જયશ્રીકૃષ્ણ

છીએ. તમે નિષ્પક્ષ ભાવથી અમને અમૃત વહેંચો.' આ અસુરોની પ્રાર્થના સાંભળી મોહિની પ્રભુ થોડું હસ્યાં અને ત્રાંસી દૃષ્ટિ કરી કહેવા લાગ્યાં, 'આપ બધા મહર્ષિ કશ્યપના પુત્ર છો. હું કુલટા છું. આપ બધા મારા પર ન્યાય કરવાની જવાબદારી કેમ સોંપો છો ? કૂતરા અને વ્યભિચારિણી સ્ત્રીઓની મિત્રતા સ્થાયી હોતી નથી. આ બંને સદા નવા નવા શિકાર શોધે છે. પ્રભુની આ કપટ વાણીમાં પરિહાસ હતો. કપટ હતું. આનાથી દૈત્યોનો મોહિની પ્રભુમાં વિશ્વાસ દૃઢ થયો. અમૃતનો કળશ તેમને સોંપી દીધો.

મોહિનીજીના આ વચનો માટે 'ક્ષ્વલિત' શબ્દ મૂક્યો છે (૮-૯-૧૧) તેનો અર્થ કપટી વચનો એવો થાય છે.

દૈત્યોને આશ્વાસન મળ્યું અને તેથી ભાવગંભીર હાસ્ય કર્યું. ત્યારબાદ પણ પ્રભુએ મોહકવાણીથી દૈત્યોને વચન બદ્ધ કર્યા છે. ભગવાન કહે છે કે, 'હું સારું કે ખોટું જે કાંઈ કરું તે જો તમને સ્વીકાર્ય હોય તો હું આ અમૃતની વહેંચણી કરું. દૈત્યો મોહિની ભગવાનની વાત જાણતા ન હતા. તેમણે ભગવાનના વચનનો સ્વીકાર કર્યો. આ રીતે પ્રભુ માયયા વક્તા થયા.'

(૫૯૭) દૈત્યાન્તઃકરણપ્રિયઃ = દૈત્યોના અંતઃકરણને પ્રિય લાગનારા.

ભગવાનનું સ્ત્રીરૂપ અને વાણી માયા - મોહ ઉત્પન્ન કરનારાં હતાં. આથી દૈત્યોના અંતઃકરણમાં પ્રભુએ પોતાના માટે પ્રીતિ ઉત્પન્ન કરી. આથી જ તો તે બધા આપસમાં લડતા બંધ થયા. અમૃત કલશ મોહિનીજીના હાથમાં સોંપી દીધો.

પાચિતામૃતદેવાંશો યુદ્ધ હેતુ સ્મૃતિપદઃ ।
સુમાલિમાલિવધકૃત્ માલ્યવત્પ્રાણહારકઃ ॥૧૨૧॥

(૫૯૮) પાચિતામૃતદેવાંશઃ = દૈવતના અંશરૂપ અમૃતનું દેવોને પાન કરાવનાર.

અમૃત દૈવી અંશથી પ્રકટ્યું છે. સાત્વિક અંશવાળાઓનો તે પર અધિક અધિકાર છે. દૈત્યો તમોગુણી છે. તે જો અમૃત પીએ તો અનર્થ થાય. સાપને દૂધ પાઈને ઉછેરવા જેવું થાય. સર્પો ક્રૂર છે. તેમની વૃદ્ધિથી ઉપદ્રવ

વિધાબેન શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

જ વધે. આ રીતે દૈત્યોને અમૃત પાન મળતાં તે અમર બને. તેમની વૃદ્ધિ વિશ્વને ત્રસ્ત કરી મૂકે. આથી દૈત્યોને છોડી ખરા અધિકારી દેવોને અમૃતપાન કરાવ્યું.

(૫૯૯) યુદ્ધહેતુસ્મૃતિપ્રદઃ = યુદ્ધના હેતુરૂપ સ્મૃતિ આપનારા શ્રીકૃષ્ણ.

મોહિની સ્વરૂપે કપટયુક્ત વર્તાવ કર્યો. દેવોને અમૃત મળ્યું. પોતાને મોહિનીએ ન આપ્યું તેવું દૈત્યોને ભાન થયું. મોહિનીજી અંતર્ધાન પણ થયાં હતાં. દૈત્યોને સમજાયું કે તેઓ છેતરાયા છે. આથી દેવો સાથે યુદ્ધ કરવા તત્પર થયા.

(૬૦૦) સુમાલિમાલિવધકૃત્ = સુમાલિ અને માલિનો વધ કરનારા.

ભગવાને અમૃત નિજજન દેવતાઓને પાયું. પછી ગરુડ પર આરૂઢ થઈ ચાલ્યા ગયા. દૈત્યોએ આ જોયું. તેમણે હથિયાર ઉઠાવ્યા. દેવો પર આક્રમણ કર્યું. ક્ષીર સાગરના તટ પર ભયંકર સંગ્રામ થયો. તે દેવાસુર સંગ્રામથી ઓળખાયો. દેવોએ અમૃત પીધું હતું. ભગવાનના શરણાગત હતા. આથી દૈત્યો ફાવતા ન હતા. ઈન્દ્રમાં ખૂબ સ્ફૂર્તિ આવી હતી. આ જોઈને ઈન્દ્ર સામે લડનાર બલિ અંતર્ધાન થઈ ગયો. તેણે માયાવી સૃષ્ટિ રચી. એક મોટો પર્વત આવ્યો. દેવો પર પડ્યો. માયાથી બલિએ અગ્નિની સૃષ્ટિ કરી. પ્રબલ આંધી કરી. માયાના પ્રભાવથી દૈત્યો દેખાતા ન હતા. દેવોએ પ્રભુનું ધ્યાન ધર્યું. ગરુડજી પર પ્રભુ પધાર્યા. આ સાથે અસુરોની માયા વિલીન થઈ.

કાલનેમિએ પ્રભુને જોયા. પ્રભુ પર ત્રિશુલ ચલાવ્યું. ભગવાને ત્રિશુલ પકડી લીધું. કાલનેમિને મારી નાખ્યો. હવે માલી અને સુમાલી બે દૈત્યો આવ્યા. તે ખૂબ જ બળવાન હતા. યુદ્ધમાં ભગવાને ચક્રથી એ બંનેના માથા કાપી લીધા બંને નિર્જીવ થઈને પડ્યા.

(૬૦૧) માલ્યવત્ પ્રાણ હારકઃ = માલ્યવાનના પ્રાણ હરનાર.

માલ્યવાન માલી-સુમાલીનો ભાઈ હતો. પોતાના મરેલા ભાઈને જોઈ તે પ્રભુ સાથે લડવા આવ્યો. તેણે ગદાથી ગરુડ પર વેગથી પ્રહાર કર્યો. ભગવાને તે જ વખતે ચક્રથી તેનું માથું કાપી ધડથી અલગ કરી દીધું.

મંજુલાબેન આર. પરીખ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

દેવોને અમૃતની પ્રાપ્તિ કરાવનાર ભગવાન જ હતા. તેનું એક જ કારણ શ્રી ભાગવત આપે છે. દેવોને ભગવાનના ચરણ કમલનો આશ્રય હતો. અને દૈત્યો ભગવાનથી વિમુખ હતા. આથી પરિશ્રમ કર્યા છતાં અમૃતથી વંચિત રહ્યા.

શ્રી શુકદેવજી કહે છે (અધ્યાય ૧૨-૪૭) 'દુષ્ટ પુરુષોને ભગવાનના ચરણકમલોની પ્રાપ્તિ ક્યારે પણ થઈ શકતી નથી. તે તો ભક્તિભાવ યુક્ત પુરુષોને જ પ્રાપ્ત થાય છે. આથી જ સ્ત્રીનું માયાવી રૂપ લઈ દૈત્યોને મોહિત કર્યા. શરણાગત દેવોને અમૃતપાન કરાવ્યું.'

કાલનેમિશિરચ્છેદી દૈત્ય યજ્ઞ વિનાશકઃ ।
ઈન્દ્ર સામર્થ્યદાતા ચ દૈત્યશેષ સ્થિતિ પ્રિયઃ ॥૧૨૨॥

(૬૦૨) કાલનેમિ શિરચ્છેદી = કાલનેમિનું મસ્તક છેદનારા.

આગળ આપણે દેવ અસુર સંગ્રામના વર્ણનમાં જોયું કે બલિની માયાવી સૃષ્ટિથી દેવો મુંઝાયા. પ્રભુનું સ્મરણ કર્યું. ગરૂડજી પર પ્રભુ પધાર્યા. કાલનેમિએ તે જોયું. કાલનેમિ સિંહ પર બેઠો હતો. તેણે બેઠા બેઠા જ વેગથી પ્રભુ તરફ ત્રિશુલ ચલાવ્યું. પ્રભુએ તે ત્રિશુલ પકડી તેનાથી કાલનેમિ તથા તેના વાહનને મારી નાખ્યા.

(૬૦૩) દૈત્ય યજ્ઞ વિનાશકઃ = આસુરી યજ્ઞનો નાશ કરનારા.

બલિરાજાના યજ્ઞમાં વામનજી પધાર્યા. તે પહેલાં જે યજ્ઞ હતો તેમાં પ્રભુ પધાર્યા ન હતા. આથી પ્રભુ ચરણો વગર તે દૈત્યયજ્ઞ જ હતો. વામન પધાર્યા તે પછી યજ્ઞ સાત્ત્વિક દૈવી બન્યો. દૈત્ય ભાવ દૂર થયો. ગુરુ શુક્રાચાર્યે બલિને દાન આપતાં રોક્યો. ગુરુની આજ્ઞા પાળવી તે મર્યાદા છે. બલિની મનોવૃત્તિ બદલાઈ નહીં. તેણે દાન આપ્યું જ. આ જ બતાવે છે કે યજ્ઞમાંથી દૈત્ય ભાવ નીકળી ગયો હતો. આથી જ યજ્ઞ નાશક ન કહેતાં વિનાશકઃ કહ્યું. આમ 'વિ' ઉપસર્ગમાં મહત્વનો ગૂઢ અર્થ રહેલો છે.

(૬૦૪) ઈન્દ્રસામર્થ્યદાતા = ઈન્દ્રને દૈત્યોને હરાવવાનું સામર્થ્ય આપનારા.

રાજેન્દ્રભાઈ કે. પટેલ, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

અમૃત ન મળતાં દૈત્યોએ દેવો પર દ્વેષથી આક્રમણ કર્યું. દેવોના મનમાં અહંકાર થયો. પ્રભુએ દીધું તો અમૃત પીધું તે ભૂલી ગયા. આથી અમૃતે અસર ન કરી. દેવાસુર સંગ્રામમાં દેવો દૈત્યોની માયાથી પીડાયા. પ્રભુ પ્રકટ થયા. માયા દૂર થઈ. કાલનેમિ, માલી–સુમાલી અને માલ્યવાનને માર્યા. ઈન્દ્રને સામર્થ્ય પ્રભુએ આપ્યું. હવે અમૃતે અસર કરી. દેવો અમર થઈ લડવા લાગ્યા.

યુદ્ધમાં જમ્ભાસુરના મૃત્યુના સમાચાર નમુચિને મળ્યા. તે યુદ્ધમાં આવ્યા. બાણોની વર્ષા વર્ષાવી. યુદ્ધભૂમિમાં આટલા બધા બાણ વર્ષ્યા હોય તેવી આ પહેલી ઘટના હતી. બાણના પિંજરામાં ઈન્દ્ર પૂરાઈ ગયો. છતાં થોડા સમય પછી ઈન્દ્ર ઘોડા, રથ, ધ્વની અને સારથિ સાથે બહાર આવ્યો.

નમુચિ ઈન્દ્ર પર તૂટી પડ્યો. ઈન્દ્રે વજ્રનો ઉપયોગ કર્યો. વજ્રથી વૃત્રાસુર મરાયો હતો. પર્વતોની પાંખો કપાઈ હતી. તે વજ્ર નમુચિને મારી શક્યું નહીં. નમુચિના ગળાની ચામડીએ વજ્રનો તિરસ્કાર કર્યો. તે પાછું ફર્યું. ઈન્દ્ર આથી વિષાદ કરવા લાગ્યા. આ વખતે આકાશવાણી થઈ. 'આ દાનવ ન તો સૂકી વસ્તુઓથી મરશે કે તો ન તો ભીની વસ્તુઓથી મરશે.' આ દાનવ સૂકી કે ભીની વસ્તુથી નહીં મરે. આથી હે ઈન્દ્ર આ શત્રુને મારવા બીજો ઉપાય વિચાર. ઈન્દ્રે વિચાર્યું કે સમુદ્ર ફીણ સૂકું પણ નથી. ભીનું પણ નથી. ઈન્દ્રે સમુદ્રફીણથી નમુચિનું ગળું કાપી નાખ્યું. ઋષિ મુનિઓએ ઈન્દ્ર પર પુષ્પની વૃષ્ટિ કરી. ઈન્દ્રને આવું સામર્થ્ય પ્રભુએ જ આપ્યું.

(૬૦૫) દૈત્યશેષસ્થિતિપ્રિયઃ = યુદ્ધમાં બચેલા દૈત્યોની સ્થિતિ જેમને પ્રિય છે એવા.

બ્રહ્માજીએ નારદજીને મોકલી દેવ–અસુર સંગ્રામ અટકાવ્યો. નારદજીની વાત સાંભળી દેવો શાંત થયા. સ્વર્ગ લોકમાં ગયા. યુદ્ધમાં જે મર્યા ન હતા, બચી ગયા હતા તે દૈત્યોને નારદજીએ સલાહ આપી. વજ્રની ચોટથી મરેલ બલિને લઈ અસ્તાચલની યાત્રા કરવા કહ્યું. અહીં શુક્રાચાર્યે પોતાની સંજીવની વિદ્યાથી ઘવાયેલા અસુરોને જીવતા કર્યા. શુક્રચાર્યના સ્પર્શથી બલિની ઇન્દ્રિયોમાં ચેતના આવી. મનમાં સ્મરણ શક્તિ આવી. બલિને સમજાયું કે સંસારમાં જીવન મૃત્યુ, જય–પરાજય ઉલટ ફેર થયા જ કરે છે. આથી તે પરાજીત થવા છતાં તેને કોઈ પ્રકારનો ખેદ થયો નહીં.

લીલાબેન નટુભાઈ પટેલ (અમેરિકા)ના જયશ્રીકૃષ્ણ.

શિવવ્યામોહકો માયી, ભૃગુમંત્ર સ્વશક્તિદઃ ।
બલિજીવન કર્તા ચ, સ્વર્ગ હેતુર્વ્રતાર્ચિતઃ ॥૧૨૩॥

(૬૦૬) શિવવ્યામોહકઃ = શંકરને વિશેષ કરીને મોહ પ્રકટાવતા પ્રભુ.

ભગવાને મોહિની રૂપ લીધું હતું. શંકરજીએ આ વાત જાણી. તેઓ સતી તથા સમસ્ત ભૂતગણોને લઈને મધુસૂદન પ્રભુ પાસે આવ્યા. મોહિની રૂપનાં દર્શન કરાવવા વિનંતી કરી. પ્રભુ મોહિનીરૂપ દર્શાવવા તૈયાર થયા. એકદમ અંતર્ધાન થયા. શંકરજી અને સતીએ ચારે બાજુ દૃષ્ટિ કરી. ત્યાં જ પ્રભુ મોહિની રૂપ ધારણ કરી પ્રગટ થયા. એક સુંદરીના દર્શન શંકરે કર્યા. દડાથી આ સુંદરી રમતી હતી. રમતાં રમતાં શંકર તરફ ત્રાંસી નજરે જોયું. આ સાથે શંકરજીનું મન ચલિત થયું. સતી અને ગણો સાથે છે તેવો ખ્યાલ પણ ન રહ્યો. શંકરજીમાં વિવેક ન રહ્યો. સતી હોવા છતાં લજ્જા છોડી મોહિની તરફ ભાગ્યા.

માયાપતિ ભગવાનની દેવમાયાથી પોતે 'જડીકૃત' થયા એવું જ્ઞાન શિવજીને થયું. પોતાના કશ્મલમાંથી નિવૃત્ત થયા. આ વખતે ભગવાને શિવજીનો મહિમા વખાણ્યો છે.

(૬૦૭) માયી = માયાવી

માયા પ્રભુની આત્મશક્તિ છે. ભગવાનની દાસી છે. જગતને તે મોહ કરે છે. મોહિનીને જોઈ શંકરજી કાળવશ થયા. સુંદરીનો પીછો કર્યો. તેની ચોટી ખેંચી. સુંદરીએ છૂટવાની કોશિશ કરી. આમાં સુંદરીના માથાના વાળ વિખેરાઈ ગયા. વાસ્તવમાં તે સુંદરી ભગવાનની રચેલી માયા હતી.

ભગવાને શંકરજીને કહ્યું છે કે 'મારી માયા અપાર છે, સંયમી પુરુષ પણ તેનાથી બચી શકતો નથી. મારી માયા ભલભલાને મોહિત કરી દે છે.'

ગો.વા.મહેન્દ્રભાઈ નાગર, મુંબઈના જયશ્રીકૃષ્ણ

(૬૦૮)ભૃગમંત્રસ્વશક્તિદઃ = ભૃગુને મંત્રમાં પોતાની શક્તિ આપનાર.

શુક્રાચાર્ય દૈત્યોના ગુરુ છે. તે ભૃગુના વંશમાં જન્મ્યા છે. શુક્રાચાર્યને આ મંત્ર વિદ્યામાં પ્રભુએ જ પોતાની પ્રબલ શક્તિને સ્થાપિત કરી હતી, કારણ મૃતને સંજીવન કરવાનું પ્રભુથી જ માત્ર શક્ય છે.

(૬૦૯) બલિજીવનકર્તાઃ = બલિરાજાને જીવન આપનારા

ઈન્દ્રે બલિને હરાવ્યો. તેની સંપત્તિ લઈ લીધી. તે રીતે તેના પ્રાણ પણ લીધા. ત્યારે શુક્રાચાર્યે સંજીવની વિદ્યાથી તેને જીવતો કર્યો. બલિએ પોતાનું સર્વસ્વ શુક્રાચાર્યના ચરણે ધરી દીધું.

(૬૧૦) સ્વર્ગહેતુઃ = સ્વર્ગના કારણરૂપ પ્રભુ

બલિરાજાએ વિશ્વજયી યજ્ઞ કર્યો. આથી તેને પુષ્કળ તેજ પ્રાપ્ત થયું. આ દ્વારા તેણે ઈન્દ્રના સ્વર્ગને તથા ત્રિલોકને પ્રાપ્ત કર્યા. આથી દેવોને સંતાઈ જવું પડ્યું. પ્રભુએ ત્યારે વામન રૂપ લીધું. બલિ પાસે ત્રણ ડગલા જમીન માગી. તેમાં સ્વર્ગ સહિત ત્રણ લોક લઈ લીધા. ઈન્દ્રને સ્વર્ગ લોક આપ્યો. બલિને ભૃગુથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ. ઈન્દ્રને ફરી સ્વર્ગ મળ્યું. આ બંનેમાં કારણરૂપ શ્રીહરિ છે.

(૬૧૧) વ્રતાર્ચિતઃ = વ્રત વડે આરાધન કરાયેલ પ્રભુ.

બલિરાજાના પરાક્રમથી દેવો પર વિકટ સંકટ આવ્યું. દેવોની માતા અદિતિ છે. તેમણે પતિ કશ્યપ મુનિને આ વાત કરી. દેવોને ફરીથી સુખ સંપત્તિ લાવી આપે તેવા પ્રતાપી પુત્રની માંગણી કરી. કશ્યમ મુનિએ અદિતીજીને પયોવ્રત આપ્યું. અદિતિ એ તે દ્વારા પ્રભુનું પૂજન કર્યું. આરાધન કર્યું. અદિતિ પર પ્રસન્ન થઈ આપ વામનસ્વરૂપે પ્રકટ્યા.

અદિત્યાનંદકર્તાચ કશ્યપાદિતિ સંભવઃ ।
ઉપેન્દ્ર ઈન્દ્રાવરજો વામનબ્રહ્મરૂપધૃક્ ॥૧૨૪॥

(૬૧૨) અદિત્યાનંદ કર્તા = અદિતિને આનંદ આપનારા.

અદિતિજીએ પતિ કશ્યપજીનો ઉપદેશ માની વ્રત કર્યું. બાર દિવસ વ્રત

ગો.વા. અલકાબેન નાગર, મુંબઈના જયશ્રીકૃષ્ણ

ચાલ્યું. પયોવ્રતના અનુષ્ઠાન પછી પુરુષોત્તમ ભગવાન પ્રકટ થયા. પ્રભુ પીતાંબર ધારી હતા. ચાર ભુજા હતી. ચાર ભુજામાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એમ ચાર આયુધો હતા.

અદિતિજીએ પોતાના નેત્રો સામે પ્રકટ થયેલ પ્રભુને જોયા. અદિતીજી ઊભાં થયાં. પછી પ્રેમથી ભૂમિ પર પડીને દંડવત્ પ્રણામ કર્યા. પછી ઉઠીને બે હાથ જોડ્યા. ભગવાની સ્તુતિ કરવા પ્રયત્ન કર્યો. આ વખતે તેમની આંખોમાંથી પ્રેમનાં આંસુ વહેવાં લાગ્યાં. સમગ્ર શરીર પુલકિત થયું. દર્શનના આનંદને લીધે અંગો કાંપવાં લાગ્યાં.

(૬૧૩) કશ્યપાદિતિ સંભવઃ = કશ્યપ અને અદિતિથી પુત્ર રૂપે પ્રકટ થનારા.

અદિતિજીના વ્રતથી અને સ્તુતિથી ભગવાન પ્રસન્ન થયા. તેમણે અદિતિજીને કહ્યું, 'હું અંશ રૂપે કશ્યપમાં પ્રવેશ કરીશ. તમારો પુત્ર બની તમારા સંતાનોની રક્ષા કરીશ. તમે કશ્યપજીમાં મને જ આ રૂપે જુઓ અને તેમની સેવા કરો.' આ વાત ગુપ્ત રાખવાનું કહી ભગવાન અંતર્ધાન થયા. કશ્યપજીએ યોગ બલથી જાણ્યુંકે ભગવાનનો તેમનામાં પ્રવેશ થયો છે. આમ કશ્યપ અને અદિતિ દ્વારા પુત્ર રૂપે વામન ભગવાન પ્રકટ થનાર છે.

(૬૧૪) ઉપેન્દ્રઃ = (૧) ઈન્દ્ર પણ અધિકારમાં જેનાથી ઉપ અર્થાત્ નાના છે તેવા પ્રભુ (૨) ઈન્દ્રના ઉપરી

ઈન્દ્ર વગેરે દેવો કશ્યપ અને અદિતિના સંતાન છે. વામનરૂપધારી પ્રભુ પણ આ બન્નેના નિમિત્તથી પ્રગટ થયા છે. ઈન્દ્રાદિ દેવોમાં પ્રભુથી જ આધિપત્ય છે આથી ઈન્દ્રાદિ દેવોના અધિપતિ ભગવાન છે.

હરિવંશમાં ઈન્દ્ર વચન છે. તે કૃષ્ણને કહે છે 'ગાયોએ મારા ઉપરી ઈન્દ્ર તરીકે તમને ઈશ્વરને સ્થાપન કર્યા છે. આથી સ્વર્ગમાં દેવતાઓ તમને ઉપેન્દ્ર કહી તમારું ગાન કરશે. સર્વ દેવો કૃષ્ણ પ્રભુની આજ્ઞા પાળનાર અનુચરો છે.'

(૬૧૫) ઈન્દ્રાવરજઃ = ઈન્દ્રના નાના ભાઈ

ગો.વા. કાશીબેન નાગર, મુંબઈના જયશ્રીકૃષ્ણ

અદિતિના ત્યાં પ્રથમ ઈન્દ્રનો જન્મ થયો છે. પછી પ્રભુ વામનરૂપ ધરી પ્રકટ થયા છે. આથી તે ઈન્દ્રના નાના ભાઈ છે.

(૬૧૬) વામન બ્રહ્મરૂપધૃક્ = વામન રૂપથી બ્રહ્મસ્વરૂપ ધારણ કરનાર

અદિતિના ગર્ભથી ભગવાન પ્રકટ થયા. ભગવાન સ્વયં અવ્યક્ત અને ચિત્સ્વરૂપ છે. એમણે કાન્તિમય આભૂષણ અને આયુધો ધારણ કર્યાં હતાં.

આવા શરીરથી કશ્યપ અને અદિતિના દેખતાં જ વામન બ્રહ્મચારીનું રૂપ ધારણ કરી લીધું. જેમ નટને વેશ બદલતા વાર ન લાગે તેવી જ પ્રભુની આ અદ્‌ભુત લીલા હતી.

આમ વામન અવતાર એ બ્રહ્મ-પરમાત્માનું જ સ્વરૂપ છે. પ્રાકૃત સ્વરૂપ નથી.

બ્રહ્માદિસેવિતવપુઃ યજ્ઞપાવન તત્પરઃ ।
યાંચોપદેશકર્તા ચ જ્ઞાપિતા શેષસંસ્થિતિઃ ।।૧૨૫।।

(૬૧૭) બ્રહ્માદિસેવિતવપુઃ = બ્રહ્માજી વગેરે દ્વારા માતાના ગર્ભમાં રહેલા પ્રભુની થયેલી સ્તુતિ.

બ્રહ્માજીએ જાણ્યું કે અદિતિજીના ગર્ભમાં સ્વયં ભગવાન છે. ત્યારે તેમણે ભગવાનની સ્તુતિ કરી. હે પ્રભુ આપ અનંત શક્તિઓનું અધિષ્ઠાન છો. ત્રણે ગુણોના નિયામક છો. આપને પ્રણામ છે. આપ પૃશ્નિના પુત્ર રૂપે પ્રગટેલા હતા. વેદોનું જ્ઞાન આપથી જ છે. આપ જ બધાના વિધાતા છો. ત્રણે લોક આપની નાભિમાં છે. વૈકુંઠમાં નિવાસ કરો છો અને જીવોના અંતઃકરણમાં નિવાસ કરો છો. આ વિષ્ણુપ્રભુને નમસ્કાર. આપ જ સંસારના આદિ, મધ્ય અને અંત છો. કાલ રૂપે આપ સંસાર પ્રવાહનું સંચાલન કરો છો. સર્વની ઉત્પત્તિનું મૂળ આપ છો. સ્વર્ગમાંથી ભગાડવામાં આવેલ દેવોના આપ એક માત્ર આશ્રય છો.

વામન ભગવાનના ઉપનયન સંસ્કાર થયા ત્યારે સવિતા, બૃહસ્પતિ, કશ્યપ, પૃથ્વી, ચંદ્રમા, અદિતિ, આકાશના દેવો અને બ્રહ્માજીએ જુદી જુદી વસ્તુઓ આપી વામનજીની સેવા કરી.

ગો.વા. મીઠીબેન દેવશીભાઈ દલસાણિયા

(૬૧૮) યજ્ઞપાવનતત્પર = યજ્ઞને પવિત્ર કરવામાં તત્પર

બલિ અશ્વમેઘ યજ્ઞ કરતો હતો. ભૃગુવંશી બ્રાહ્મણો તેને માર્ગદર્શન આપતા હતા. ભગવાને આ સાંભળ્યું. પ્રભુ યજ્ઞના સ્થળે પધાર્યા. વામનજીના દર્શનથી બલિને આનંદ થયો. પ્રભુને બિરાજવા ઉત્તમ આસન આપ્યું. ચરણ ધોયા-પૂજા કરી. આ વખતે બલિ પ્રભુને કહે છે. આજ આપ મારા ઘરે પધાર્યા. આથી મારા પિતૃઓ તૃપ્ત થયા. આજ અમારો વંશ પવિત્ર થયો. (૮-૧૮-૩૦)

(૬૧૯) યાંચોપદેશ કર્તા = યાચનાના મિષથી ઉપદેશ કરનારા.

બલિએ વામનજીને કહ્યું કે તમારે જે જોઈએ તે બધું મારી પાસે અવશ્ય માગી લો. વામનજીએ ત્રણ પગલાં જેટલી ભૂમિની માગણી કરી. આ માગણી પૂર્વે પ્રભુએ બલિના કુલની પ્રશંસા કરી હતી. તેના પિતા અને પિતામહના યશનું વર્ણન કર્યું હતું. કોઈ પાસે યાચનાને સફળ કરાવવી હોય તેના કુલના અને તેના બાપ દાદાઓના યશનાં વખાણ કરવા જોઈએ. આવો યાચના સંબંધનો ઉપદેશ વામનજીએ પોતાના ચરિત્રથી યાચકોને આપ્યો. શ્રીમહાપ્રભુજીએ આથી આ નામ યોજ્યું છે.

(૬૨૦) જ્ઞાપિતાશેષસંસ્થિતિઃ = પોતાના પ્રાકટ્યથી સંપૂર્ણ કર્મોની સંસ્થિતિને જણાવનાર.

કોઈપણ કર્મ જ્યારે ફલ મળે ત્યારે સમાપ્ત થાય છે. વામનપ્રભુ બલિના યજ્ઞમાં પધાર્યા. યજ્ઞના ફલ રૂપે પ્રભુ પધાર્યા છે. આથી સર્વ યજ્ઞનાં કર્મો સમાપ્ત થઈ ગયાં છે. યજ્ઞમાં પ્રભુ પ્રત્યક્ષ પધાર્યા છે. આનાથી ઉત્તમ ફલ બીજું શું હોય? બલિના યજ્ઞમાં પધારી કર્મોની સંસ્થિતિ - સમાપ્તિ જણાવી છે. પોતાના ચરિત્રથી વામન ભગવાને આ સિદ્ધ કર્યું.

સત્યાર્થ પ્રેરકઃ સર્વ હર્તા ગર્વવિનાશકઃ ।
ત્રિવિક્રમસ્ત્રિલોકાત્મા, વિશ્વમૂર્તિઃ પૃથુશ્રવાઃ ।।૧૨૬।।

(૬૨૧) સત્યાર્થ પ્રેરકઃ = સત્ય સંકલ્પરૂપ અર્થને પ્રેરનારા.

હ. દેવશીભાઈ અંબાવીભાઈ દલસાણિયા, વડોદરાના જયશ્રીકૃષ્ણ

વામનજી બલિના યજ્ઞમાં પધાર્યા. બલિએ તેમને માગવા કહ્યું. વામનજીએ કહ્યું મારે ત્રણ પગલાં ભૂમિ જોઈએ છે. બલિએ કહ્યું કે સારું. તમારી ઈચ્છા હોય તેટલી જમીન લો. રાજાએ સંકલ્પ કરવા જલપાત્ર ઉઠાવ્યું. બલિના ગુરુ શુક્રાચાર્યજી બધું સમજી ગયા હતા. તેમણે જોયું કે બલિ રાજા પૃથ્વી આપવા તૈયાર થયા છે. આથી બલિને કહ્યું, આ વામનજી ભગવાન વિષ્ણુ છે. તે યોગથી બટુક બન્યા છે. તે તારું રાજ્ય, ઐશ્વર્ય, લક્ષ્મી છીનવી લેશે. ઈન્દ્રને આપશે. ત્રણ પગલામાં એ સમગ્ર લોકને માપશે. ત્રીજું ડગલું ક્યાં માંડશે?

શુક્રાચાર્યજી બલિને દાન ન આપવા સમજાવે છે. અસત્યનો આશરો લેવા સમજાવે છે. કહે છે 'સ્ત્રીઓને પ્રસન્ન કરવા, હસી-મજાકમાં, વિવાહમાં, કન્યાની પ્રશંસા વખતે, જીવિકાની રક્ષા માટે, પ્રાણ સંકટ વખતે, ગાય અને બ્રાહ્મણના હિત માટે તથા કોઈને મૃત્યુથી બચાવવા માટે કહેલું અસત્ય નિંદનીય નથી.

આટલું કહ્યા પછી બલિરાજા ગુરુને કહે છે કે તમે તો વેદવિધિ જાણો છો. આદરથી યજ્ઞ વગેરે કરો છો. આ યજ્ઞો દ્વારા તમે વિષ્ણુની આરાધના જ કરો છો. આ બટુક વિષ્ણુ હોય કે બીજું કોઈ હોય, હું તેને તેની ઈચ્છા મુજબ પૃથ્વીનું દાન કરીશ. (૮-૨૦-૧૧). પોતાની પ્રતિજ્ઞાનો અર્થ સિદ્ધ કરી આપવાની પ્રેરણાથી જ બલિની આવી દૃઢતા રહેલી હતી.

(૬૨૨) **સર્વ હર્તા** = સર્વસ્વ હરણ કરનારા

બલિએ ગુરુની વાત ન માની. ગુરુએ ક્રોધથી કહ્યું, 'તું મારી અવજ્ઞા કરે છે. તું તરત લક્ષ્મીને ગુમાવી દઈશ.' બલિએ વામનની પૂજા કરી. હાથમાં જલ લઈ ત્રણ પગલાં જમીન આપવાનો સંકલ્પ કર્યો.

એ વખતે ભગવાન વામનમાંથી વિરાટ થવા લાગ્યા. પૃથ્વી, આકાશ, દિશાઓ, સ્વર્ગ, પાતાળ, સમુદ્ર, પશુ-પક્ષી, મનુષ્ય, દેવતા અને ઋષિ બધાં તેમનામાં સમાઈ ગયા.

ભગવાને એક પગથી બલિની બધી જ પૃથ્વી માપી લીધી. બીજા પગલામાં સ્વર્ગને માપી લીધું. ત્રીજું ડગલું રાખવા માટે બલિની કોઈ પણ વસ્તુ બચી નહીં. આમ સર્વસ્વ હરનાર વામન સ્વરૂપધારી - શ્રીકૃષ્ણ છે.

(૬૨૩) **ગર્વવિનાશકઃ** = ગર્વનો નાશ કરનારા.

વામનજીએ ત્રણ પગલાં ભૂમિની માગણી કરી. આ વખતે બલિ પોતાની સંપત્તિ અને દાનેશ્વરીપણાનો ગર્વ કરે છે. પ્રભુને કહે છેઃ 'બ્રાહ્મણકુમાર, તમારી વાતો વૃદ્ધો જેવી છે, પણ તમારી બુદ્ધિ હજુ બાળક જેવી છે. તમને આથી લાભ-ગેરલાભની ખબર નથી. હું ત્રણે લોકોનો એક માત્ર રાજા છું. હું દ્વીપો જ દ્વીપો આપી શકું છું. મને પ્રસન્ન કરી માત્ર ત્રણ ડગલાં પૃથ્વી માંગનારને બુદ્ધિશાળી ન કહેવાય. બ્રહ્મચારીજી, એક વાર કોઈ કંઈક માંગવા મારી પાસે આવી જાય પછી તેને ફરી કોઈની પણ પાસે માંગવાની જરૂર પડતી નથી. આથી તમારી જીવિકા ચલાવવા તમને જેટલી ભૂમિની જરૂરિયાત હોય તેટલી મારી પાસે માંગો. ' (૮-૧૯-૧૮ થી ૨)

ભગવાન તો સર્વહર્તા થઈ ચૂકયા હતા. પછી બલિ પાસે આપવાનું કંઈ રહ્યું ન હતું. આમ ભગવાને તેનો ગર્વ ઉતાર્યો.

(૬૨૪) **ત્રિવિક્રમઃ** = ત્રણ પગલાં ભરનાર વામન પ્રભુ.

બલિરાજા પાસે ભૂમિનું દાન લેતી વખતે આપે ત્રણ પગલાં જ ભર્યા છે. યજુર્વેદની શ્રુતિ કહે છે. 'વિષ્ણુ પરમાત્મા આ જગત - ત્રણે લોકને ઉલ્લંઘન કરતા હતા, ત્રણ પગલાં ભરતાં હતાં. આમ અહીં ત્રણ પગલાં ભરતા ત્રિવિક્રમ વામન અવતારી પ્રભુનું સ્પષ્ટ વર્ણન છે.

(૬૨૫) **ત્રિલોકાત્મા** = ત્રણ લોકમાં વ્યાપેલા સ્વરૂપવાળા.

પ્રભુનો આત્મા આખા વિશ્વમાં ત્રણે લોકમાં વ્યાપીને રહ્યો છે. કાપડમાં તાણાવાણા જ છે. તે સિવાય કંઈ નથી.આ રીતે અખિલ જગતમાં પરમાત્મા સિવાય કંઈ નથી. શ્રુતિ કહે છે 'વિશ્વને અતિક્રમણ કરતાં જેમના ઉરૂઓમાં ત્રણ ભુવનો ઓળંગાયા છે.' અહીં ત્રિલોક વ્યાસ પરમાત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ દર્શાવ્યું છે. આમ ત્રિલોકાત્મા નામ છે.

(૬૨૬) **વિશ્વમૂર્તિઃ** = બધું બ્રહ્માંડ એ જ જેમનું સ્વરૂપ છે.

વિશ્વ પરમાત્માની જ મૂર્તિ છે. સ્વરૂપ છે. યજુર્વેદ કહે છે 'ભૂત,

ગો.વા. વૈષ્ણવ પ્રેમજીભાઈ લાધાભાઈ તથા

હીરુબેન પ્રેમજીભાઈ કચ્છી, થાણીપીપળીના જયશ્રીકૃષ્ણ

ભવિષ્ય અને વર્તમાન જે આ જોવામાં આવે છે એ પુરુષ-પરમાત્મા જ છે.' આમ વિશ્વમૂર્તિ પરમાત્મા જ છે.

(૬૨૭) પૃથુશ્રવાઃ = જેમનો યશ વિસ્તાર પામ્યો છે તેવા પ્રભુ.

પૃથુ એટલે વિશાળ - અનન્ત. શ્રાવસ્ એટલે યશ. વામન ભગવાનના ચરિત્રની ભાગવતની કથા વામન ભગવાનના અતિ વિસ્તૃત યશનું વર્ણન કરનારી છે.

પાશબદ્ધબલિઃ સર્વ દૈત્યપક્ષોપમર્દકઃ ।
સુતલ સ્થાપિત બલિઃ સ્વર્ગાધિક સુખપ્રદઃ ॥૧૨૭॥

(૬૨૮) પાશબદ્ધબલિઃ = વરૂણના પાશથી બલિને બાંધનારા

વામનજીએ ત્રણ પગલાના બહાને સમગ્ર પૃથ્વી છીનવી લીધી. અસુરો લડવા આવ્યા. હાર્યા. બલિના કહેવાથી દાનવો રસાતલમાં ગયા. તેમના ગયા પછી પક્ષીરાજ ગરુડે ભગવાનના હૃદયની વાત જાણી. વરુણના પાશથી બલિને બાંધી દીધો. (૮-૨૧-૨૬)

(૬૨૯) સર્વદૈત્યપક્ષોપમર્દકઃ = સર્વ દૈત્યોના પક્ષને મર્દન કરનારા.

દૈત્યોએ જોયું કે વામનજીએ સમગ્ર પૃથ્વી ઝુંટવી લીધી છે. તેમણે વિચાર્યું કે આ સમયે બલિ યજ્ઞના દીક્ષિત છે. આથી તે કશું કહેશે નહીં. દૈત્યોને ખૂબ ગુસ્સો આવ્યો. તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે આ બ્રાહ્મણ નથી. માયાવી વિષ્ણુ છે. બ્રાહ્મણ રૂપમાં તે દેવતાઓનુ કાર્ય કરવા ચાહે છે. અમારું સર્વસ્વ તેમણે લઈ લીધું છે. આપણો રાજા બલિ સત્યનિષ્ઠ છે. તે હાલમાં દીક્ષિત બન્યો છે. બ્રાહ્મણો માટે તેના દિલમાં દયા છે, આથી તે હમણાં કશું નહીં કરે.

આ અવસ્થામાં આ શત્રુને મારી નાખવો આપણો ધર્મ છે. આનાથી આપણા સ્વામી બલિની સેવા થશે. આમ વિચારી દૈત્યોએ હથિયારો ઉઠાવ્યા. વિષ્ણુ પાર્ષદોએ આ જોયું. તે પણ શસ્ત્રો ઉઠાવીને આવ્યા. દૈત્યોને રોક્યા. નંદ, સુનંદ, જય, વિજય, પ્રબલ, બલ વગેરે પાર્ષદો હતા. તેમની પાસે દશ હજાર હથિયારો જેટલું બળ હતું. આ વિષ્ણુ પાર્ષદો અસુરોની સેનાનો સંહાર કરવા લાગ્યા.

બલિને ગુરુનો શ્રાપ યાદ આવ્યો. દૈત્યોને લડતા અટકાવ્યા. દૈત્યો રસાતલમાં જતા રહ્યા. આપે દૈત્ય પક્ષોના યોદ્ધાઓનું મર્દન કર્યું.

(૬૩૦) સુતલ સ્થાપિત બલિઃ = બલિને સુતલમાં સ્થાપનારા

બલિ વરુણના પાશથી બંધાયો. તેના હાથમાંથી સંપત્તિ સરી ગઈ હતી, પણ તેની બુદ્ધિ નિશ્ચયાત્મક હતી. ભગવાને બલિને કહ્યું, તે મને ત્રણ ડગલાં પૃથ્વી આપવા કહ્યું હતું. બે પગલામાં તારા ત્રણે લોક મપાઈ ગયા. હવે ત્રીજું ડગલું ક્યાં ધરું? તારું બધું જ હવે મારું થઈ ગયું છે. તારી પ્રતિજ્ઞા તું હવે પૂર્ણ કરી શકે તેમ નથી. તારે હવે નરકમાં રહેવું પડશે. તારા ગુરુની એમાં સંમતિ છે જ. આથી તું નરકમાં પ્રવેશ કર. સુતલ નામના ત્રીજા પાતાલમાં બલિને આ રીતે સ્થાપ્યો.

(૬૩૧) સ્વર્ગાધિક સુખપ્રદઃ = સ્વર્ગથી પણ વિશેષ સુખ આપનારા.

પ્રભુ બ્રહ્માજીને કહે છે કે મેં બલિને જે સ્થાન આપ્યું છે તે મોટા મોટા દેવતાઓને પણ ખૂબ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. સાવર્ણિ મન્વન્તરમાં તે મારો પરમ ભક્ત ઈન્દ્ર બનશે. ત્યાં સુધી તે વિશ્વકર્માએ બનાવેલ સુતલ લોકમાં રહેશે. અહીં રહેનારા મારી કૃપાદષ્ટિનો અનુભવ કરે છે. આથી આ લોકમાં રહેનારને શારીરિક કે માનસિક રોગ, થાક, પરાજય કે વિઘ્નો નડતા નથી.

બલિને પ્રભુ કહે છે 'ઈન્દ્રસેન મહારાજ! તમારું કલ્યાણ થાઓ. હવે તમે તમારા ભાઈ-બંધુઓ સાથે સુતલ લોકમાં જાવ. સ્વર્ગના દેવતાઓ પણ આ લોકની ઈચ્છા કરે છે.' (૮-૨૨-૩૩)

કર્મ સંપૂર્તિકર્તા ચ સ્વર્ગસંસ્થાપિતામરઃ ।
જ્ઞાતત્રિવિધ ધર્માત્મા, મહામીનોબ્ધિ સંશ્રયઃ ॥૧૨૮॥

(૬૩૨) કર્મસંપૂર્તિકર્તા = બલિ રાજાએ આરંભેલ યજ્ઞ કર્મની સારી રીતે સમાપ્તિ કરનાર

વૈષ્ણવ કલ્યાણજીભાઈ પ્રેમજીભાઈ તથા જાનુબેન કલ્યાણજીભાઈ કચ્છી, વિસાવદરના જયશ્રીકૃષ્ણ

બલિ રાજાના યજ્ઞમાં પ્રભુ પધાર્યા. બલિ રાજાને દર્શન આપ્યા. આ રીતે રાજાને યજ્ઞ રૂપી કર્મનું ફળ તો મળી જ ગયું હતું. આમ છતાં યજ્ઞનો વિધિ અપૂર્ણ રહ્યો હતો. તેને પૂર્ણ કરવા ભગવાન શુક્રાચાર્યને કહે છે. 'તમારો શિષ્ય યજ્ઞ કરતો હતો. તેમાં જે ત્રુટિ રહી ગઈ છે તે આપ પૂર્ણ કરો. કર્મ કરવામાં જે કંઈ ભૂલ-ચૂક થઈ જાય છે તે બ્રાહ્મણોની કૃપાદષ્ટિથી સુધરી જાય છે.'

શુક્રાચાર્યજી કહે છે - 'જે વ્યક્તિ આપને સમસ્ત કર્મ સમર્પિત કરે છે, આપ યજ્ઞપુરુષની પૂજા કરે છે, તેના કર્મમાં કોઈ ત્રુટિ રહે નહીં. પ્રભુના નામ સંકીર્તનથી. સઘળી ભૂલો સુધરી જાય છે. છતાં પ્રભુ આપ આજ્ઞા કરો છો તો હું પાલન કરીશ. આપની આજ્ઞાનું પાલન કલ્યાણ કરે છે.'

આ રીતે શુક્રાચાર્યજીએ બીજા બ્રહ્મર્ષિઓને સાથે લઈ યજ્ઞમાં જે કમી રહી હતી તે પૂર્ણ કરી. (૮-૨૩-૧૪ થી ૧૮)

(૬૩૩) સ્વર્ગસંસ્થાપિતામરઃ = સ્વર્ગમાં દેવોને પુનઃ સારી રીતે સ્થાપન કરનાર.

અમર એટલે દેવો. દેવોને ફરીથી સ્વર્ગલોકમાં સ્થાપ્યા. વામનજીએ ત્રણ પગલાં ભૂમિ માંગી બલિનું સર્વસ્વ લઈ લીધું. ઈન્દ્ર વામનજીના મોટા ભાઈ છે. અદિતિના પુત્ર ઈન્દ્ર. વામનજી પણ અદિતિના પુત્ર. આમ ઈન્દ્ર મોટાભાઈ થાય. પ્રભુએ પોતાના મોટા ભાઈ ઈન્દ્રને સ્વર્ગનું રાજય આપ્યું. પહેલાં પણ આ રાજય ઈન્દ્રનું જ હતું પણ તેના દુશ્મનોએ છીનવેલું. પ્રભુએ ફરીથી તેને અપાવ્યું.

(૬૩૪) જ્ઞાતત્રિવિધધર્માત્મા = ત્રિવિધ ધર્મો વડે ઉપાસન કરવા યોગ્ય સેવા પોતાના આત્માને જણાવનાર.

ધર્મો ત્રણ પ્રકારના છે. સાત્વિક, રાજસ અને તામસ. જીવના અધિકાર પ્રમાણે આ ધર્મોથી પ્રભુનું સેવન કરે છે. સાત્ત્વિક જીવો સાત્ત્વિક ભાવથી, રાજસ જીવો રાજસ ભાવથી અને તામસ જીવો તમોભાવથી પ્રભુ આરાધન કરે છે. આમ ત્રિવિધ ધર્મોથી પ્રભુ જ ઉપાસના કરવા યોગ્ય છે. ગીતા આજ્ઞા છે 'જે અન્ય દેવોના ભક્તો શ્રદ્ધાયુક્ત બની તે તે દેવોનું યજન કરે

છે તે અવિધિપૂર્વક પણ મને જ ભજે છે. પ્રભુ સર્વેશ્વર અને સર્વવ્યાપક છે. તેથી આવું બને છે. (વામન અવતારના નામ અહીં સંપન્ન થયા.)

હવે મત્સ્યાવતારનાં નામો કહે છે.

(૬૩૫) મહામીનઃ = મત્સ્યરૂપધારી પ્રભુ

મહા એટલે વિશાળ. મીન એટલે માછલું. પુરુષોત્તમે મોટા મત્સ્યનું રૂપ ધારણ કર્યું હતું. આ સ્વરૂપ ઘણુ અલૌકિક હતું. પ્રભાવશાળી પણ હતું.

(૬૩૬) અબ્ધિસંશ્રયઃ = સમુદ્રમાં જેમનું સ્થાન છે એવા પ્રભુ.

પ્રભુને પ્રલય વખતના સમુદ્રમાં વિહાર કરવાની ઈચ્છા થઈ. તે ઈચ્છાને અનુસરી પ્રભુએ મત્સ્યરૂપ લીધું. મત્સ્ય રૂપે પ્રલયના આર્ણવ-સમુદ્રના જળમાં પ્રવેશ્યા હતા.

સત્યવ્રતપ્રિયો ગોપ્તા મત્સ્યમૂર્તિધૃત શ્રુતિઃ ।
શૃંગબદ્ધધૃતક્ષોણીઃ સર્વાર્થજ્ઞાપકો ગુરુઃ ।।૧૨૯।।

(૬૩૭) સત્યવ્રત પ્રિયઃ = સત્યવ્રતના પ્રિય

સત્યવ્રત રાજા હતા. સત્ય જ જેમનું વ્રત છે એવા રાજા હતા. એક વખત બ્રાહ્મ નામે નૈમિત્તિક પ્રલય થયો. આ સમયે સત્યવ્રત રાજા, જેઓ ઉદાર અને ભગવત્પરાયણ હતા, રાજર્ષિ હતા, તે કેવળ જળ પીને તપસ્યા કરતા હતા. વર્તમાન કલ્પમાં તે સૂર્યપુત્ર શ્રાદ્ધદેવથી વિખ્યાત થયા. ભગવાને તેમને વૈવસ્વત મનુ બનાવ્યા. આમ સત્યવ્રત રાજાના પ્રિય પ્રભુ છે. સત્યવ્રત પ્રભુને પણ પ્રિય છે.

(૬૩૮) ગોપ્તા = રાજા અને ઋષિઓનું રક્ષણ કરનાર

જલપ્રલય થયો તે વખતે સત્યવ્રત રાજા અને સપ્તઋષિઓ ડૂબી જાત પણ પ્રભુએ મત્સ્યરૂપથી રાજા અને ઋષિઓનું રક્ષણ કર્યું.

(૬૩૯) મત્સ્યમૂર્તિધૃતશ્રુતિઃ = મત્સ્ય મૂર્તિ ધરી શ્રુતિઓને ધારણ કરનાર

પ્રલયના સમયે બ્રહ્માજીને ઊંઘ આવતી હતી તે સમયે તેમના મુખમાંથી

વેદ નીકળી ગયા. હયગ્રીવ નામના દૈત્યે યોગબલથી તે ચોરી લીધા. પ્રભુએ તે જાણ્યું. વેદોને બચાવવા પ્રભુએ મત્સ્યાવતાર લીધો.

(૬૪૦) શૃંગબદ્ધધૃતક્ષોણિઃ = શીંગડા પર પૃથ્વીને બાંધનાર.

ભગવાને સત્યવ્રત રાજાને કહ્યું 'આજથી સાતમા દિવસે પ્રલય સમુદ્રમાં બધું ડૂબી જશે. તે વખતે એક નાવ તમારી પાસે આવશે. તે વખતે સપ્તર્ષિઓ, બીજ તથા સૂક્ષ્મ શરીરો લઈ નાવમાં ચઢી જજો. પ્રચંડ આંધી આવશે. તે વખતે હું મત્સ્ય રૂપે આવીશ. તમે વાસુકિ નાગ વડે નાવને મારા શિંગડા સાથે બાંધજો. બ્રહ્માજીની રાત રહેશે ત્યાં સુધી હું તમને નાવમાં બેસાડીશ અને સમુદ્રમાં વિચરણ કરીશ.' આમ પ્રભુએ ડુબતી પૃથ્વીને તરતી રાખી.

(૬૪૧) સર્વાર્થજ્ઞાપકઃ = ચાર પુરુષાર્થોનું જ્ઞાન આપનારા.

પ્રભુએ સત્યવ્રતને કહ્યું, 'સમુદ્રમાં હું વિચરણ કરીશ. તમે નાવમાં હશો. તે સમયે તમે જ્યારે પ્રશ્ન કરશો ત્યારે હું ઉપદેશ આપીશ.' મત્સ્ય રૂપે સત્યવ્રતને ચાર પુરુષાર્થોનું જ્ઞાન આપ્યું.

(૬૪૨) ગુરુઃ = ગુરુ

મત્સ્ય ભગવાન ગુરુ રૂપ થયા. સત્યવ્રતને તત્વોનો ઉપદેશ કર્યો. સત્યવ્રત રાજાએ ભગવાનની સ્તુતિ કરી છે, તેમાં પ્રભુને ગુરુ સ્વરૂપે કહ્યા છે. ૮-૨૪-૪૬ થી ૫૩ સુધીના આઠ શ્લોકમાં આ સ્તુતિ છે. તેને 'ગુર્વષ્ટકમ્' કહે છે. ત્યાં કહ્યું છે આપ જ પરમ ગુરૂ છો. ગુરુજનોના પણ ગુરુ છો.

આઠમા સ્કંધના ૫૩૮ થી ૬૪૨ નામ અહીં સંપન્ન થયાં.

પ્રેમીલાબેન હસમુખલાલ સોની, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

નવમ સ્કંધ નામાનિ

શ્રીભાગવતના નવમા સ્કંધનું નામ ઈશાનુ કથા લીલા છે. શ્રીગોવર્ધનનાથજીતો તે વામ (ડાબો) સ્તન છે. તેમાં બે પ્રકરણો છે. (૧) સૂર્યવંશ અને (૨) ચંદ્ર વંશ. તેમાં કુલ ૨૪ અધ્યાયો છે.

આ સ્કંધના પ્રથમ અધ્યાયમાં સૂર્યવંશમાં - ચંદ્રવંશની કથા છે. અહીં સૂર્યવંશના વૈવસ્વત મનુના પુત્ર સુદ્યુમ્નની કથા છે અને પુરુરવા જન્મથી ચંદ્રવંશનો આરંભ છે.

સૂર્યવંશ પ્રકરણમાં ૧૨ અધ્યાયો છે. ચંદ્રવંશ પ્રકરણમાં ૧૧ અધ્યાયો છે. હવે શ્રી મહાપ્રભુજીએ પ્રકટ કરેલા આ સ્કંધના ભગવદ્ નામો જોઈએ.

ઈશ સેવક લીલાત્મા સૂર્યવંશ પ્રવર્તકઃ ।
સોમવંશોદ્ભવ કરઃ મનુપુત્ર ગતિ પ્રદઃ ॥૧૩૦॥

(૬૪૩) ઈશ સેવક લીલાત્મા = ઈશ અને સેવકોના ચરિત્રો સ્વરૂપ પરમાત્મા.

ઈશ એટલે પરમેશ્વર અને સેવકો એટલે તેમના ભક્તો. શ્રીકૃષ્ણની આ સાતમી લીલા છે. ભગવાનના વિવિધ અવતારો અને એમના પ્રેમી ભક્તોના વિવિધ આખ્યાનોની કથા એટલે ઈશાનુકથા (૨-૧૦-૫). ઈશ સેવ્ય છે. ભક્તજનો સેવક છે. આ બંનેના લક્ષણ રૂપ લીલાના આત્મા સ્વરૂપ પરમાત્મા છે.

(૬૪૪) સૂર્યવંશ પ્રવર્તકઃ = સૂર્ય વંશના પ્રવર્તાવનારા.

સૂર્યથી પ્રકટ થયેલા વંશની પ્રવૃત્તિ કરનારા પ્રભુ જ છે. પ્રથમ ભગવદ્ રૂપ નારાયણ, તેમનાથી બ્રહ્માજી, તેમના માનસપુત્ર મરીચિ અને તેમના પુત્ર કશ્યમ. કશ્યપ મુનિના પત્ની અદિતિ છે. તેમના દ્વારા ભગવાન વિવસ્વાન

લીલીબેન જી.દેસાઈ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

(સૂર્યનારાયણ) પ્રકટ થયા. તે પછી મનુ વગેરે મનુષ્યો તે વંશમાં થયા છે. આમ મૂળ બીજ રૂપે પ્રભુ જ છે. આપ જ સૂર્યવંશની – પુત્રી રૂપ પરંપરાની પ્રવૃત્તિ કરે છે. સૂર્યવંશની ઉત્કર્ષપૂર્વક આજીવિકા ચલાવે છે. સૂર્યવંશ ઉત્પન્ન કરી આ ભૂમિમાં આ વંશનું સ્થાપન કરે છે.

(૬૪૫) સોમવંશોદ્ભવ કરઃ = ચંદ્રવંશનો પ્રાદુર્ભાવ કરનારા પ્રભુ

સૂર્યવંશમાં શર્યાતિ નામના રાજા થયા. તેમણે વંશ વૃદ્ધિ માટે યજ્ઞ કર્યો. તેમની પત્નીના સંકલ્પમાં ફેરફાર થયો. આથી પુત્ર થવાને બદલે પુત્રી થઈ. તેનું નામ ઈલા રાખ્યું. શર્યાતિ રાજાએ કુલ ગુરુ વશિષ્ઠને વિનંતી કરી. વશિષ્ઠે મહાદેવની કૃપાથી ઈલા કન્યાને કુમાર બનાવ્યો. આ કુમારનું નામ સુદ્યુમ્ન રાખ્યું. એકવાર સુદ્યુમ્ન અંબિકાવનમાં આવ્યો. આ વન મહાદેવથી શાપિત હતું. આથી રાજકુમાર સ્ત્રીરૂપ થઈ ગયો. સ્ત્રીરૂપે વનમાં ફરતાં તેને બુધ (દેવ)નો સંયોગ થયો. બુધ ચંદ્રનો પુત્ર છે. બુધ અને સ્ત્રીરૂપ (સુદ્યુમ્ન)ના સંયોગથી પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ પુરૂરવા. આ રીતે ચંદ્રવંશના ઉત્પત્તિના સ્થાન રૂપ ઈલા છે. તે પ્રકટ કરનારા ભગવાન છે. આમ ભગવદ્ ઈચ્છાથી જ ચંદ્રવંશનો ઉદ્ભવ થયો છે.

(૬૪૬) મનુપુત્ર ગતિ પ્રદઃ = મનુના પુત્ર પૃષધ્રને સદ્ગતિ આપનારા.

સુદ્યુમ્ને પુરુરવાને રાજ્ય આપ્યું. પછી તે વનમાં ગયો. આથી મનુ એ યમુના કિનારે સો વર્ષ તપ કર્યું. પ્રભુએ તેમને દશ પુત્રો આપ્યા. તે પૈકી એક પૃષધ્ર હતા. પૃષધ્ર ગુરુ વશિષ્ઠની ગાયની સેવા કરતો હતો. એક રાત્રે ગૌરક્ષા કરતો હતો. વીરાસન વાળીને બેઠો હતો. વરસાદ વરસતો હતો. અચાનક વાઘ આવ્યો. ગાયો ગભરાઈ. ભાંભરવા લાગી. પૃષધ્રે તલવારથી વાર કર્યો. અંધારામાં કપિલ વર્ણની વાછરડી મરી ગઈ. વાઘનો કાન કપાયો. ગભરાઈને તે જતો રહ્યો. સવારે વાછરડી મરેલી જોઈ. પૃષધ્ર ખૂબ દુઃખી થયો. ગુરુએ તેને કર્મથી શૂદ્ર થવાનો શાપ દીધો. પૃષધ્ર જ્ઞાન તૃપ્ત હતો. વનમાં ફરતાં તેણે દાવાગ્નિમાં પ્રવેશ કર્યો. બ્રહ્મગતિ પ્રાપ્ત કરી. પ્રભુ જ આ સદ્ગતિ આપનારા છે. (૯-૨-૧૪)

અરુણાબેન યોગેશભાઈ ચોક્સી, સુરતના જયશ્રીકૃષ્ણ

અમ્બરીષપ્રિયઃ સાધુઃ દુર્વાસાગર્વનાશકઃ ।
બ્રહ્મશાપોપસંહર્તા ભક્તકીર્તિવિવર્ધનઃ ।।૧૩૧।।

(૬૪૭) અમ્બરીષપ્રિયઃ = (૧) અમ્બરીષના પ્રિય (૨) અમ્બરીષ જેમને પ્રિય છે.

અમ્બરીષ રાજા સૂર્યવંશમાં ઉત્પન્ન થયા છે. અમ્બરીષ રાજા ભગવાનના પરમ ભક્ત હતા. તેમની ભક્તિ લોકોત્તર હતી. પ્રભુ માટે તેમને સર્વાત્મભાવ હતો. આથી ભગવાનના પણ પરમપ્રીતિ પાત્ર હતા. રાજાની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને તેમના રક્ષણ માટે સુદર્શન ચક્રનું દાન કર્યુ હતું.

(૬૪૮) સાધુઃ = સર્વ પ્રકારે ભક્તોનું કાર્ય સાધનાર.

પ્રભુ નિરંતર સર્વ રીતે ભક્તોના કાર્યોને સાધે છે. આથી જ અમ્બરીષનું રક્ષણ કર્યું. તેના દ્વાદશીવ્રતને પરિપૂર્ણ કર્યું. બીજાના કાર્યોને સાધે તે સાધુ.

(૬૪૯) દુવાસાગર્વનાશકઃ = દુર્વાસા મુનિના ગર્વનો નાશ કરનારા.

દુર્વાસા મુનિએ અમ્બરીષ ઉપર ખોટી રીતે દોષ કરીને ક્રોધ કર્યો હતો. રાજાએ વ્રત કરીને પારણા કર્યા. બ્રાહ્મણોએ જ આ સમજ આપેલી. દુર્વાસા ભૂખ્યા હતા. તેમને આ ન ગમ્યું. ક્રોધથી તે થરથર કાંપવા લાગ્યા. અંબરીષ તો હાથ જોડી ઉભા હતા છતાં મુનિ તેમને લડવા લાગ્યા. મુનિ કહે છે 'આ રાજા ક્રૂર છે. ધનના મદવળો છે. ભગવાનની ભક્તિ તેને અડી જ નથી. છતાં તેને સમર્થ ગણે છે. હું તેનો અતિથિ છું. તેણે મને નિમંત્રણ આપેલું, છતાં મને જમાડ્યા પહેલા તેણે ખાઈ લીધું. હમણાં તને મજા ચખાડું છું કહી જટા ખોલી કૃત્યા ઉત્પન્ન કરી. તે પ્રલય કાલના અગ્નિ જેવી દાહક હતી. (૯-૪-૪૪ થી ૪૬)

સુદર્શનજીએ આ કૃત્યાનો નાશ કર્યો. દુર્વાસાના પ્રાણ સંકટમાં આવી ગયા. છેવટે અંબરિષના શરણે આવવું પડ્યું. આ રીતે દુર્વાસાના મત્સર-ગર્વનો નાશ કર્યો.

(૬૫૦) બ્રહ્મશાપોપસંહર્તા = બ્રાહ્મણ દુર્વાસાના શાપનો સંહાર કરનારા.

યોગેશભાઈ ઠાકોરભાઈ ચોક્સી, સુરતના જયશ્રીકૃષ્ણ

કૃત્યા હાથમાં તલવાર લઈ અંબરિષ પર તૂટી પડી. તે સમયે કૃત્યાના પગના પછાડવાથી પૃથ્વી કાંપતી હતી. રાજાએ તેને જોઈ. પણ તે જરાય વિચલિત થયા નહીં. પરમાત્માએ પહેલેથી જ સુદર્શન ચક્રને અંબરિષની રક્ષા માટે નિયુક્ત કરેલું. સાપ ગમે તેટલા ફુંફાડા મારે પણ અગ્નિ તેને બાળે છે તેમ ચક્રે કૃત્યાને બાળીને રાખનો ઢેર કર્યો. આમ બ્રહ્મદેવ દુર્વાસાના શાપને શાંત કર્યા.

(૬૫૧) ભક્તકીર્તિવિવર્ધનઃ = ભક્તની કીર્તિને વધારનારા.

કૃત્યાને બાળીને ચક્ર દુર્વાસા તરફ ગયું. દુર્વાસાજી ભયભીત થયા. પ્રાણ બચાવવા ભાગવા લાગ્યા. દુર્વાસાજીની પાછળ પાછળ ચક્ર પણ દોડવા લાગ્યું. દુર્વાસાજી જીવ બચાવવા જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમની પાછળ અસહ્ય તેજવાળું ચક્ર પણ ગયું. દુર્વાસાજી બ્રહ્માજી પાસે ગયા. મહાદેવજી પાસે ગયા. ભગવાન પાસે પણ ગયા. કોઈ તેમને ચક્રથી બચાવી શક્યું નહીં. ભગવાને તો કહ્યું કે જેનું અનિષ્ટ કરવા જતાં તમે આ વિપત્તિમાં આવ્યા છો તેની પાસે જ તમે જાવ. રાજા અંબરિષની ક્ષમા માંગો. તો જ તમને શાન્તિ મળશે.

દુર્વાસા રાજા પાસે આવ્યા. દુઃખી થઈ રાજાના પગ પકડી લીધા. રાજાએ ચક્રની સ્તુતિ કરી. આથી ચક્ર શાંત થયું. દુર્વાસા ચક્રની આગથી મુક્ત થયા. તેમનું ચિત્ત સ્વસ્થ થયું. અંબરિષના પ્રસંગમાં વર્ણવેલું ભગવાનનું ચરિત્ર ભગવાનની કીર્તિ ફેલાવનારું તો છે જ. સાથે સાથે ભક્તની કીર્તિમાં વધારો કરનારું છે.

ઈક્ષ્વાકુવંશજનકઃ સગરાદ્યખિલાર્થદઃ ।
ભગીરથમહાયત્નો ગંગાધૌતાઙ્ઘ્રિપંકજઃ ॥૧૩૨॥

(૬૫૨) ઈક્ષ્વાકુવંશજનકઃ = ઈક્ષ્વાકુરાજાના વંશને ઉત્પન્ન કરનારા.

ઈક્ષ્વાકુ રાજા મનુના પુત્ર છે. મનુના વંશનો વિસ્તારો સેંકડો વર્ષે પણ પુરો થાય નહીં. ભગવાન નારાયણની નાભિમાંથી સુવર્ણમય કમલકોશ

ગો.વા. મંગળાબેન મોહનલાલ ગાંધી (ભેરાઈવાળા) મુંબઈના જયશ્રીકૃષ્ણ

પ્રકટ્યો. તેમાં ચતુર્મુખ બ્રહ્માજી પ્રકટ્યા. બ્રહ્માના મનમાંથી મરીચિ થયા. તેમના પુત્ર કશ્યપ થયા. દક્ષના પુત્રી અદિતિ સાથે લગ્ન થયા. તેમના ત્યાં વિવસ્વાન્-સૂર્ય પ્રકટ્યા. સૂર્યનાં પત્ની સંજ્ઞા દેવી. તેમના દ્વારા પુત્ર થયા. તેમું નામ શ્રાદ્ધદેવ મનુ. તેમનાં લગ્ન શ્રદ્ધા સાથે થયા. તેમના ત્યાં દશ પુત્રો થયા. ઈક્ષ્વાકુ તેમાં મુખ્ય હતા.

શ્રીગીતાજીમાં પણ ભગવાને આ પુત્ર અને જ્ઞાન વિકાસ પરંપરા બતાવી છે.

ઈમં વિવસ્વતે... ઈક્ષ્વાકવેઽબ્રવીત્ ।

ભગવાને સૂર્યને, સૂર્યે મનુને અને મનુએ ઈક્ષ્વાકુને પરંપરાથી કર્મયોગ કહ્યો છે.

પ્રભુને રામ સ્વરૂપે ઈક્ષ્વાકુવંશમાં પ્રકટ થવાની ઈચ્છા છે – માટે પોતાના એ ઈક્ષ્વાકુવંશને – રઘુવંશને ઉત્પન્ન કરનારા છે અને આગળ ઉપર પુત્ર પરંપરા ચલાવનાર પ્રભુ જ છે.

(૬૫૩) સગરાદ્યખિલાર્થદઃ = સગર આદિ રાજાઓને સંપૂર્ણ અર્થ આપનારા

સગર રાજાની ઉત્પત્તિની કથા ભાગ ૯-૮-૩ અને ૪માં છે.

હરિશ્ચન્દ્ર રાજાનો પુત્ર રોહિત થયો. તેનો હરિત થયો. તેનો ચમ્પ થયો. તેણે ચંપાપુરી વસાવી. તેના વંશણાં બાહુક નામે રાજા થયા. આ રાજાનું રાજ્ય દુશ્મનોએ જીતી લીધું. રાણી સાથે તે વનમાં આવ્યો. અહીં તે મૃત્યુ પામ્યો. આથી તેની રાણી સતી થવા તૈયાર થઈ. રાણીના ઉદરમાં બાળક હતું આથી ઔર્વ નામના બ્રાહ્મણે તેને અટકાવી. બીજી રાણીઓએ આ જાણ્યું. આથી બાળકને મારવા રાણીના ખોરાકમાં ઝેર આપ્યું. સમર્થ દીકરો ઝેર સાથે જન્મ્યો. સંસ્કૃતમાં ઝેરને 'ગર' કહેવાય તેથી તે સગર નામે ઓળખાયો.

સગર રાજાએ ઔર્વ મુનિના ઉપદેશથી અને તેમણે જણાવેલા યોગ દ્વારા ભગવાનનું યજન કરવાનું આરંભ્યું હતું. અને અશ્વમેધ યજ્ઞ પરિપૂર્ણ કર્યો હતો. (ભાગવત ૯-૮-૩૦)

ગો.વા.રતીલાલ ભીખાલાલ શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

સગર રાજાના બીજા રાણીના પુત્રના વંશમાં અંશુમાન રાજા થયા. કપિલજીના આશ્રમમાં યજ્ઞનો ઘોડો બાંધેલો હતો તે લઈ આવ્યા. સગરે તે યજ્ઞપશુ દ્વારા યજ્ઞ સમાપ્ત કર્યો.

(૬૫૪) ભગીરથમહાયત્નઃ = ભગીરથ રાજાએ કરેલા મહાન પ્રયત્ન રૂપ પ્રભુ.

સગર રાજાએ અશ્વમેઘ યજ્ઞ કર્યો. ઈન્દ્ર યજ્ઞનો ઘોડો ચોરી ગયો. સગરના ૬૦,૦૦૦ પુત્રો તે શોધવા નીકળ્યા. ઘોડાના પગલાં જોતાં જોતાં કપિલ પાસે આવ્યા. ત્યાં ઘોડો બાંધ્યો હતો. છોકરાઓએ કોલાહલ કર્યો. ઋષિની આંખ ખૂલી ગઈ. તેમાંથી તેજ નીકળ્યું. બધા બળી ગયા. તે બધા ગંગાજીના જળથી દોષ મુક્ત થાય તેમ હતું. તેથી ભગીરથે ગંગાજીને ભૂમિ પર પધરાવવા ભારે પ્રયાસ કર્યો. આથી ગંગાજી ભૂતલ ઉપર પધાર્યા.

ગંગાજીને લાવવા માટે અંશુમાન અને તેના પુત્ર દિલીપે તપ કરેલું પણ તે ગંગાજીને લાવી ન શક્યા. દિલીપના પુત્ર ભગીરથે તપ કર્યું. ગંગાજી પધાર્યા. ભગીરથનો આ મહાયત્ન ભગવાન પ્રેરિત અને ભગવત્ સ્વરૂપ હતો. ભગીરથના નામ પરથી પ્રયત્નની દૃઢતા, સતતપણુ, કઠિનતા અને સફલતા સૂચવતા કાર્યને 'ભગીરથ પ્રયત્ન' કહેવાય છે. સ્વર્ગમાંથી ગંગાજીને ભૂતલ પર પધરાવવાનું અશક્ય જેવું કાર્ય તેણે કર્યું.

(૬૫૫) ગંગાધૌતાધ્રિપંકજઃ = ગંગાજીએ જેમનાં ચરણ કમલો ધોયા છે એવા પ્રભુ.

શ્રી ભાગવત ૯-૯-૧૪માં ગંગાજીને 'અનન્તચરણાંભોજપ્રસૂતા' કહ્યા છે. ગંગાજી ભગવાનના ચરણ કમલોમાંથી નીકળ્યા છે. ભગવાનના ચરણ કમલનું શ્રદ્ધાથી ચિંતન કરીએ તો ગુણોના બધા બંધન કપાય છે. ગંગાજી આથી સંસારબંધનને કાપે છે. ગંગાજીએ પોતાના જળ વડે પ્રભુના ચરણ કમલ ધોયા છે. ગંગાજીનું આથી નામ વિષ્ણુપાદોદકી પણ છે. (વિષ્ણુપાદ - વિષ્ણુના ચરણ કમલ, ઉદક-જલ)

ગો.વા. કુમુદબેન રતીલાલ શાહ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

બ્રહ્મસ્વામી શિવસ્વામી સગરાત્મજ મુક્તિદઃ ।
ખટ્વાંગમોક્ષહેતુશ્ચ રઘુવંશવિવર્ધનઃ ।।૧૩૩।।

(૬૫૬) બ્રહ્મસ્વામી = બ્રહ્મનિષ્ઠ મુનીઓના સ્વામી.

શ્રી ગંગા અવતરણ પ્રસંગમાં ગંગાજી ભગીરથને કહે છે કે લોકો મારામાં પોતાના પાપો ધોશે. પછી હું તે પાપને ક્યાં ધોઈશ? ભગીરથ કહે છે કે પૃથ્વી પર એવા પુરુષો છે જેમણે લોક, પરલોક, ધન-સંપત્તિ અને સ્ત્રી-પુત્રની કામનાઓમાંથી સંન્યાસ લીધો છે. એવા પણ છે જે સંસારમાંથી છૂટી પોતાનામાં જ શાંત રહે છે. તે ઉપરાંત બ્રહ્મનિષ્ઠ અને લોકોને પવિત્ર કરનારા પણ છે. આ બધા તેમના અંગ સ્પર્શથી તમારા પાપોને નષ્ટ કરશે. આ બધાના હૃદયમાં પાપ સ્વરૂપ અઘાસુરને મારનારા ભગવાન સદા બિરાજે છે. તેથી તે શક્ય બનશે. ૯-૯-૬ માં આવું વચન છે. આ પરથી બ્રહ્મસ્વામી નામ યોજેલું જણાય છે.

(૬૫૭) શિવસ્વામી = (૧) શિવજીના સ્વામી. (૨) શિવજી જેમના સ્વામી છે એવા.

૯-૯-૭ પ્રમાણે ભગીરથજી કહે છે કે રુદ્રદેવ (શિવજી) સમસ્ત પ્રાણિઓના આત્મા છે. આ વિશ્વ રુદ્રમાં ઓતપ્રોત છે.

ભગવાન શંકર શ્રીપૂર્ણ પુરુષોત્તમનું આરાધન કરે છે. આ રીતે પ્રભુ શંકરના સ્વામી છે. શ્રી ગંગાજી ભગવાનના ચરણકમળનું જળ છે. આવું માની શિવજી ગંગાજીને પોતાના મસ્તકે ધરે છે.

(૬૫૮) સગરાત્મજ મુક્તિદઃ = સગર રાજાના સાઈઠ હજાર પુત્રોને મુક્તિ આપનારા.

ભગીરથજીના રથ પાછળ દોડતા ગંગાજી ગંગા સાગર સંગમ પર આવ્યા. અહીં કપિલ મુનિના તેજપુંજથી ભસ્મીભૂત થયેલા સગર રાજાના સાઠ હજાર પુત્રોને પોતાના જળમાં ડૂબાડ્યા. ગંગાજીનો સ્પર્શ પુત્રોની રાખ સાથે થયો. આનાથી સગર પુત્રોને સ્વર્ગની પ્રાપ્તિ થઈ.

ગો.વા. યશવંતલાલ એસ. પરીખ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

(૬૫૯) ખટ્વાંગ મોક્ષ હેતુઃ = ખટ્વાંગને મોક્ષ પ્રાપ્ત થવાના હેતુરૂપ પરમાત્મા.

ખટ્વાંગ ચક્રવર્તી સમ્રાટ હતા. યુદ્ધમાં તેમને કોઈ જીતી શકતું નહીં. દેવતાઓએ તેમને દૈત્યોનો વધ કરવા પ્રાર્થના કરી. રાજાએ તે કાર્ય કર્યું. રાજાએ દેવતાઓ પાસેથી જાણ્યું કે તેનું આયુષ્ય હવે બે ઘડીનું જ છે. આથી દેવોએ વરદાનથી રાજાને લલચાવ્યો પણ રાજા લલચાયો નહીં. તે રાજધાની પાછા ફર્યા અને મનને ભગવાનમાં લગાવી દીધું. ભગવાને ખટ્વાંગની બુદ્ધિને પહેલેથી પોતાનામાં આકર્ષી હતી. આથી રાજા અંત સમયે આવો નિશ્ચય કરી શક્યા - પોતાના વાસ્તવિક આત્મસ્વરૂપમાં સ્થિત થયા. શ્રીમહાપ્રભુજીની વ્યાખ્યા છે 'મુક્તિર્હિત્વાન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ' (શિક્ષાશ્લોકા)

(૬૬૦) રઘુવંશવિવર્ધનઃ = રઘુવંશના યશની વિવૃદ્ધિ કરનારા.

રઘુવંશમાં રામચંદ્રજીએ અવતાર લીધો. આ વંશની વિવૃદ્ધિ પ્રભુએ જ કરી છે. રઘુરાજાના વંશને શૌર્ય, ધર્મ, ઐશ્વર્ય આદિ ગુણોમાં સારી રીતે વૃદ્ધિ કરાવી. હજારો વર્ષો પછી પણ રઘુવંશની કીર્તિ કાયમ પ્રસરેલી છે જ.

હવે રામચંદ્રાવતારના નામો શરૂ થાય છે.

રઘુનાથો રામચંદ્રો રામભદ્રો રઘુપ્રિયઃ ।
અનંતકીર્તિઃ પુણ્યાત્મા પુણ્યશ્લોકૈકભાસ્કરઃ ।।૧૩૪।।

(૬૬૧) રઘુનાથઃ = રઘુકુળના સ્વામી.

શ્રી રામચંદ્ર રઘુકુળમાં પ્રકટ થયા. રઘુકુળમાં પ્રકટેલા ક્ષત્રિયોના નાથ છે. સ્વામી છે. ઈશ્વર છે. રઘુકુળના રાજાઓને ઐશ્વર્ય આપનારા છે.

(૬૬૨) રામચંદ્રઃ = સર્વને ચંદ્રની માફક આનંદ આપનારા શ્રીરામ

સ્વરૂપાનંદ વડે જેમાં રમણ-ક્રીડા થાય છે તે રામ. તે રામ આહ્લાદજનક આનંદદાયી હોવાથી ચંદ્રરૂપ છે. રામ એ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનો અવતાર છે. માટે એ પરબ્રહ્મ જ છે. જે સ્વરૂપમાં યોગીઓ રમણ કરે છે તે સ્વરૂપને

ગો.વા. ઈન્દુબેન યશવંતલાલ પરીખ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

રામ કહે છે. રામ પરબ્રહ્મનું સ્વરૂપ છે. રામ પરમાત્મા અધિક આનંદ-આહ્લાદ આપનારા ચંદ્ર સ્વરૂપ છે. આ ચંદ્ર રૂપી રામ તો નિષ્કલંક છે. પૂર્ણ આનંદ આપનારા છે. ભૌતિક ચંદ્રની જેમ ક્ષય પામતા નથી.

ભગવાન શંકર પાર્વતીજીને કહે છે કે રામચંદ્રના નામોને શ્રવણ કરતાં મારું મન પ્રસન્ન થાય છે. માટે તમે રામના નામ વારંવાર કહો. આમ અહીં યોગીઓનું ક્રીડાસ્થાન અત્યંત આનંદજનક રામચંદ્ર સ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણચંદ્ર છે.

(૬૬૩) રામભદ્રઃ = કલ્યાણ સ્વરૂપ શ્રીરામ

રઘુકુલ ચંદ્ર રામનું સ્વરૂપ ભદ્રમય-મંગલમય છે. મુનિજનો રામને 'કલ્યાણાનાં નિધાનમ્' કલ્યાણના નિધાન-ભંડાર કહે છે. રામ સૂર્યવંશના મણિ સમાન છે. યોગીજનોના વિરામરૂપ છે.

(૬૬૪) રઘુપ્રિયઃ = રઘુવંશના વંશજોને અતિપ્રિય.

રઘુવંશને રામ અતિપ્રિય લાગે છે. રામચંદ્રજીને રઘુવંશ અતિપ્રિય છે.

(૬૬૫) અનંતકીર્તિઃ = અનંતકીર્તિવાળા

રામચંદ્રની અનંતકીર્તિ સમગ્ર ભૂમિમંડળમાં આજ સુધી અવિચલ છે. વાલ્મીકિ વગેરે મુનિજનો, ભાસ, કાલિદાસ વગેરે કવિજનો આજે પણ રામચંદ્રજીના યશોગાન ગાય છે. આવી શ્રીરામજીની અનંત કીર્તિ પ્રસરેલી છે.

(૬૬૬) પુણ્યાત્મા = પુણ્યવાનજનોના આત્મારૂપ.

પુષ્કળ પુણ્ય કરનારા પુરુષો પવિત્ર હોય છે. શ્રીરામ તેમનો આત્મા છે. પાપ રહિત પુરુષોના તેઓ અંતર્યામી બનીને નિરંતર બિરાજે છે. પુરાણો પોકારે છે કે આ ભૂમિમાં જે દૂર્વાના દલ સમાન શ્યામસુંદર તથા પીળાં વસ્ત્રને પરિધાન કરનાર કમલનયન રામચંદ્રને રોજ સ્મરે છે તે મનુષ્યો સંસારમાં નિવાસ કરવાં છતાં સંસારની માયાથી રહિત છે.

(૬૬૭) પુણ્યશ્લોકૈકભાસ્કરઃ = પોતાની પવિત્ર યશગાથાઓને સૂર્યના કિરણોની માફક ફેલાવનારા સૂર્ય જેવા શ્રી રામચંદ્ર.

હસમુખબેન જયંત કડકીયા, યુ.એસ.એ.ના જયશ્રીકૃષ્ણ

અનંત કીર્તિ અને પુણ્યશ્લોકૈક ભાસ્કરઃ આ બે નામો રામના કીર્તિ તથા યશ વિષે પ્રકાશ પાડે છે. શુકદેવજી પરીક્ષિતજીને કહે છે કે સીતાપતિ ભગવાન રામના ચરિત્ર તો તત્ત્વદર્શી (ઋષિઓએ ઘણી રીતે કહ્યા છે અને તમે વારંવાર સાંભળ્યા છે. (૯-૧૦-૩)

રામચંદ્રજી ભક્તજનોમાં અદ્વૈત જ્ઞાનનો પ્રકાશ કરે છે. અગસ્ત્ય સંહિતા કહે છે કે આ વિશ્વમાં રામથી અન્ય કંઈ જ નથી.

કોશલેન્દ્રઃ પ્રમાણાત્મા સેવ્યો દશરથાત્મજઃ ।
લક્ષ્મણો ભરતશ્ચૈવ શત્રુઘ્નો વ્યૂહવિગ્રહઃ ॥૧૩૫॥

(૬૬૮) કોશલેન્દ્રઃ = કોશલ દેશના ઈન્દ્ર.

પ્રભુ સર્વેશ્વર છે. સર્વ સ્થાનના ઈન્દ્ર છે. ઉત્તર કોશલ દેશ કૌશલ્યા માતાજીના પિતાનું સ્થાન છે. આથી તે સ્થાનના વિશેષ કરીને ઈશ્વર છે.

(૬૬૯) પ્રમાણાત્મા = (૧) પ્રમાણરૂપ વેદોમાં જેમનું ચિત્ત છે એવા. (૨) વેદો (શ્રુતિઓ)ના આત્મારૂપ (૩) સાક્ષાત્ અનુભવ રૂપ આત્મા-પરમાત્મા

ભગવાન રામ આ ભૂતળ પર બિરાજ્યા. વેદમાર્ગથી વિરુદ્ધ લેશ માત્ર આચરણ કર્યું નથી. આમ આપનું ચિત્ત વેદોમાં છે. શ્રુતિઓ પ્રમાણ રૂપ છે. પ્રભુ પ્રમેય રૂપ છે, શ્રુતિ આ પ્રભુનું જ યશોગાન કરે છે. શ્રુતિઓ પરમાત્માનું પ્રતિપાદન કરે છે. આમ આપ શ્રુતિઓના આત્મારૂપ છે. વિશ્વમાં દેખાતા સર્વ કાર્યનું કારણ પ્રભુ જ છે. આમ આ કાર્યોના દર્શનથી પરમાત્માનો જ અનુભવ થાય. સુદૃઢ પ્રેમ હોય તો સર્વત્ર પ્રભુ વિલસતા દેખાય. આમ આપ સાક્ષાત્ અનુભવ રૂપ છે.

(૬૭૦) સેવ્યઃ = સેવન કરવા યોગ્ય પ્રભુ

ઉપર જોયું કે પુરુષોત્તમ પ્રમાણાત્મા છે. તેમનો સાક્ષાત્કાર થઈ શકે છે. આથી આવા પ્રભુનું સેવન કરવું અત્યંત આવશ્યક છે. આ પરમાત્મા ભક્તિમાર્ગના સિદ્ધાંત અને પ્રણાલીથી સેવવા યોગ્ય છે. આરાધન કરવા

દક્ષાબેન વિનોદચંદ્ર, વાસણા (મહીસા)ના જયશ્રીકૃષ્ણ

લાયક છે. શ્રી આચાર્યચરણોની આજ્ઞા પ્રમાણે શ્રુતિઓ જેને નેતિનેતિ કહી પુકારે છે, તેવા શ્રીકૃષ્ણચંદ્ર જ સેવ્ય છે. શ્રીકૃષ્ણ વાણીથી અગોચર છે. અક્ષરાતીત છે. પ્રમેય સ્વરૂપ છે. આનંદમય છે. અલૌકિકાર છે. તે જ સેવ્ય છે. શ્રીકૃષ્ણ જ અહીં રામ સ્વરૂપે બિરાજે છે.

(૬૭૧) દશરથાત્મજઃ = દશરથ રાજાના પુત્ર

પ્રભુમાં પ્રમાણબલ પણ છે. પ્રમેય બલ પણ છે. માત્ર પ્રમાણ બલ હોય તો આત્મજ - પુત્ર રૂપ ન થાય પણ પ્રમેય બલથી આપ આત્મજ બની ભૂતલ પર બિરાજે છે. ભક્તોનો ઉદ્ધાર કરવા અને દાનવદલનું દલન કરવા આપ અમુકના પુત્ર કે પતિ એમ પ્રતીત થાય છે. આ રીતે દશરથાત્મજ બન્યા છે.

(૬૭૨) લક્ષ્મણઃ = લક્ષ્મણ રૂપી રામચંદ્ર પ્રભુ

લક્ષ્મ એટલે પાપો. તેને દૂર કરનાર એટલે લક્ષ્મણ. તે સંકર્ષણ રૂપ છે.

(૬૭૩) ભરતઃ = ભરત સ્વરૂપે રામચંદ્રજી

પ્રભુ પ્રજાઓનું ભરણપોષણ કરે છે. પાલન કરે છે. તે રૂપે રામચંદ્ર પ્રભુ છે. ભર-યુદ્ધનો વિસ્તાર કરે છે. તે રૂપી રામચંદ્ર પ્રભુ છે.

(૬૭૪) શત્રુઘ્નઃ = શત્રુઘ્ન સ્વરૂપે શ્રી રામ.

શત્રુઓને મારવાનો સ્વભાવ પ્રભુનો છે. આ સ્વરૂપે શ્રી રામચંદ્ર છે.

(૬૭૫) વ્યૂહવિગ્રહઃ = વ્યુહાત્મક દેહવાળા પ્રભુ

કૃષ્ણાવતારમાં પ્રભુ ચાર વ્યૂહ સાથે પ્રકટ્યા. વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ. આ રીતે મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ પણ ચાર વ્યૂહ રૂપે આવિર્ભાવ થયા છે. રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન.

વિશ્વામિત્ર પ્રિયો દાન્તઃ તાડકાવધ મોક્ષદઃ ।
વાયવ્યાસ્ત્રાબ્ધિનિક્ષિપ્તમારીચશ્ચ સુબાહુહા ॥૧૩૬॥

(૬૭૬) વિશ્વામિત્રપ્રિયઃ = વિશ્વામિત્ર ઋષિના પ્રિય અથવા વિશ્વામિત્ર જેમને પ્રિય છે એવા.

ગોવિંદદાસ પુરુષોત્તમદાસ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

વિશ્વામિત્રજીના યજ્ઞમાં દૈત્યો વિઘ્નો કરતા હતા. ભગવાન રામ આ યજ્ઞમાં પધાર્યા. લક્ષ્મણના દેખતાં જ મારીચ વગેરે રાક્ષસોને મારી નાખ્યા. આમ વિશ્વામિત્રના પ્રિય છે.

વિશ્વામિત્રની સાથે રામચંદ્ર જનક રાજાની સભામાં પધાર્યા. ત્રણસો માણસો પૈડાવાળી ગાડીમાં પ્રચંડ શિવધનુષ લાવ્યા. જનકે ઘોષણા કરી કે ધનુષ્યની પ્રત્યંચા ચડાવે તેને સીતા વરે. કોઈની હિંમત ન થઈ. વિશ્વામિત્રની આજ્ઞાથી રઘુનાથ પધાર્યા. શિવધનુષનો આદર કર્યો. રમત માત્રમાં ઉઠાવ્યું, નમાવ્યું અને ભાગી નાંખ્યું. આમ વિશ્વામિત્રના નિમિત્તથી સીતાની પ્રાપ્તિ રૂપે જેમને પ્રિય હિત છે તેવા રામજી.

---

(૬૭૭) દાન્તઃ = દમન કરનારા શ્રી રામ

શ્રીરામે રાક્ષસોનું દમન કર્યું છે. શૂર્પણખાને વિરૂપ કરી. ખર, દૂષણ, ત્રિશિરા વગેરે તેના ચૌદ હજાર ભાઈઓ હતા. તે બધા ધનુષ લઈ લડવા આવ્યા. રામજીએ તેમને નષ્ટ કર્યા. હરણના વેશમાં આવેલ મારીચને બાણથી મારી નાખ્યો. કબંધનો પણ સંહાર કર્યો. રાવણનો પણ વધ કર્યો. આમ રાવણાદિ રાક્ષસોને દમન કરનારા છે. શ્રીરામ ઈન્દ્રિય વિજયી પણ છે.

---

(૬૭૮) તાડકાવધમોક્ષદઃ = તાડકા રાક્ષસીનો વધ કરી મોક્ષ આપનારા.

શ્રીરામ વિશ્વામિત્રજી સાથે તેમના આશ્રમમાં પધારતા હતા. માર્ગમાં તાડકા નામની રાક્ષસી આવી. રામજીએ તેનો વધ કર્યો. તે રીતે તેને મોક્ષ જ આપ્યો છે. શ્રી શુકે તાડકાવધની કથા કરી નથી. સ્ત્રી વધ સામર્થ્યદર્શક ગણ્યો નથી.

---

(૬૭૯) વાયવ્યાસ્ત્રાબ્ધિનિક્ષિપ્તમારીચઃ = વાયવ્યાસ્ત્રથી મારીચને સમુદ્રમાં ફેંકનાર

વાયવ્યાસ્ત્ર એટલે વાયુદેવ જેનું દૈવત છે એવું અસ્ત્ર. અબ્ધિ એટલે સમુદ્ર. શ્રી રામે વાયુના બાણથી મારીચને સમુદ્રમાં ફેંકી દીધો હતો.

---

(૬૮૦) સુબાહુહા = સુબાહુ રાક્ષસનો નાશ કરનારા.

મારીચને મારતી વખતે જ શ્રીરામે સુબાહુનો નાશ કર્યો.

સૌ. કુંજલતા ગોવિંદદાસ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

વૃષધ્વજ ધનુર્ભંગ પ્રાપ્તસીતા મહોત્સવઃ ।
સીતાપતિઃ ભૃગુપતિ ગર્વપર્વતનાશકઃ ॥૧૩૭॥

(૬૮૧) વૃષધ્વજધનુર્ભંગપ્રાપ્તસીતામહોત્સવઃ = જેની ધ્વજામાં વૃષભનું ચિહ્ન છે એવા ભગવાન શંકરના ધનુષ્યને ભાંગી સીતાજીની પ્રાપ્તિનો મહા આનંદ મેળવનાર.

જનક રાજાએ પોતાની પુત્રી સીતાજી માટે સ્વયંવરનું આયોજન કર્યું હતું. જનકપુરમાં આ સ્વયંવર થઈ રહ્યો હતો. સંસારના પ્રખ્યાત વીરો સભામાં આવ્યા હતા. જનક રાજા પાસે શિવજીનું ધનુષ્ય હતું. આ ધનુષ્ય ભયંકર હતું. અતિશય ભારે હતું. ખૂબ મુશ્કેલીથી તેને સભાખંડમાં લાવવામાં આવેલું. ત્રણસો વીર પુરુષોએ સાથે પ્રયત્ન કર્યો ત્યારે આ ધનુષ્ય લાવી શકાયું. ભગવાન રામે રમતાં રમતા આ ધનુષ્ય તોડી નાખ્યું. આ રીતે સીતાજીની પ્રાપ્તિ થઈ. તેથી રામજીને મહોત્સવ-મહાઆનંદ પ્રાપ્ત થયો.

---

(૬૮૨) સીતાપતિઃ = સીતાના પતિ

સીતાજી જનક કન્યા છે. તે લક્ષ્મીજી સ્વરૂપ છે. ભગવાને પોતાના વક્ષઃસ્થલ પર લક્ષ્મીજીને સ્થાન આપ્યું છે. આ રીતે લક્ષ્મીજીનું સન્માન કર્યું છે. આવા લક્ષ્મીજી જ સીતા બનીને જનકપુરમાં અવતીર્ણ થયા હતા. તેમના ગુણ, શીલ, અવસ્થા, શરીરનો બાંધો અને સૌંદર્ય શ્રીરામજીને અનુરૂપ હતું. ધનુષ ભંગ કરીને રામજી સીતાના પતિ બન્યા.

---

(૬૮૩) ભૃગુપતિગર્વપર્વતનાશકઃ = ભૃગુપતિના ગર્વરૂપ પર્વતનો નાશ કરનારા.

પરશુરામજી ભૃગુકુલમાં શ્રેષ્ઠ છે. આથી ભૃગુપતિ છે. તેમણે એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી બનાવી છે. આથી તેઓ ગર્વિષ્ઠ બન્યા હતા. તેઓ ગર્વનો પહાડ હતા અર્થાત્ તેમનામાં મહાન ગર્વ હતો.

સીતાજીના પતિ બન્યા પછી રામ અયોધ્યા પાછા ફરતા હતા. તે વખતે આ પરશુરામજી રસ્તામાં મળ્યા. ભગવાને તેમના ગર્વનો પણ નાશ કર્યો.

ચિ. ગિરિધારી ગોવિંદદાસ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

અયોધ્યાસ્થમહાભોગયુક્ત લક્ષ્મી વિનોદવાન્ ।
કૈકેયીવાક્યકર્તા ચ પિતૃવાક્ પરિપાલકઃ ॥૧૩૮॥

(૬૮૪) અયોધ્યાસ્થમહાભોગયુક્ત લક્ષ્મી વિનોદવાન્ = અયોધ્યામાં સીતાના વિનોદથી ક્રીડાના આનંદથી યુક્ત પ્રભુ.

અયોધ્યા તો રાજધાની છે. તેમાં મહારાજાઓને શોભે તેવા સુંદર વિલાસના સાધનો છે. સાથે લક્ષ્મીરૂપ સીતાજી છે. આમ મહાભોગો સહિત સીતાજી છે. શ્રીરામચંદ્રજીને સીતાજી સાથેના વિનોદો પ્રાપ્ત થયા છે.

(૬૮૫) કૈકેયીવાક્યકર્તા = કૈકેયીએ કહેલા વચન મુજબ વર્તન કરનારા.

કૈકેયી એ દશરથ રાજા પાસેથી વચન માંગેલું. શ્રીરામે તેનું પાલન કર્યું છે.

(૬૮૬) પિતૃવાક્પરિપાલકઃ = પિતાની વાણીના પાલનારા.

(૯-૧૦-૮) મુજબ રામજીએ પિતાના વચનને સત્ય કરવા વનવાસનો સ્વીકાર કર્યો. મહારાજા દશરથે પોતાની પત્નીને આધીન થઈને જ રામને વનવાસ માટે વચન આપેલું હતું. છતાં રાજા સત્યના બંધનમાં બંધાઈ ગયા. આથી રામજીએ પોતાના પિતાની આજ્ઞા માથે ચડાવી. જેમ મુક્તસંગ યોગી પ્રાણને છોડે છે તે પ્રકારે રામજીએ પ્રાણ સમાન વહાલા રાજ્ય, લક્ષ્મી પ્રેમી, હિતૈષી મિત્ર અને મહેલોને છોડી દીધા અને સીતાજી સાથે યાત્રા કરી.

વૈરાગ્યબોધકોઽનન્ય સાત્ત્વિક સ્થાનબોધકઃ ।
અહલ્યાદુઃખહારી ચ ગુહસ્વામી સલક્ષ્મણઃ ॥૧૩૯॥

(૬૮૭) વૈરાગ્યબોધકઃ = વૈરાગ્ય દ્વારા મનુષ્યનો બોધ કરનારા.

શ્રી ગીતાજીની આજ્ઞા પ્રમાણે શ્રેષ્ઠ પુરુષોનું આચરણ સમાજ કરતો હોય છે. શ્રીરામજીને ભક્તજનોને વૈરાગ્યનો ઉપદેશ કરવો છે. આથી આપે સર્વ વસ્તુઓના ત્યાગપૂર્વકનો વૈરાગ્ય ગ્રહણ કર્યો. આ રીતે અન્યોને બોધ કર્યો. આનાથી ભક્તોની બુદ્ધિમાં સંસારનો અનુરાગ દૂર થાય છે.

સૌ. સીમા ગિરિધારી, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

પરમાત્મા માટે રાગ થાય છે.

(૬૮૮) અનન્ય સાત્ત્વિક સ્થાન બોધકઃ = અન્ય જન રહિત સાત્ત્વિક સ્થાનમાં નિવાસ કરવાનો બોધ આપનારા.

શ્રી રામજીએ વનમાં નિવાસ કર્યો. વન અન્યજન રહિત છે. સાત્ત્વિક છે. આવા સ્થળે નિવાસ કરવો એ જ શુદ્ધ સત્ત્વમય નિવાસસ્થાન છે. આવો બોધ આપે કર્યો. આ અને આ પહેલાના નામોનું તાત્પર્ય શ્રીભાગવત ૫-૧૯-૫માં સૂચિત થયેલું છે. શુકદેવજી કહે છે કે પ્રભુ! આપનો મનુષ્ય અવતાર કેવળ રાક્ષસોને વધને માટે નથી. તેનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યોને શિક્ષા આપવાનો છે. પ્રભુ તો પોતાના જ સ્વરૂપમાં રમણ કરનારા સાક્ષાત્ જગદાત્મા છે. જગદીશ્વર છે. આથી તેમને સીતાજીના વિયોગમાં આટલું દુઃખ કઈ રીતે થઈ શકે?

(૬૮૯) અહલ્યાદુઃખહારી = અહલ્યાના દુઃખને હરનારા

અહલ્યા મુનિવર ગૌતમના પત્ની હતા. પતિના શાપથી તે શિલા થઈ ગયા હતા. રામજીના સ્પર્શથી તેમનું શીલાપણું દૂર થયું. અહલ્યા બની ગયા. આમ અહલ્યાને દુઃખમાંથી મુક્ત કરનારા પ્રભુ છે.

(૬૯૦) ગુહસ્વામી = ગુહના સ્વામી

ગુહ ભિલ્લરાજ છે. ભિલોના સરદાર છે. તે રામજીના શરણે આવ્યા. રામે તેને શરણે રાખ્યો. આમ રામજી ગુહના સ્વામી-સેવ્ય બન્યા.

(૬૯૧) સલક્ષ્મણઃ = લક્ષ્મણજી સહિત

લક્ષ્મણજી સુમિત્રાજીના પુત્ર છે. રામજીના નાના બંધુ છે. રામજીએ લક્ષ્મણજી સાથે વનમાં નિવાસ કર્યો છે. રામજીએ લક્ષ્મણ અને સીતા સહિત ચૌદ વરસ વનવાસ કર્યો છે. રામાયણ વગેરે ગ્રંથોમાં તે સુપ્રસિદ્ધ છે. આમ લક્ષ્મણ સહિત એવા રામ સ્વરૂપ પ્રભુ છે.

ચિ. તીર્થરાજ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

ચિત્રકૂટપ્રિયસ્થાનો દંડકારણ્યપાવનઃ ।
શરભંગસુતીક્ષ્ણાદિપૂજિતોઽગત્સ્યભાગ્યભૂઃ ॥૧૪૦॥

(૬૯૨) ચિત્રકૂટપ્રિયસ્થાનઃ = ચિત્રકૂટ પર રહેવું જેમને પ્રિય છે એવા રામચંદ્રજી.

આ નામ અને તે સંબંધી રામ કથાનો ઉલ્લેખ શ્રી ભાગવતમાં નથી. પણ અન્યપુરાણોમાં તેનો ઉલ્લેખ છે. શ્રી રામકથા પ્રમાણે-

શ્રીરામ રાજ્ય ત્યજી વનવાસ માટે પધાર્યા. રસ્તામાં પ્રયાગ આવ્યું. ત્યાં ભારદ્વાજ મુનિનો આશ્રમ હતો. તેમણે રામજીનું સ્વાગત કર્યું. ત્યાંથી શ્રીરામ યમુના કિનારે આગળ વધ્યા. શ્રીરામે યમુનાપાન કર્યું. એમ કહેવાય છે કે ત્યાં ચિત્રકૂટ પર્વતના આધિદૈવિક દેવતા શ્રીરામનું સ્વાગત કરવા પધારેલા. રામજી વાલ્મીકિજીના આશ્રમમાં પણ પધાર્યા. ઋષિએ રામચંદ્રજીને વનવાસ માટે ચૌદ સ્થાન બતાવતા કહ્યું કે અહીંથી ચિત્રકૂટ પર્વત શરૂ થાય છે. વિંધ્યાચલ પર્વતનો જેટલો ભાગ બુંદેલખંડમાંથી પસાર થાય છે, તેને ચિત્રકૂટ પર્વત નામ અપાયું છે. એમ કહે છે કે ચિત્રકૂટ પર્વતની ઝાંખી થતાં આપણું હૃદય નિર્મોહી અવશ્ય બને છે.

શ્રીરામજીની સવારી ચિત્રકૂટ પર આવી. અહીં શ્રીરામે મંદાકિની નદીમાં સ્નાન કર્યું. પયોષણી નામની નદી મંદાકિનીને મળે છે. અહીં શ્રીમહાપ્રભુજીએ વાલ્મીકિ રામાયણનો પાઠ કર્યો હતો. અહીં આપશ્રીની બેઠકજી છે. શ્રીરામે અહીં સ્નાન કર્યું. ચિત્રકૂટના ઋષિઓએ આ સ્થળનું નામ રાઘવ પ્રયાગ પાડ્યું. સ્નાન કરી શ્રીરામજી પર્વત પર ચઢ્યા. શ્રીરામજીના પધારતાં વૃક્ષો પુષ્પિત અને ફલિત થયા. શ્રી રામચંદ્રજીને ચિત્રકૂટ જગ્યા આ રીતે પ્રિય છે.

(૬૯૩) દંડકારણ્ય પાવનઃ = દંડકારણ્યને પવિત્ર કરનારા

શ્રીરામને બીજું પ્રિય સ્થાન દંડકારણ્ય હતું. ઈક્ષ્વાકુ રાજાના સો પુત્રો પૈકી એક દંડક રાજા હતા. તેમણે ગુરુ કન્યા ઉપર કુદૃષ્ટિ કરી. આથી તે ગુરુના શ્રાપથી બળીને ભસ્મ થયો. તે દંડકારણ્ય કહેવાયું. જનક રાજાએ

ચિ. અદિતિ, ચેન્નઈના જયશ્રીકૃષ્ણ

પ્રાર્થના કરી હતી કે ભવિષ્યમાં શ્રીરામ આ ભૂમિને પાવન કરવા પધારશે. આથી રામચંદ્રજી વનવાસ દરમ્યાન દંડકારણ્ય પધાર્યા.

(૬૯૪) શરભંગસુતીક્ષ્ણાદિપૂજિતઃ = શરભંગ અને સુતીક્ષ્ણ વડે પૂજાયેલા

શ્રીરામ ચિત્રકૂટ પર્વત પર છે તે અયોધ્યાવાસીઓએ જાણ્યું. બધા શ્રીરામના દર્શન માટે આવ્યા. શ્રીરામજીને થયું કે હવે આ બધા વારંવાર પધારશે. આથી એકાંતવાસ નહીં થાય. આથી અત્રિ ઋષિની આજ્ઞા લઈ દંડકારણ્ય જવા નીકળ્યા. રસ્તામાં પ્રથમ શરભંગ ઋષિનો આશ્રમ આવ્યો. શરભંગ ઋષિએ શ્રીરામની સન્મુખ બેસી યોગાગ્નિમાં દેહ બાળી દીધો.

અહીંથી શ્રીરામ સુતીક્ષ્ણ ઋષિના આશ્રમે પધાર્યા. ઋષિએ વરદાન માંગ્યુ કે 'નાથ મારા હૃદયમાં એક અભિમાન અખંડ રહે કે હું શ્રીરામનો સેવક છું. અને શ્રીરામ મારા સ્વામી છે.' આ સુતીક્ષ્ણ ઋષિ અગત્સ્યઋષિના શિષ્ય છે. શ્રીરામે તે આશિષ આપ્યા.

(૬૯૫) અગત્સ્ય ભાગ્યભૂઃ = અગત્સ્ય ઋષિના ભાગ્ય રૂપ

સુતીક્ષ્ણ ઋષિની આજ્ઞા લઈ શ્રીરામજી અગત્સ્ય ઋષિના આશ્રમે આવ્યા. અગત્સ્ય ઋષિના ધર્મપત્નીનું નામ લોપામુદ્રા હતું. તેમણે શ્રીરામ, જાનકીજી અને લક્ષ્મણજીનું સ્વાગત કર્યું. ત્યાં ત્રીસ માઈલના ક્ષેત્રફળવાળી પંચવટીમાં શ્રીરામે મુકામ કર્યો આ સ્થળ ગોદાવરી નદીના કિનારે છે.

ઋષિ સંપ્રાર્થિત કૃતિઃ વિરાધ વધ પંડિતઃ ।
છિન્નશૂર્પણખાનાસઃ ખર દૂષણ ઘાતકઃ ॥૧૪૧॥

(૬૯૬) ઋષિસંપ્રાર્થિત કૃતિઃ = ઋષિઓએ સારી રીતે પ્રાર્થના કરેલી ક્રિયાઓ કરનારા.

શ્રીરામજીના અરણ્યવાસ દરમ્યાન ત્યાંના ઋષિઓ આવ્યા. ત્યાંના રાક્ષસો ઋષિઓને રંજાડતા. તે બધાએ શ્રીરામજીને વિનંતી કરી કે રાક્ષસોને મારો. શ્રીરામે તેમની પ્રાર્થના અનુસાર કાર્ય કર્યું.

ગો.વા. રંભાબેન પ્રભુલાલ મણીયાર, જામનગરના જયશ્રીકૃષ્ણ

(૬૯૭) વિરાધ વધ પંડિતઃ = વિરાધના વધ કરવામાં ચતુર

વિરાધ એક રાક્ષસ છે. શ્રીરામે તેનો વધ કર્યો. વધ કરવા માટે શ્રીરામ કુશળ અને ચતુર હતા.

(૬૯૮) છિન્નશૂર્પણખાનાસઃ = શૂર્પણખાનું નાક કપાવનારા.

પંચવટીમાં શૂર્પણખા આવી. તે રાવણની બહેન હતી. વિધવા હતી તથા શ્રીરામને કહ્યું હું કુંવારી છું. તમે મારો અંગીકાર કરો. શ્રીરામે તેને લક્ષ્મણ પાસે મોકલી. લક્ષ્મણજીએ પણ તેને ન સ્વીકારી. શ્રીરામે લક્ષ્મણને ઈશારો કર્યો કે એના નાક-કાન કાપી નાખ. લક્ષ્મણજીએ શૂર્પણખાના નાક-કાન કાપી નાખ્યા. નાકને નાસિકા કહે. તે જે જગ્યાએ કપાયું તે સ્થળનું નામ નાસિક પડ્યું.

(૬૯૯) ખરદૂષણઘાતકઃ = ખર અને દૂષણનો વધ કરનારા.

શૂર્પણખાના નાક - કાન કપાયા. તે તેના ભાઈઓ ખર દૂષણ પાસે આવી. તે બધા ચૌદ હજાર રાક્ષસો હતા. હાથમાં ધનુષ્ય લઈ રામને મારવા આવ્યા. ભગવાન રામે તે બધાને રમતમાત્રમાં મારી નાંખ્યા. (૯-૧૦-૯)

અન્ય પુરાણ કથા પ્રમાણે આ રાક્ષસો લડવા આવ્યા ત્યારે શ્રીરામે એક કૌતુક કર્યું. બધા રાક્ષસોને રામ સ્વરૂપ બનાવી દીધા. આથી દરેક બીજાને રામ સ્વરૂપમાં જોવા લાગ્યો. આથી અંદર અંદર લડી મર્યા.

શ્રીભાગવત ૯-૧૦-૧૨માં જણાવ્યા મુજબ કબંધનો પણ વધ કર્યો છે.

એક બાણ હતાડનેક - સહસ્રબલરાક્ષસઃ ।
મારીચઘાતી નિયત - સીતા સંબંધ શોભનઃ ।।૧૪૨।।

(૭૦૦) એક બાણ હતાડનેક સહસ્રબલરાક્ષસઃ = એક જ બાણથી હજાર ગણું બળ ધરાવનાર રાક્ષસોને હણનારા.

રાક્ષસોમાં હજાર ગણું બળ હતું. શ્રી રામે એક જ બાણથી તે બધાનો નાશ કર્યો. શ્રી રામના એક બાણમાં હજાર ગણું બળ હતું. તેનાથી રાક્ષસોને હણી નાખ્યા.

(૭૦૧) મારીચઘાતી = મારીચનો વધ કરનારા.

શ્રીભાગવતમાં (૯-૧૦-૧૦) શ્લોકમાં આ પ્રસંગ છે. શ્રી શુકજી કહે છે કે રાવણે સીતાજીના રૂપ, ગુણ અને સૌંદર્યની વાત સાંભળી. તેનું હૃદય કામવાસનાથી આતુર થઈ ગયું. તેણે મારીચને પર્ણકુટી પાસે મોકલ્યા. તેણે હરણનો અદ્‌ભુત વેષ લીધો. શ્રીરામને તે ધીરે ધીરે પર્ણકુટિથી દૂર લઈ ગયો. શ્રીરામે પોતાના બાણથી તેને પણ મારી નાખ્યો.

(૭૦૨) નિયતસીતા સંબંધ શોભનઃ = નિરંતર સીતાજીના સંબંધથી શોભનાર.

રાવણે જે સીતાનું હરણ કર્યું તે માયિક સીતા હતા. છાયા સીતા હતા. આમ સીતા હરણ પછી પણ સંગિની સીતાજી સાથેનો નિત્ય સંબંધ છે. આનાથી શ્રીરામ શોભી રહ્યા છે.

સીતા વિયોગ નાટ્યશ્ચ જટાયુર્વધ મોક્ષદઃ ।
શબરી પૂજિતો ભક્ત-હનુમત્પ્રમુખાવૃતઃ ।।૧૪૩।।

(૭૦૩) સીતા વિયોગનાટ્યઃ = સીતાજીનો વિયોગ થયો એવું નાટક - લીલા કરનારા.

રાવણ સીતાજીનું હરણ કરી ગયો. રામજી દીન બની ગયા. ભાઈ લક્ષ્મણ સાથે વનોમાં ઘૂમવા લાગ્યા. શ્રીભાગવત ૯-૧૦-૧૧ મુજબ, શ્રીરામચંદ્રજીએ આ પ્રકારથી શીખ આપી કે જે સ્ત્રીઓમાં આસક્તિ રાખે છે, તેની આ જ ગતિ થાય છે.

વાસ્તવમાં રાવણ છાયા સીતાનું હરણ કરી ગયો છે. સીતાજી લક્ષ્મીજી સ્વરૂપ છે. શ્રીરામ વિષ્ણુ સ્વરૂપ છે. શક્તિ અને શક્તિમાન સાથે જ હોય તેમ આ યુગલ સ્વરૂપ સાથે જ છે. લક્ષ્મીજીને પ્રભુએ હૃદયનું સ્થાન આપ્યું છે. આથી વાસ્તવમાં રામજીને સીતાનો વિયોગ નથી. હૃદયસ્થ સીતાજીનો

નિત્ય સંયોગ છે. આમ શ્રી રામે સીતા વિયોગ રૂપી નાટક (લીલા) જ કરી છે.

રાવણ લોકોને પીડા દેતો અને દેવોને બંદીખાને નાંખતો. આવા રાવણનો નાશ કરવો જરૂરી હતો. તેના નાશથી પ્રજા સુખી થાય. આવા હેતુથી છાયા સીતાનું હરણ કરાવી તેથી થતો વિયોગ આપે અંગીકાર કર્યો છે.

(૭૦૪) જટાયુવધ મોક્ષદઃ = જટાયુને મોક્ષ દેનારા

છાયા સીતાનું હરણ કરી રાવણ લંકા જતો હતો. તે વખતે જટાયુએ રાવણ સાથે લડીને સીતાજીને છોડાવવાની સેવા કરી હતી. જટાયુ ગીધ પક્ષી છે. સીતાને વન-વનમાં શોધતા રામજીને જટાયુ મળ્યો. બધી વાત જાણી. તરત જટાયુ મૃત્યુ પામ્યો. શ્રી રામે જટાયુનો દાહસંસ્કાર કર્યો. જટાયુના ભગવત્સેવારૂપ કર્મથી તેના બધા કર્મબંધન ભસ્મ થઈ ગયા હતા. (૯-૧૦-૧૨) આ રીતે જટાયુને મોક્ષ આપ્યો.

(૭૦૫) શબરી પૂજિતઃ = શબરી વડે પૂજાયેલા

શબરી ભિલ્લ સ્ત્રી હતી. તે શ્રીરામની રાહ જોતી હતી. રામજી તેની ઝૂંપડીમાં બિરાજ્યા. શબરીએ તેમનું પૂજન કર્યું. બોર ધરીને સત્કાર કર્યો.

(૭૦૬) ભક્તહનુમત્પ્રમુખાવૃતઃ = ભક્તોથી અને હનુમાન વગેરેથી વીંટાયેલા. વિભીષણ વગેરે ભક્તોથી શ્રીરામજી વીંટાયેલા છે.

કબંધનો સંહાર કર્યા પછી શ્રીરામે સુગ્રીવ વગેરે વાનરો સાથે મિત્રતા કરી. સુગ્રીવ, અંગદ વગેરેમાં હનુમાનજી મુખ્ય છે. આવી વાનરો રૂપી ભક્તોની સેનાથી રામજી વીંટાયેલા છે.

દુન્દુભ્યસ્થિપ્રહરણઃ સપ્ત તાલ વિભેદન : ।
સુગ્રીવ રાજ્યદોવાલિ - ઘાતી સાગર શોષણઃ ॥૧૪૪॥

(૭૦૭) દુન્દુ ભ્યસ્થિપ્રહરણઃ = દુંદુભિના અસ્થિ (હાડકાં)ને સુદૂર ફેંકનારા.

દુન્દભિ નામનો રાક્ષસ હતો. તેના અસ્થિ પર્વતની જેમ પડેલા હતા.

કૈલાસબેન કાલીદાસ સોની, અમદાવાદના જયશ્રીકૃષ્ણ

શ્રીરામે ચરણના અંગૂઠા વડે તેને સુદૂર ફેંકી દીધા. રામાયણમાં આ ચરિત્ર સ્પષ્ટ દર્શાવ્યું છે.

(૭૦૮) સપ્તતાલ વિભેદનઃ = તાડના સાત વૃક્ષોને વીંધી નાખનારા.

શ્રીરામે સાત તાડના વૃક્ષોને એક જ બાણથી એકી સાથે છેદી નાખ્યા હતા.

(૭૦૯) સુગ્રીવ રાજ્યદઃ = સુગ્રીવને રાજ્ય આપનારા.

સુગ્રીવ અને વાલી બે ભાઈઓ હતા. બને સમાન લાગતા હતા. વાલી કિષ્કિંધા નગરીનો રાજા હતો. રામે તે રાજ સુગ્રીવને સોંપ્યું.

(૭૧૦) વાલિઘાતી = વાલીનો વધ કરનારા

વાલિ વાનરરાજ હતો. તેનો ભાઈ સુગ્રીવ હતો. બંનેમાં પરસ્પર પ્રેમ હતો, પણ એક ગેરસમજના લીધે વાલિ પોતાના ભાઈને મારવા ફરતો હતો. પ્રસંગ એવો છેકે એક દિવસ રાક્ષસ આવ્યો. વાલી એને મારવા દોડ્યો. વાલી ગુફામાં દાખલ થયો. સુગ્રીવને કહ્યું તું ગુફાની બહાર રાહ જોજે. સમય મુદત પૂરી થઈ. વાલી ન આવ્યો, પણ રૂધિરની સેર ગુફામાંથી બહાર આવી. સુગ્રીવને લાગ્યું કે વાલી મરાયો. સુગ્રીવ રાજ્યમાં પાછો ફર્યો. તેની ઈચ્છા રાજા થવાની ન હતી, પણ મંત્રીઓએ તેને રાજા બનાવ્યો.

હકીકતમાં વાલી મર્યો ન હતો. તે પાછો ફર્યો. તેણે બધું જોયું અને માન્યું કે સુગ્રીવે કપટ કર્યું છે. આથી તે સુગ્રીવને મારવા દોડ્યો. સુગ્રીવ ઋષભ પર્વત પર આવ્યો. અહીં વાલી ન આવી શક્યો કારણ ઋષિઓનો શ્રાપ હતો.

રામે વાત સાંભળી. બે ભાઈઓનું યુદ્ધ થયું. રામે વાલિને મારી નાંખ્યો.

(૭૧૧) સાગર શોષણઃ = સાગરને શોષી લેવા તત્પર થનાર.

સાગરનું શોષણ કર્યાનો ઉલ્લેખ શ્રીભાગવતમાં નથી. શ્રી રામે સાગર ઉપર કોપ કર્યાની કથા શ્રીભાગવતમાં (૯-૧૦-૧૩) માં કહી છે.

શ્રીરામ વાનર સેના સાથે સમુદ્રતટે પહોંચ્યા. અહીં આપે ઉપવાસ કર્યો. પ્રાર્થના કરી. સમુદ્ર પર પ્રભાવ ન પડ્યો. આથી શ્રીરામે ક્રોધથી લીલા

નિર્મળાબેન નવનીતલાલ પરીખ, વડોદરાના જયશ્રીકૃષ્ણ

કરતાં ઉગ્ર અને તીરછી નજર સમુદ્ર પર નાંખી. તે સમયે મોટા મોટા મગર અને મચ્છો ખળભળી ઉઠ્યા. સમુદ્ર ડર્યો. તેણે શરીર ધારણ કર્યું અને શ્રીરામને શરણે ગયો.

અન્ય પુરાણોમાં શ્રીરામે સમુદ્ર શોષ્યો તે કથા છે. તે પ્રમાણે સમુદ્રને શોષનારા એવો અર્થ પણ નીકળે.

સેતુબંધન કર્તા ચ વિભીષણ હિત પ્રદ : ।
રાવણાદિશિરચ્છેદી રાક્ષસાઘૌઘનાશક: ॥૧૪૫॥

(૭૧૨) સેતુબંધનકર્તા = સમુદ્રમાં સેતુ બાંધનારા.

શ્રી ભાગવત ૯-૧૦-૧૬માં આ વર્ણન છે. શ્રીરામજી સમુદ્ર કિનારે પધાર્યા. સાગરને શોષવા તત્પર થયા. સાગર રૂપ લઈને શ્રીરામના શરણે આવ્યો. સાગરે સ્તુતિ પણ કરી.

શ્રીરામે અનેક પર્વતોના શિખરોથી સમુદ્ર ઉપર પુલ બાંધ્યો. મોટા મોટા વાનરો પોતાના હાથોથી પર્વત ઉઠાવીને લાવતા હતા ત્યારે તે પર્વતના વૃક્ષો અને મોટી મોટી ભેખડો થર થર કાંપતી હતી.

(૭૧૩) વિભીષણહિતપ્રદઃ = વિભીષણનું હિત કરનારા.

ભગવાન રામે શ્રીલંકા પર ચઢાઈ કરી. રાવણના સૈનિકો તથા રાવણને મારી નાખ્યા. મંદોદરીએ શ્રીરામને કહ્યું કે આજ અમે સ્ત્રીઓ તથા પૂરી લંકા વિધવા બની ગયા છે.

તે વખતે શ્રીરામે વિભીષણને આજ્ઞા કરી કે 'સ્વજન-સંબંધીઓનું પિતૃયજ્ઞની વિધીથી શાસ્ત્રાનુસાર અન્ત્યેષ્ટિ કર્મ કરો.'

શ્રી રામે સીતાજીને જોયા. દુર્બલ થયેલ સીતાજીનું મુખકમલ ખીલી ઉઠ્યું. શ્રીરામે વિભીષણને રાક્ષસોનો સ્વામી બનાવ્યો. લંકાપુરીનું રાજ્ય આપ્યું અને એક કલ્પનું આયુષ્ય આપ્યું. ભગવાને વિભીષણને ઉત્તમ પ્રકારે ભક્તિ આપી તેનું હિત કર્યું. (૯-૫૦-૩૨)

(૭૧૫) રાવણાદિશિરચ્છેદી = રાવણ વગેરેના શિરને છેકી નાંખનારા.

ગો.વા. ચંપાબેન મોહનલાલ દેવાણી (કેશોદવાળા)

સાગર પર સેતુ બંધાયો. વિભીષણની સલાહ મુજબ શ્રીરામે સુગ્રીવ, નીલ, હનુમાન વ. મુખ્ય વીરો અને વાનર સેના સાથે લંકામાં પ્રવેશ કર્યો. લંકા તો શ્રીહનુમાનજીએ પહેલા બાળી દીધી હતી. વાનર સેનાએ તેને ખેદાન મેદાન કરી. આ જોઈ રાવણે નિકુમ્ભ, કુમ્ભ, ધૂમ્રાક્ષ, દુર્મુખ, સુરાન્તક, નરાન્તક, પ્રહસ્ત, અતિકાય, વિકમ્પન વગેરે અનુચરો, મેઘનાદ અને છેલ્લે કુંભકર્ણને યુદ્ધ માટે મોકલ્યા.

શ્રીરામે વીર વાનરોને સાથે રાખી રાક્ષસોની સેનાનો સામનો કર્યો રાક્ષસોને વૃક્ષ, પર્વતોના શિખરો ગદા અને બાણોથી મારી નાખ્યા.

રાવણે આ જોયું. તેને ક્રોધ આવ્યો. પુષ્પક વિમાન લઈ રામ સામે લડવા આવ્યો. આ વખતે રામજી દિવ્ય રથ પર બિરાજતા હતા. ઈન્દ્રનો માતલિ નામનો સારથિ હતો. તે રથ લાવેલો. રાવણે બાણોનો મારો ચલાવ્યો.

શ્રીરામનું વજ્ર જેવું બાણ રાવણના હૃદયને વાગ્યું. આ રીતે રાવણના શિરને છેદી નાંખ્યું.

(૭૧૫) રાક્ષસાઘૌઘનાશકઃ = (૧) રાક્ષસોના પાપ સમુદાયનો નાશ કરનારા (૨) રાક્ષસોરૂપી પાપોના સમૂહનો નાશ કરનારા.

આગળ જોયું કે શ્રીરામે રાક્ષસ સેનાને મારી નાંખી. શ્રીરામ પરમાત્મા છે. પોતાના સાન્નિધ્યમાં જ રાક્ષસોનો નાશ થયો. રાક્ષસોના પૂર્વજન્મ અને આ જન્મના સર્વ પાપો (પાપનો સમુદાય) દૂર કર્યા.

દૈત્યો સમગ્ર જગતને પીડા કરે છે આથી તેમને પાપનું રૂપક આપ્યું છે. આમ રાક્ષસો રૂપી પાપના સમુદાયને દૂર કરનારા છે.

સીતાઽભયપ્રદાતા ચ પુષ્પકાગમનોત્સુકઃ ।
અયોધ્યાપતિરત્યન્ત સર્વલોક સુખપ્રદઃ ॥૧૪૬॥

(૭૧૬) સીતાઽભયપ્રદાતા = સીતાજીને અભય આપનારા.

રાવણને મારીને શ્રીરામે અશોક વાટિકાના આશ્રમમાં પ્રવેશ કર્યો. સીતાજીને જોયા. સીતાજી અશોક વૃક્ષની નીચે બેઠા હતા. સીતાજી વિરહની

હસ્તે. પ્રવિણભાઈ, મુંબઈના જયશ્રીકૃષ્ણ

વ્યાધિથી પીડિત હતા. અત્યંત દુર્બળ થઈ ગયા હતા. સીતાજીને જોઈને રામનું હૃદય પ્રેમ અને કૃપાથી ભરાઈ ગયું. ભગવાનના દર્શન કરીને સીતાજીનું હૃદય પ્રેમ અને આનંદથી ભરાઈ ગયું. તેમનું મુખકમલ ખીલી ઉઠ્યું.

(૭૧૭) પુષ્પકાગમનોત્સુકઃ = પુષ્પક દ્વારા અયોધ્યા આવવાની ઉત્સુકતાવાળા.

લંકા વિજય પછી શ્રીરામજીને ભરતજીને મળવાની ઉત્સુકતા છે. પુષ્પક વિમાન દ્વારા અયોધ્યા આવવાની ઉત્કંઠા શ્રીરામજીને છે. શ્રીમહાપ્રભુજી અહીં અયોધ્યા 'જવાની' ન કહેતાં અયોધ્યા 'આવવાની' ઉત્સુકતાવાળા શ્રીરામજી છે એવું કહે છે. તેનો ગૂઢ અર્થ એ જ છે શ્રીરામજી મનથી તો અયોધ્યા પહોંચી ગયા હતા. સ્થૂલ વિગ્રહ દૂર હતો. તે વિગ્રહ અયોધ્યા આવવાનો બાકી હતો.

(૭૧૮) અયોધ્યાપતિઃ = અયોધ્યાના પતિ-સ્વામી.

પુષ્પક વિમાન દ્વારા શ્રીરામજી, સીતાજી અને લક્ષ્મણજી અયોધ્યા નગરીમાં પ્રવેશ્યા. તે સમયે નગરી આનંદથી પરિપૂર્ણ થઈ ગઈ. શ્રીરામજી રાજમહેલમાં પ્રવેશ્યા. માતાઓને ગુરુજનોને, મિત્રોને તથા તેમનાથી નાના બધાને મળ્યાં. યથાયોગ્ય સન્માન કર્યું. દરેકના શોક દૂર થયા.

આ પછી વશિષ્ઠજીએ બીજા ગુરુજનોની સાથે વિધિપૂર્વક ભગવાનની જટા દૂર કરાવી. ચારે સમુદ્રોના જલ વગેરેથી શ્રીરામનો અભિષેક કર્યો. બૃહસ્પતિજીએ આ જ રીતે ઈન્દ્રનો અભિષેક કર્યો હતો.

આમ શ્રી રામજી અયોધ્યા નગરી અને પ્રજાજનોના પાલક મહારાજા-સ્વામી છે.

(૭૧૯) અત્યન્તસર્વલોકસુખપ્રદઃ = સર્વ લોકને અત્યંત સુખ આપનારા.

શ્રીરામે દૈત્યોનો નાશ કરીને દેવ વગેરે સર્વલોકને સુખ આપ્યું છે. પોતાની સર્વ પ્રજાને પિતા માફક પાળીને સુખી કરી છે. (૯-૧૦-૫૨ થી ૫૪) પ્રમાણે ભગવાન શ્રીરામ ધર્મજ્ઞ છે. સમસ્ત પ્રાણીઓને સુખ આપનારા છે. તેઓ જ્યારે રાજા બન્યા ત્યારે ત્રેતાયુગ હતો. પણ સત્યયુગ હોય તેવું જ લાગતું હતું. તે વખતે વન, નદી, પર્વત, દ્વીપ અને સમુદ્ર પ્રજા માટે કામધેનુ જેવા બની ગયા હતા. બધાની સમસ્ત કામનાઓ પૂર્ણ થતી હતી. શ્રીરામ ઈન્દ્રિયાતીત ભગવાન છે. તેમના રાજ્યકાળ દરમ્યાન કોઈને માનસિક ચિંતા કે શરીરના રોગો થતા ન હતા. ઘડપણ, દુર્બળતા, દુઃખ, શોક, ભય અને થાક કોઈને લાગતા નહીં. જે લોકો મરવાની ઈચ્છા કરતાં તેમને મૃત્યુ પણ થતું ન હતું. રામના શાસનની પદ્ધતિને લીધે રામરાજ્ય કહી તેને વખાણવામાં આપે છે.

મથુરાપુર નિર્માતા સુકૃતજ્ઞ સ્વરૂપદઃ ।
જનકજ્ઞાન ગમ્યંશ્ચ ઐલાન્ત પ્રકટ શ્રુતિઃ ।।૧૪૭।।

(૭૨૦) મથુરાપુરનિર્માતા = મથુરાનું નિર્માણ કરનાર.

મધુવનમાં એક અસુર હતો. તે બધાંને રંજાડતો હતો. શ્રીરામે પોતાના ભાઈ શત્રુઘ્નને મોકલ્યા. શત્રુઘ્ને તે અસુરનો વધ કર્યો. મધુવનમાં મથુરા નગરીનું નિર્માણ કર્યું. શત્રુઘ્ન સ્વરૂપે પુરુષોત્તમ સ્વરૂપે શ્રીરામે જ આ નિર્માણ કર્યું છે.

(૭૨૧) સુકૃતજ્ઞસ્વરૂપદઃ = સત્કર્મને જાણનારા

સુકૃત એટલે પુણ્ય. સુકૃતજ્ઞ એટલે સત્કર્મને જાણનારા. સુકૃત કરનારા જનો ભગવદીય છે. આવા જનોના સારાં કૃત્યો પરમાત્મા જાણે છે. તેથી નિજભક્તોને નિજ સ્વરૂપ દર્શાવે છે. વળી સ્વસ્વરૂપનું દાન સુકૃતજ્ઞને કરે છે.

(૭૨૨) જનકજ્ઞાનગમ્યઃ = પોતે જનક છે તેવું જ્ઞાન આપનાર.

શ્રીરામચંદ્રજી આ ભૂમિનું પાલન કરતા હતા. આ વખતે તે પાલક-પિતા તરીકે જ વર્તન કરતા હતા. પ્રજાને પોતાના વાત્સલ્યનો અનુભવ કરાવતા હતા. આ રીતે તે વખતે પ્રજાને જ્ઞાન થતું કે શ્રીરામ અમારા જનક-પિતા છે. પ્રજાજનો તેમને પિતા સમાન જ જાણતા હતા.

(૭૨૩) ઐલાન્તપ્રકટશ્રુતિઃ = ભૂમિના અંત સુધી જેમની કીર્તિ ગોચર થાય છે તેવા.

ઈલા એટલે પૃથ્વી. તેનો અંત (અવધિ એટલે પાતાલ. શ્રીરામનો યશ

અહીં સુધી પ્રકટ સ્વરૂપે ફેલાયો છે. બીજા અર્થ પ્રમાણે ઐલ-પુરૂરવા વગેરે પૂર્વકાલના અનેક ભૂપતિઓ દેવો સાથે શ્રીરામના યશોગાન સ્વર્ગમાં કરે છે. રામાયણ-ભાગવતમાં શ્રી રામનો પ્રભાવ પ્રકટ રીતે વર્ણવેલો છે જ.

(રામાવતરના નામ સંપન્ન થયા.)

હવે પરશુરામ અવતારના નામ શરૂ થાય છે.

હૈહયાન્તકરો રામઃ દુષ્ટક્ષત્રવિનાશકઃ ।
સોમવંશહિતૈકાત્મા યદુવંશવિવર્ધનઃ ।૧૪૮।।

(૭૨૪) હૈહયાન્તકરઃ = હૈહયનો નાશ કરનાર પરમેશ્વર

સહસ્રાર્જુન - કાર્તવીર્ય હૈહયવંશનો હતો. પરશુરામજીએ તેનો નાશ કરેલો. (૯-૧૫-૧૩,૧૪) અનુસાર જમદગ્નિ ઋષિ હતા. તેમના પત્ની રેણુકાજી હતા. તેમના ત્યાં વસુમાન વગેરે પુત્રો થયા. તેમાં સૌથી નાના પરશુરામજી હતા. તેમનો યશ સમગ્ર સંસારમાં પ્રસિદ્ધ છે. હૈહયવંશનો અંત કરવા માટે સ્વયં ભગવાન જ પરશુરામના રૂપમાં અંશાવતારથી પ્રકટ થયા હતા.

(૭૨૫) રામઃ = પરશુરામ સ્વરૂપે પ્રભુ.

પરશુરામથી મહેન્દ્ર પર્વત ઉપર સ્વ સ્વરૂપમાં રમણ કરે છે. પ્રભુનો તે આવેશ અવતાર છે. જમદગ્નિ ઋષિ તેમના પિતા છે. રેણુકાજી તેમના માતા છે.

(૭૨૬) દુષ્ટશાત્રવિનાશકઃ = દુષ્ટ ક્ષત્રિયોનો વિનાશ કરનારા.

પરશુરામજીના સમયે ક્ષત્રિયો વિષયલોલુપ થયા હતા. ક્ષત્રિયોના હૈહયવંશમાં સહસ્રાર્જુન રાજા હતો. તેણે દત્તાત્રેયજીને પ્રસન્ન કરેલા. તેમનાથી તેને એક હજાર હાથોનું વરદાન મળ્યું. કોઈ શત્રુથી તે હારે નહીં તેવા આશીર્વાદ મળ્યા. તે યોગેશ્વર બની ગયો. તેનામાં એટલે શક્તિ આવી કે રાવણને પણ હરાવીને પકડ્યો અને તેના રાજ્ય મહિષ્મતિમાં કેદ કરેલો.

એક વાર તે જમદગ્નિ ઋષિના આશ્રમમાં આવ્યો. અહીં કામધેનુ ગાયને જોઈ. ઋષિ પાસે તે ગાય લેવાની આજ્ઞા ન માંગી, પણ બળજબરીથી તે ગાયને પોતાની નગરીમાં લઈ ગયો. તે વખતે પરશુરામજી આશ્રમમાં ન હતા. તેમણે આશ્રમમાં આવીને રાજાનું આ દુષ્કૃત્ય જાણ્યું. તેઓ પોતાનો ભયંકર ફરસો (કુહાડી), બાણ, ઢાલ અને ધનુષ્ય લઈને રાજાની પાછળ દોડ્યા.

સહસ્રાર્જુને સત્તર અક્ષૌહિણી સેના મોકલી. પરશુરામે તેને નષ્ટ કરી દીધી. આ જોઈ રાજા જાતે લડવા આવ્યો. પરશુરામજીએ તેના હાથો કાપી નાંખ્યા. તેનું માથું ધડથી અલગ કર્યું. સહસ્રાર્જુનને દસ હજાર પુત્રો હતા. તે બધા આ જોઈને ભાગી ગયા.

આવા મદોન્મત ક્ષત્રિયોનો વધ એકવીસવાર પરશુરામજીએ કર્યો છે. મહાભારત ઈત્યાદિ ગ્રંથોમાં આ સ્પષ્ટ છે જ. આ સ્વરૂપે મહાપરાક્રમ કરનારા પરમાત્મા જ છે.

હવે શ્રીકૃષ્ણાવતારના નામ શરૂ થાય છે.

(૭૨૭) સોમવંશાહિતૈકાત્મા = સોમ વંશનું હિત કરવામાં જેનું ચિત્ત છે તેવા.

સોમવંશ એટલે ચંદ્રવંશ - શ્રીકૃષ્ણે ચંદ્રવંશમાં જ અવતાર લીધો છે. ચંદ્રવંશમાં અવતાર લઈ આ વંશનું સર્વ પ્રકારે હિત કર્યું છે. બ્રહ્મજ્ઞાન અને ધર્મજ્ઞાનપૂર્વક આ વંશનું રક્ષણ કર્યું છે. બધા જ અવતાર કાર્યો કૃષ્ણ અવતારમાં સમાઈ જાય છે.

(૭૨૮) યદુવંશવિવર્ધનઃ = યદુવંશને વિશેષ રીતે વધારનારા.

યયાતિ રાજાના પુત્ર યદુ છે. તેમના નામ પરથી આ વંશ યદુવંશ તરીકે ઓળખાયો છે. યદુવંશમાં જ શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થવાનું છે આથી પ્રભુએ આ વંશની વિશેષ રીતે વૃદ્ધિ કરી છે. આ વંશનું માહાત્મ્ય સર્વત્ર પ્રસરાવ્યું છે.

શ્રી શુકદેવજી કહે છે કે હે પરીક્ષિત! મહારાજા યદુનો વંશ પરમ પવિત્ર છે. મનુષ્યોના સમસ્ત પાપોને નષ્ટ કરનારો છે. જે વ્યક્તિ આનું શ્રવણ કરશે તે સમસ્ત પાપોમાંથી મુક્ત થઈ જશે. (૯-૨૩-૧૯)

નવમા સ્કંધના ૬૪૩ થી ૭૨૮ નામ અહીં સંપન્ન થયાં.

દશમ સ્કંધ નામાનિ

નિરોધ લીલા

શ્રીમદ્ ભાગવત શ્રીગોવર્ધનનાથજીનું નામાત્મક સ્વરૂપ છે. પુરુષ બાર અંગવાળા છે. શ્રીમદ્ ભાગવતમાં બાર સ્કન્ધ છે. દશમ સ્કન્ધ ભગવાનનું હૃદય છે. આ સ્કન્ધ નિરોધલીલા નામથી ઓળખાય છે.

આ વિશ્વને પ્રપંચ પણ કહેવાય છે. અહીં પ્રપંચ એ છેતરવા કે બાહ્ય દેખાડા માટેનો શબ્દ નથી. અહીં પ્રપંચ એટલે વિસ્તાર. ભગવાન એક હતા. તેમને લીલા કરવાની ઈચ્છા થઈ. આથી તે અનેક રૂપ થયા. વસ્તુ, વ્યક્તિ વગેરે વિશ્વરૂપે વ્યક્ત થયા. આ વિસ્તારને પ્રપંચ કહેવાયો છે. આવા પ્રપંચની વિસ્મૃતિ થાય અને ભગવાનમાં આસક્તિ થાય તેને નિરોધ કહે છે.

ભક્તોનો નિરોધ ભગવાન કરે છે. તે માટે પાંચ પ્રકારની લીલા કરે છે. આથી દશમ સ્કંધમાં પાંચ પ્રકરણ છે. (૧) જન્મ પ્રકરણ (૨) તામસ પ્રકરણ (૩) રાજસ પ્રકરણ (૪) સાત્ત્વિક પ્રકરણ અને (૫) ગુણ પ્રકરણ.

આ પાંચ પ્રકરણવાળી નિરોધ લીલામાં ૮૭ અધ્યાય છે. ત્રણ અધ્યાય શ્રીવ્યાસજી પછી ઉમેરાયેલા છે. તેને પ્રક્ષિપ્ત કે ક્ષેપક અધ્યાય કહેવાય. આ ગણતાં ૯૦ અધ્યાય થાય.

નિરોધ લીલામાં ભગવાન પ્રપંચ (વિશ્વ)માં ક્રીડા કરે છે. આ ક્રીડા શક્તિઓ સાથેની છે. ક્રીડાને શયન પણ કહે છે. શયનની ત્રણ અવસ્થાઓ છે. (૧) જાગૃત (૨) સ્વપ્ન (૩) સુષુપ્તિ. દેહ પણ પ્રપંચ રૂપ જ છે. તેમાં ૭૨ નાડીઓ છે. તે ૭૨ શક્તિરૂપ છે. ભગવાનની શક્તિઓ બાર છે. શ્રી, પુષ્ટિ, વાણી, કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, શક્તિ અને માયા. આમ ૩+૭૨+૧૨=૮૭. આમ અહીં ૮૭ અધ્યાય છે. શ્રીમહાપ્રભુજીના મતે ૧૨મો, ૧૩મો અને ૧૪મો અધ્યાય પ્રક્ષિપ્ત છે. પાછળથી તે ભાગવતમાં ઉમેરાયા છે.

દશમ સ્કન્ધના બે વિભાગ છે. પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ. પ્રકરણની દૃષ્ટિએ આ વિભાગો છે. કુલ પાંચ પ્રકરણમાંથી અઢી-અઢી પ્રકરણ બંને વિભાગમાં છે. હવે પૂર્વાર્ધના નામોનું ગાન કરીશું.

પરબ્રહ્માવતરણઃ કેશવઃ કલેશનાશનઃ ।
ભૂમિભારાવતરણો, ભક્તાર્થાખિલમાનસઃ ।।૧૪૯।।

(૭૨૯) પરબ્રહ્માવતરણઃ = પરબ્રહ્મનો અવતાર - પ્રાકટ્ય એવા શ્રીકૃષ્ણ.

આ સ્કંધમાં શ્રીકૃષ્ણ આવિર્ભાવ - પ્રાકટ્યની કથા છે. આ કૃષ્ણ સારસ્વત કલ્પમાં પ્રકટ થયા છે, આથી તે પૂર્ણતમ છે. પુરુષોત્તમ છે. પરબ્રહ્મ છે. શ્રીગીતામાં અર્જુન શ્રીકૃષ્ણને પરંબ્રહ્મ પરંધામથી સંબોધે છે.

શ્રીગીતા ૧૫-૧૮ પ્રમાણે પ્રભુ કહે છે કે હું ક્ષરથી પર છું. અક્ષરથી પણ ઉત્તમ છું. માટે લોકમાં અને વેદમાં હું પુરુષોત્તમ નામથી પ્રસિદ્ધ-પ્રખ્યાત છું.

મહાભારતના પ્રમાણ અનુસાર પણ શ્રીકૃષ્ણનું પરબ્રહ્મપણુ સિદ્ધ છે. શ્રીકૃષ્ણમાં - કૃષિર્ભૂવાચકઃ શબ્દઃ ણશ્ચ નિવૃત્તિવાચકઃ તયોરૈક્યં પરબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે. આમ કૃષ્ણ પરબ્રહ્મ છે. આવા પરબ્રહ્મનું અવતરણ દશમ સ્કંધમાં છે.

ત્રીજા સ્કંધમાં મૈત્રેયજી વિદૂરજીને કહે છે 'સર્વ કારણોના કારણરૂપ અક્ષર બ્રહ્મ છે. તે પુરાણપુરુષ પરમાત્મા શ્રીવિષ્ણુભગવાનના શ્રેષ્ઠ ધામ સ્વરૂપ છે.'

(૭૩૦) કેશવઃ = (૧) જેમના મસ્તકના કેશો ઘણા જ વિપુલ છે (૨) ક એટલે બ્રહ્મા અને ઈશ એટલે શંકર તે બંનેને જેમનાથી અમૃત પ્રાપ્ત છે એવા (૩) બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે સ્વરૂપ જેમનાં છે એવા (૪) કેશી નામના દૈત્યનો નાશ કરનારા (૫) તેજના અંશરૂપ કેશ અર્થાત્ કિરણો જેમને છે એવા (૬) કેશશક્તિ એટલે શિવ અને બ્રહ્માની શક્તિ પેઠે મહાશક્તિવાળા તે કેશવ.

શ્રીકૃષ્ણ ત્રિભુવનસુંદર છે. તેમના કેશ વિપુલ છે. સુંદર છે. બ્રહ્મા-

શંકર વગેરે દેવો તેમની વારંવાર આરાધના કરે છે. આથી પણ કેશવ કહેવાય છે. નારદજી કહે છે કે તમે દ્વેષી દુષ્ટાત્મા કેશી દૈત્યને નષ્ટ કર્યો. જેથી લોકમાં કેશવ એ નામથી પ્રસિદ્ધ થશો. શ્રીમહાભારતમાં પ્રભુ આજ્ઞા કરે છે કે જે સૂર્યના કિરણો પ્રકાશમાન થાય છે. તે મારા કેશો ગણાય છે. હરિવંશમાં આપ કહે છે કે સર્વ જીવોનો સ્વામી હું બ્રહ્મ સંજ્ઞાથી પ્રખ્યાત છું. માટે મને સર્વના ઈશ સ્વામી કેશવ એવા પરમાત્મા કહે છે.

(૭૩૧) ક્લેશનાશનઃ = ક્લેશોને નાશ કરનારા.

શ્રીકૃષ્ણ પ્રાકટ્ય પહેલાં ગાય રૂપ ભૂમિ અને ભક્તો દુઃખી હતાં. શ્રીકૃષ્ણે આજ્ઞા કરી. 'હું પ્રકટ થઈશ.' આ સાંભળતાં જ દુઃખીજનોના કલેશ અને પરિતાપ દૂર થઈ ગયા. ભક્તજનોના ક્લેશ પ્રભુએ અનેક રીતે દૂર કર્યા છે. શ્રી ભાગવત ૧૦-૭૩-૮ અને ૧૬ પ્રમાણે - પ્રભુ શરણાગતોની આર્તિ હરવાવાળા છે. પ્રણામ કરનારના ક્લેશનો નાશ કરવાવાળા છે.

(૭૩૨) ભૂમિભારાવતરણઃ = ભૂમિના ભારને હરવા અવતરેલા.

પૃથ્વી પર દુષ્ટ રાજાઓ રાજ્ય કરતા હતા. દૈત્યો હતા. તે બધા તામસ પ્રકૃતિના હથા. મદોન્મત્ત હતા. પૃથ્વી માટે તે બધા પાપ રૂપ હતા. તેથી ભાર રૂપ પણ હતા. આવા બધાને દૂર કરનારા શ્રીકૃષ્ણ છે. આથી તેમનો અવતાર છે. શ્રીભાગવત ૧૦-૧-૨૨ પ્રમાણે બ્રહ્માજી દેવતાઓને કહે છે કે ભગવાનને પૃથ્વીના કષ્ટની પહેલેથી ખબર છે. તે ઈશ્વર છે. પોતાની કાલશક્તિથી તે પૃથ્વીનો ભાર હરશે. તે માટે પૃથ્વી પર લીલા કરશે. તમે દેવો યદુકુલમાં જન્મ લો અને કૃષ્ણની લીલામાં સહાય કરો.

(૭૩૩) ભક્તાર્થાખિલમાનસઃ = ભક્તોના અર્થોમાં જેમનું સંપૂર્ણ મન છે તેવા.

ભગવાનને ભક્ત પ્રિય છે. ભક્તો મનોરથો સેવે છે. આ મનોરથો પૂર્ણ કરવા ભગવાન તત્પર હોય છે. ભગવાનનું અંતઃકરણ ભક્તોના અર્થોને સિદ્ધ થાય - પૂર્ણ થાય એવું હોય છે. ભક્તોના વિરોધી જરાસંઘ, દુર્યોધન વગેરેના ગર્વનો નાશ શ્રીકૃષ્ણે કર્યો છે.

સર્વભક્ત નિરોધાત્મા લીલાઽનન્તનિરોધકૃત ।
ભૂમિષ્ઠપરમાનન્દો દેવકીશુદ્ધિકારણમ્ ॥૧૫૦॥

(૭૩૪) સર્વભક્ત નિરોધાત્મા = સર્વભક્તોનો નિરોધ કરવામાં જેમનું અંતઃકરણ છે એવા શ્રીકૃષ્ણ.

શ્રીકૃષ્ણની લીલા દસ પ્રકારની છે. ત્રીજ સ્કંધથી નવમા સ્કંધ સુધીમાં સર્ગથી ઈશાનુકથા લીલા જોઈ. હવે આઠમી લીલા નિરોધલીલા છે. તે નામો હવે પ્રકટ થાય છે.

નિરોધ એટલે શું? સંસારની સંપૂર્ણ વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિ એટલે નિરોધ. (ભા.૨-૧૦-૬) પ્રમાણે પોતાની શક્તિઓ સાથે ભગવાનનું પાછળથી પોઢવું એનું નામ નિરોધ લીલા.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે - સંસારમાં સર્વ પ્રભુની ક્રીડા-લીલા છે. આવું સમજી સંસારાસક્તિને દૂર કરવી, પ્રભુ ભક્તિ કરી એક ચિત્ત થવું તે નિરોધ છે.

શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય વ્રજમાં થયું છે. શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ બિરાજે છે. પ્રભુ જ ભક્તોના નિરોધ માટે જુદી જુદી લીલાઓ કરે છે. શ્રીકૃષ્ણ નિજભક્તોને સંસારની આસક્તિથી મુક્ત કરે છે. પોતાના સ્વરૂપમાં રમણ કરાવે છે. આનંદ આપે છે. આવા ભક્તોને પણ પરમાત્મા સિવાય અન્ય કશામાં રુચિ નથી. તેઓ ભગવત્સ્વરૂપમાં જ આનંદનિમગ્ન બને છે. આવા ભક્તોને આનંદ આપવામાં જ પ્રભુનું અંતઃકરણ છે.

(૭૩૫) લીલાઽનન્તનિરોધકૃત્ = અનંત લીલાઓ વડે ભક્તોનો નિરોધ કરનારા.

અવતાર કાલમાં ભક્તોનો નિરોધ કરવા પ્રભુ જ પ્રયત્ન કરતા હોય છે. વ્રજમાં, તામસ, રાજસ અને સાત્ત્વિક ભક્તો છે. પ્રભુ તે દરેકની પ્રકૃતિ મુજબ જુદી જુદી લીલાઓ કરે છે. તે અનંત લીલાઓ દ્વારા ભક્તોનો નિરોધ સિદ્ધ કરે છે.

બીજા એક અર્થ પ્રમાણે લીલાઽનન્ત એટલે લીલા + અનંત. લીલા શક્તિ છે. અનંત એટલે સંકર્ષણ. આ બંને વડે પ્રભુ દુષ્ટનો વિનાશ કરે છે.

ભક્તોનો નિરોધ કરે છે.

(૭૩૬) ભૂમિષ્ઠપરમાનંદઃ = ભૂમિ ઉપર રહેનારા ભક્તોને માટે પરમાનંદ સ્વરૂપ

ગોપીનાં પરમાનંદઃ આસીદ્ ગોવિંદ દર્શને ।
ક્ષણં યુગશતમિવ, યાસાં યેન વિનાભવત્ ॥

(૧૦-૧૯-૧૬)

ગોવિંદના દર્શન વડે ગોપીઓને પરમ આનંદ થતો. ગોપીજનોને ભગવાન વિનાની એક ક્ષણ સો યુગો જેવી હતી.

(૭૩૭) દેવકીશુદ્ધિકારણમ્ = દેવકીજીને શુદ્ધ કરનારા.

દેવકીજીના વિવાહ વસુદેવ સાથે થયા. વિવાહ એક સંસ્કાર છે. તે દેવકીજીની શુદ્ધિરૂપ છે. તેમાં નિમિત્ત રૂપ પ્રભુ છે. દેવકીજી વિષ્ણુરૂપિણી છે. તેમના હૃદયમાં પ્રભુ પ્રાકટ્ય છે. આ રીતે પણ દેવકીજીની શુદ્ધિ થવાના કારણરૂપ પ્રભુ છે.

જ્યારે જ્યારે ભગવદીયજનોને આ સૃષ્ટિમાં અનેક કષ્ટો આવી પડે છે. ત્યારે ત્યારે ભગવાનનું પ્રાકટ્ય થાય છે. વસુદેવ-દેવકીજીને કંસે અનેક કષ્ટો દીધાં. ત્યારપછી જ પ્રભુનો પ્રાદુર્ભાવ છે. વિભુના આર્વિભાવથી જ દેવકીજી શુદ્ધ - વિમલ બન્યા. પ્રભુના સ્મરણ માત્રથી જ શુદ્ધ થવાય છે. આવા પ્રભુ અંતરમાં બિરાજે પછી શુદ્ધિ થાય જ.

વસુદેવજ્ઞાનનિષ્ઠસમજીવનિવારકઃ ।
સર્વવૈરાગ્યકરણ સ્વલીલાધાર શોધકઃ ॥૧૫૧॥

(૭૩૮) વસુદેવજ્ઞાનનિષ્ઠસમજીવનિવારકઃ = (૧) વસુદેવમાં જ્ઞાન રૂપે જેમની નિરંતર સ્થિતિ છે એવા શ્રીકૃષ્ણના સમાન જીવોને નિવારણ કરનાર-મારનાર

વસુ શબ્દનો અર્થ વિષ્ણુ થાય છે. વસુદેવ એટલે વિષ્ણુને પ્રકટ કરીને પ્રકાશ આપનારા.

કૃષ્ણ સમાન જીવો એટલે શ્રીકૃષ્ણના અગાઉ પ્રકટ થયેલા છ જીવો અર્થાત્ શ્રીકૃષ્ણના ભાઈઓ.

આ ભાઈઓનું નિવારણ કરનારા કૃષ્ણ જ છે. વસુદેવના આ છ પુત્રોને કંસે માર્યા વિના છોડી દીધા હતા. પ્રભુએ નારદને પ્રેર્યો છે. નારદે કંસની બુદ્ધિમાં ફેરફાર કરાવ્યો અને કંસે તેમને મારી નાંખ્યા. આ છ બાળકોને શાપ મુક્ત કરવા હતા તેથી આ લીલા કરી.

વસુદેવ જ્ઞાનનિષ્ઠ છે. અર્થાત્ વસુદેવ એટલે શુદ્ધ સત્ત્વ. શ્રીગીતા આજ્ઞા પ્રમાણે સત્ત્વમાંથી જ જ્ઞાન પ્રકટે છે. વસુદેવમાં વિશુદ્ધ સત્ત્વયુક્ત જ્ઞાન છે. આવા જ્ઞાનમાં વસુદેવ નિષ્ઠાવાળા છે.

શ્રીભાગવત ૪-૩-૨૩ પ્રમાણે વસુદેવ શબ્દનો વિશુદ્ધ સત્ત્વ એવો અર્થ વ્યાસજીએ કર્યો છે.

(૭૩૯) સર્વવૈરાગ્યકરણસ્વલીલાધારશોધકઃ = સર્વ વિષયોથી વૈરાગ્ય કરાવનારી પોતાના પ્રાકટ્યરૂપ લીલાના આધારભૂત દેવકીજીની શુદ્ધિ કરનારા.

અનાયાસે હર્ષપૂર્વક થતી ચેષ્ટા એટલે લીલા. પ્રભુની જન્મલીલા ભક્તોના લૌકિક વિષયોને દૂર કરે છે. આનાથી વૈરાગ્ય થાય છે. જન્મલીલાનો આધાર દેવકીજી છે. પ્રભુ પોતાની જન્મલીલાથી દેવકીજીને શુદ્ધ કરે છે.

સ્ત્રીઓમાં વંધ્યત્વ સ્વાભાવિક રૂપે રહેતું હોય છે. આ દોષ છે. પ્રભુએ જન્મ લઈ દેવકીજીનો આ દોષ દૂર કર્યો છે. કંસે પ્રથમ પુત્રોને માર્યા છે. આ પણ મૃતપ્રજાત્વ દોષ છે. કૃષ્ણ આ પુત્રોને પાછા લાવ્યા છે. આ રીતે દેવકીજીનો આ દોષ પણ દૂર કર્યો છે.

શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન માયા કરે છે. પ્રભુને વ્રજમાં લીલાઓ કરવી છે. આમ વ્રજભૂમિ આધારરૂપ છે. શ્રીકૃષ્ણે માયા દ્વારા આ ભૂમિમાં ઉપયોગી વસ્તુની શુદ્ધિ કરાવી છે.

માયાજ્ઞાપનકર્તા ચ શેષસંભારસંભૃતિઃ ।
ભક્ત ક્લેશપરિજ્ઞાતા તન્નિવારણતત્પરઃ ॥૧૫૨॥

(૭૪૦) માયાજ્ઞાપનકર્તાઃ = માયાને આજ્ઞા આપનાર

પ્રભુએ યોગમાયાને આજ્ઞા કરે છે.

માયાનું સ્વરૂપ જાણવા જેવું છે. માયાનું સ્વરૂપ જાણવા જેવું છે. માયાના ત્રણ અલગ અલગ રૂપ છે. **(૧) આદિમાયા** – ભગવાનની નિત્યસંયોગિની શક્તિ એ આદિમાયા. રામાવતરામાં જાનકીરૂપે, દ્વારકાલીલામાં રૂકમણિ રૂપે અને વૃંદાવનમાં સ્વામિની રૂપે બિરાજતાં આ આદીમાયાના સ્વરૂપ છે. આદિમાયાંનો સ્વભાવ બહુ દયાળુ. તેઓ પોતાના સ્વામી ભગવાનને જીવાત્મા વતી હંમેશા સિફારીશ કરે છે કે હે નાથ, તમે એના અપરાધ જોવા જશો તો એનો ઉદ્ધાર નહીં કરી શકો. તે બાળક છે. અજ્ઞાની છે. મૂઢ છે. તમારા શરણમાં આવ્યો છે. તમારી શરણાગતિ માગે છે માટે એનો અંગીકાર કરો.

(૨) યોગમાયા – આ દ્વારા ભગવાન સૃષ્ટિનું નિર્માણ કરે છે. રાસમાં પોતાનાં અનેક સ્વરૂપો પ્રકટ કરવાની આવશ્યકતા હતી ત્યારે યોગમાયા દ્વારા પ્રભુએ કાર્ય કર્યું.

(૩) મહામાયા – ગીતાજીમાં તેની ઓળખ છે 'દૈવી એષા ગુણમયી મમ માયા.' આ મહામાયા આપણી પાછળ પડી છે. આ મહામાયાએ તમામ જીવોને અનંત દુઃખના સાગરમાં ધકેલી દીધા છે.

વ્યાસ ભગવાને સમાધિમાં આ મહામાયાની લીલા જોઈ છે. ભાગવત ૧૦-૨-૬ પ્રમાણે ભગવાન વિશ્વાત્માએ યોગમાયાને આ રીતે આજ્ઞા કરી 'હે દેવી! તમો દેવકીના ગર્ભમાં શેષ નામનું મારું ધામ છે તેને સારી રીતે ખેંચી લઈને રોહિણીના ઉદરમાં સ્થાપિત કરો અને તમે યશોદાના ઉદરમાં પ્રવેશ કરો.'

(૭૪૧) શેષસંભારસંભૂતિઃ = બાકી રહેલી અપૂર્ણ સામગ્રીને સંપૂર્ણ કરનાર.

શેષ એટલે અનંત ભગવાન. તેમને દેવકીજીના ગર્ભમાંથી રોહિણીજીના ગર્ભમાં સ્થાપિત કરવાના છે. આ કાર્ય પ્રભુના પ્રાકટ્યની પૂર્વ તૈયારી રૂપ છે. અવશિષ્ટ એટલે બાકી રહેલી અપૂર્ણ સામગ્રીને સંપૂર્ણ કરનારા.

(૭૪૨) ભક્તક્લેશપરિજ્ઞાતા = ભક્તોના ક્લેશને સંપૂર્ણ જાણનારા

દ્વાપર અને કલિયુગની સંધિરૂપ કાલ હતો. તેના પ્રભાવથી પૃથ્વીને દુઃખ છે. મા દેવકીજીને કંસ તરફથી દુઃખ થયું છે. આમ પ્રભુ ભક્તોના ક્લેશને સંપૂર્ણ પણે જાણે છે.

(૭૪૩) તન્નિવારણતત્પરઃ = ભક્તજનોના ક્લેશોને નિવારણ કરવામાં તત્પર.

ભગવાન ભક્તોનાં દુઃખ દૂર કરવા પ્રકટ થાય છે. ભક્તોનું દુઃખ ભગવાનના પ્રાકટ્યનું કારણ છે. સાત્ત્વિક, રાજસ અને તામસ ભક્તો દુઃખી છે. ભગવાન ભક્તોનું દુઃખ સહી શકતા નથી. પ્રભુ પોતે પ્રકટ થઈને ભક્તોનું દુઃખ દૂર કરે છે. ક્લેશનું નિવારણ કરી ભક્તોનું પોષણ કરે છે.

આવિષ્ટવસુદેવાંશઃ દેવકીગર્ભભૂષણમ્ ।
પૂર્ણતેજોમયઃ પૂર્ણઃ કંસાધૃષ્યપ્રતાપવાન્ ॥૧૫૩॥

(૭૪૪) આવિષ્ટવસુદેવાંશઃ = જેમનો અંશ વસુદેવજીના મનમાં પ્રવિષ્ટ થયો હતો એવા પ્રભુ.

શ્રી ભાગવત ૧૦-૨-૧૬માં આનો ઉલ્લેખ છે. ભગવાન ભક્તોને ભયરહિત કરે છે. ભગવાન સર્વત્ર છે. સર્વરૂપ છે. ભગવાને ક્યાંય પણ આવવું જવું પડતું નથી.

પ્રભુ વસુદેવજીના મનમાં પોતાની સમસ્ત કલાઓ સાથે પ્રકટ થઈ ગયા. વસુદેવમાં બિરાજીને પણ પોતાની જાતને વ્યક્ત કરી. ભગવાનના તેજને ધારણ કરવાથી વસુદેવજી સૂર્ય સમાન તેજસ્વી થઈ ગયા. તેને જોઈને લોકોની આંખો અંજાઈ જતી હતી. કોઈપણ વ્યક્તિનું બલ, વાણી કે પ્રભાવ વસુદેવજીને દબાવી શકતા ન હતા.

(૭૪૫) દેવકીગર્ભભૂષણમ્ = દેવકીજીના ગર્ભસ્થાનના અલંકાર રૂપ પ્રભુ.

શ્રી ભાગવત ૧૦-૨-૧૮ પ્રમાણે ભગવાનનો જ્યોતિર્મય અંશ જગતનું પરમ મંગલ કરનાર છે. વસુદેવજી દ્વારા આહ્વાન કરવાથી દેવી દેવકીજીએ તે અંશ ગ્રહણ કર્યો આ રીતે પ્રભુને ધારણ કર્યા.

જેમ પૂર્વ દિશા ચંદ્રદેવને ધારણ કરે છે. તે જ રીતે શુદ્ધ સત્ત્વથી સંપન્ન દેવી દેવકીએ વિશુદ્ધ મનથી સર્વાત્મા એવં આત્મસ્વરૂપ ભગવાનને ધારણ કર્યા. આ પ્રમાણે દેવકીજીના ગર્ભસ્થાનને શોભા આપનારા શ્રીકૃષ્ણ પ્રકટ થયા હતા.

(૭૪૬) પૂર્ણ તેજોમયઃ = તેજના સમૂહ રૂપ

દેવકીજીના ગર્ભમાં ભગવાન બિરાજ્યા હતા આથી તેમના મુખ પર પવિત્ર મુસ્કાન હતી અને તેમના શરીરની કાંતિથી બંદીગૃહ ઝગમગવા લાગ્યું હતું.

કંસે આ જોયું. તે મનમાં વિચારવા લાગ્યો કે આ વખતે મારા પ્રાણગ્રાહક વિષ્ણુએ આના ગર્ભમાં પ્રવેશ કર્યો છે.

(૭૪૭) પૂર્ણઃ = અખંડિત

પ્રભુ ઐશ્વર્ય આદિ ગુણોથી પરિપૂર્ણ હતા.

કંસ દેવકીને મારી શકતો હતો. પણ તેણે આ ક્રૂર વિચાર છોડી દીધો. વિવાહના મંગલચિહ્નો દેવકીએ ધારણ કર્યા હતા ત્યારે કંસ તેને મારવા તૈયાર થયેલો. અને હવે તે સદ્ વિચારવાળો બન્યો. દેવકીને મારવાનો વિચાર ન કર્યો. કારણ દેવકીના ગર્ભમાં ભગવાન છે. તેના દર્શન થતા કંસમાં સદ્બુદ્ધિનો ઉદય થયો.

આ બતાવે છે કે પ્રભુ ઐશ્વર્ય વગેરે ગુણોથી પરિપૂર્ણ છે.

(૭૪૮) કંસાધૃષ્યપ્રતાપવાન્ = કંસથી સહન ન થઈ શકે તેવા પ્રતાપવાળા.

કંસ હવે ભગવાનના જન્મની પ્રતીક્ષા કરવા લાગ્યો. ભગવાનનો પ્રતાપ અને પ્રભાવ અતુલિત છે. આથી કંસ ઉઠતા-બેસતા, ખાતાપીતા, સુતા જાગતા અને હરતા-ફરતા સર્વદા શ્રીકૃષ્ણનું ચિંતન કરવા લાગ્યો. જ્યાં તેની નજર પડતી ત્યાં તેને શ્રીકૃષ્ણ દેખાતા. તે પૂરા વિશ્વને કૃષ્ણમય જોવા લાગ્યો.

વિવેકજ્ઞાનદાતા ચ બ્રહ્માદ્યખિલસંસ્તુતઃ ।
સત્યો જગત્કલ્પતરુ - ર્નાનારૂપવિમોહનઃ ॥૧૫૪॥

(૭૪૯) વિવેકજ્ઞાનદાતા = કંસને વિવેક તથા જ્ઞાન આપનારા.

કંસરાજ મહા અસુર છે. બહેન દેવકીનો નાશ કરવા તે તત્પર થયો છે. આ વખતે વસુદેવજી કંસને સમજાવે છે. અનેક તત્ત્વોનું જ્ઞાન આપે છે.

સાન્ત્વનાના આ શ્લોકો શ્રી ભાગવત ૧૦-૧-૩૭ થી ૪૫માં છે. વસુદેવજી કંસને કહે છે કે તમે ભોજવંશની કીર્તિ વધારનારા છો. દેવકી એક સ્ત્રી છે, તમારી બહેન છે અને વિવાહનો શુભ અવસર છે. તમે આને કઈ રીતે મારી શકો? જન્મની સાથે જ મૃત્યુ પણ ઉત્પન્ન થાય છે. તે પછી થાય કે સો વર્ષ પછી થાય. જીવને પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે તેથી તે શરીરમાં રાગ રાખે છે અને શરીરને જ પોતે માની લે છે. જે વ્યક્તિ પોતાનું કલ્યાણ ચાહે છે તેણે કોઈનો દ્રોહ કરવો નહીં. દેવકી હજી બાળકી છે. ગરીબડી છે. તમારી પુત્રી સમાન છે. તમારે તેનો વધ કરવો યોગ્ય નથી.

વસુદેવજીએ કંસને વચન આપ્યું કે પોતાને દેવકીજીથી જે પુત્રો ઉત્પન્ન થશે તે કંસને સ્વાધીન કરશે. આથી કંસે દેવકીજીને મારવાનું માંડી વાળ્યું.

કંસને આ વિવેક અને જ્ઞાન વસુદેવજી દ્વારા આપનારા શ્રીકૃષ્ણ જ છે. ત્યારબાદ પણ યોગમાયા - કન્યાને કંસે પટકી. તે અંબિકા રૂપે આકાશમાં પ્રકટ થઈ અદૃશ્ય થઈ. કંસને પસ્તાવો થયો. દેવકી અને વસુદેવને કેદમાંથી છોડી દીધાં. કંસ તેમને કહે છે 'હું પાપી છું. તમારા છોકરાઓને મેં માર્યા. તેનું મને દુઃખ છે હું દુષ્ટ છું. કરૂણા વગરનો છું. મારે કયા નરકમાં જવું પડશે? વિધાતા પણ ખોટું બોલે છે. તેનો વિશ્વાસ કરી મેં બહેનના છોકરા માર્યા. તમે બંને મહાત્મા છો. પુત્રો માટે શોક ન કરો. શરીર બને છે. બગડે છે. આત્મા પર તેનો પ્રભાવ નથી પડતો. જે આ તત્ત્વ નથી જાણતા તે શરીરને આત્મા માને છે. મારી દુષ્ટતાને ક્ષમા કરો. તમે સાધુસ્વભાવના છો. કંસે વસુદેવ-દેવકીના ચરણ પકડી લીધા. કંસ રડી પડ્યો.'

કંસની આ વાણી પણ વિવેક અને જ્ઞાન યુક્ત છે. તેના પ્રેરક શ્રીકૃષ્ણ છે. આ નામનું તાત્પર્ય આ રીતે છે.

(૭૫૦) બ્રહ્માદ્યખિલસંસ્તુતઃ = બ્રહ્મા, શિવજી, ઈન્દ્ર આદિ સર્વ દેવોથી સ્તુતિ કરાએલા.

ભગવાન શંકર અને બ્રહ્માજી કંસના કેદખાનામાં આવ્યા. તેમની સાથે તેમના અનુચરો હતા. નારદજી અને દેવતાઓ પણ હતા. સુમધુર વચનોથી તેમણે શ્રીહરિની સ્તુતિ કરી છે. શ્રી ભાગવત ૧૦-૨-૨૬ થી ૪૧માં તે છે.

(૭૫૧) સત્યઃ = સત્ય સ્વરૂપ પરમેશ્વર

દેવતાઓ ભગવાનની સ્તુતિ કરતા કહે છે કે આપ સત્ય સંકલ્પ છો. સત્ય જ આપની પ્રાપ્તિનું શ્રેષ્ઠ સાધન છે. સૃષ્ટિના પૂર્વ, પ્રલય પછી અને સંસારની સ્થિતિ સમયમાં આપ જ સત્ય છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ સત્યોનું કારણ આપ જ છો. આપ અંતર્યામી સ્વરૂપે બિરાજો છો. આપ મધુર વાણી અને સમદર્શન પ્રવર્તક છો. આપ તો બસ સત્ય સ્વરૂપ છો. અમે બધા આપની શરણમાં આવ્યા છે.

(૭૫૧) જગત્કલ્પતરુઃ = જગતરૂપી કલ્પ વૃક્ષના સ્વરૂપવાળા.

દેવતાઓ સ્તુતિમાં કહે છે - આ સંસાર એક સનાતન વૃક્ષ છે. આ વૃક્ષનો આશ્રય પ્રકૃતિ છે. વૃક્ષના બે ફળ છે. સુખ અને દુઃખ. વૃક્ષની ત્રણ જડો છે. સત્ત્વ, રજ અને તમ. તેના ચાર રસ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેને જાણવાના પાંચ પ્રકાર છે. કાન, ત્વચા, નેત્ર, જીભ અને નાસિકા. તેના છ સ્વભાવ છે. પેદા થવું, રહેવું, વધવું, બદલાવું, ઓછું થવું. નષ્ટ થવું.

આ વૃક્ષની છાલ સાત ધાતુ છે. રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર. તેની આઠ શાખા છે. પંચ મહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર. તેમાં મુખ વગેરે નવ દ્વાર છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય આ દસ પ્રાણોના પત્તા છે. આ સંસાર વૃક્ષ પર બે પક્ષી છે. જીવ અને ઈશ્વર. આ સંસારરૂપ વૃક્ષની ઉત્પત્તિનો આધાર એકમાત્ર આપ છો.

(૭૫૩) નાનારૂપ વિમોહનઃ = જુદા જુદા પ્રકારના પ્રકૃતિવાળા બ્રહ્માદિક દેવ સ્વરૂપોને મોહ પમાડનારા.

જુદા-જુદા પ્રકારના એટલે સાત્ત્વિક, રાજસ અને તામસ પ્રકૃતિવાળા બ્રહ્માદિક દેવ સ્વરૂપો.

દેવો સ્તુતિ કરે છે કે સંસારવૃક્ષનો તમે જ આધાર છો. આપમાં જ તેનો પ્રલય થાય છે. આપની કૃપાથી તેની રક્ષા થાય છે. જેનું ચિત્ત આપની માયાથી ઢંકાઈ જાય છે. તે આ સત્યને સમજી શકતા નથી. તે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરનાર બ્રહ્માદિ દેવોને જુએ છે. તત્ત્વજ્ઞાની પુરુષ તો બધા રૂપમાં કેવલ આપના જ દર્શન કરે છે.

ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા વિદ્વન્મોહપ્રવર્તકઃ ।
મૂલકાલગુણદ્રષ્ટા નયનાનન્દ ભાજનમ્ ।।૧૫૫।।

(૭૫૪) ભક્તિમાર્ગપ્રતિષ્ઠાતા = (૧) ભક્તિમાર્ગમાં વિશેષ કરી સ્થિતિ કરનારા. (૨) ભક્તિમાર્ગની વિશેષ સ્થિતિ કરનાર

કર્મ, જ્ઞાન ઈત્યાદિ અનેક માર્ગો પ્રભુને પ્રાપ્ત કરવા શ્રુતિ, સ્મૃતિ વગેરેમાં દર્શાવ્યા છે. ભક્તિમાર્ગ પણ શ્રુતિ સ્મૃતિ સિદ્ધ જ છે. વિશેષ કરીને પ્રભુની સ્થિતિ તો ભક્તિમાર્ગમાં જ છે. ભક્તિથી જ પ્રભુ સુલભ રીતે પ્રાપ્ત થાય છે. 'ભક્તિ બિનુ ભગવાન દુર્લભ.' આવા ઘણા પ્રમાણો આ માટે છે. આમ નિશ્ચય થાય છે કે પ્રભુએ ભક્તિમાર્ગમાં જ સ્થિતિ કરી છે. પ્રભુએ ભક્તિમાર્ગને સ્થિર કર્યો છે.

(૭૫૫) વિદ્વન્મોહપ્રવર્તકઃ = વિદ્વાનોને મોહમાં નાખનારા.

જે વિદ્વાનો ભક્તિ રહિત છે અને જ્ઞાનના અભિમાનવાળા છે તેમને મોહમાં નાંખે છે.

કેવળ જ્ઞાન જ મુક્તિ આપે છે આવું નથી. ગીતામાં પ્રભુ આજ્ઞા કરે છે. 'અનન્ય ભક્તિ વડે જ હું પ્રાપ્ત થઈ શકું છું. શુષ્ક જ્ઞાનીઓ પોતે મુક્ત થઈ ગયા છે એમ માની લે છે અને ભગવદીયોને હસે છે. આવા ભક્તજનને નિંદા અને સ્તુતિ સમાન છે. તેમને કોઈ પણ વસ્તુમાં ભેદભાવ નથી. કેવળ પ્રભુના પ્રેમમાં એકતાન બને છે. પ્રભુની પ્રાપ્તિમાં ભક્તિ જ મુખ્ય છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે 'જ્ઞાનાધિકોભક્તિમાર્ગ (સિદ્ધાંત મુક્તાવલી - ૧૯) ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગથી અધિક છે.' જ્ઞાનિ નામપિ વાક્યેન, ન ભક્તં મોહયિષ્યતિ' (સંન્યાસનિર્ણય ૧૯) ભક્તોને જ્ઞાનીઓના વાક્યથી મોહ થતો નથી.

શ્રી ભાગવત ૧-૨-૩૨માં બતાવ્યું છે કે શુષ્ક જ્ઞાનીઓ ભગવાનનાં ચરણોનો આદર કરતા નથી તેથી તેમનું પતન થાય છે.

(૭૫૬) મૂલકાલગુણદષ્ટા = સર્વ પ્રાણી માત્રના આધાર એવા કાલના ગુણોને દર્શાવનારા પ્રભુ.

ભગવાનના જન્મ સમયે સર્વ-ગુણોપેતઃ અને પરમશોભનઃ એવા

આધિદૈવિક કાલનો પ્રાદુર્ભાવ થયો હતો. તે શ્રીભાગવતમાં ૧૦-૩-૧માં છે. કાલના આવા સ્વરૂપોને અને ગુણોને સમજનારા અને જાણનારા હરિ છે.

(૭૫૭) નયનાનન્દ ભાજનમ્ = વસુદેવના નયનોના આનંદ રૂપ શ્રીકૃષ્ણ.

પ્રભુના પ્રાકટ્યથી વસુદેવજીને આનંદ થયો. શ્રીકૃષ્ણના દર્શન કરનારા સર્વને આનંદ થયો. આમ કૃષ્ણ વસુદેવજી તથા સર્વના નયનોના આનંદ રૂપ છે.

વસુદેવસુખાબ્ધિશ્ચ દેવકીનયનામૃતમ્ ।
પિતૃમાતૃસ્તુતઃ પૂર્વ સર્વવૃત્તાન્ત બોધકઃ ॥૧૫૬॥

(૭૫૮) વસુદેવસુખાબ્ધિઃ = વસુદેવજીને હર્ષથી થનાર સુખનાં સાગરરૂપ.

દેવકીજીના ગર્ભથી ભગવાન પ્રકટ થયા. વસુદેવજીએ જોયું કે તેમની સામે એક અદ્ભૂત બાળક છે. તેના નેત્ર કમલ જેવા કોમળ અને વિશાળ છે. ચાર શ્રીહસ્ત છે. તેમાં ચાર આયુધો છે. વક્ષઃસ્થળે શ્રીવત્સનું ચિહ્ન છે. ગળામાં કૌસ્તુભ મણિ છે. મનોહર શ્યામલ શરીર છે. તેના પર પીતાંબર ફરકી રહ્યું છે. વાંકડીયા વાળ છે. કર્ણમાં કુંડળ છે. કટિ પર કટિમેખલા છે. બાહુમાં બાજુબંધ છે. શ્રીહસ્તમાં કંકણ છે. પ્રભુની અનોખી છટા છે.

વસુદેવજીએ જોયું કે પુત્રના રૂપમાં સ્વયં ભગવાન જ આવ્યા છે. પહેલા તેમને આશ્ચર્ય થયું પછી આનંદથી આંખો ખીલી ઉઠી. એમનું રોમ રોમ પરમાનંદમાં મગ્ન થઈ ગયું. તે સમયે બ્રાહ્મણોને દસ હજાર ગાયોનું દાન કરવાનો સંકલ્પ કર્યો.

વસુદેવજી હર્ષથી સુખના સાગરનો અનુભવ કરવા લાગ્યા.

(૭૫૯) દેવકી નયનામૃતમ્ = દેવકીજીના નયનોનાં અમૃત સમાન.

દેવકીજીએ ભગવાનના સ્વરૂપના દર્શન કર્યા. દેવકીજી કહેવા લાગ્યા, 'હે પ્રભુ આપ ભક્તના ભય હરનારા છો. અમે આ દુષ્ટ કંસથી ભયભીત છીએ. આપ અમારી રક્ષા કરો. આપનું ચતુર્ભુજ રૂપ દિવ્ય છે. ધ્યાન કરવા જેવું છે. આ સ્વરૂપને અન્ય પુરુષો આગળ પ્રકટ ન કરતા.'

હે પ્રભુ આપ વિશ્વના આત્મા છો. આપનું આ રૂપ અલૌકિક છે. આપ આપનું આ ચતુર્ભુજ રૂપ છુપાવી દો.

આવા અલૌકિક પ્રભુ દર્શનનો દેવકીજીનાં નેત્રોને દિવ્ય સુખ થયું હતું.

(૭૬૦) પિતૃમાતૃસ્તુતઃ = પિતા અને માતાએ જન્મ સમયે જેમની સ્તુતિ કરી છે એવા.

પ્રભુના પ્રાકટ્યને જોઈ પહેલા વસુદેવજી પ્રભુની સ્તુતિ કરે છે. પણ દેવકીજીએ પ્રભુની સ્તુતિ કરી છે.

વસુદેવજી કહે છે કે આપ પ્રકૃતિથી અતીત છો. પુરુષત્તમ છો. આપનું સ્વરૂપ કેવલ આનંદ જ છે. આપ સર્વના સાક્ષી છો. આપ જ જગતની સૃષ્ટિ કરો છો. આપ અંતર્યામી છો, સત્ય છો, આત્મ સ્વરૂપ છો.

દેવકીજી કહે છે કે આપ જ બુદ્ધિના પ્રકાશક વિષ્ણુ છો. સંપૂર્ણ પ્રલય પછી આપ જ એકમાત્ર રહી જાય છે. કાલ આપની લીલામાત્ર છે. આપ સર્વશક્તિમાન છો. કલ્યાણ માટે આશ્રયરૂપ છો. મૃત્યુ પણ તમારાથી ભયભીત થઈ ભાગી જાય છે.

(૭૬૧) પૂર્વ સર્વવૃત્તાંત બોધકઃ = માતાપિતાને પૂર્વ જન્મનો ઈતિહાસ કહેનારા.

વસુદેવ અને દેવકીજીએ પૂર્વ જન્મમાં ભગવાનની અત્યંત તપશ્ચર્યા કરી ભગવાન જેવા પુત્રની માગણી કરી હતી. તેથી ફળરૂપે પ્રથમ જન્મ પૃથ્વી અને સુતપાને ત્યાં પૃશ્નિગર્ભ રૂપે થયો. બીજો જન્મ કશ્યપ અદિતી દ્વારા ઉપેન્દ્ર અથવા વામનરૂપે થયો અને ત્રીજો જન્મ કૃષ્ણ રૂપે થયો.

સ્વાયમ્ભુવ મનવંતરમાં વસુદેવ સુતપા હતા. દેવકીજી પૃશ્નિ હતા. બ્રહ્માજીએ તેમને સંતાન ઉત્પન્ન કરવા આજ્ઞા કરી. દેવતાઓના બાર હજાર વર્ષ સુધી તેમણે પ્રભુમાં ચિત્ત લગાવી ઘોર તપ કરેલું. પ્રકટ થયેલા પ્રભુએ માંગવા કહ્યું. બંને એ પ્રભુ જેવા પુત્રને માંગ્યો. પૃશ્નિ ગર્ભ રૂપે પ્રભુ પ્રકટ થયા.

બીજા જન્મમાં વસુદેવ કશ્યપ બન્યા. દેવકીજી અદિતી બન્યા. ત્યારે

ઉપેન્દ્ર કે વામન પ્રભુ પ્રકટ્યા.

આ ત્રીજા જન્મમાં વસુદેવ દેવકીના ત્યાં કૃષ્ણ પ્રકટ્યા.

શરૂમાં આ બંનેએ ભગવાન જેવો પુત્ર માંગેલો. પ્રભુ વિચારે છે કે મારા જેવો તો હું એકલો જ છું. કાંઈને કોઈ વસ્તુ આપવાની પ્રતિજ્ઞા કરીને પૂરી ન થઈ શકે તો તેના સમાન ત્રણ ગણી વસ્તુ આપવી જોઈએ ભગવાન સમાન તો તે પોતે જ છે તેથી પ્રભુ ત્રણવાર આમના પુત્ર બન્યા.

ગોકુલાગતિલીલાપ્ત વસુદેવ કર સ્થિતિઃ ।
સર્વેશત્વપ્રકટનઃ માયાવ્યત્યયકારકઃ ॥૧૫૭॥

(૭૬૨) ગોકુલાગતિલીલાપ્તવસુદેવકરસ્થિતિઃ = ગોકુલમાં લીલા કરવા પધારવા માટે વસુદેવજીના કરમાં સ્થિતિ કરનાર.

પ્રભુ મથુરાથી ગોકુલમાં લીલા કરવા માટે પધાર્યા ત્યારે વસુદેવજીના કરમાં-હાથમાં સ્થિતિ કરેલી. વસુદેવજી તો આપ્તજન છે. પ્રભુએ ગોકુલને ગતિશીલ બનાવવું છે, આથી લીલા કરવા વસુદેવજીના કરમાં બિરાજ્યા.

પ્રભુ જે બંદીગૃહમાં જન્મ્યા ત્યાંના બધા દરવાજા બંધ હતા. લોખંડની સાંકળો અને તાળા લાગ્યા હતા. વસુદેવજીએ પ્રભુને ગોદમાં લીધા. દરવાજાની પાસે પહોંચ્યા. દરવાજા આપોઆપ ખુલી ગયાં. તે સમયે વાદળો ગરજતા હતા. વરસાદની ઝાપટો આવતી હતી. શેષજી ભગવાનની પાછળ પાછળ ચાલવા લાગ્યા. જેથી વરસાદથી પ્રભુને રક્ષી શકાય. યમુનાજીએ ભગવાનને માર્ગ આપ્યો. આ રીતે બાલકૃષ્ણપ્રભુ વસુદેવજીના હાથમાં સ્થિતિ કરી ગોકુલ પધાર્યા.

(૭૬૩) સર્વેશત્વપ્રકટનઃ = સર્વને નિયમમાં રાખવાના સામર્થ્યને પ્રકટ કરનારા

પ્રભુ સર્વ પ્રકારના ઐશ્વર્યને પ્રકટ કરે છે.

બંદીખાનામાં ચતુર્ભુજ સ્વરૂપથી બાલકૃષ્ણ બન્યા. બંદીખાનાના દ્વારો ખુલી ગયા. જંજીરો તૂટી ગઈ. શેષજી છત્ર બની પાછળ ચાલવા લાગ્યા. યમુનાજીએ રસ્તો કર્યો. આમ પ્રભુ સર્વ આશ્ચર્યને પણ પ્રકટ કરે છે.

(૭૬૪) માયાવ્યત્યકારકઃ = માયાના સ્થાનનો ફેરફાર કરનારા પ્રભુ

બંદીખાનામાં પ્રભુ શીશુ સ્વરૂપ બન્યા. તે સમયે યશોદાજીના ગર્ભથી યોગમાયાનો જન્મ થયો. તે ભગવાનની શક્તિ છે. તેથી ભગવાન સમાન જન્મ રહિત છે.

વસુદેવજી બાલકૃષ્ણજીને લઈ ગોકુળમાં આવ્યા. અહીં બધા ગોપ ઊંઘી રહ્યા હતા. વસુદેવજીએ પ્રભુને યશોદાજીની શૈયા પર સુવાડ્યા. નવજોત કન્યાને લઈ બંદીગૃહમાં પાછા ફર્યા. આમ મહામાયાના સ્થાનને ફેરફાર કરનારા.

ત્રાન મોહિત દુષ્ટેશઃ પ્રપંચાસ્મૃતિકારણમ્ ।
યશોદાનન્દનો નંદ ભાગ્યભૂગોકુલોત્સવઃ ॥૧૫૮॥

(૭૬૫) જ્ઞાનમોહિતદુષ્ટેશઃ = દુષ્ટ કંસને જ્ઞાન થયું કે દેવકીનો અષ્ટમ ગર્ભ મારો કાળ છે તેથી તેને પ્રભુએ મોહિત વિહ્વળ કર્યો.

વસુદેવજી માયાને લઈ બંદીખાનામાં પાછા ફર્યા. બારણા પહેલાની જેમ બંધ થયા. નવજાત શિશુ માયાએ રૂદન શરૂ કર્યું. દ્વારપાળો આ સાંભળી જાગી ગયા. તે બધા કંસ રાજા પાસે ગયા. દેવકીને સતાન થયું તે વાત કહી.

કંસ આતુરતાથી અને ગભરાટથી આની પ્રતિક્ષા કરી રહ્યો હતો. દ્વારપાળની વાત સાંભળી તે પલંગ પરથી ઉઠ્યો. ઊભો થયો. શીઘ્રતાથી સૂતિકાગ્રહ તરફ દોડ્યો. આ વખતે તો કંસનો કાળ જન્મયો હતો આવું જ્ઞાન મેળવી તે વિહ્વળ થયો. આ વખતે તેને ભાન ન રહ્યું કે તેના વાળ વિખરાઈ ગયા છે. રસ્તામાં તે કેટલી જગ્યાએ પડતા પડતા બચ્યો.

(૭૬૬) પ્રપંચાસ્મૃતિકારણમ્ = યશોદાજીને પોતાને પુત્ર અવતર્યો કે પુત્રી તેનું જ્ઞાન ન રહે તેના કારણરૂપ ભગવાન.

વસુદેવજી બાલકૃષ્ણને યશોદાજીની શૈયામાં પોઢાવે છે. માયાને સાથે લઈ જાય છે. યશોદાજીને એટલી સમજ છે કે તેને કોઈ સંતાન થયું છે પણ એ પુત્ર છે કે પુત્રી તે જાણી શક્યા નહી. કારણ કે એક તો પ્રસવનો પરિશ્રમ હતો અને બીજું યોગમાયાએ તેમને અચેત કરી દીધા. આમ યશોદાજીને સ્મરણ થવા ન પામ્યું. તેનું કારણ માયાપતિ શ્રીકૃષ્ણ જ છે.

(૭૬૭) યશોદાનન્દનઃ = યશોદાજીને આનંદ આપનારા

પ્રભુએ યશોદાજીના સર્વ મનોરથો પૂર્ણ કર્યા છે. આ રીતે સમૃદ્ધિ પણ આપી છે. યશોદાજીને પૂર્ણ આનંદ આપ્યો છે.

(૭૬૮) નન્દભાગ્યભૂગોકુલોત્સવઃ = શ્રીનંદરાયજીની ભાગ્ય રૂપભૂમિ શ્રીગોકુલમાં આનંદરૂપ-ઉત્સવરૂપ.

શ્રીકૃષ્ણના જન્મ સમયે આનંદ ઉત્સવ થયો છે. તેનું વર્ણન શ્રી ભાગવત ૧૦-૫માં ૧ થી ૧૮ શ્લોકમાં આલેખ્યાં છે.

નંદબાવા સ્નાન કરી પવિત્ર થયા. સુંદર વસ્ત્રો અને આભૂષણ ધર્યા. વેદજ્ઞ બ્રાહ્મણોને બોલાવ્યા. સ્વસ્તિ વાચન થયું. પુત્રના જાત કર્મ સંસ્કાર થયા. બ્રાહ્મણોને બે લાખ ગાયોનું દાન કર્યું. રત્નો અને વસ્ત્રોથી ઢંકેલ તલના સાત પહાડનું દાન કર્યું. બ્રાહ્મણ, સૂત, માગધ અને બંદીજન આશીર્વાદ આપવા લાગ્યા. સ્તુતિ કરી. વ્રજમંડળના દરેક ઘર સ્વચ્છ થયા. વિવિધ રીતે ઘરોને શણગાર્યા. તોરણો બંધાયા. ગાય, બળદ અને વાછરડાઓને સજાવવામાં આવ્યા. ગોવાળો બહુમૂલ્ય ભેટ લઈ નંદબાબાના ઘરે આવ્યા.

ગોપીજનોને આનંદ થયો. તેઓ પણ શ્રૃંગાર કરવા લાગ્યા. તે બધા પણ ભેટ સામગ્રી લઈ જલદી જલદી યશોદાજીની પાસે ગયા. તેઓના ગળામાં સોનાના હાર હતા. રંગબેરંગી વસ્ત્રો પહેરેલા. ચોટીઓમાં વેણી ગૂંથેલી હતી. હસ્તમાં જડાઉ કંગન હતા. કાનમાં કુંડલ ઝૂલી રહ્યા હતા.

નંદબાવાના ઘરે જઈ તેમણે શિશુને આશીર્વાદ આપ્યા. ભગવાનને પ્રાર્થના કરી કે આ બાળક ચિરંજીવી બનો. આ બાળકની રક્ષા કરો. જન્મનો મહાન ઉત્સવ મનાવાયો છે. મંગલમય વાજિંત્રો વાગે છે. ગોપો એકબીજા ઉપર દહીં, દૂધ, ઘી અને પાણી ઉડાડે છે. એકબીજાના મોં પર માખણ ચોપડે છે. નંદબાબાએ દરેકને મોં માંગી વસ્તુઓનું દાન કર્યું. સત્કાર કર્યો. રોહિણીજી આવતા જતા સ્ત્રીજનોનો સત્કાર કરતા હતા.

આ દિવસથી નંદબાબાના વ્રજમાં દરેક પ્રકારની રિધ્ધિ-સિદ્ધિ રહેવા લાગી. ભગવાન શ્રીકૃષ્ણનું નિવાસસ્થાન લક્ષ્મીજીનું ક્રીડાસ્થાન બની ગયું.

નન્દપ્રિયો નન્દસૂનુઃ યશોદાયા સ્તનન્ધયઃ ।
પૂતનાસુપયઃપાતા મુગ્ધભાવાતિ સુન્દરઃ ।।૧૫૯।।

(૭૬૯) નન્દપ્રિયઃ = નંદરાયજીને અત્યંત પ્રિય

નંદબાવા ઉદાર છે. પુત્રના જન્મથી તેમના હૃદયને વિલક્ષણ આનંદ થયો. મથુરામાં વસુદેવજી નંદબાવાને મળે છે. નંદબાવા કંસને કર આપવા આવ્યા છે. તે કાર્ય પછી વસુદેવજી નંદબાવાને મળવા આવે છે અને કહે છે કે ભાઈ તમારી અવસ્થા થઈ ગઈ હતી. અત્યાર સુધી તમને કોઈ સંતાન ન હતું. તમારે કોઈ સંતાનની આશા પણ ન હતી. હવે તમને સંતાનની પ્રાપ્તિ થઈ. આ સૌભાગ્યની વાત છે. આમ નંદજીને પ્રભુ ખૂબ જ પ્રિય છે.

(૭૭૦) નન્દસૂનુઃ = નંદરાયજીના પુત્ર

કૃષ્ણ નન્દરાયજીના જ પુત્ર છે. શુકદેવજી કહે છે 'નન્દસ્તવાત્મજ ઉત્પન્નને' નન્દના આત્મજ પુત્રનું પ્રાકટ્ય થયું છે. પિતાનો આત્મા જ પુત્ર રૂપે જન્મે છે. યશોદાજીની કુખે પ્રકટેલા આ પ્રભુ રસાત્મક, અવતારી અને ધર્મી સ્વરૂપ છે. મથુરા કારાવાસમાં પ્રકટેલા પ્રભુ વ્યૂહાત્મક છે. આમ વ્રજવિહારી કૃષ્ણ નંદરાયજીના જ પુત્ર છે.

(૭૭૧) યશોદાયાઃ સ્તનન્ધયઃ = યશોદાજીના સ્તનોને ધાવનારા

શ્રી ભાગવત ૧૦-૬-૩૦ પ્રમાણે પુતના મોક્ષ લીલા પછી, ગોપીજનોએ ભગવાન શ્રીકૃષ્ણની રક્ષા કરી. માતા યશોદાએ પોતાના પુત્રને દૂધ પીવડાવ્યું. પછી પલનામાં સુવાડી દીધા. શ્રી ભાગવત ૧૦-૮-૪૬માં પણ કહ્યું છે કે યશોદાજીએ પણ શું શ્રેય કરેલું કે જેમનું સ્તનપાન ભગવાને કર્યું.

(૭૭૨) પૂતના સુપયઃપાતા = પૂતના રાક્ષસીના દૂધ અને પ્રાણોને પીનારા.

પૂતના નંદબાવાના ઘરે આવી. રોહિણીજી અને યશોદાજી તેને ટોકી શક્યા નહીં. પૂતનાએ બાલક કૃષ્ણને પોતાની ગોદમાં લીધો. તેના મોંમાં પોતાનું સ્તન મૂક્યું. સ્તન પર ભયંકર વિષ લગાવ્યું હતું. ભગવાને ક્રોધથી બંને હાથો વડે સ્તનોને જોરથી દબાવ્યા. તેનું દૂધ પીવા લાગ્યા. સાથે તેના પ્રાણ પણ પીવા લાગ્યા.

(૭૭૩) મુગ્ધભાવાતિસુંદરઃ = મુગ્ધ બાલ્યભાવથી અતિ સુંદર.

શ્રી ભાગવત ૧૦-૮-૨૧ થી ૪૫માં ભગવાનના ઐશ્વર્ય માધુર્યની મિશ્ર બાલલીલાઓનાં વર્ણન છે.

રામ શ્યામ ઘુંટણિયા ભરતાં ભરતાં ગોકુળમાં રમતા હતા. કીચડમાં હાથ પગ ઘસડતા હતા. આ વખતે ઘૂંઘરુનો અવાજ થતો. તેથી તેમને આનંદ થતો.

કોક વાર બંને ભાઈ રસ્તે જતા કોઈ અજાણ્યા વ્યક્તિની પાછળ પાછળ ચાલવા લાગતા ખબર પડે કે આ કોઈ અજાણી વ્યક્તિ છે ત્યારે ડરીને પોતાની માતા પાસે આવી જતા.

બંને ભાઈ મોટા થયા. હવે કોઈ બેઠેલા વાછરડાની પૂંછડી પકડી લેતા. આનાથી વાછરડું ડરીને અહીં-તહીં ભાગતું. આ વખતે બંને ભાઈ પૂંછડી જોરથી પકડતા અને વાછરડું બંનેને ઘસડીને દોડતું.

બંને બાળકો મોટા થયા. ગોકુળમાં ઘૂંટણના સહારા વગર ફરવા લાગ્યા. પોતાના ઉંમરના ગ્વાલબાલો સાથે રમવા નીકળી જતા. સમય થયો ન હોય તો પણ વાછરડાને ખોલી દેતા. ચોરીના જુદા જુદા ઉપાયો કરતા. દૂધ દહીં ચોરીને ખાતા.

આવી તો અનેક બાળલીલા પ્રભુ કરતા. આ લીલાઓ સર્વ માટે મનોહારી અને અત્યંત દિવ્ય આનંદ આપનારી હતી. આજે પણ છે.

શ્રી ભાગવત ૧૦-૧૧-૭ થી ૯ શ્લોકમાં ભગવાન માટે મુગ્ધ શબ્દ યોજ્યો છે. ક્વચિન્મુગ્ધઃ - ગોપીઓ કોકવાર ભગવાનને ફોસલાવતી. સાધારણ બાળકની જેમ પ્રભુ નાચવા લાગતા. કોકવાર અજાણ્યા બાળકની જેમં ગાવા લાગતા. ગોપજનોની કઠપૂતળી જેવા થઈ જતા.

સુન્દરીહૃદયાનન્દો ગોપી મન્ત્રાભિમન્ત્રિતઃ ।
ગોપાલાશ્ચર્યરસકૃત્ શકટાસુરખંડનઃ ॥૧૬૦॥

(૭૭૪) સુન્દરીહૃદયાનન્દઃ = સુંદરી ગોપાંગનાઓના હૃદયને આનંદ આપનાર

જ્યારથી ભગવત્ પ્રાદુર્ભાવ શ્રીગોકુલમાં થયો છે ત્યારથી જ વ્રજાંગનાઓનાં અંતઃકરણમાં આનંદનો મહોદધિ-સુખનો સાગર ઉછળી

રહ્યો છે. ગોપાંગનાઓ ભગવાન પાસે જાતજાતની લીલાઓ કરાવતી હતી. કોઈકવાર ગોપીજનોના કહેવાથી પીઢા લઈ આવતા. તોલવાના વજનિયા લઈ આવતા. કોઈકવાર ખડાઉ લઈ આવતા તો કોઈકવાર પહેલવાનોની જેમ તાલ ઠોકવા લાગતા.

આ પ્રકારે સર્વશક્તિમાન ભગવાન પોતાની બાળલીલાઓથી વ્રજવાસીઓને આનંદિત કરતા હતા.

(૭૭૫) ગોપીમન્ત્રાભિમન્ત્રિતઃ = ગોપીઓના મંત્રથી ચોમેરથી રક્ષાયેલા.

પૂતના વધ પછી ગોપીજનોએ એકઠા થઈને ભગવાન ઉપર ગોમૂત્ર છાંટીને તથા ગાયનું છાણ લઈને તેના વતી ભગવાનનાં ૧૨ અંગોમાં રક્ષા વિધિ કર્યો હતો.

ગોપીજનોએ આચમન કર્યું. 'અજ' વગેરે અગિયાર બીજ મંત્રોથી પોતાના શરીરોમાં અલગ અલગ અંગન્યાસ અને કરન્યાસ કર્યો. પછી બાળકના અંગમાં બીજન્યાસ કર્યો.

તે કહેવા લાગ્યા કે અજન્મા ભગવાન તમારા પગની રક્ષા કરે. મણિમાન ઘુંટણોની, યજ્ઞપુરુષ જાંઘોની, અચ્યુત કમરની, હયગ્રીવ પેટની, કેશા હૃદયની, ઈશ વક્ષઃસ્થલની, સૂર્ય કંઠની, વિષ્ણુ હાથની, ઉરુક્રમ મુખની અને ઈશ્વર મસ્તકની રક્ષા કરે.

આ રીતે ગોપીજનો રક્ષાના શ્લોકો શ્રી ભાગવત ૧૦-૬-૨૧ થી ૨૯માં બોલ્યા છે.

(૭૭૬) ગોપાલાશ્ચર્યરસકૃત્ = સર્વ ગોપાલોને આશ્ચર્યજનક રસ ઉત્પન્ન કરનારા.

શ્રીકૃષ્ણે કરવટ બદલી. તે નિમિત્તે ઘરમાં ઉત્સવ મનાવાતો હતો. યશોદાજીએ કૃષ્ણને ગાડા નીચે સુવાડી દીધા. યશોદાજી સત્કાર કાર્યમાં મગ્ન થયા. શ્રીકૃષ્ણ રડવા લાગ્યા. પગ ઊંચા કર્યા અને ગાડું ભાંગી નાંખ્યું. આનાથી યશોદાજી, ગોપાંગનાઓ તથા નન્દજીને અત્યંત આશ્ચર્ય થયું. અદ્ભુત એટલે આશ્ચર્ય એ પણ એક રસ છે. એવો આશ્ચર્ય રસ બધાને થયો તેનો કારણરૂપ શ્રીકૃષ્ણ.

(૭૭૭) શકટાસુરખંડનઃ = શકટ-ગાડાનય રૂપમાં રહેલા માયાવી દૈત્યના ટુકડે ટુકડા કરનાર.

શકટ નીચે પોઢેલા પ્રભુએ નાના ચરણથી વિશાળ ગાડાને ઉલટાવી દીધું. ગાડામાં દૂધ-દહીંની ઘણી માટલીઓ હતી. બીજા વાસણો પણ હતા. તે બધા જ તૂટી-ફૂટી ગયા. ગાડાના પૈડા અસ્તવ્યસ્ત થઈ ગયા.

શકટના રૂપમાં દૈત્ય જ હતો. હિરણ્યાક્ષનો એક પુત્ર ઉત્કચ હતો. તેણે લોમેશ ઋષિના આશ્રમના વૃક્ષો કચડી નાખ્યા. ઋષિએ શ્રાપ આપ્યો કે તું દેહરહિત થઈશ. તે જોરથી ઋષિના ચરણોમાં પડ્યો. માફી માંગી. ફરી શરીર મળે તે માટે વિનંતી કરી. ઋષિએ કહ્યું કે વૈવસ્વત મનવંતરમાં શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી તારી મુક્તિ થશે. આ અસુર ગાડામાં આવીને બેઠેલા. શ્રીકૃષ્ણના ચરણસ્પર્શથી તેની મુક્તિ થઈ.

નન્દ વ્રજજનાનન્દી, નન્દભાગ્યમહોદયઃ ।
તૃણાવર્તવધોત્સાહો, યશોદાજ્ઞાનવિગ્રહઃ ॥૧૬૧॥

(૭૭૮) નન્દવ્રજજનાનન્દી = નંદજી અને વ્રજજનોને આનંદ આપનારા.

નંદબાવાને મોટી ઉંમરે પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. વળી પ્રભુની બાળલીલાઓ જોઈને વિશેષ આનંદ થયો. કૃષ્ણ છે જ સદાનંદ સ્વરૂપ. સૂરદાસજીના એક દશ્યકુટ પદમાં છે.

દધિસૂત લીધો દિયો દધિસૂતકો નિરખ નંદ મુસકાઈ.

દધિસૂત=માખણ, દધિસૂત = મુખારવિંદ

પ્રભુ માખણ લઈ મુખારવિંદમાં પધરાવી રહ્યા છે. આ જોઈ નંદજીને હાસ્ય સ્ફૂર્યું. આમ આવી તો અસંખ્ય બાળલીલા છે, જેમાં નંદજી તથા વ્રજજનોને આનંદ મળે છે.

(૭૭૯) નન્દભાગ્ય મહોદયઃ = નંદરાયજીના મહાભાગ્યનો ઉદય કરનારા.

નન્દજીને પ્રભુ સાથે સારી રીતે સંબંધ થયો છે. તેથી તેમના ભાગ્યનો મહાન ઉદય થયો છે. નંદજી પ્રભુને ઉત્સંગમાં ખેલાવે છે. તેમનું લાલન પાલન કરે છે. જગતનું લાલન પાલન કરનાર પ્રભુ નંદબાવાથી લાલિત પાલિત થાય છે. આજ નંદબાવાનું ભૂરિ ભાગ્ય છે. અનેક જન્મોની સંસિદ્ધિ પછી ભગવત્કૃપાથી આ ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે.

(૭૮૦) તૃણાવર્તવધોત્સાહઃ = તૃણાવર્તના વધમાં ઉત્સાહ રાખનારા.

શ્રી ભાગવત ૧૦-૭-૧૮ થી ૩૨માં તૃણાવર્ત વધ લીલા છે.

યશોદાજીના ખોળામાં પ્રભુ ખેલતા હતાં. પ્રભુએ વજન વધાર્યું. મા ભાર સહી ન શક્યા. લાલાને પૃથ્વી પર બેસાડ્યો. પોતે કામમાં લાગ્યા. થોડીવારમાં તૃણાવર્ત દૈત્ય આવ્યો. ખૂબ વંટોળ લાવ્યો. બાલકૃષ્ણને ઉડાડી આકાશમાં લઈ ગયો. તૃણાવર્ત પ્રભુનો ભાર સહન કરી શક્યો નહીં. તેનો વેગ શાંત થયો. ભગવાને જોરથી દૈત્યનું ગળું પકડ્યું. તે નિશ્ચેત થઈ ગયો. તેની આંખો બહાર નીકળી ગઈ. તેની બોલતી બંધ થઈ ગઈ. તેના પ્રાણપંખેરુ ઊડી ગયું. બાલકૃષ્ણ સાથે જ તે આકાશમાંથી વ્રજની એક શિલાપર પટકાયો. આ દૈત્ય પાંડુદેશનો સહસ્રાક્ષ નામે રાજા હતો. દુર્વાસાજીના શ્રાપથી તે રાક્ષસ બન્યો. રાજાએ માફી માંગી તો ઋષિએ કહ્યું શ્રીકૃષ્ણના સ્પર્શથી તારી મુક્તિ થશે. આમ આ શ્રાપિત રાજા તૃણાવર્ત બની વ્રજમાં આવ્યો હતો.

(૭૮૧) યશોદાજ્ઞાનવિગ્રહઃ = યશોદાજીને જ્ઞાન થવા સારુ પોતાના સ્વરૂપને પ્રકાશ કરનારા.

શ્રી ભાગવત૧૦-૭-૩૫ થી ૩૭માં આ વર્ણન છે.

યશોદાજી લાલાને સ્તનપાન કરાવતા હતા. પ્રભુ દૂધ પી રહ્યા. મા લાલાના મુખને ચુમતા હતા. તે વખતે કૃષ્ણને બગાસું આવ્યું. માતાએ લાલાના મુખમાં વિશ્વનું દર્શન કર્યું. તેમાં આકાશ, અંતરિક્ષ, દિશાઓ, સૂર્ય, ચંદ્રમાં, અગ્નિ, વાયુ, સચરાચર પ્રાણીઓ જોયા.

આ રીતે માને પોતાના માહત્મ્ય અને ઐશ્વર્યનું જ્ઞાન આપ્યું.

બલભદ્રપ્રિયઃ કૃષ્ણઃ સંકર્ષણ સહાયવાન્ ।
રામાનુજો વાસુદેવો, ગોષ્ટાંગણગતિપ્રિયઃ ॥૧૬૨॥

(૭૮૨) બલભદ્રપ્રિયઃ = (૧) બલભદ્રના પ્રિય (૨) બલભદ્ર જેમને પ્રિય છે.

બલભદ્રજી પ્રભુના વડીલ બંધુ છે. બલભદ્રજીને પ્રભુ પ્રિય છે. પ્રભુની બાળલીલાઓમાં પ્રાયઃ બલભદ્રજી સાથે જ હોય છે. ગૌચારણ, છાક ઈત્યાદિ લીલાઓમાં બલભદ્રજી પ્રભુની સાથે જ હોય છે. કારણ બલબદ્રજીને પ્રભુ પ્રિય છે. પ્રભુને પણ બલદેવજી બહુપ્રિય છે. ભાંખોડિયા ભરવાની લીલા હોય કે વ્રજનો અંગરાગ શરીર લેપન કરવાની લીલા હોય કે વાછરડાના પૂચ્છ પકડી દોડવાની લીલા હોય, પ્રભુ સાથે બલદેવજી હોય છે જ. આમ પ્રભુને પણ બલભદ્રજી પ્રિય છે.

(૭૮૩) કૃષ્ણઃ = ભગવાન શ્રીકૃષ્ણ

પ્રભુનો વર્ણ કૃષ્ણ - ઘનશ્યામ છે, તેથી કૃષ્ણ. રણભૂમિમાં શત્રુઓને આકર્ષે છે માટે કૃષ્ણ છે. ગોપબાળકોની સાથે રમણ કરતાં ગાયોના ટોળામાં વાછરડાનાં પૂંછડા પકડી ખેંચે છે માટે કૃષ્ણ છે.

ગર્ગાચાર્યજી શ્રીકૃષ્ણ અને શ્રી બલદેવના નામકરણ પ્રસંગે શ્રીકૃષ્ણનો પરિચય આપે છે. નંદજીને કહે છે કે યુગે યુગે શરીર ધારણ કરનારા તમારા આ પુત્રને અગાઉ શ્વેત, રક્ત અને પીત વર્ણો હતા પરંતુ આ જન્મમાં તેમણે કૃષ્ણ વર્ણનો સ્વીકાર કર્યો છે (શ્રી ભાગવત ૧૦-૮-૧૩)

(૭૮૪) સંકર્ષણ સહાયવાન્ = (૧) સંકર્ષણજીને સહાય આપનારા. (૨) સંકર્ષણજીની સહાય લેનારા.

શત્રુઓનું સારી રીતે આકર્ષણ કરે તે સંકર્ષણ. તે જ બલદેવજી છે. બાળલીલાઓમાં બંને ભાઈઓ પ્રાયઃ સાથે જ હોય છે. એક બીજાને લીલામાં સહાયભૂત થાય છે. આમ સંકર્ષણજીને સહાય કરે છે અને સંકર્ષણજીની સહાય લે છે.

(૭૮૫) રામાનુજઃ = રામના નાના ભાઈ.

બલભદ્રજીનું બીજું નામ રામ છે. લોકોને રમણ કરાવે તે રામ. બલદેવજી પોતાના સહૃદો - મિત્રોને પોતાના ગુણોથી આનંદ આપનારા રમાડનારા છે. તેથી રમ્ ધાતુ ઉપરથી તેમનું નામ રામ થશે. શ્રી ગર્ગાચાર્યે આવો અર્થ રામનો કર્યો છે. (શ્રી ભાગવત ૧૦-૮-૧૨)

(૭૮૬) વાસુદેવઃ = વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ

શ્રી ગર્ગાચાર્યે વાસુદેવ એવું નામ પાડ્યું છે. શ્રીકૃષ્ણ વસુદેવના પુત્ર રૂપે પ્રકટ થયા હતા, પછી શ્રી નંદબાબાના ઘરે પધાર્યા.

સર્વભૂતાધિવાસશ્ચ વાસુદેવસ્તત સ્મૃતઃ - પ્રભુ સર્વ પ્રાણીમાત્રમાં નિવાસ કરે છે આથી વાસુદેવ છે. સકલ ભૂત પ્રાણીમાત્ર તે પરમાત્મામાં નિવાસ કરીને રહે છે અને પરમાત્મા તે સર્વત્ર વાસ કરીને રહેલા છે તેથી સર્વાત્મા પરમાત્માને આ સર્વ લોકમાં વાસુદેવ કહી સ્મરણ કરાય છે. મહાભારત ઈત્યાદિમાં અનેક સ્થળે વાસુદેવ સંજ્ઞા થવાના હેતુ દર્શાવ્યા છે.

(૭૮૭) ગોષ્ઠાંગણાગતિપ્રિયઃ = ગૌશાળાના આંગણામાં ઘૂંટણિયા ખેંચી ચાલવાનું જેમને બહુ પ્રિય છે એવા.

ગોષ્ઠ અર્થાત્ ગૌશાળા. રામ અનેક કૃષ્ણ બે હાથે અને બે ઘૂંટણ વડે ચાલતા વિહાર કરવા લાગ્યા. ગૌશાળાના આંગણમાં આ રીતે ગતિ કરવા લાગ્યા. આ ગતિથી વ્રજવાસીઓને અતિ પ્રિય બન્યા.

કિંકિણીરવભાવજ્ઞો વત્સપુચ્છાવલંબનઃ ।
નવનીતપ્રિયો ગોપીમોહસંસારનાશકઃ ॥૧૬૩॥

(૭૮૮) કિંકિણીરવભાવજ્ઞઃ = ઘૂઘરીઓના અવાજના ભાવને જાણનારા.

એક નૃત્યકાર વાદ્યને અનુસરીને નૃત્ય કરે છે. કિંકિણી એટલે અલંકારની ઝીણા ઝીણી ઘૂંઘરીઓ. પ્રભુ નૃત્ય કરે ત્યારે આ ઘૂઘરીઓ અવાજ કરે. આ સૂરોના ભાવને પ્રભુ બરોબર સમજે છે અને તેને અનુસરતું નૃત્ય કરે છે. આમ બાલ્યાવસ્થામાં પણ આપે સર્વ નિજજનોને અદ્ભુત ચાતુર્ય દર્શાવ્યું છે. વ્રજવાસીઓને બાલભાવનો આનંદ દાન કર્યો છે. વ્રજવાસીઓનાં આ અહોભાગ્ય છે.

(૭૮૯) વત્સપુચ્છાવલંબનઃ = વાછરડાંઓનાં પૂંછડાઓને ગ્રહણ કરી તેમની પાછળ ગતિ કરનારા.

રામ અને શ્યામ બંને થોડા મોટા થયા. વ્રજમાં એવી એવી બાળલીલાઓ કરતા કે ગોપીજનો જોયા જ કરતા. એક વાછરડું બેઠું છે. તેની પૂંછ તેઓ

પકડી લે છે. આનાથી વાછરડા અહીં તહીં ભાગે છે. ભાગતા વાછરડાંઓનું પૂછડું હવે જોરથી પકડી લે છે. હવે વાછરડા તેમના ઘસડતા ઘસડતા દોડે છે. ગોપીજનો ઘરકામ છોડી આ બધું જોતા, હસતા અને આનંદ મગ્ન થઈ જતા. (શ્રી ભાગવત ૧૦-૮-૨૪)

(૭૯૦) નવનીતપ્રિયઃ = માખણ જેમને પ્રિય છે.

કૃષ્ણને માખણ ખૂબ જ પ્રિય છે. માખણ વ્રજભક્તોનો ભાવ છે. છપ્પનભોગ પણ માખણ વગર અપૂર્ણ છે. માખણ સ્નિગ્ધ છે. સ્નિગ્ધતા પ્રેમનું લક્ષણ છે. વ્રજભક્તોનો પ્રભુ તરફનો પ્રેમ પ્રભુ અંગીકાર કરે છે.

અષ્ટસખા ગાય છે - *માખન તનક દેરી રે માય, તનક કર પર તનક રોટી માંગત ચરણ ચલાય.*

યશોદામા રોજ રોજ તાજા આખરેલા દહીંને વલોવી માખણ બનાવતા. રોજે રોજનું નવનીત આથી નીતનવું જ છે.

વ્રજોભક્તો પણ પ્રભુ માટે નવનીત સિદ્ધ કરતા. આમ પ્રભુને નવનીત પ્રિય છે. આપણા નિધિસ્વરૂપોમાં એક નવનીતપ્રિયજી બિરાજે છે.

(૭૯૧) ગોપીમોહસંસારનાશકઃ = ગોપીજનોના મોહરૂપી સંસારનો નાશ કરનારા.

ગોપીજનો કૃષ્ણની બાલલીલાઓનાં નિત્ય દર્શન કરે છે. આનાથી તેઓ આ લીલામાં મુગ્ધ બની જાય છે. સંસારનું ભાન ભૂલી જાય છે. શ્રીકૃષ્ણમાં જ તલ્લીન થઈ જાય છે.

કૃષ્ણમાં એટલી બધી તલ્લીનતા છે કે દૂધ દહીં વેચવા નીકળે ત્યારે માથે ગાગર હોય અને બૂમો પાડે કે કોઈ માધવ લો. (દૂધ દહીં લો એવું ન કહે)

પ્રભુએ આ રીતે ગોપીજનોના સંસારીપણાનો - જન્મમરણના ફેરાનો નાશ કર્યો હતો.

ગોપબાલકભાવજ્ઞઃ ચૌર્યવિદ્યાવિશારદઃ ।
મૃત્સ્નાભક્ષણલીલાસ્ય માહાત્મ્યજ્ઞાનદાયકઃ ॥૧૬૪॥

(૭૯૨) ગોપબાલકભાવજ્ઞઃ = ગોપ બાળકના ભાવને જાણનારા.

પ્રભુ ગ્વાલબાલની સાથે ખેલતા. આ સખાઓને એવો ભાવ થતો કે આજે અમુક સ્થળે જઈએ. ત્યાંનું માખણ ખાઈએ. પ્રભુ ગોપબાળકોના અંતરમાં ઉદ્ભવતા ભાવો - વિચારો - ઈચ્છાઓ સારી રીતે જાણતા. તે જ પ્રમાણે બધી ક્રીડા કરતા હતા.

(૭૯૩) ચૌર્યવિદ્યાવિશારદઃ = ચોરી કરવાની વિદ્યામાં ચતુર.

શાસ્ત્રોમાં જુદી જુદી વિદ્યાઓનો ઉલ્લેખ છે. તેમાં ચોરી કરવી તે પણ વિદ્યા ગણાતી. ભગવાન ચોરી કરીને દહીં માખણ વગેરે ખાઈ જતા. યશોદામા પાસે આવીને ગોપીજનો આની ફરિયાદ કરતા. શ્રી ભાગવત ૧૦-૨-૨૯ પ્રમાણે.

શ્રી ગોપીજનો માને ફરિયાદ કરતાં કહેતા કે તમારો કાન્હો નટખટ થઈ ગયો છે. ગાયને દોહવાનો સમય ન હોય તો પણ તેના વાછરડાને છોડી દે છે અમે તેને લડીએ તો તે ખૂબ હસે છે. તે ચોરીના ખૂબ ઉપાય કરે છે. અમારા મીઠા મીઠા દહીં દૂધ ચોરીને ખાઈ જાય છે. તે એકલો જ નથી ખાતો પણ બધું દહીં દૂધ વાનરોને પણ ખવડાવે છે. અમારા માટલા ફોડી નાંખે છે.

(૭૯૪) મૃત્સ્નાભક્ષણલીલાસ્યમાહાત્મ્યજ્ઞાનદાયકઃ = માટી ખાધાની લીલા દ્વારા માહાત્મ્યજ્ઞાન આપનારા.

એકવાર બલરામ અને ગ્વાલબાલોએ યશોદાજીને કહ્યું કે કૃષ્ણે માટી ખાધી છે. માએ કનૈયાનો હાથ પકડ્યો, ધમકાવ્યો અને પૂછ્યું કે તે એકલાએ છૂપાઈને માટી કેમ ખાધી?

શ્રીકૃષ્ણ કહે છે મેં માટી નથી ખાધી. મારા મોં મા તુ જો. ભગવાને મોં ખોલ્યું. યશોદાજીએ પ્રભુના મુખમાં ચર-અચરજગત જોયું. આકાશ દિશાઓ, પહાડ, દ્વીપ, સમુદ્રો, પૃથ્વી, વાયુ, વીજળી, અગ્નિ, ચંદ્રમા, મન-ઈન્દ્રિય, પાંચ તન્માત્રા અને ત્રણે ગુણો જોયા.

સંસાર, વ્રજ, પોતાની જાતને પણ જોઈ. યશોદાજી શંકામાં પડી ગયા. માને થયું કે ભગવાન જ મારા એકમાત્ર આશ્રય છે. હું તેમની શરણમાં છું. આ રીતે મા કૃષ્ણના તત્ત્વને સમજી ગઈ.

આમ પ્રભુએ માટી ખાવાની લીલા દ્વારા પોતાનું માહાત્મ્ય પ્રકટ કર્યું. (શ્રી ભાગવત ૧૦-૮-૩૫ થી ૪૩માં આ કથા છે.)

ધરાદ્રોણપ્રીતિકર્તા, દધિભાણ્ડ વિભેદનઃ ।
દામોદરો ભક્તવશ્યો, યમલાર્જુન ભઞ્જનઃ ।।૧૬૫।।

(૭૯૫) ધરાદ્રોણપ્રીતિકર્તા = ધરા અને દ્રોણની પ્રીતિ કરનાર અને પ્રીતિ ઉપજાવનાર.

પૂર્વ જન્મમાં યશોદાજી ધરા અને નંદરાયજી દ્રોણ હતા. ભગવાને આગળના જન્મમાં ધરા અને દ્રોણની પોતાનામાં ભક્તિ-પ્રીતિ ઉત્પન્ન કરી હતી.

પરીક્ષિત રાજાએ શ્રી શુકદેવજીને પ્રશ્ન કર્યો કે નન્દ અને યશોદાએ એવું શું શ્રેય કર્યું જેને લઈને નંદને આવું મહાભાગ્ય પ્રાપ્ત થયું અને યશોદાજીને પ્રભુને સ્તનપાન કરાવવાનું મહાભાગ્ય મળ્યું હતું. શ્રી શુકદેવજીએ આ બંનેના પૂર્વ જન્મની કથા કહી છે. (શ્રી ભાગવત ૧૦-૮-૪૮થી ૫૨ સુધી)

પૂર્વ જન્મમાં નંદરાયજી દ્રોણ નામે વસુ હતા. યશોદાજી દ્રોણનાં પત્ની ધરા હતા. તેઓ બ્રહ્માજીની આજ્ઞાઓનું પાલન કરતા. બંને સત્કર્મનિષ્ઠ હતા. આથી બ્રહ્માજીએ તેમને વરદાન આપ્યું હતું કે હરિ-વિશ્વેશ્વર મનુષ્યાવતાર લેશે. તમારી તેમનામાં પરમ ભક્તિ રહેશે. તે દ્વારા તમે સંસારની દુર્ગતિની પેલે પાર જશો. આવા વરદાનના પરિણામે જનાર્દન ભગવાન નંદ-યશોદાના પુત્ર થયા હતા. બલરામજી સાથે રહી અનેક લીલાઓ કરી અને પોતાનામાં અનન્ય ભાવની પ્રીતિ ઉત્પન્ન કરી.

(૭૯૬) દધિભાંડવિભેદનઃ = દહીંના પાત્રને ભાંગી નાંખનારા.

એકવાર યશોદાજી લાલાને સ્તનપાન કરાવતા હતા. રસોડામાં ચૂલા પર દૂધ મુકેલું. આ દૂધ ગરમ થઈ ઉભરાવવા લાગ્યું. માએ આ જોયું. લાલાને છોડીને તેઓ દૂધ ઉતારવા ઝડપથી ગયાં. આથી ભગવાનને ગુસ્સો આવ્યો. પોતાના અધરથી કરડીને દહીંનું ગોરસું (પાત્ર) ફોડી નાખ્યું. (શ્રી ભાગવત ૧૦-૯-૬)

(૭૯૭) દામોદરઃ = દામ (દોરડું) જેના ઉદર પર બિરાજે છે એવા.

યશોદાજીએ પ્રભુને સ્તનપાન ન કરાવ્યું. પ્રભુને રીસ આવી. દહીંની માટલી ફોડી નાંખી. આથી મા કુપિત થયા. લાલાને દોરડાથી બાંધવાનો પ્રયત્ન કરવા લાગ્યા. શરૂમાં તો પ્રભુ ન બંધાયા પણ માને શ્રમિત જોઈ કૃપા કરી અને દોરડે બંધાયા.

પુરાણ કહે છે કે તે બાલક શ્રીકૃષ્ણના મધ્ય ભાગમાં બંધન આવવાથી, તેમજ ઉદરમાં સજ્જડ રીતે દોરનું બંધન લાગુ થવાથી આપ દામોદર કહેવાયા.

બીજી રીતે જોઈએ તો ચૌદ લોક દામ-દોર છે. પ્રભુના ઉદરમાં તે બિરાજે છે. તેથી પણ દામોદર છે.

(૭૯૮) ભક્તવશ્યઃ = ભક્તોને વશ-આધીન થઈને રહેનારા.

મા લાલાને દોરડાથી બાંધવા લાગ્યા. પણ દોરડાં બે આગળ ટુંકા જ પડ્યા. બધા દોરડાં સાંધ્યા પણ બે આગળ ટુંકા જ પડતા જાય. માતાજી થાકી ગયાં. તેમને શ્રમથી પરસેવો થઈ ગયો. પ્રભુ કૃપાનિધિ છે. માનો શ્રમ જોઈ ભગવાને કૃપા કરી અને પોતે બંધાઈ ગયા. ભગવાન તો સ્વવશ છે. પણ ભક્ત પરવશતા દર્શાવતી લીલા કરી. (શ્રી ભાગવત ૧૦-૯-૧૯)

(૯૯) યમલાર્જુનભંજનઃ = જોડે જોડે ઉગેલાં બે સાદડ વૃક્ષોને ભાંગી નાંખનારા.

કુબેરના બે પુત્રો હતા. નલકુબેર અને મણિગ્રીવ. તેમની પાસે ધન, સૌંદર્ય અને ઐશ્વર્યની પૂર્ણતા હતી. બંને જણા મંદાકિનીના તટ પર આવ્યા. કૈલાસના રમણીય ઉપવનમાં મદિરા પીધી. મદોન્મત થયા. તેમની સાથે ઘણી સ્ત્રીઓ હતી. તે બધા જલક્રીડા કરવા લાગ્યા.

અહીંથી નારદજી પસાર થયા. સ્ત્રીઓને તો લજ્જા આવી. આ બે કુબેર પુત્રને અસર ન થઈ. આથી નારદજીએ તેમના પર કૃપા કરવા શ્રાપ આપ્યો. વૃક્ષયોનિમાં જન્મ લેવા કહ્યું. કૃપા કરતાં કહ્યું કે તમારી સ્મૃતિ જળવાઈ રહેશે. તમે ભગવાનને ભૂલશો નહીં. સો દેવ વર્ષો પછી ભગવાન શ્રીકૃષ્ણનું સાનિધ્ય પ્રાપ્ત થશે અને તમારા લોકમાં પાછા ફરશો.

નારદજીના અનુગ્રહના વચનને સત્ય કરવા ભગવાન આ બે વૃક્ષો વચ્ચેથી પસાર થવા લાગ્યાં. ખાંડણીઓ ભરાઈ ગયો. એ વૃક્ષો તૂટી ગયા. બંનેને દિવ્ય ગતિ મળી.

બૃહદ્‌વન મહાશ્ચર્યો, વૃન્દાવનગતિપ્રિયઃ ।
વત્સઘાતી બાલકેલિઃ બકાસુરનિષૂદનઃ ।।૧૬૬।।

(૮૦૦) બૃહદ્‌વનમહાશ્ચર્યઃ = મહાવનમાં આશ્ચર્યજનક કાર્યો કરનારા.

મહાવન-વ્રજભૂમિમાં પ્રભુએ બાલ્યાવસ્થામાં લીલાઓ કરી. પૂતનાવધ, શકટભંજન, તૃણાવર્તવધ, યમાલર્જુનભંજન વગેરે લીલાઓ આશ્ચર્યજનક છે. વ્રજવાસીઓને આથી ઘણું જ આશ્ચર્ય થયું છે.

(૮૦૧) વૃંદાવનગતિપ્રિયઃ = વૃંદાવનમાં જવાનું જેમને પ્રિય હતું.

નંદબાના અને વૃદ્ધગોપોએ જોયું કે મહાવનમાં ખૂબ ઉત્પાત થાય છે. હવે શું કરવું તે વિચારવા લાગ્યા. તેમાં ઉપનન્દ નામના ગોપે કહ્યું કે આપણે અહીંથી કૂચ કરવી જોઈએ. વૃંદાવન નામના વનમાં જવું જોઈએ. તે પશુઓ માટે હિતકારી છે અને ગોપ-ગોપીજનોને રહેવા યોગ્ય છે. બધા વૃંદાવનમાં આવ્યા. શ્રી ભાગવત ૧૦-૧૧-૩૬ પ્રમાણે વૃંદાવનના હર્યાભર્યા વન, અત્યંત મનોહર ગોવર્ધન પર્વત અને યમુના નદીના સુંદર પુલિનો જોઈ ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજીના હૃદયમાં ઉત્તમ પ્રીતિનો ઉદય થયો.

(૮૦૨) વત્સઘાતી = વત્સાસુર દૈત્યનો નાશ કરનાર.

એક દિવસની વાત છે. શ્યામ અને બલરામ યમુના તટ પર વાછરડા ચરાવતા હતા. સાથે સખાઓ હતા. તે સમયે તેમને મારવા એક દૈત્ય આવ્યો. ભગવાને જોયું કે તે બનાવટી વાછરડાનું રૂપ લઈને આવ્યો છે. વાછરડાના ઝુંડમાં મળી ગયો છે.

પ્રભુએ બલરામજીને આંખેથી ઈશારો કર્યો. ધીરે ધીરે અસુર પાસે પહોંચ્યા. ભગવાને તે વાછરડું બનીને આવેલ દૈત્યને પૂછડા સાથે પાછલા પગોથી પકડ્યો. આકાશમાં ઘુમાવ્યો અને મર્યો ત્યારે તેને વૃક્ષ પર પટકી દીધો. (શ્રી ભાગવત ૧૦-૧૧-૪૧ થી ૪૩)

(૮૦૩) બાલકેલિઃ = લૌકિક બાલકોના જેથી રમતો કરનારા

ભગવાન ગોપબાલકો સાથે ક્રીડા કરે છે. રમતો રમે છે. પ્રભુ તો જગન્નિયતા છે છતાં આપ લૌકિક બાલક જેવી ક્રીડા કરે છે. શ્રી ભાગવત ૧૦-૧૧-૫૯ પ્રમાણે - શ્યામ અને બલરામ ગ્વાલબાલ સાથે જુદી જુદી રમતો રમે છે. જેવી કે આંખમિચૌની. કોઈક વાર પૂલ બાંધે છે. કોઈકવાર બંદરાની જેમ ઉછળે છે કૂદે છે. કોઈ વાર વિચિત્ર ખેલ કરે છે. આ પ્રકારે બંને ભાઈઓએ વ્રજમાં બાલોચિત ખેલો કરી બાલ્યાવસ્થા વ્યતીત કરી.

(૮૦૪) બકાસૂરનિષૂદનઃ = બકાસૂરનો નાશ કરનારા

એક દિવસ ગોવાળીયાઓ વાછરડાઓને પાણી પીવડાવવા જળાશય પર ગયા. ત્યાં એક વિશાળકાય જીવ બેઠો હતો. તે બક નામનો અસૂર હતો. બગલાનું રૂપ લઈ આવ્યો હતો. તેની ચાંચો તીણી હતી. કૃષ્ણને તે ગળી ગયો. બલરામ અને ગોવાળીયાઓ બહુ દુઃખી થયા. ભગવાન બગલાના તાળપોન સળગાવા લાગ્યા. આથી બંગલો કૃષ્ણના શરીર પર ઘા કરી શક્યો નહીં. ભરત કૃષ્ણને બહાર કાઢ્યા અને કૃષ્ણ પર ઝપટ મારી. પ્રભુ તે વખતે તેની બંને ચાંચ પકડી લીધી અને તેને ચીરી નાંખ્યો. શ્રી ભા. ૧૦-૧૧-૪૮ થી ૫૧.

અરણ્યભોક્તાપ્યથવા બાલલીલા પરાયણઃ ।
પ્રોત્સાહનજનકશ્ચૈવમ્ અઘાસુર નિષૂદનઃ ।।૧૬૭।।

(૮૦૫) અરણ્યભોક્તા = વનમાં ઉજાણી કરનારા ભગવાન

શ્રીકૃષ્ણને એક સમયે વનભોજન કરવાનું મન થયું. સખાઓ સાથે પધાર્યા. તે સમયની રમતોનું વર્ણન શ્રી ભાગવત ૧૦-૧૨માં છે.

શ્યામસુંદર વનમાં કલેવું કરવાનો વિચાર કર્યો. જલદી ઊઠી ગયા. સિંગી વગાડી. મનની વાત ગ્વાલબાલોને જણાવી. ગ્વાલોને જગાડ્યા. વાછરડાઓને આગળ કરી વનમાં પધારવા નીકળ્યા. ગ્વાલબાલ પણ છીકા, સિંગી અને વાંસળી લઈ વાછરડાઓને આગળ કરતાં નીકળ્યા. ગ્વાલબાલના વાછરડા કૃષ્ણના વાછરડા સાથે મળી ગયા. રસ્તામાં બાળકો ઉચિત રમતો રમવા લાગ્યા.

વૃંદાવનમાં ઉપલબ્ધ રંગબેરંગી પુષ્પો, મોરપંખો તથા રંગીન ધાતુથી જાતને સજાવી દીધી. કોઈ કોઈનું શીકુ ચોરી લે તો કોઈ કોઈની વાંસળી

એકથી બીજા, બીજાથી ત્રીજા અને ત્રીજાથી ચોથા ગોપ તરફ તે બધું ફેંકતા. પાછું હસીને તે વસ્તુઓ તેમના માલિકને પાછી સોંપતા. બધા ગોવાળો હરિફાઈ લગાવી દોડતા. પહેલાં હું કૃષ્ણને અડું તેની હોડ લાગતી. કોઈક સિંગી વગાડતું, કોઈ ભ્રમરની જેમ ગુંજતું તો કોઈ કોયલની જેમ કૂંજતું.

આકાશમાં ઉડતા પક્ષીઓની છાયા સાથે દોડ લગાવતા. હંસની ચાલની નકલ કરતા. મોરને નાચતા જોઈ તેમની જેમ નાચતા. વાંદરાની પૂંછડી ખેંચતા. એક વૃક્ષથી બીજા વૃક્ષે ચઢતા. એક ડાળથી બીજી ડાળે છલાંગ મારતા. કોઈ નદીમાં છબછબિયા કરતા. કોઈ દેડકાની જેમ કૂલતા.

પ્રભુ આ રીતે વનમાં ઉજાણી કરતા.

(૮૦૬) બાલલીલાપરાયણઃ = બાલકોના જેવી લીલાઓ - રમતો કરવામાં તત્પર.

બાલકો સાથે પ્રભુ આગળ કહ્યા મુજબ લીલાઓ કરે છે. જુદા જુદા ખેલ કરે છે. આ ગ્વાલબાલ મહાન પુણ્યાત્મા છે. યોગીઓ માટે ભગવાનના ચરણકમલોની રજ અપ્રાપ્ય છે. આજ ભગવાન સ્વયં વ્રજવાસી ગ્વાલબાલોની આંખો સામે સદા રહે છે અને ખેલ ખેલે છે. આ બાળકોની સૌભાગ્યની મહિમા કેટલી કહીએ?

(૮૦૭) પ્રોત્સાહજનકઃ = રમતોમાં સખાઓને પ્રોત્સાહન આપનાર.

શ્રીકૃષ્ણ વનની શોભા જોવા કંઈક આગળ વધતા તે વખતે પહેલા હું અડીશ આમ કહીને હરિફાઈ કરતા. બધા જ પ્રભુ તરફ દોડતા અને પ્રભુને અડીને આનંદમગ્ન થતા. આ રીતે પ્રભુ ગ્વાલબાલોનું પ્રોત્સાહન વધારતા.

(૮૦૮) અઘાસુરનિષૂદનઃ = અઘાસુરનો નાશ કરનારા પ્રભુ.

વનમાં ગ્વાલબાલ સાથે પ્રભુ ખેલતા હતા. તે સમયે અઘાસુર નામનો મહાન દૈત્ય ત્યાં આવ્યો. તે પૂતના અને બકાસુરનો નાનો ભાઈ હતો. કંસે તેને મોકલ્યો હતો. તે ગ્વાલબાલ અને કૃષ્ણને મારવા આવ્યો હતો. અજગરનું રૂપ લઈ તે માર્ગમાં સૂઈ ગયો. તેનું શરીર એક યોજન લાંબુ અને પર્વત સમાન વિશાળ હતું. તેણે ગુફાની જેમ તેનું મોં ફાડ્યું. તેનો નીચેનો હોઠ પૃથ્વી પર હતો. ઉપરનો હોઠ વાદળોને અડતો હતો. તેના જડબા કંદરા જેવા હતા. દાઢો પર્વતના શિખર જેવી હતી. જીભ એક લાલ સડક જેવી લાગતી હતી. બાળકોને લાગ્યું કે આ પણ વૃંદાવનની શોભા છે. બાળકો શ્રીકૃષ્ણના મુખને જોતાં જોતાં, તાળી વગાડતા અને હસતા હસતા અઘાસુરના મુખમાં ઘુસ્યા.

પ્રભુએ આ જોયું. તે જાણી ગયા કે આ તો રાક્ષસ છે. ગ્વાલબાલ અને વાછરડા અઘાસુરના મુખમાં દાખલ થયા. અસુરે તેમને ગળ્યા નહીં. તે તો કૃષ્ણની રાહ જોતો હતો. બાળકોને બચાવવા કૃષ્ણ અઘાસુરના મુખમાં પ્રવેશ્યા. પોતાનું શરીર વધારવા લાગ્યા. એટલું મોટું શરીર કર્યું કે રાક્ષસનું ગળું રૂંધાઈ ગયું. તેની આંખો ફાટી ગઈ. તે તરફડીયા મારવા લાગ્યો. શ્વાસ થંભી ગયો. તેના પ્રાણ બ્રહ્મરંધ્ર ફાડીને નીકળી ગયા.

ભગવાને પોતાની અમૃત દૃષ્ટિથી મરેલા વાછરડા તથા ગ્વાલબાલોને જીવાડી દીધા. બધાને સાથે લઈ અઘાસુરના મુખમાંથી બહાર આવ્યા.

વ્યાલમોક્ષપ્રદઃ પુષ્ટો બ્રહ્મમોહપ્રવર્ધનઃ ।
અનન્તમૂર્તિઃ સર્વાત્મા જંગમસ્થાવરાકૃતિઃ ॥૧૬૮॥

(૮૦૯) વ્યાલમોક્ષપ્રદઃ = અજગર રૂપધારી અઘાસુરને મુક્તિ આપનારા.

પ્રભુએ અજગર રૂપી રાક્ષસને માર્યો. તે સમયે અજગરના સ્થૂળ શરીરથી એક અત્યંત અદ્ભુત અને મહાન જ્યોતિ નીકળી. તે સમયે તે જ્યોતિના પ્રકાશથી દશે દિશાઓ પ્રજ્વલિત થઈ ગઈ. તે થોડીવાર આકાશમાં સ્થિર થઈ ભગવાનની નીકળવાની પ્રતીક્ષા કરતી રહી. જ્યારે પ્રભુ વાછરડા તથા ગ્વાલને લઈ બહાર પધાર્યા ત્યારે તે જ્યોતિ પ્રભુમાં સમાઈ ગઈ. દેવતાઓ આકાશમાંથી આ જોતા હતા. (શ્રી ભાગવત ૧૦-૧૨-૩૩ પ્રમાણે)

(૮૧૦) પુષ્ટઃ = અઘાસુરના ગળામાં અત્યંત વૃદ્ધિ પામનારા

કૃષ્ણ અઘાસુરના ખુલ્લા મુખમાં પ્રવેશ્યા. તે વખતે દેવતાઓ વાદળમાં છુપાઈને આ જોતા હતા. ભયથી તે બધા હાય-હાય કરવા લાગ્યા. અઘાસુર વાછરડા, ગ્વાલબાલ અને શ્રીકૃષ્ણને પોતાની દાઢમાં ચાવીને ચૂર ચૂર કરવા ઈચ્છતો હતો. તે વખતે કૃષ્ણે દેવતાઓની હાય-હાય સાંભળી અને તેના ગળામાં પોતાના શરીરને ખૂબ જ સ્ફૂર્તિથી વધારી દીધું. પ્રભુ અને પોતાનું

શરીર એટલું બધુ વધાર્યું કે અજગરનું ગળું જ રૂંધાઈ ગયું. (શ્રી ભાગવત ૧૦-૧૨-૩૦)

(૮૧૧) બ્રહ્મમોહપ્રવર્ધનઃ = બ્રહ્માજીના મોહને વધારનાર.

અઘાસુરની મુક્તિ વખતે દેવતાઓએ જય જયકાર કર્યો. તે બ્રહ્માજીએ સાંભળ્યો. શીઘ્ર ત્યાં પધાર્યા. ભગવાનની આ લીલાથી આશ્ચર્ય થયું.

હવે ભગવાને ગોવાવીળાયોને લઈ યમુના પુલિનમાં આવ્યા. વાછરડાઓને પાણી પીવડાવ્યું. લીલુ ઘાસ ચરવા છોડી દીધા. ગ્વાલો પોતપોતાના છીકા છોડી પ્રભુ સાથે ભોજન કરવા લાગ્યા. બધાના મોં પ્રભુ તરફ હતા.

પ્રભુએ આ વખતે મુરલી કમરની ફૈટમાં આગળ ખોસી હતી. સિંગી બગલમાં દાબેલી. ડાબા હાથમાં ઘી મિશ્રિત દહીં ભાતનો કોળિયો હતો અને આંગળીઓમાં આદુ લીંબુ વગેરેનો અચાર મુરબ્બા દબાવી રાખ્યા હતા. પ્રભુ આ રીતે ભોજન કરતા હતા.

બ્રહ્માજીએ અંતરિક્ષમાંથી જોતાં હતાં કે અઘાસુરને મારી પ્રભુ તરત ભોજન લે છે. તેમણે માયા મનુષ્ય શ્રીકૃષ્ણનું માહાત્મ્ય અને સર્વશક્તિ મત્તાની પરીક્ષા કરવા વિચાર્યું. તેમણે ચરતા વાછરડાઓને સંતાડી દીધા. ગ્વાલોએ જોયું કે વાછરડા નથી તેથી તે ભયભીત થયા. શ્રીકૃષ્ણે તેમને કહ્યું કે તમે ભોજન કરો. હું વાછરડા લઈને આવું છું. પ્રભુ વાછરડા શોધવા નીકળ્યા. આ બાજુ બ્રહ્માજી ગ્વાલબાલોને પણ લઈ ગયા. અન્યત્ર સંતાડી દીધા. આટલું કરી બ્રહ્માજી અંતર્ધાન થયા.

શ્રીકૃષ્ણને વાછરડા ન મળ્યા – યમુના પુલિનમાં પાછા પધાર્યા. બાળકો પણ અહીં ન હતા. કૃષ્ણને ખ્યાલ આવી ગયો કે આ બ્રહ્માજીની કરામત છે.

શ્રીકૃષ્ણે ગુમ થયેલા વાછરડા અને ગોપબાળકોની નવીન આબેહૂબ સૃષ્ટિ ઉત્પન્ન કરી હતી. આ સૃષ્ટિ નવીન છે એવું કોઈથી જ ઓળખી શકાય તેમ નહોતું. ભગવાનની આ આત્મસૃષ્ટિ હતી. બાળક અને વાછરડા જેટલી સંખ્યામાં હતાં તેટલા થઈ ગયા. પ્રભુ જ એવા જુદા જુદા બાળકો અને જુદા જુદા વાછરડા સ્વરૂપે પ્રકટ થઈ ગયા અને બધા સાથે રમતા રમતા વ્રજમાં પ્રવેશ્યા. જે ગ્વાલ બાલના જે વાછરડા હતા તેને તે જ

બાલગ્વાલના રૂપથી અલગ અલગ લઈ જઈ ખિરકમાં ગયા અને વિભિન્ન બાળકોના રૂપે તેમના ભિન્ન ભિન્ન ઘરોમાં ગયાં.

બ્રહ્માજી આ બધું જોઈ રહ્યા હતા. ખુદ બ્રહ્માજીને પણ જાણ નહોતી થઈ શકી કે ખરી સૃષ્ટિ કઈ હતી. આમ કૃષ્ણને મોહ પમાડવા જતાં બ્રહ્માજી અજ હોવા છતાં મોહમુગ્ધ થઈ ગયા હતા.

(૮૧૨) અનન્તમૂર્તિઃ = અનંત સ્વરૂપ ધારણ કરનારા.

પ્રભુએ જેટલા વાછરડા હતા અને જેટલા ગ્વાલબાલ હતા તેટલા સ્વરૂપો ધારણ કર્યા. ભગવાનનું બાહ્ય સ્વરૂપ કહી આ નામ કહ્યું.

(૮૧૩) સર્વાત્મા = સર્વના આત્મારૂપ

આ નામથી પ્રભુનું અંતર્યામી સ્વરૂપ કહ્યું છે. સર્વે ગોપબાલકો અને વાછરડાના અંતર્યામી સ્વરૂપે પ્રભુ જ બિરાજ્યા છે. વ્રજની ગાયોને પોતાના વાછરડા તરફ અને વ્રજસ્ત્રીઓનો પોતાના પુત્રો તરફનો સ્નેહ આથી અધિક થઈ ગયો હતો.

(૮૧૪) જંગમસ્થાવરાકૃતિઃ = જંગમ સ્થાવર સ્વરૂપોને ધારણ કરનાર.

જંગમ એટલે ગોપ, બાળકો તથા વત્સ. સ્થાવર એટલે વસ્ત્ર, આભરણ, લાકડીઓ, શીકાં, ગેડી, વાદ્ય વગેરે. આ સર્વ સ્થાવર-જંગમ આકૃતિઓ સ્વરૂપો પ્રભુએ ધારણ કર્યા હતા.

બ્રહ્મમોહનકર્તા ચ સ્તુત્ય આત્મા સદાપ્રિયઃ ।
પૌગંડલીલાભિરતિઃ - ગૌચારણપરાયણઃ ॥૧૬૯॥

(૮૧૫) બ્રહ્મમોહનકર્તા = બ્રહ્માજીને મોહન કરનારા.

અહીં મોહન શબ્દને અર્થ મોહ-મુગ્ધતા એવો નથી પણ વિતર્કના અર્થમાં છે. ભગવાનનું માહાત્મ્ય અને ઐશ્વર્ય અપરિમિત અને અતકર્ય છે એવું જ્ઞાન બ્રહ્માજીને થયું છે. પોતાના પરિમિતપણાનું ભાન પણ થયું છે. આ જ્ઞાન ભાનરૂપી વિતર્ક બ્રહ્માજીને થયો. આવો અર્થ મોહન શબ્દનો કરવામાં આવ્યો છે. શ્રીકૃષ્ણના માહાત્મ્ય અને ઐશ્વર્યના દર્શનનો લાભ બ્રહ્માજીને મોહ થવાના પરિણામે પ્રાપ્ત થયો તેથી આ મોહન ઈષ્ટ પ્રાપ્તિના સ્વરૂપનું

ગણી શકાય. બાકી તો ૮૧૧મા નામમાં 'બ્રહ્મમોહપ્રવર્ધનઃ' - બ્રહ્માજીનો મોહ વધારનારા પ્રભુને કહ્યા છે.

(૮૧૬) સ્તુત્યઃ = બ્રહ્માજી વડે સ્તુતિ કરાયેલા.

બ્રહ્માજીએ વાછરડા અને બાળકોનું હરણ કરેલું. પ્રભુની લીલા તેમને સમજાઈ. ભગવાનના ચરણોમાં પડ્યા. ગદ્ ગદ્ વાણીથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. બ્રહ્માજી કહે છે માત્ર આપ જ સ્તુતિ કરવા યોગ્ય છો. હું આપના ચરણો પર ન્યોછાવર થઉં છું. આપ અપ્રાકૃત શુદ્ધ સત્ત્વમય છો. સમાધિમાં પણ આપના શ્રીવિગ્રહની મહિમા જાણી શકાતી નથી. પ્રભુ આપને ત્રિલોકમાં કોઈ જીતી શકે નહીં પરંતુ આપના ભક્તો આપ પર વિજય મેળવે છે. કારણ આપ તેમના પ્રેમને આધીન છો. આપની ભક્તિ બધા પ્રકારના કલ્યાણનું મૂળ સ્તોત્ર છે. આપના સગુણ સ્વરૂપના ગુણો ગણી શકતા નથી. આપ અનંત આદિપુરુષ પરમાત્મા છો. પ્રભુ હું રજોગુણથી ઉત્પન્ન થયો છું. આપના સ્વરૂપને હું સારી રીતે જાણતો નથી. પ્રભુ આપ મારો અપરાધ ક્ષમા કરો. શ્રી ભાગવત ૧૦-૧૪માં આ પ્રકારની સ્તુતિ છે.

(૮૧૭) આત્મા = સર્વના આત્મા.

બ્રહ્માજી સ્તુતિમાં કહે છે કે આપનું આ આખું સ્વરૂપ સમસ્ત જીવોનું જ પોતાનું સ્વરૂપ છે. જે લોકો દિવ્ય દૃષ્ટિથી આપને પોતાના સ્વરૂપમાં સાક્ષાત્કાર કરે છે તે સંસાર સાગરને પાર કરે છે.

જે પુરુષ પરમાત્માને આત્માના રૂપમાં નથી જાણતા તે અજ્ઞાની છે.

(૮૧૮) સદાપ્રિયઃ = સર્વ કાલમાં સર્વને પ્રિય લાગે તેવા.

બ્રહ્માજી કહે છે કે પ્રભુ વ્રજવાસીઓ આપના પ્રેમીજનો છે. તેમનું સંપૂર્ણ જીવન આપ છો. આપ જ તેમના જીવનનું એકમાત્ર સર્વસ્વ છો. આથી તેમના ચરણોની ધૂળ પ્રાપ્ત થાય તે આપના ચરણની ધૂળ પ્રાપ્ત થવા જેવું છે. શુકદેવજી કહે છે બધા પ્રાણી પોતાના આત્માને સૌથી વધુ પ્રેમ કરે છે એટલે માટે તેઓ આખા જગતને પ્રેમ કરે છે. આથી કૃષ્ણને જ બધા આત્માઓના આત્મા સમજવા જોઈએ.

(ક્ષેપક અધ્યાયના નામ અહીં સંપન્ન થયા)

(૮૧૯) પૌગંડલીલાભિરતિઃ = પૌગંડ વયની લીલાઓ કરવાની પ્રીતિવાળા.

૬ વર્ષથી ૧૦ વર્ષની વયને પૌગંડ અવસ્થા કહે છે. અઘાસુરના વધ વગેરેની લીલા થઈ ગયા બાદ શ્રીકૃષ્ણ પૌગંડ વયમાં આવ્યા હતા. તે વયની લીલા કરવામાં પણ ભગવાન શ્રીકૃષ્ણની પ્રીતિ હતી.

(૮૨૦) ગોચારણપરાયણઃ = ગાયોને ચરાવવામાં તત્પર.

શુકદેવજી કહે છે કે હવે બલરામ અને શ્રીકૃષ્ણે છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કર્યો. હવે તેમને ગાયો ચરાવવાની અનુમતિ મળી ગઈ. તે પોતાના સખા ગ્વાલ બાલોની સાથે ગાયો ચરાવતા વૃંદાવનમાં જતા અને પોતાના ચરણોથી વૃંદાવનને અત્યંત પાવન કરતા. આ વનમાં લીલું ઘાસ છે. રંગબેરંગી પુષ્પો છે. આગળ ગાયો હોય, પાછળ વાંસળી વગાડતા શ્યામસુંદર હોય, પછી બલરામજી હોય અને તે પછી ગ્વાલબાલ હોય આ રીતે ગોચારણ માટે પ્રભુ વનમાં પ્રવેશે છે.

વૃંદાવન લતા ગુલ્મ વૃક્ષ રૂપ નિરૂપકઃ ।
નાદબ્રહ્મપ્રકટનો વયઃ પ્રતિકૃતિ સ્વનઃ ॥૧૭૦॥

(૮૨૧) વૃન્દાવનલતાગુલ્મવૃક્ષરૂપનિરૂપકઃ = વૃંદાવનની વેલીઓ, છોડવાઓ અને વૃક્ષોના સ્વરૂપનું નિરૂપણ કરનારા.

પ્રભુ ગાયો ચરાવવા વૃંદાવનમાં પધાર્યા. વન ખૂબ જ મનોહર હતું. આ જોઈ પ્રભુએ મનમાં ને મનમાં જ તેમાં વિહાર કરવાનો સંકલ્પ કર્યો.

અહીં વૃક્ષો હતા. તેની ડાળીઓ પર સુંદર પુષ્પો અને ફળો હતા. તેઓ પ્રભુના દર્શન થાય અને ચરણકમલમાં ઝૂકાય તેથી વૃક્ષો બન્યા છે. અને પ્રભુ ગુણાનુવાદ શ્રવણ કરનારના અજ્ઞાનનો નાશ કરે છે.

મુનિગણો ભ્રમર બની ગુણાનુવાદ કરવા આવ્યા છે. અહીંના વૃક્ષ, લતા અને ઝાડીઓ પ્રભુની અંગુલિકાઓના સ્પર્શ માટે આવ્યા છે. પ્રભુ આ રીતે લતા વગેરેના રૂપનું નિરૂપણ કરે છે.

(૮૨૨) નાદબ્રહ્મ પ્રકટનઃ = નાદ બ્રહ્મનો પરિચય કરાવનારા.

નાદ બ્રહ્મ એટલે વેદ બ્રહ્મ. મર્યાદા માર્ગ થયો. તેના સ્વરૂપ ભૂત શ્રીબલભદ્રજી છે. પ્રભુ બલભદ્રજીનો પરિચય કરાવનારા છે. શ્રી ભાગવત ૧૦-૧૫-૫ થી ૮માં શ્રી બલભદ્રજીનું માહાત્મ્ય પ્રભુ દર્શાવે છે.

પ્રભુ કહે છે હે દેવ શિરોમણી આ વૃક્ષો, તેમની ડાળીઓ, પુષ્પો અને ફલો સાથે તમારા ચરણકમલમાં ઝૂકી નમસ્કાર કરે છે. તેથી જ તેમણે આ યોનિ લીધી છે. આ રીતે વૃક્ષોનું જીવન આપના લીધે ધન્ય છે. આપ ઐશ્વર્ય છૂપાવી બાળકો જેવી લીલાઓ કરે છે. આપના શ્રેષ્ઠ ભક્તો આપને ઓળખી ગયા છે તેને ભ્રમર બનીને આપના ગુણનું ગાન કરે છે.

વનના મોર આપના દર્શનથી આનંદિત થાય છે. નાચી રહ્યા છે. હરણીઓ આપને તિરછી નજરથી જોઈ પ્રેમ પ્રકટ કરી રહી છે. આ કોયલ ટહુકીને આપનું સ્વાગત કરે છે. અહીંની ભૂમિ આપના ચરણનો સ્પર્શ પામી ધન્યતા અનુભવે છે. આપની દયાળુ દૃષ્ટિથી નદી, પર્વત, પશુ અને પક્ષી કૃતાર્થ થઈ રહ્યા છે.

બીજો અર્થ પણ મહાનુભાવો પ્રકટ કરે છે. નાદ ગાન રૂપ ૐકાર એ શબ્દ બ્રહ્મનું મૂળ છે. ત્યાંથી જ સર્વ શબ્દો પ્રગટ થાય છે. ૐકાર અક્ષર બ્રહ્મનું સ્વરૂપ છે. અક્ષરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રનું સ્વરૂપ છે. આથી પ્રભુ શબ્દ બ્રહ્મને પ્રકટ કરનારા છે.

(૮૨૩) વયઃ પ્રતિકૃતિ સ્વનઃ = પક્ષીઓના શબ્દો પ્રમાણે પ્રતિશબ્દો કરનારા.

વયઃ એટલે પક્ષી. પ્રતિકૃતિ એટલે અનુકરણ. સ્વનઃ એટલે બોલ-બોલવું. ભગવાન પક્ષીઓની વાણીનું અનુકરણ કરતા હતા. અવાજો કરતા હતા.

સુંદર વૃંદાવન જોઈ કૃષ્ણ આનંદિત થયા. કોઈકવાર ભમરાઓ જેવું સુરીલું ગુંજન કરતા. કોઈકવાર રાજહંસ જેવું કૂજન કરતા. મોરોની સાથે સ્વયં ઠુમક ઠુમક નૃત્ય કરતા. કોઈકવાર મેઘ જેવી વાણીથી ગાયોને બોલાવતા. કોઈકવાર ચકોર, ક્રૌંચ, ચકવા, ભરદૂલ અને મોર વગેરે પક્ષીઓ જેવી બોલી બોલતા.

બર્હિનૃત્યાનુકરણો ગોપાલાનુકૃતિસ્વનઃ ।
સદાચાર પ્રતિષ્ઠાતા બલશ્રમનિરાકૃતિઃ ॥૧૭૧॥

(૮૨૪) બર્હિનૃત્યાનુકરણઃ = મોરના નૃત્યનું અનુકરણ કરનારા.

વૃંદાવનમાં પ્રભુને જોઈને મોર આનંદ વ્યક્ત કરતા નૃત્ય કરવા લાગતા. પ્રભુ પણ તેમને જોઈને તેમની માફક નૃત્ય કરતા. કોઈકવાર તો એવું સુંદર નૃત્ય કરતાં કે મોર પણ ઉપહાસાસ્પદ (હાસ્યાસ્પદ) બની જતા.

(૮૨૫) ગોપાલાનુકૃતિસ્વનઃ = ગોપાલોના શબ્દોનું અનુકરણ કરનારા.

પ્રભુ આપના સખા ગ્વાલબાલો સાથે ગોવર્ધનની તળેટી, યમુનાતટ પર ગાયો ચરાવતા. ગ્વાલબાલ શ્રીકૃષ્ણના ચરિત્રો ગાતા અને ગોપાલો જેવા શબ્દો બોલતા તેનું અનુકરણ પ્રભુ કરતા. ગોપાલો જેવું આચરણ કરનારા પ્રભુ ગોપરૂપ ધારી બને છે.

(૮૨૬) સદાચાર પ્રતિષ્ઠાતા = સદાચારને પ્રતિષ્ઠા આપનારા. (સત્પુરુષોના આચારને સ્થાપનારા)

સત્પુરુષોનો આચાર એવો છે કે વયમાં મોટા હોય તેમને સન્માન આપવું. તેમની સેવા કરવી. કનિષ્ઠ (નાના) ભ્રાતાએ પોતાના જયેષ્ઠ (મોટા) બંધુ શ્રમિત થાય ત્યારે તેમની સેવા કરવી જોઈએ. પ્રભુ તેમના આ વર્તનથી સદાચારની પ્રતિષ્ઠા કરે છે.

(૮૨૭) બલશ્રમ નિરાકૃતિઃ = બલરામજીના શ્રમને દૂર કરનારા.

બલરામજી રમતા રમતા થાકી જાય ત્યારે ગ્વાલબાલની ગોદમાં મસ્તક પધરાવી સૂઈ જતા ત્યારે શ્રીકૃષ્ણ તેમના પગ દબાવતા. પંખાની સેવા કરતા. મોટાભાઈનો થાક દૂર કરતા.

તરુ મૂલ કૃતાડશેષ તલ્પશાયી સખિસ્તુતઃ ।
ગોપાલ સેવિત પદઃ શ્રીલાલિતપદામ્બુજઃ ॥૧૭૨॥

(૮૨૮) તરુમૂલકૃતાડશેષતલ્પશાયી = વૃક્ષના મૂલ પાસે ગોપબાલકોએ રચેલી શય્યામાં પોઢવાવાળા.

કોઈકવાર શ્રીકૃષ્ણ પણ ગ્વાલબાલ સાથે કુશ્તી લડતા લડતા થાકી જાય ત્યારે વૃક્ષના મૂળ પાસે રચાયેલી કુણા પલ્લવો તથા પુષ્પોની શય્યામાં પોઢતા. આ વખતે ગોપોના ખોળાનું ઓશિકું કરતા. (શ્રીભાગવત ૧૦-૧૫-૧૬)

(૮૨૯) સખિસ્તુતઃ = સખાઓથી સ્તુતિ કરાયેલા.

વનમાં પ્રભુ પોઢતા ત્યારે કોઈ ગ્વાલબાલ શ્રીકૃષ્ણના ચરણ દબાવતા. કોઈ મોટા મોટા પત્તા કે અંગોછા લઈ પંખો કરતા. કોઈકના હૃદયમાં પ્રેમની ધારા ઉમડતી, તેઓ શ્રીકૃષ્ણની લીલાઓને અનુરૂપ મનોહર ગીત ગાતા. આ પ્રકારથી સખાઓની સ્તુતિ પ્રભુ અંગીકાર કરતા.

(૮૩૦) ગોપાલસેવિતપદઃ = ગોપાલોથી જેમની ચરણ સેવા થતી હતી.

ઉપર જોયું કે પ્રભુ કુણા ઘાસ અને પાંદડા-પુષ્પોની શૈયામાં પોઢતા. ગોવાળીયાના ખોળામાં શિર ધરતા ત્યારે ગોપાલો પ્રભુની ચરણસેવા કરતા. (શ્રી ભાગવત ૧૦-૧૫-૧૭)

(૮૩૧) શ્રીલાલિતપદામ્બુજઃ = શ્રી લક્ષ્મી વડે જેમના ચરણનું લાલન થાય છે.

વૃંદાવનમાં સખાઓ સાથે પ્રભુ રમતા. આ વખતે યોગમાયાથી પ્રભુ પોતાના ઐશ્વર્ય રૂપને છુપાવી દેતા. ગોપબાળકો જેવી જ લીલાઓ કરતા. સ્વયં શ્રી અર્થાત્ ભગવતી લક્ષ્મી પ્રભુના ચરણની સેવામાં સંલગ્ન રહેતા. (શ્રી ભાગવત ૧૦-૧૫-૧૯)

ગોપ સંપ્રાર્થિત ફલદાનનાશિત ધેનુકઃ ।
કાલીયફણિમાણિક્ય રંજિત શ્રીપદામ્બુજઃ ॥૧૭૩॥

(૮૩૨) ગોપસંપ્રાર્થિતફલદાનનાશિતધેનુકઃ = ગોપોએ માંગેલા ફલોનું દાન કરવા ધેનુકનો નાશ કરનાર.

એક દિવસ સુબલ અને સ્તોક કૃષ્ણ વગેરે ગ્વાલબાલોએ શ્યામ અને રામને પ્રેમથી કહ્યું, 'અહીંથી થોડે જ દૂર એક વન છે. તેમાં તાડના ખૂબ વૃક્ષો છે. તેના પાકા ફળો નીચે પડતા રહે છે. ધેનુક નામનો એક દુષ્ટ ત્યાં

છે. તે ફલોને લેવા દેતો નથી. તે ગધેડાના રૂપમાં રહે છે. આ દૈત્યે ઘણાને મારી નાંખ્યા છે. આથી મનુષ્યો તેનું સેવન કરતા નથી. પશુ પક્ષી પણ આ જંગલમાં જતા નથી. તેના ફલો સુગંધિત છે. તે ફળ ખાવાની અમારી અભિલાષા છે. તમે અમને તે ફળ ખવડાવો.'

ગ્વાલબાલની આ વાત સાંભળી રામ-શ્યામ હસ્યા અને ગ્વાલબાલને પ્રસન્ન કરવા તાલવન તરફ ચાલ્યા. તાલવનમાં આવી બલરામજી ઝાડને હલાવા લાગ્યા. આથી ઘણા ફળ નીચે પડ્યા. ફળ પડવાનો અવાજ ધેનુકે સાંભળ્યો. તે બલરામજી તરફ દોડ્યો. બલરામજીની સામે આવ્યો. પાછલા પગોથી તેમની છાતીમાં લાતો મારી અને ત્યાંથી હટી ગયો. પાછો બીજીવાર ભૂંકતો ભૂંકતો બલરામજી પાસે પહોંચ્યો. પાછો પાછલા પગથી લાત મારવાનો પ્રયત્ન કર્યો. બલરામજીએ એક જ હાથથી તેના બંને પગો પકડી લીધા. તેને આકાશમાં ઘુમાવવા લાગ્યા. અને એક તાડના વૃક્ષ પર ફેંક્યો. ઘુમતી વખતે જ તે ગધાના પ્રાણ પંખેરૂ ઊડી ગયા હતાં. (શ્રી ભાગવત ૧૦-૧૫-૨૦ થી ૩૨)

ખરેખર ધેનુકનો વધ શ્રી બલરામજીએ કરેલો છે પરંતુ શ્રી બલરામજી અને શ્રીકૃષ્ણ એક સ્વરૂપ હોવાથી બ્રહ્મવાદને અનુસરીને આ નામ શ્રીકૃષ્ણના નામ તરીકે અત્રે આપેલું છે.

(૮૩૩) કાલીયફણીમાણિક્યરંજિતશ્રીપદાંબુજઃ = કાલીય નાગની ફેણો ઉપર રહેલાં માણિક્ય-માણેક રત્નોથી જેમના ચરણકમલોની શોભા લાલાશવાળી થઈ હતી એવા શ્રીકૃષ્ણ.

કાલિય સાથે કૃષ્ણનું યુદ્ધ થયું. કૃષ્ણે જુદા જુદા પેંતરા રચીને કાલિયને થકવી દીધો. કાલિયનું બલ ક્ષીણ થયું. આ વખતે ભગવાને તેના મોટા મોટા માથાઓને થોડા દબાવ્યા અને ઉછળીને તે પર સવાર થઈ ગયા. કાલિયના મસ્તકો પર લાલ મણિઓ હતા. તેના સ્પર્શથી ભગવાનના સુકુમાર તળિયાઓની લાલિમા વધી ગઈ. નૃત્ય - ગાન વગેરે સમસ્ત કલાના આદિ પ્રવર્તક ભગવાન શ્રીકૃષ્ણ તેના માથાઓ પર કલાપૂર્ણ નૃત્ય કરવા લાગ્યા. (શ્રી ભાગવત ૧૦-૧૬-૨૬).

દૃષ્ટિ સંજીવિતાશેષ ગોપ ગો ગોપિકાપ્રિયઃ ।
લીલાસમ્પીતદાવાગ્નિઃ પ્રલમ્બવધ પણ્ડિતઃ ।।૧૭૪।।

(૮૩૪) દૃષ્ટિ સંજીવિતાશેષ ગોપ ગો ગોપિકાપ્રિયઃ = અમૃતમયી દૃષ્ટિની વૃષ્ટિ વડે સંજીવન કરેલા સમગ્ર ગોપો, ગાયો અને ગોપિકાઓના પ્રિય.

વૃંદાવનમાં શ્રીકૃષ્ણ અનેક લીલાઓ કરતા. એક દિવસ પ્રભુ યમુના તટે ગયા. સાથે ગ્વાલબાલ હતા. બલરામજી તે દિવસે સાથે ન હતા. જેઠ-અષાઢના તે દિવસો હતા. તેથી ખૂબ ઘામ હતો. ગ્વાલબાલ અને ગાયો તેથી ખૂબ પીડાતા હતા. તેમના કંઠ સૂકાતા હતા. આથી તેમણે યમુનાજીનું ઝેરી જળ પી લીધું. આ જળ ઝેરી છે તેવું તે જાણતા ન હતા. ઝેરી જળ પીવાથી તે બધા પ્રાણહીન થયા. યમુનાજીના તટ પર પડી ગયા. કૃષ્ણ તો યોગેશ્વરોના પણ ઈશ્વર છે. તેમણે આ જોયું. તેમણે પોતાની અમૃત દૃષ્ટિનું વર્ષણ કરી તે બધાને જીવાડ્યા. આ બધાના સ્વામી અને સર્વસ્વ તો એકમાત્ર કૃષ્ણ જ છે. તેથી તે દરેકમાં ચેતન આવ્યું. બધા ઊભા થયા. આશ્ચર્યચકિત થઈ એકબીજાને જોવા લાગ્યા. તેમણે નિશ્ચય કર્યો કે અમો મરી ગયા હતા પણ શ્રીકૃષ્ણે કૃપાદૃષ્ટિથી અમને ફરી જીવાડ્યા. આમ શ્રીકૃષ્ણ ગોપ, ગો અને ગોપિકાઓના પ્રિય છે. શ્રી ભાગવત ૧૦-૧૫-૪૮ થી ૫૨)

(૮૩૫) લીલાસંપીતદાવાગ્નિઃ = લીલા માત્રમાં દાવાગ્નિનું પાન કરનારા.

કાલિય નાગનું મર્દન થયા પછી બધા વ્રજવાસીઓ તે સ્થળે જ રાત્રિ રહ્યા હતા. વ્રજવાસી અને ગાયો ખૂબ થાકેલા હતા. ભૂખ્યા અને તરસ્યા હતા. વ્રજમાં નહીં જતાં યમુનાજીના તટે સૂઈ ગયા. ગરમીના દિવસો હતા. તે બાજુનું વન સૂકાઈ ગયું હતું. અડધી રાત્રે તેમાં આગ લાગી. વ્રજવાસીઓને ચારે બાજુથી આગે ઘેરી લીધા. આગ તેમને બાળવા લાગી. આગની આંચ લાગતા વ્રજવાસી ગભરાયા. ઊભા થયા અને શ્રીકૃષ્ણના શરણે ગયા. તેમણે શ્રીકૃષ્ણને વિનંતી કરી કે અમને આ પ્રલયની આગથી બચાવો. તેમણે કહ્યું કે અમને મૃત્યુનો ભય નથી પણ આપના ચરણકમલ છોડવા અમે અસમર્થ છીએ. પ્રભુએ વ્યાકુલ વ્રજવાસીઓને જોયા અને તે ભયંકર આગને પી ગયા.

ભગવાન બધાના દાહ દૂર કરવા પધાર્યા છે. એટલે આ દાહ પણ દૂર કર્યો.

(૮૩૬) પ્રલમ્બવધ પણ્ડિતઃ = પ્રલમ્બાસુરનો વધ કરવામાં કુશળ.

એકવાર રામ-શ્યામ અસુર આવ્યો. તે ગ્વાલના વેષમાં હતો. તેની ઈચ્છા રામ-શ્યામના હરણની હતી. શ્રીકૃષ્ણ તેને ઓળખી ગયા. તેને મિત્ર બનાવ્યો. કૃષ્ણ વિચારે છે આને કઈ યુક્તિથી મારવો? કૃષ્ણે એક રમતની ઘોષણા કરી. બે દળ બન્યા. એકમાં કૃષ્ણ અને બીજામાં બલરામજી નાયક બન્યા. ગ્વાલબાલ બે દળોમાં વહેંચાઈ ગયા. પ્રલંબ કૃષ્ણના દળમાં રહ્યો.

આ રમતમાં જે હારે તેણે તેની પીઠ પર જીતેલાને બેસાડવો પડે અને નિશ્ચિત સ્થાન સુધી ઉંચકીને લઈ જવો પડે. એકવાર બલરામજીના દળવાળાઓ જીત્યા. આથી કૃષ્ણ અને તેમના સાથીઓ આ જીતેલાઓને તેમની પીઠ પર બેસાડીને ચાલવા લાગ્યા. શ્રીકૃષ્ણે શ્રીદામાને પીઠ પર બેસાડ્યો. પ્રલંબે બલરામજીને પીઠ પર બેસાડ્યા. બલરાજીનું વજન ભારે હતું. અસુર તેમને લાંબા અંતર સુધી લઈ જઈ શકતો ન હતો. તેથી તે ચાલતા અટકી ગયો. દૈત્યરૂપ ધારણ કર્યું. આ દૈત્ય બલરામજીને લઈ આકાશમાં જવા લાગ્યો.

બલદેવજી પહેલાં તો કંઈક ગભરાયા. પણ તરત પોતાના સ્વરૂપને યાદ કર્યું. તેમનો ભય જતો રહ્યો. બલદેવજીએ તેના માથા પર મુક્કીનો પ્રહાર કર્યો. આનાથી દૈત્યનું માથું ચુરચુર થઈ ગયું. મ્હોમાંથી લોહી આવવા લાગ્યું. તેની ચેતના જતી રહી. પ્રાણહીન થઈ તે પૃથ્વી પર પડ્યો. (શ્રી ભાગવત ૧૦-૧૮-૧૭ થી ૩૦) ગ્વાલબાલોએ જોયું કે બલરામજીએ પ્રલમ્બાસુરને માર્યો તેથી બધા તેમની વાહ વાહ કરવા લાગ્યા.

દાવાગ્ન્યાવૃતગોપાલ દૃષ્ટ્યાચ્છાદન વહ્નિપઃ ।
વર્ષા શરદવિભૂતિશ્રીઃ ગોપીકામપ્રબોધકઃ ।।૧૭૫।।

(૮૩૭) દાવાગન્યાવૃતગોપાલદૃષ્ટવારછાદનવહ્નિપઃ = દાવાગ્નિથી વીંટળાયેલા ગોપાલોને આંખો મીંચાવીને અગ્નિનું પાન કરી જનારા.

એકવાર ગોવાળીયા રમતમાં હતા. તેમની ગાયો ચરતી ચરતી ખૂબ આગળ નીકળી ગઈ અને ગાઢ વનમાં જતી રહી. સાથે તેમની બકરીઓ, ગાયો, ભેંસો એક વનમાંથી બીજા વનમાં થઈને મૂંજાટવીમાં દાખલ થઈ ગઈ.

રામ-શ્યામ અને ગ્વાલોએ જોયું કે તેમની ગાયો દેખાતી નથી. તે બધા ગાયોને શોધવા નીકળ્યા. ગાયોની ખરીની છાપ અને દાંતથી કપાયેલા ઘાસને જોઈ આગળ વધતા હતા. આ રીતે તેઓ મૂંજાટવી પહોંચ્યા. બધા તે ગાયોને લઈ પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યા. કૃષ્ણ પોતાની મેઘ ગંભીર વાણીથી ગાયોને બોલાવવા લાગ્યા. ગાયો આ સાંભળી ભાંભરવા લાગી.

તે વખતે વનમાં અકસ્માત આગ લાગી. પવનના લીધે આગ વધવા લાગી. ગોવાળીયા અને ગાયો આ જોઈને ભયાભીત થયા. ગોવાળીયા રામ-કૃષ્ણના શરણે ગયા. પ્રભુને રક્ષક કહ્યા. બચાવવા વિનંતી કરી.

ભગવાને તેમને કહ્યું, ડરશો નહીં. તમારી આંખો બંધ કરો. ગોવાળોએ આંખો બંધ કરી. ભગવાન તે ભયંકર આગને મહોંથી પી ગયા. ગાયો અને ગ્વાલબાલને સંકટથી બચાયા. ત્યારપછી ગ્વાલબાલોએ આંખો ખોલી તો તે ભાંડીરવન પાસે આવી ગયા હતા. આ રીતે કૃષ્ણે અગ્નિ પાન કરી અગ્નિથી વીંટળાયેલ ગાયો અને ગોવાળોને બચાવ્યા.

(૮૩૮) **વર્ષાશરદવિભૂતિશ્રીઃ** = વર્ષા અને શરદ ઋતુની શોભારૂપ.

વ્રજમાં વર્ષાઋતુનું શુભ આગમન થયું. આકાશમાં વાદળ છવાયા. વાયુ વહેવા લાગ્યો. વીજળીઓ અવાજ કરવા લાગી. સૂર્ય, ચંદ્ર અને તારા ઢંકાઈ ગયા. વીજળીની ચમક સાથે ઘનઘોર વાદળ જીવન સ્વરૂપ જળ વરસાવવા લાગ્યા.

જેઠ અને અષાઢમાં સૂકાયેલી પૃથ્વી ફરી હરી ભરી થઈ ગઈ. આગીયા ચમકવા લાગ્યા. દેડકા ટૅર-ટર્ર અવાજ કરવા લાગ્યા. સૂકાયેલી નાની નદીઓ વહેવા લાગી. પૃથ્વી પર લીલુછમ ઘાસ હતું. વરસાદમાં સફેદ ટોપ ઉગ્યા હતા. રાજાની રંગબેરંગી સેનાની જેમ શોભા થઈ હતી. ખેતરો અનાજથી લહેરાતા હતા. વરસાદથી જળચર અને સ્થળચર પ્રાણીઓની સુંદરતા વધી ગઈ હતી. સમુદ્રમાં નદીઓ મળતી હતી. આથી સમુદ્ર ક્ષુબ્ધ થયા. માર્ગો ઘાસથી ઢંકાયા. તેમને ઓળખવા અઘરા હતા. આકાશમાં મેઘધનુષ રચાવા લાગ્યા. વાદળોએ ચંદ્રને ઢાંકી દીધો. મયૂર ટહુકા કરી નાચી રહ્યા હતા. જેઠ-અષાઢમાં સૂકાયેલ વૃક્ષો પર ડાળીઓ અને ફૂલો લદાયા હતા. તળાવોના તટે સારસ પક્ષીઓ હતા. વર્ષાઋતુમાં વૃંદાવન આવી રીતે શોભાયમાન થયું. આવા વનમાં શ્યામ-બલરામે ગ્વાલબાલ અને ગાયોની સાથે પ્રવેશ કર્યો.

બંને ભાઈઓ આનંદથી વ્રજમાં વિહાર કરતા હતા. તે વખતે શરદ ઋતુ આવી.

હવે આકાશમાં વાદળ ન હતા. જળ નિર્મળ થઈ ગયું હતું. વાયુ ખૂબ ધીમી ગતિથી ચાલવા લાગ્યો. જળાશયો કમળોથી શોભવા લાગ્યા. કીચડવાળી પૃથ્વી અને ડોળાયેલા સરોવરો સ્વચ્છ થઈ ગયા. પર્વતો પરથી ક્યાંક ક્યાંક ઝરણા ઝરતા હતા. સમુદ્રનું જળ સ્થિર, ગંભીર અને શાંત થઈ ગયું. ખેડૂતો મેડ કરી ખેતરના જળને વહેતું રોકવા લાગ્યા. આકાશ નિર્મળ હતું. તારાથી ચમકવા લાગ્યું. તેની વચ્ચે ચંદ્ર શોભવા લાગ્યો. શહેરો અને ગામડામાં ઉત્સવ થવા લાગ્યા. પ્રભુ અને બલરામજીની ઉપસ્થિતિમાં આ બધું અત્યંત સુશોભિત થયું.

આમ વર્ષા તથા શરદઋતુની તે કાલમાં ઉપજેલી વિભૂતિ-સામગ્રી તેના સૌંદર્ય રૂપ શોભારૂપ ભગવાન કૃષ્ણ છે. (શ્રી ૧૦-૨૦ અધ્યાયમાં આ વર્ણન છે.)

(૮૩૯) **ગોપીકામપ્રબોધકઃ** = ગોપીજનોમાં અલૌકિક કામનો-મદન રસનો ઉદય કરનાર.

શરદ્ ઋતુના કારણે વૃંદાવન સુંદર થયું હતું. જળાશયોના જળ નિર્મળ હતા. તેમાં કમળ ખીલ્યા હતા. તેનાથી સુવાસિત વાયુ મંદમંદ વહેતા હતા. શ્રીકૃષ્ણે ગાયો અને ગ્વાલબાલો સાથે વનમાં પ્રવેશ કર્યો. ભમરા ગુંજતા હતા. પક્ષીઓ કલરવ કરતા હતા. ગાયોને ચરાવતા ચરાવતા શ્રીકૃષ્ણે વાંસળીમાં મધુર તાન છેડી.

બંસીનો આ ધ્વનિ ભગવાન પ્રત્યે પ્રેમભાવ જગાવતો હતો. પ્રભુને મળવાની આકાંક્ષા જગાવતો હતો. આ સાંભળી વ્રજભક્તોનું દ્રવ્ય પ્રેમથી પરિપૂર્ણ થઈ ગયું. તેઓ એકાંતમાં પોતપોતાની સખીઓ પાસે તેના રૂપ, ગુણ અને બંસીના પ્રભાવનું વર્ણન કરવા લાગ્યા.

ગોપીજનો બંસીના ધ્વનિનું માધુર્ય આપસમાં વર્ણન કરવા માંગતા હતા. બંસીનું સ્મરણ થતાં જ તેઓને શ્રીકૃષ્ણની મધુર ચેષ્ટાઓ પ્રેમ પૂર્ણ દૃષ્ટિ, ભ્રમરના ઈશારા અને મધુર મુસ્કાન યાદ આવી ગઈ. તેમની પ્રભુને મળવાની આકાંક્ષા વધી ગઈ. તેમનું મન કૃષ્ણ પાસે પહોંચી ગયું. આથી તે વર્ણન કરી શક્યા નહી.

શ્રી ભાગવત ૧૦-૨૧-૩,૪માં સ્મરોદયમ્ શબ્દ છે. આમ ગોપીજનોમાં અલૌકિક કામનો ઉદય થયો.

ગોપીરત્નસ્તુતાડશેષ વેણુવાદ્ય વિશારદઃ ।
કાત્યાયની વ્રતવ્યાજ સર્વભાવાશ્રિતાઙ્ગનઃ ॥૧૭૬॥

(૮૪૦) ગોપીરત્નસ્તુતાડશેષવેણુવાદ્યવિશારદઃ = ગોપીજનોરૂપી સ્ત્રીરત્નોએ જેની પુષ્કળ પ્રશંસા કરી હતી એવા વેણુવાદનમાં નિષ્ણાત શ્રીકૃષ્ણ.

વૃંદાવનમાં શ્રીકૃષ્ણ બંસીનો ધ્વનિ કર્યો. તે જડ, ચેતન, સમસ્ત પ્રાણીઓના મનને ચોરી લેતો હતો. ગોપીજનોએ તે સાંભળીને વર્ણન કરવા લાગ્યા.

શ્રીકૃષ્ણ અને બલરામ ગોવાળિયાઓ સાથે ગાયો હાંકતા વનમાં જતા હોય કે પાછા ફરતા હોય, તે વખતે પ્રભુએ અધર પર મુરલી ધરી હોય અને ત્રાંસી નજરે આપણી તરફ જોતા હોય તે સમયે આપણે તેમની મુખ માધુરીનું પાન કરતા રહીએ. ઈન્દ્રિયોવાળાનું આજ પરમ ફલ છે. ગ્વાલબાલની વચ્ચે બિરાજેલા આ બંને ભાઈ રંગમંચ પર અભિનય કરતા બે નટ જેવા લાગે છે. વેણુ પુરુષ જાતિનો છે. છતાં દામોદરની અધર સુધાનું પાન કરે છે. પૂર્વ જન્મમાં તેને કેવું ભજન કર્યું હશે કે આ જન્મે તેને તે લાભ થાય છે.

વૃંદાવનમાં શ્રીકૃષ્ણના ચરણચિહ્નો છે આથી તે પૃથ્વીની કીર્તિનો વિસ્તાર વૈકુંઠલોક સુધી કરી રહ્યું છે. પ્રભુ મોરલી વગાડે છે ત્યારે મોર તેના તાલે નાચે છે. પર્વતની ટોચ પરના પશુ પક્ષી આ જોઈને શાંતીથી ઊભા રહે છે.

હરિણીઓએ બંસીની તાલ સાંભળી. તેમના પતિ કાળિયાળ મૃગ સાથે હતી, છતાં નંદનંદન પાસે જતી રહી. પ્રેમ દૃષ્ટિથી પ્રભુ તરફ જોવા લાગી. સ્વર્ગની દેવીઓ બાંસુરીનું મધુર સંગીત સાંભળીને વિમાન પર સુધબુધ ખોઈ બેસે છે. ગાયો આ તાન સાંભળે છે. તેમના બંને કાન ઉભા કરે છે. અમૃત પીતી હોય તેમ સંગીતનો રસ લે છે. વાછરડા ગાયોને ધાવવાનું છોડી દે છે. દૂધનો ઘુંટ નથી ઉતારી શકતા, નથી બહાર કાઢી શકતા. વૃંદાવનના પક્ષીઓ મુનિઓ છે. વૃક્ષોની ડાળીઓ પર બેસી શ્રીકૃષ્ણની રૂપમાધુરી જોઈને વારી જાય છે. નદીઓના પ્રવાહ સ્થિર થઈ ગયા છે. તરંગ રૂપ હસ્તોથી શ્રીકૃષ્ણના ચરણ કમલ પર ફૂલોની ભેટ ધરે છે. વાદળો ઘનશ્યામ ઉપર છત્ર બની છવાઈ જાય છે. નાની નાની બૂંદોની વર્ષા કરવા લાગ્યા.

આ રીતે ગોપીજનોરૂપી સ્ત્રી રત્નોએ પ્રભુના વેણુનાદની પ્રશંસા કરી છે.

શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં આ પ્રસંગમાં પ્રભુના અલૌકિક છ ધર્મોને સમજાવે છે.

---

(૮૪૧) કાત્યાયનીવ્રતવ્યાજસર્વભાવાશ્રિતાંગનઃ = કાત્યાયની વ્રતના નિમિત્તે કુમારિકા ગોપીજનો સર્વ ભાવથી જેમને આશ્રયે પ્રાપ્ત થયેલા છે એવા.

કુમારિકા ગોપબાલાઓએ ભગવાન શ્રીકૃષ્ણને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે કાત્યાયની દેવીનું વ્રત કર્યું હતું. તે વ્રતને નિમિત્ત કરીને ભગવાને તેમને સર્વ ભાવથી આશ્રય આવ્યો હતો.

હેમંત ઋતુ આવી. માગશર મહિનામાં કુમારિકાઓ કાત્યાયની દેવીની પૂજા કરવા લાગ્યા. વ્રત રાખ્યું. સૂર્યોદય પહેલા યમુના જલમાં સ્નાન કરતા. તટ પર દેવીની મૂર્તિ બનાવી પૂજા કરતા. કાત્યાયની દેવીને પ્રાર્થના કરતા કે શ્રીકૃષ્ણને અમારા પતિ બનાવો. આ સંકલ્પ સાથે એક મહિનો ભદ્રકાલીની પૂજા કરી. રોજ ઉષા કાળમાં યમુના જળમાં સ્નાન કરતા

પરસ્પર હાથ પકડી શ્રીકૃષ્ણ લીલા ગાતા.

એક દિવસ કુમારિકાઓએ તટ પર કપડા ઉતારી જલ પ્રવેશ કર્યો. જલ ક્રીડા કરતાં કરતાં શ્રીકૃષ્ણ ગુણગાન કરવા લાગ્યા. પ્રભુએ તેમની અભિલાષા જાણી. તેમની સાધના સફલ કરવા કૃષ્ણ તટ પર પધાર્યા. સાથે ગ્વાલબાલ પણ હતા. તેમણે ગોપીજનોના વસ્ત્ર ઝડપથી ઉઠાવ્યા અને કદમ્બના વૃક્ષ પર ચઢી ગયા. ગ્વાલબાલ અને કૃષ્ણ હસવા લાગ્યા. પ્રભુ કહે છે કે તમે એક એક કરી આવો અને તમારા વસ્ત્રો લઈ જાવ.

ગોપીજનોને સંકોચ થયો. તે જલ બહાર ન નીકળ્યા. ઠંડીના દિવસો હતા. જળમાં ગોપીજનો કાંપવા લાગ્યા. તેમણે પ્રભુને આજીજી કરી કે આવી અનીતિ ન કરો. અમારા વસ્ત્રો આપો નહીં તો નંદબાવાને ફરિયાદ કરીશું.

પ્રભુ કહે છે કે તમે તમારી જાતને મારી દાસી માનો છો. તો મારી આજ્ઞાનું પાલન કરો. અહીં આવી વસ્ત્રો લઈ જાવ. ગોપીજનો યમુનાજીની બહાર પધાર્યા. ભગવાન પ્રસન્ન થયા. પ્રભુ કહે છે કે તમે વ્રત બરોબર કર્યું છે, પણ વસ્ત્રહીન થઈ જળમાં સ્નાન કર્યું છે આથી વરુણદેવ તથા યમુનાજીનો અપરાધ કર્યો છે. તે દોષની શાંતિ માટે બે હાથ જોડી નમીને પ્રણામ કરો પછી વસ્ત્રો લઈ જાવ. ગોપીજનોએ તેમ કર્યું. પ્રભુએ વસ્ત્રો પરત કર્યા.

પ્રભુએ કહ્યું કે હું તમારો સંકલ્પ જાણું છું. તમે મારી પૂજા કરવા માંગો છો. તમારો સંકલ્પ સત્ય થશે. જેમણે મન-પ્રાણ સમર્પિત કર્યા છે, તેમને લૌકિક કામનાઓ રહેતી નથી. તમે તમારા ઘરે જાવ. તમારી સાધના સિદ્ધ થઈ છે. તમે આવનારી શરદ ઋતુની રાત્રિઓમાં મારી સાથે વિહાર કરશો. તમે આ ઉદ્દેશ્યથી વ્રત રાખ્યું. કાત્યાયની દેવીની પૂજા કરી. (ગુજરાતી કારતક વદ-૧ થી માગસર સુદ-૧૫ સુધી મંદિરમાં વ્રતચર્યાના પદ ગવાય છે.)

સત્સંગતિ સ્તુતિ વ્યાજ સ્તુત વૃન્દાવનાઙ્ઘ્રિપઃ ।
ગોપક્ષુચ્છાન્તિસંવ્યાજ-વિપ્રભાર્યાપ્રસાદકૃત્ ॥૧૭૭॥

(૮૪૨) સત્સંગતિસ્તુતિવ્યાજસ્તુતવૃન્દાવનાઙ્ઘ્રિપઃ =

સત્સંગની પ્રશંસા કરવાના બહાને સમસ્ત વૃન્દાવનનાં વૃક્ષોની સ્તુતિ કરનારા.

એકવાર શ્રીકૃષ્ણ બલરામજી તથા ગ્વાલબાલ સાથે ગાયો ચરાવતા વૃંદાવનથી ખૂબ દૂર નીકળી ગયા. ગ્રીષ્મ ઋતુ હતી. સૂર્ય પ્રખર બની તપી રહ્યો હતો. આ વખતે ઘટાદાર વૃક્ષો શ્રીકૃષ્ણ ઉપર છત્રીનું કામ કરી રહ્યા હતા. આ જોઈ ભગવાન તેમના ગ્વાલબાલોને કહેવા લાગ્યા 'જુઓ આ વૃક્ષો કેટલા ભાગ્યવાન છે. તેમનું પૂર્ણ જીવન માત્ર બીજાની ભલાઈ કરવા માટે જ છે. સ્વયં તે હવાનો સુસવાટો, વરસાદ અને ધૂપને સહન કરે છે પણ તે બધાથી આપણી રક્ષા કરે છે. આ બધાનું જીવન બધાથી શ્રેષ્ઠ છે. તેમના દ્વારા દરેક પ્રાણીઓને સહારો મળે છે. તે બધાના જીવનનો નિર્વાહ થાય છે.

એક સજ્જન પુરુષના ઘરેથી કોઈ યાચક ખાલી હાથે પાછો જતો નથી તે રીતે આ વૃક્ષો પાસેથી દરેકને કંઈકને કંઈક મળે છે. તે પોતાના પાંદડા, ફૂલ, ફળ, છાયા, છાલ, લાકડી, રાખ, કોયલા, અંકૂર અને કૂંપળોથી પણ લોકોની કામના પૂર્ણ કરે છે.'

સંસારમાં પ્રાણીઓ તો ઘણાં છે પણ જ્યારે તેઓ પોતાના ધનથી, વિવેક-વિચારથી, વાણીથી અને પ્રાણોથી પણ આવા જ કાર્યો કરે જેનાથી બીજાનું ભલું થાય ત્યારે જ તેમના જીવનની સફળતા છે.

અહીં પારકાનું ભલું કરવાના કાર્યની પ્રશંસા છે.

(૮૪૩) ગોપક્ષુચ્છાન્તીસંવ્યાજવિપ્રભાર્યાપ્રસાદકૃત્ = ગોપ બાળકોની ક્ષુધાની શાંતિ કરવાના કારણને આગળ કરી યજ્ઞ કરનારા બ્રાહ્મણોની પત્નીઓને અનુગ્રહ કરનારા.

ગોવાળીયાઓને ભૂખ લાગી. તેમણે બંને ભાઈઓને તેને બુઝાવવા વિનંતી કરી.

પ્રભુએ મથુરાની ભક્ત બ્રાહ્મણ પત્નીઓ પર અનુગ્રહ કરવો હતો આથી તેમણે કહ્યું કે અહીંથી થોડે દૂર બ્રાહ્મણો યજ્ઞ કરે છે. તેમની પાસે અમારું નામ દઈ ખાવા માટે સામગ્રી માંગી લાવો. ગોવાળો ગયા. બ્રાહ્મણોને અન્ન આપવા વિનંતી કરી. બ્રાહ્મણોએ તે પર ધ્યાન આપવું નહીં. બ્રાહ્મણોએ

ન તો હા કહી કે ન તો ના કહી. ગોવાળોની આશા તૂટી ગઈ. તે પાછા બંને ભાઈઓ પાસે આવ્યા અને બધી વાત કહી.

ભગવાને હસતા હસતા કહ્યું કે હવે તમે તેમની પત્નીઓ પાસે જાવ અને કહો કે રામ-શ્યામ અહીં આવ્યા છે. તેમનું મન સદા મારામાં લાગેલું છે. તે તમને ઈચ્છશો તેટલું ભોજન આપશે.

હવે ગોવાળો બ્રાહ્મણ પત્નીઓ પાસે ગયા. ત્યાં જઈને કહ્યું કે શ્રીકૃષ્ણ અહીંથી થોડે દૂર આવ્યા છે. તેમણે જ અમને તમારી પાસે મોકલ્યા છે. હાલમાં તેઓ તથા તેમના સાથીઓને ભૂખ લાગી છે. તેમના માટે કંઈક ભોજન આપો.

બ્રાહ્મણીઓ ઘણા દિવસથી ભગવાનની લીલાઓ સાંભળતી હતી. તેમનું મન પ્રભુમાં લાગી ગયું હતું. શ્રીકૃષ્ણ દર્શન માટે તે બધા ઉત્સુક રહેલા. તેમણે અત્યંત સ્વાદિષ્ટ અને ચાર પ્રકારની ભોજન સામગ્રી થાળમાં સજાવી. કૃષ્ણ પાસે જવા નીકળી પડ્યા. તેમના ભાઈ-બંધુ અને પતિ-પુત્રોએ તેમને રોક્યા, પણ તે રોકાયા નહીં. તેઓ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાનના દર્શન કર્યા. નેત્રોથી મનમાં પધરાવ્યા.

ભગવાન તો દરેકના હૃદયની વાત જાણે છે. ભગવાને કહ્યું, 'મહાભાગ્યવતી દેવીઓ! તમારું સ્વાગત છે. હું તમારા પ્રેમને અભિનંદન આપું છું. તમે હવે યજ્ઞશાળામાં જાવ તમારા પતિ સાથે મળીને યજ્ઞ પૂર્ણ કરો. બ્રાહ્મણ પત્નીઓ કહે છે કે અમે આપના ચરણમાં આવ્યા છે. અમને બીજાના શરણમાં ન જવું પડે તેવી વ્યવસ્થા કરો.'

ભગવાન કહે છે કે કોઈપણ તમારો તિરસ્કાર કરશે નહીં. સંસાર તમારું સન્માન કરશે. તમે હવે મારા બની ગયા છો. તમારું મન મારામાં લગાડી દો. તમને શીઘ્રતાથી મારી પ્રાપ્તિ થશે.

આ પ્રસંગમાં એક બ્રાહ્મણ પત્નીને તેના પતિએ રોકી રાખી હતી. તે સ્ત્રીએ ભગવાન શ્રીકૃષ્ણને પોતાના હૃદયમાં પધરાવીને પોતાના કર્મજન્ય દેહનો ત્યાગ કર્યો હતો. (૧૦-૨૩-૩૪). આ સ્ત્રીનું ભગવાન શ્રીકૃષ્ણ સાથે દિવ્ય મિલન થયું. એ પ્રસાદ બીજી સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ પ્રસાદ કરતાં વધુ દિવ્ય છે.

હેતુપ્રાપ્તેન્દ્રયાગસ્વ-કાર્યગોસવબોધકઃ ।
શૈલરૂપ કૃતાઙશેષ રસ ભોગ સુખાવહઃ ।।૧૭૮।।

(૮૪૪) હેતુપ્રાપ્તેન્દ્રયાગસ્વકાર્યગોસવબોધકઃ = ઈન્દ્રયાગને ઠેકાણે પોતાના સંબંધી કાર્યરૂપ, કર્તવ્યરૂપ ગોસવ યજ્ઞને કરનાર – ઉપદેશ આપનારા.

એકવાર ઈન્દ્રયાગની તૈયારીઓ થઈ રહી હતી. કૃષ્ણ સર્વજ્ઞ છે. છતાં વિનયથી નંદબાવા અને વૃદ્ધ ગોપોને પૂછે છે કે આ યજ્ઞ વિષે મને બતાવો. મને જાણવાની ઉત્કંઠા છે. આ યજ્ઞ લૌકિક છે કે શાસ્ત્ર સંમત છે તે મારે જાણવું છે.

નંદબાવા કહે છેઃ 'અમે આ યજ્ઞથી ઈન્દ્રની પૂજા કરીએ છીએ. યજ્ઞ પછી જે કંઈ બચે તેનાથી અમે બધાં અર્થ, ધર્મ અને કામરૂપ ત્રિવર્ગ સિદ્ધ કરીએ છીએ. ઈન્દ્ર જ ફલ આપનાર છે. આ યજ્ઞ કુલ પરંપરાથી છે. તેને છોડાય નહીં. નહીં તો અમંગલ થાય.

ભગવાન કહે છે 'પ્રાણીમાત્ર પોતાના કર્મ અનુસાર જન્મે છે અને મરે છે. કર્મ અનુસાર જ તેને સુખદુઃખ, ભય અને મંગલની પ્રાપ્તિ થાય છે. બધા પ્રાણીઓ પોતાના કર્મના ફલ ભોગવે છે. પછી ઈન્દ્રની આવશ્યકતા નથી. કર્મ જ ગુરુ છે. કર્મ જ ઈશ્વર છે. રજોગુણની પ્રેરણાથી મેઘ પાણી વરસાવે છે. તેથી અન્ન થાય છે. આનાથી બધાનો જીવન નિર્વાહ થાય છે. આમાં ઈન્દ્રને શું લેવા-દેવા? તે શું કરી શકે?

આથી આપણે બધા ગાયો, બ્રાહ્મણો અને ગિરિરાજના યજનની તૈયારી કરીએ. ઈન્દ્ર યજ્ઞ માટે જે સામગ્રીઓ ભેગી કરી છે તેનાથી જ આ યજ્ઞનું અનુષ્ઠાન કરીશું. આમ શ્રીકૃષ્ણે વડીલ ગોપોને સમજાવી. ગાયો, બ્રાહ્મણો અને ગોવર્ધન પૂજનનો યજ્ઞ, ઈન્દ્રયાગને બદલે કરાવ્યો.

(૮૪૫) શૈલરૂપકૃતાઙશેષ રસ ભોગ સુખાવહઃ = શૈલ-પર્વતનું સ્વરૂપ ધારણ કરી છ પ્રકારના રસનો સારી રીતે ઉપભોગ કરી સર્વ વ્રજવાસીઓને સુખ આપનારા.

નંદબાબા અને વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણે કહ્યું તે પ્રમાણે યજ્ઞનો આરંભ

કર્યો. તેમાં ગિરિરાજજીની પરિક્રમા કરી. ભગવાન શ્રીકૃષ્ણ ગોપોને વિશ્વાસ દેવા ગિરિરાજ ઉપર પ્રકટ થયા. આપે બીજું વિશાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. હું ગિરિરાજ છું. આવું કહી બધી સામગ્રી આરોગવા લાગ્યા. આ રીતે સામગ્રી આરોગી સર્વ વ્રજવાસીઓને આનંદ આપ્યો.

લીલાગોવર્ધનોદ્ધાર - પાલિત સ્વવ્રજપ્રિયઃ ।
ગોપસ્વચ્છન્દલીલાર્થ - ગર્ગવાક્યાર્થ બોધકઃ ॥૧૭૯॥

(૮૪૬) લીલાગોવર્ધનોદ્ધારપાલિતસ્વવ્રજપ્રિયઃ = ગોવર્ધન પર્વતને લીલા માત્રમાં ધારણ કરી પ્રિય વ્રજ અને નિજ વ્રજવાસી ભક્તજનોના પાલનકર્તા.

ઈન્દ્રને ખબર પડી કે તેની પૂજાબંધ કરી છે. તેને ક્રોધ આવ્યો. ઈન્દ્ર ઘમંડી હતો. તેણે મેઘોના સાવર્તક નામના ગણને વ્રજ પર ચઢાઈ કરવા આજ્ઞા કરી. વ્રજને તહસ નહસ કરવા કહ્યું અને એ પણ કહ્યું, 'તમે આગળ જાઓ. હું પાછળ ઐરાવત હાથી પર આવું છું. મરુદ્ર ગણોને જોડે લાવું છું.' મેઘ નંદબાવાના વ્રજ પર ચઢી આવ્યા. મૂશળધાર વરસાદ કર્યો. વ્રજને પીડવા લાગ્યા. થાંભલા જેવી વરસાદની ધારાઓ થઈ. વ્રજભૂમિનો ખૂણેખૂણો પાણીથી ભરાઈ ગયો. ક્યાં ખાડો છે અને ક્યાં જમીન ઊંચી છે તે પણ ખબર પડતી ન હતી.

વ્રજવાસીઓ કાંપતા કાંપતા પ્રભુની શરણમાં ગયા. અને કહ્યું 'આપ જ ગોકુલના સ્વામી છો. અમારા રક્ષક છો. અમારી રક્ષા કરો.' પ્રભુને ખ્યાલ આવી ગયો કે ઈન્દ્રનું આ દુષ્કૃત્ય છે. વ્રજવાસીઓની મારે રક્ષવા જોઈએ. પ્રભુ કહે છે કે આ સમગ્ર વ્રજ મારું આશ્રિત છે. મારું અંગીકૃત છે. હું જ માત્ર તેનો રક્ષક છું. હું મારી યોગમાયાથી તેની રક્ષા કરીશ, સંત (ગોપો) પુરુષોની રક્ષા કરવી તે મારું વ્રત છે.

(૮૪૭) ગોપસ્વચ્છન્દલીલાર્થગર્ગવાક્યાર્થબોધકઃ = ગોપોને સ્વચ્છંદ-ભય વિનાની મનગમતી લીલાઓ કરવા માટે ગર્ગ મુનિનાં વચનોનો તાત્પર્યાર્થનો નંદજીના મુખ દ્વારા પુનઃ બોધ કરનારા.

પ્રભુએ શ્રી ગિરિરાજજીને સાત દિવસ સુધી ઉઠાવી રાખ્યા. વ્રજવાસીઓને શ્રીકૃષ્ણના સંબંધમાં શંકા થઈ. નંદબાવાએ તે બધાને કહ્યું કે મહર્ષિ ગર્ગાચાર્યજીએ આ બાળકને જોઈને કહ્યું 'તમારો આ બાળક પ્રત્યેક યુગમાં શરીર ગ્રહણ કરે છે. જુદા જુદા યુગોમાં શ્વેત, રક્ત અને પીત રંગ સ્વીકારે છે. હમણાં કૃષ્ણવર્ણ છે. તમારા પુત્રના ગુણ અને કર્મને અનુરૂપ ઘણા નામ છે. ઘણા રૂપ છે. તમારું, ગોવાળોનું અને ગાયોનું ખૂબ કલ્યાણ કરશે. આ બાળકની સહાયથી તમે મુશ્કેલીઓને પાર કરી જશો. આ બાળક ભગવાન નારાયણ સમાન છે. તેના અલૌકિક કૃત્યો જોઈ આશ્ચર્ય ન કરતા. વ્રજવાસીઓએ આ સાંભળ્યું. તેમનું આશ્ચર્ય દૂર થયું. બધા ખૂબ આનંદિત થયા. નંદબાવા અને કૃષ્ણની ખૂબ જ પ્રશંસા કરી.'

ઈન્દ્રધેનુસ્તુતિપ્રાપ્ત-ગોવિન્દેન્દ્રાભિધાનવાન્ ।
વ્રતાદિધર્મસંસક્ત- નન્દક્લેશ વિનાશકઃ ॥૧૮૦॥

(૮૪૮) ઈન્દ્રધેનુસ્તુતિપ્રાપ્તગોવિન્દેન્દ્રાભિધાનવાન્ = ઈન્દ્રની ધેનુએ કરેલી સ્તુતિના કારણથી ઈન્દ્રે કહેલા ગોવિંદ નામને પ્રાપ્ત કરનારા.

શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજને ધારણ કર્યા. મૂશળધાર વરસાદથી વ્રજને બચાવ્યું. આ સમયે ગોલોકથી કામધેનુ ગાય વધાઈ આપવા આવી. સ્વર્ગથી ઈન્દ્ર પોતાના અપરાધની ક્ષમા માંગવા આવ્યો.

ઈન્દ્રે ભગવાનનો તિરસ્કાર કર્યો હતો. તેથી તે લજ્જિત હતો. એકાંત સ્થાનમાં પ્રભુના ચરણનો સ્પર્શ કર્યો. ઈન્દ્રનો ઘમંડ જતો રહ્યો. હાથ જોડીને તેણે ભગવાનની સ્તુતિ કરી.

પ્રભુએ તેને ઘમંડ ન કરવાની આજ્ઞા કરી. મર્યાદાનું પાલન કરવાની શીખ આપી. આ વખતે કામધેનુએ પોતાના સંતાનો સાથે શ્રીકૃષ્ણને વંદન કર્યા. સ્તુતિ કરી. કામધેનુએ પોતાના દૂધથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો. ઈન્દ્ર ઐરાવત પર આવેલો. હાથીની સૂંઢમાં આકાશગંગાનું જલ હતું. ઈન્દ્રે તે જલથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો અને 'ગોવિન્દ'નામથી સંબોધિત કર્યા. (૧૦-૨૭-૨૩)

(૮૪૯) વ્રતાદિધર્મસંસક્તનન્દક્લેશવિનાશકઃ = વ્રતો વગેરે ધર્મોમાં નિષ્ઠાવાળા નંદબાવાના ક્લેશનું નિવારણ કરનારા.

નંદબાબાએ કારતક સુદ એકાદશીનો ઉપવાસ કર્યો. ભગવાનની પૂજા કરી. તે જ રાત્રે દ્વાદશી લાગતી હતી તેથી સ્નાન કરવા યમુનાજલમાં પ્રવેશ્યા. તે સમય અસુરોનો હતો. નંદબાવાને તે ખબર ન હતી. તેથી તે રાત્રે જ જલમાં પ્રવેશેલા. આથી વરુણદેવના એક અસુર સેવકે તેમને પકડ્યા. નંદબાવાને પોતાના સ્વામી પાસે લઈ ગયો.

વ્રજવાસીઓએ જોયું કે નંદબાવા દેખાતા નથી. આથી બધા રોવા લાગ્યા. કૃષ્ણ અને બલરામજીને યાદ કરવા લાગ્યા. નંદબાવાને પાછા લઈ આવવા વિનંતી કરવા લાગ્યા. પ્રભુએ જાણ્યું કે નંદબાવાને વરુણના સેવક લઈ ગયા છે. પ્રભુ વરુણજીની પાસે ગયા. વરણજીએ પ્રભુની પૂજા કરી અને કહ્યું કે આપ મારા કૃપા કરો. વરુણજીની સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થયા. પ્રભુ પોતાના પિતા નંદબાવાને લઈ વ્રજમાં આવ્યા અને વ્રજવાસીઓના ક્લેશનું નિવારણ કર્યું. નંદબાવાને વ્રતમાં આસક્તિ હતી તેથી ક્લેશ થયો હતો. પ્રભુએ તે દૂર કર્યો.

નન્દાદિગોપમાત્રેષ્ટ વૈકુંઠગતિદાયકઃ ।
વેણુવાદસ્મરક્ષોભ મત્તગોપીવિમુક્તિદઃ ॥૧૮૧॥

(૮૫૦) નન્દાદિગોપમાત્રેષ્ટવૈકુણ્ઠગતિદાયકઃ = શ્રીનંદ વગેરે સર્વગોપોને વૈકુંઠગતિ – વૈકુંઠલોક તરફ જવાના માર્ગને અર્પણ કરનારા.

નંદબાવાએ વરુણલોકના ઐશ્વર્ય અને સુખ સંપત્તિ જોયા હતા. ત્યાંના લોકો શ્રીકૃષ્ણને પ્રણામ કરતા હતાં તે પણ જોયું હતું. આનાથી તેમને આશ્ચર્ય થયું. વ્રજમાં આવી તેમણે આ બધું વ્રજવાસીઓને કહ્યું.

વ્રજવાસીઓ સમજવા લાગ્યા કે શ્રીકૃષ્ણ જગદીશ્વર છે અને વિચારવા લાગ્યા કે આપણને પણ પોતાનું ધામ બતાવશે. શ્રીકૃષ્ણે તેમના મનની વાત જાણી લીધી. ભગવાને તેમને પોતાના પરમધામને બતાવ્યું. ભગવાને તેમને પહેલા બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવ્યો. આ માટે ભગવાન ગોપોને બ્રહ્મહ્રદમાં લઈ ગયા. બધાએ તેમાં ડૂબકી મારી બ્રહ્મહ્રદમાં પ્રવેશ કર્યો. ભગવાને તેમને ત્યાંથી લઈ જઈ પરમ ધામનું દર્શન કરાવ્યું.

(૮૫૧) વેણુવાદસ્મરક્ષોભમત્તગોપીવિમુક્તિધઃ = વેણુનાદના સ્મરણથી ચિત્ત ક્ષોભને પામેલી ગોપિકાઓને મુક્તિ દેનારા.

શુકદેવજી પરીક્ષિતજીને કહે છે કે શરદ ઋતુ હતી. ચમેલી વગેરે સુગંધિત પુષ્પો મહેકી રહ્યા હતા. ભગવાને ચીર હરણ પ્રસંગે જે રાત્રિઓનો સંકેત કર્યો હતો તે બધી જ રાત્રિઓ ખીલી ઉઠી હતી. ભગવાને તે રાત્રીઓને દિવ્ય કરી. યોગમાયાના સહારે આપે રાસક્રીડાનો સંકલ્પ કર્યો. આથી મનનો સ્વીકાર કર્યો. ચંદ્ર દેવ ઉદિત થયા. પ્રભુએ હવે બંસરીમાં મધુર તાન છેડી. આ બંસીવાદન પ્રેમ અને પ્રભુ મિલનની ઉત્સુકતા વધારતું હતું.

આ સમયે કેટલાક ગોપીજનો ઘરમાં હતા. તેમને બહાર જવાનો માર્ગ મળ્યો નહીં. આથી તેમણે નેત્રો બંધ કર્યા અને ખૂબ જ તન્મયતાથી શ્રીકૃષ્ણના સૌંદર્ય, માધુર્ય અને લીલાઓનું ધ્યાન કરવા લાગી. પ્રિયતમ શ્રીકૃષ્ણના અસહ્ય વિરહની તીવ્ર વેદના તેમના હૃદયમાં થઈ. તે તેમના બાળવા લાગી. આથી તેમના જે કાંઈ અશુભ સંસ્કારો હતા તે બળીને ભસ્મ થઈ ગયા.

આ સાથે જ તેમને ધ્યાન લાગી ગયું. ધ્યાનમાં શ્રીકૃષ્ણ પ્રકટ થયા. મનોમન તેમણે શ્રીકૃષ્ણને આલિંગન આપ્યું. આનાથી તે બધાને ખુબ સુખ અને શાંતિ મળ્યા. આનાથી તેમના બધા જ પુણ્ય સંસ્કારો એક સાથે ક્ષીણ થઈ ગયા. આથી તેમના ગુણમય શરીરોને ત્યજી દીધા. દિવ્ય અપ્રાકૃત શરીર પ્રાપ્ત કર્યું. આ બધા ગોપીજનોનો પ્રભુમાં જાર ભાવ હતો છતાં તેમને આ રીતે મુક્તિ મળી.

સર્વભાવપ્રાપ્તગોપી સુખસંવર્ધનક્ષમઃ ।
ગોપીગર્વપ્રણાશાર્થ તિરોધાન સુખપ્રદઃ ॥૧૮૨॥

(૮૫૨) સર્વભાવપ્રાપ્તગોપીસુખસંવર્ધનક્ષમઃ = સર્વ ભાવથી પ્રાપ્ત થયેલી ગોપીકાઓના રાસ સુખને વધારવા માટે સમર્થ.

શ્રીગોપીજનોના સર્વાત્મભાવનો નિર્દેશ આ સ્કંધના ૨૯મા અધ્યાયમાં દેખાય છે.

પ્રભુએ વેણુનાદ કરી ગોપીજનોને રાસ માટે બોલાવ્યા. સ્વાગત પણ

કર્યું અને પછી ગોપીજનોને કહ્યું કે તમારો પરમ ધર્મ તો પતિ, ભાઈ-બંધુઓની સેવા અને સંતાનોનું લાલન પાલન કરવાનો છે. આથી તમે પોતપોતાના ઘરે પાછા ફરો.

ગોપીજનો આ સાંભળી ખિન્ન થયા. ચિંતાના સાગરમાં ડૂબી ગયા. પ્રભુ માટે તો તે બધી કામનાઓ અને ભોગ છોડીને આવ્યા હતા. કૃષ્ણ માટે તેમને અનન્ય પ્રેમ હતો. તેમને પ્રણય કોપ થયો અને પ્રભુને ગદ્ ગદ્ વાણીમાં કહેવા લાગી તમે અમારો ત્યાગ ન કરો. અમારા માટે તમે જ સાક્ષાત ભગવાન છો. તમે જ સુહૃદ, આત્મા અને પરમપ્રિયતમ છો. પતિ-પુત્ર અનિત્ય છે. પ્રભુ તમે જ નિત્ય છો. અમારું પ્રયોજન આપથી છે. ઘરકામમાં અમારું ચિત્ત લાગેલું હતું તે આપે જ છોડાવ્યું છે. હવે અમારા પગ આપને છોડી એક ડગલું દૂર થવા માંગતા નથી.

આ રીતે ગોપીજનોનો સર્વભાવ અનુભવી શકાય છે. આમ સર્વભાવ સાથે પોતાની પાસે આવેલ ગોપીજનોને પ્રભુ પરમાનંદનું દાન કરી તેમના સુખમાં વધારો કરે છે. ગોપીજનોની વ્યાકુલ વાણી પ્રભુએ સાંભળી. પ્રભુનું હૃદય ભરાઈ આવ્યું. પ્રભુ આત્મારામ છે છતાં તેમણે હસીને ગોપીજનો સાથે ક્રીડાનો આરંભ કર્યો (૧૦-૨૯-૪૨)

(૮૫૩) ગોપીગર્વપ્રણાશાર્થતિરોધાનસુખપ્રદઃ = ગોપીજનોના ગર્વને ઉતારવા તિરોધાન થઈ, અંતરમાં રહી આનંદ આપનારા.

રાસમાં શ્રીકૃષ્ણે પોતાની ભાવ ભંગી અને ચેષ્ટાઓ ગોપીજનોને અનુકૂળ કરી દીધી. પ્રભુ ખુલ્લા મનથી હસતા હતા. પ્રભુ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી ગોપીજનોને નિરખતા હતા. ગોપીજનોના મુખ કમલ આથી ખીલી ઉઠ્યા. તેમણે કૃષ્ણને ઘેરી લીધા. કોઈકવાર ગોપીજનો શ્રીકૃષ્ણના ગુણ અને લીલાઓને ગાતા હતા. કોઈકવાર શ્રીકૃષ્ણ ગોપીજનોના પ્રેમ અને સૌંદર્યના ગીત ગાતા હતા. બધા શ્રીયમુનાજીના તટે આવ્યા. પુલિનમાં ક્રીડા આરંભી. આ રીતે પ્રભુએ ગોપીજનોનું સન્માન કર્યું. આથી ગોપીજનોના મનમાં ભાવ થયો કે સંસારની સમસ્ત સ્ત્રીઓમાં અમે જ સર્વશ્રેષ્ઠ છીએ. આમારા સમાન કોઈ નથી. તે કંઈક માનવાળા થઈ ગયા. પ્રભુએ ગોપીજનોના આ ગર્વને જોયો. પ્રભુએ તેમના ગર્વનો શાંત કરવા વિચાર્યું. પ્રભુ તે બધાની વચ્ચેથી અંતર્ધાન

થઈ ગયા. પ્રભુ તેમના અંતઃકરણમાં બિરાજેલા. આમ ભગવાનના તિરોધાનમાં પણ ગોપીજનોને અંતઃકરણમાં શ્રીકૃષ્ણના સંગનું સુખ હતું.

કૃષ્ણભાવ વ્યાપ્ત વિશ્વ ગોપી ભાવિતવેષધૃક્ ।
રાધાવિશેષ સંભોગ પ્રાપ્ત દોષ નિવારકઃ ॥૧૮૩॥

(૮૫૪) કૃષ્ણભાવવ્યાપ્તવિશ્વગોપીભાવિતવેષધૃક્ = સર્વવિશ્વમાં કૃષ્ણભાવથી ભાવિત થયેલાં ગોપીજનોમાં એમના ભાવને અનુરૂપ સ્વરૂપ ધારણ કરનારા.

પ્રભુના અંતર્ધાન થયા પછી ગોપીજનો પ્રલાપ કરવા લાગ્યા. પ્રભુને શોધવા આતુર થયા. ભગવાનની વિવિધ લીલાઓ કરવા લાગ્યા. કોઈક ગોપીજન પૂતના બની તો કોઈક કૃષ્ણ બની કોઈક છકડા બની તો કોઈક બાલકૃષ્ણ બની પગથી તેને લાત મારવા લાગી. કોઈક તૃણાર્વત બની અને બાલકૃષ્ણ બનેલ ગોપીનું હરણ કરવા લાગ્યા. કોઈક ઘૂંટણિયે ચાલવા લાગી. કોઈક વત્સાસુર બની તો કોઈક બકાસુર. કોઈક ગોવર્ધન ધારણ કરવાની ક્રિયા કરવા લાગી.

એક ગોપી કાલિય બની. તો એક ગોપી કૃષ્ણ બની તેના માથે પગ મૂકીને ચઢી ગઈ. એક ગોપી યશોદા બની અને કૃષ્ણ બનેલ ગોપીને દામણાથી બાંધી દીધી.

આ બધી અનુકૃતિઓ ગોપીજનોએ પોતાના મહાભાવને લઈને કરી હતી. આ પ્રમાણે શ્રીકૃષ્ણે ગોપીજનોના ભાવને અનુસરીને જુદી જુદી લીલાઓનો વેશ ધારણ કર્યો હતો. ગોપીજનોનો આ મહાભાવ કૃષ્ણ સ્વરૂપ હતો. (શ્રી ભાગવત ૧૦-૩૦-૧૫ થી ૨૩)

(૮૫૫) રાધાવિશેષસંભોગપ્રાપ્તદોષનિવારકઃ = શ્રી રાધાજી સાથેના વિશેષ સંભોગથી તેમનામાં ગર્વનો જે દોષ ઉત્પન્ન થયો હતો તેનું નિવારણ કરનારા.

કૃષ્ણને શોધતા ગોપીજનો વૃંદાવનના વૃક્ષ અને લતાઓને ભગવાનને જોયા હોય તો બતાવવા કહેવા લાગ્યા. આ વખતે એક સ્થળે તેઓએ ભગવાનના ચરણ ચિહ્નો જોયા. તે ચિહ્નોને આધારે ગોપીજનો આગળ

વધ્યા. અહીં કૃષ્ણ સાથે અન્ય ગોપીજનના ચરણ ચિહ્ન જોયા. આથી બધા વ્યાકુલ થઈ ગયા. પરસ્પર કહેવા લાગ્યા કે આ કોઈ મહાભાગ્ય શાળી લાગે છે. પ્રભુના ખભે હાથ મૂકીને તે ચાલી હશે. આ કૃષ્ણની 'આરાધિકા' હશે. (આ સ્ત્રીનું નામ ભાગવતમાં દર્શાવ્યું જણાવ્યું નથી. પરંતુ આ સ્ત્રી રાધાજી હોવાનું શ્રીમહાપ્રભુજી આ નામમાં જણાવે છે.)

આ ગોપીજન પણ વિચારવા લાગ્યા કે પ્રભુ મને સાથે લઈ આવ્યા. આથી સમસ્ત ગોપીઓમાં હું શ્રેષ્ઠ છું. આથી પ્રભુએ મને જ માન-આદર દેશે. આથી તે પ્રભુને કહેવા લાગી કે હું થાકી ગઈ છું. મને તમારા ખભા પર બેસાડી દો. કૃષ્ણે કહ્યું ભલે બેસી જાવ. આ સાંભળી ગોપીજન જેવા પ્રભુના ખભે ચઢ્યા કે પ્રભુ અંતર્ધાન થઈ ગયા. આ રીતે પ્રભુએ આ ગોપીજનના દોષનું પણ નિવારણ કર્યું (૧૦-૩૦-૨૬ થી ૩૯)

પરમપ્રીતિસંગીત - સર્વાદ્ભૂતમહાગુણઃ ।
માનાપનોદનાક્રન્દ ગોપી દૃષ્ટિ મહોત્સવઃ ॥૧૮૪॥

(૮૫૬) પરમપ્રીતિસંગીતસર્વાદ્ભુતમહાગુણઃ = અત્યંત પ્રેમ સાથે ઉત્તમ રીતે ગવાયેલા અને સર્વથી વધુ આશ્ચર્યજનક મહાગુણોને ધારણ કરનારા.

ગોપીજનોના રોમેરોમ કૃષ્ણની પ્રતીક્ષા કરતા હતા. શ્રીકૃષ્ણની ભાવનામાં તે બધા ડૂબી ગયા હતા. યમુનાજીના પાવન પુલિન-રમણ રેતીમાં તે પાછા ફર્યા. એક સાથે શ્રીકૃષ્ણના ગુણોનું ગાન કરવા લાગ્યા. આ ગીત 'ગોપીગીત' (૧૦-૩૧) તરીકે ઓળખાય છે. ગોપીજનો ગાય છે કે વ્રજની મહિમા આપના જન્મથી વધી છે. લક્ષ્મીજી પણ અહીં નિત્ય વસવા લાગ્યા છે. પ્રભુને સ્વામી કહી પોતે દાસી છે તેમ કહે છે. પ્રભુને પુરુષ શિરોમણી કહે છે. આ રીતે ગોપીગીતમાં ભગવાનના સર્વ અદ્ભુત અને મહાન દિવ્ય ગુણોનું ગાન ગોપીજનોએ કર્યું હતું.

(૮૫૭) માનાપનોદનાક્રન્દગોપીદૃષ્ટિમહોત્સવઃ = ગોપીજનોનું અભિમાન દૂર થતાં તેઓએ આક્રન્દ (રૂદન) કર્યું. આથી કૃષ્ણ તેમની સમીપમાં પ્રકટ થયા અને ગોપીજનોના નયનોને જે આનંદ પ્રાપ્ત થયો તેવા કૃષ્ણ.

ગોપીજનોને ભગવાનના વિરહનો આવેશ છે. તેઓ જુદા જુદા પ્રકારે ગાયી અને પ્રલાપ કરવા લાગ્યા. કૃષ્ણ દર્શનની લાલસા હતી. તેથી પોતાને રોકી શક્યા નહીં. કરૂણાજનક સુમધુર સ્વરથી તેઓ રોવા લાગ્યા. તે વખતે ભગવાન તેમની વચ્ચે પ્રકટ થયા. પ્રભુનું મુખ કમલ મંદ મંદ હાસ્યથી ખીલેલું હતું. ગળામાં વનમાળા હતી. પીતાંબર ધારણ કર્યું હતું. આપનું સ્વરૂપ કામદેવને પણ ઝાંખું પાડે તેવું હતું. પ્રભુના દર્શન કરી ગોપીજનોના નેત્ર પ્રેમ અને આનંદથી ખીલી ઉઠ્યા. ગોપીજનોના જાણે કે પ્રાણ હીન શરીરમાં દિવ્ય પ્રાણોનો સંચાર થયો. તેમના પ્રત્યેક અંગમાં નવીન ચેતના આવી ગઈ. આ રીતે ગોપીજનોના નયનોને મહા આનંદ-મહાન ઉત્સવ થયો.

ગોપિકા વ્યાપ્ત સર્વાંગઃ સ્ત્રી સંભાષા વિશારદઃ ।
રાસોત્સવ મહાસૌખ્ય ગોપીસંભોગ સાગરઃ ॥૧૮૫॥

(૮૫૮) ગોપિકાવ્યાપ્તસર્વાંગઃ = જેમના સર્વ અંગો ગોપીઓનાં અંગઅંગથી વ્યાપક થયેલા છે એવા શ્રીકૃષ્ણ.

અંતર્ધાન થયેલ પ્રભુ શ્રી ગોપીજનો વચ્ચે પ્રકટ થયા. ગોપીજનોના પ્રત્યેક અંગોમાં સ્ફૂર્તિ આવી ગઈ. એક ગોપીજને શ્રીકૃષ્ણના કરકમલને પોતાના હાથમાં લઈ ધીરે ધીરે પંપાળવા લાગ્યા. બીજા ગોપીજને પ્રભુનો ભુજદંડ પોતાના સ્કંધ પર રાખ્યો. ત્રીજા ગોપીજને પ્રભુનું ચર્વિત તાંબુલ પોતાના હાથમાં લીધું. ચોથા ગોપીજન કટાક્ષ બાણોથી પ્રભુને વીંધતા હોય તેમ તાકી રહ્યા. છઠ્ઠા ગોપીજન પોતાના નેત્રોથી પ્રભુના મુખકમલના મકરંદનું પાન કરતા રહ્યા, સાતમા ગોપીજને નેત્રથી પ્રભુને પોતાના હૃદયમાં પધરાવી દીધા.

આ રીતે ગોપીજનોનું દુઃખ દૂર થયું. બધા શાંતિના સમુદ્રમાં ડુબવા લાગ્યા. ગોપીજનો વચ્ચે શ્રીકૃષ્ણની શોભા ઘણી વધી ગઈ. પ્રભુ બધાને લઈ યમુનાજીના પુલિનમાં પ્રવેશ્યા. શ્રીયમુનાજીએ પોતાની લહેરો રૂપી હસ્તોથી ભગવાનની લીલા માટે વાલુકાનો રંગમંચ સિદ્ધ કર્યો. ગોપીજનોએ શ્રીકૃષ્ણના દર્શન કર્યા હતા તેથી તેમની આધિવ્યાધિ દૂર થઈ હતી. ગોપીજનો

પૂર્ણકામ થઈ ગયા. પોતાના વક્ષઃસ્થલ પર ધરેલ ઉત્તરીય વસ્ત્ર (ઓઢણી)ને પ્રભુને બિરાજવા માટે પાથરી દીધું. પ્રભુ તે વસ્ત્ર પર બિરાજ્યા. પ્રભુ હવે ખૂબ શોભવા લાગ્યા. આથી ગોપીજનોમાં પણ પ્રેમ અને આંકાક્ષા વધવા લાગ્યા. ગોપીજનોએ તેમની મંદ મુસ્કાન, તીરછી ભ્રમરો અને વિલાસપૂર્ણ દૃષ્ટિથી પ્રભુનું સમ્માન કર્યું. કોઈક ગોપીજનોએ પ્રભુના ચરણકમલો પોતાની ગોદમાં પધરાવ્યા. તો કોઈકે કરકમલોને પધરાવ્યા.

આ રીતે પ્રભુના સર્વ અંગો ગોપીજનોના અંગઅંગથી વ્યાપ્ત થયા.

(૮૫૯) સ્ત્રીસંભાષાવિશારદઃ = સ્ત્રીઓ સાથે સુંદર ભાષણ કરવામાં ચતુર

શ્રી ગોપીજનોએ પ્રભુને પોતાના ઉત્તરીય વસ્ત્ર પર બિરજાવ્યા. ગોપી પરિષદમાં ગોપીજન શ્રીઠાકોરજીને પૂછે છે 'કેટલાક લોકો એવા છે જે પ્રેમ કરવાવાળાને જ પ્રેમ કરે છે. કેટલાક લોકો પ્રેમ ન કરનારાને પણ પ્રેમ કરે છે. પણ કોઈક કોઈક આ બંનેમાંથી કોઈને પ્રેમ કરતા નથી. પ્રભુ આ ત્રણમાંથી આપને કોણ સારો લાગે છે?'

ભગવાન ગોપીજનોને આ પ્રશ્નોનો ઉત્તર આપે છે. 'જે પ્રેમ કરનારને પ્રેમ કરે છે તેમાં તો સ્વાર્થ છે. તેમાં બીજું કંઈ પ્રયોજન નથી. સ્વભાવથી જ કરૂણાશીલ સજ્જનો પ્રેમ ન કરનારને પણ પ્રેમ કરે છે. તેમના વ્યવહારમાં છળ નથી. તે જ સત્ય અને પૂર્ણ છે. ચાર પ્રકારના લોકો એવા છે જે પ્રેમ કરનારને પણ પ્રેમ નથી કરતા. આથી પ્રેમ ન કરનારને તો પ્રેમ ક્યાંથી કરે? (૧) જે પોતાના સ્વરૂપમાં જ મસ્ત છે. (૨) જે કૃત્ય કૃત્ય થઈ ગયા છે (૩) જેને ખબર નથી કે તેમને કોણ પ્રેમ કરે છે? (૪) જાણી જોઈને પરોપકારી ગુરુતુલ્ય લોકોનો દ્રોહ કરે છે.'

શ્રીઠાકોરજી હવે પોતાના વિષે ગોપીજનોને કહે છે 'હું પ્રેમ કરનારાઓ સાથે જેવો વ્યવહાર કરવો જોઈએ તેવા કરતો નથી. મને પ્રેમ કરનારની ચિત્તવૃત્તિ મારામાં જ લાગેલી રહે તેથી હું આવું કરું છું. તમે લોક-વેદ મર્યાદા છોડી, સગા-સંબંધી છોડ્યા. આવી પરિસ્થિતિમાં તમારી મનોવૃત્તિ મારામાં જ લાગેલી રહે તેથી જ હું છુપાઈ ગયો હતો. પરોક્ષ રૂપથી તો હું તમને પ્રેમ કરતો જ હતો. તમે બધા જ મને વ્હાલા છો. હું તમને વ્હાલો છું

– તમારા પ્રેમનો બદલો હું ચુકવી શકું તેમ નથી. હું જન્મોજન્મ તમારો ઋણી છું.'

શ્રીકૃષ્ણના આ ઉત્તરો દર્શાવે છે કે સ્ત્રીઓ સાથેની વાતચીતમાં આપ કેટલા ચતુર છે.

(૮૬૦) રાસોત્સવમહાસૌખ્યગોપીસંભોગસાગરઃ = રાસોત્સવના મહાસુખને ગોપીજનોને સંભોગ – સારી રીતે ઉપભોગ થાય તે માટે સાગર-સમુદ્ર જેવા પરિપૂર્ણ પરમાત્મા.

પ્રભુની મધુર વાણીથી ગોપીજનોનો વિરહ તાપ જતો રહ્યો. ગોપીજનો એક બીજાના હાથમાં હાથ પરોવી ઊભા રહ્યા. યમુનાજીના પુલિનમાં ભગવાને આ સ્ત્રીરત્નો સાથે રસમયી રાસક્રીડાનો પ્રારંભ કર્યો. બે ગોપીજનોની વચ્ચે કૃષ્ણ પ્રકટ થઈ ગયા. બધા ગોપીજનોને લાગતું કે કૃષ્ણ અમારી પાસે જ છે. શ્રીકૃષ્ણનો દિવ્ય રાસોત્સવ શરૂ થયો.

રાસક્રીડાનું વર્ણન ૧૦-૩૩માં વિગતવાર છે. તે ક્રીડા દિવ્ય શૃંગાર રસની-સ્વરૂપાનંદના દાનની છે. આ લીલામાં લૌકિક શૃંગાર જેવો ભાસ થાય છે છતાં લૌકિક કામનો અંશ પણ નથી. આ દિવ્ય અલૌકિક ક્રીડા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'ક્રિયા સર્વત્ર સાચે વ પરં કામો ન વિદ્યતે.' આ લીલામાં આત્મારામ ભગવાનનું બાલકની માફક પોતાના જ પ્રતિબિંબ સાથે રમણ છે. શ્રીશુકદેવજી આ પ્રસંગમાં શ્રીકૃષ્ણ માટે શબ્દો વાપરે છે 'રેમે સ્વયં સ્વરતિઃ । આત્મન્યવરુદ્ધસૌરતઃ'

આ રાસપંચાધ્યાયીના પાઠની ફલશ્રુતિમાં ભગવાનની પરાભક્તિની પ્રાપ્તિ થતા હૃદ રોગ – કામનો પૂર્ણ ત્યાગ એવું દર્શાવ્યું છે. આનાથી સમજી શકાય છે કે આ લીલા દિવ્ય-અતીન્દ્રિય અને આત્માના આત્મા સાથે રમણના સ્વરૂપની છે.

જલસ્થલ રતિવ્યાસ ગોપીદૃષ્ટ્યભિપૂજિતઃ ।
શાસ્ત્રાનપેક્ષ કામૈક મુક્તિદ્વાર વિવર્ધનઃ ॥૧૮૬॥

(૮૬૧) જલસ્થલરતિવ્યાસગોપીદૃષ્ટ્યભિપૂજિતઃ = જલ અને સ્થલ આ બંને સ્થાનોમાં થયેલી ક્રીડાઓથી પરિપૂર્ણ રીતે પ્રસન્ન થયેલાં

ગોપીજનોની દૃષ્ટિ વડે પૂજાયેલા.

જલ એટલે યમુનાજી અને સ્થલ એટલે શ્રીયમુનાજીના કિનારાનો ભાગ. વૃંદાવન-પ્રભુએ આ બંને સ્થળે ક્રીડાઓ કરી છે.

વૃંદાવનની ભૂમિ પર રાસ ક્રીડા થઈ. પોતાનો થાક દૂર કરવા પ્રભુ યમુનાજલમાં પ્રવેશ્યા. સાથે ગોપીજનો પણ પ્રવેશ્યા અને ત્યાં જલ ક્રીડા થઈ. આત્મારામ પ્રભુએ ગજરાજ જેવો જલવિહાર કર્યો. ત્યાર પછી પ્રભુ અને ગોપીજનો યમુનાતટના ઉપવનમાં ગયા. આ ક્રીડાઓથી ગોપીજનો અત્યંત પ્રસન્ન થયા. પોતાની દૃષ્ટિથી પ્રભુ તરફ પ્રેમપૂર્વક કટાક્ષ કરવા લાગ્યા.

(૮૬૨) શાસ્ત્રાનપેક્ષકામૈકમુક્તિદ્વારવિવર્ધનઃ = શાસ્ત્રની અપેક્ષા વિના કેવળ પ્રેમલક્ષણા ભક્તિના સ્વરૂપની કામનાઓ દ્વારા મુક્તિના દ્વારને ખોલનારા.

શાસ્ત્રોના વિધિ નિષેધો સાથે વૈદિક ધર્મોનું અનુષ્ઠાન સાધન ભક્તિ સાથે કરવાથી મુક્તિ મળે છે એ સિદ્ધાંત તો પરંપરાગત જાણીતો છે. પરંતુ ધર્મશાસ્ત્રોના આદેશોના પાલનની અપેક્ષા રાખ્યા વિના સ્વતંત્ર રીતે કેવળ કામનો સંતોષ થવા સારુ જે પ્રેમલક્ષણા ભક્તિનો આવિર્ભાવ થાય તેનાથી પણ મુક્તિનો દરવાજો ઉઘાડો કરી આપનારા શ્રીકૃષ્ણ છે.

પરિક્ષિત રાજાને શંકા થઈ હતી કે શ્રીકૃષ્ણને ગોપીજનો પોતાના કાન્ત તરીકે માનતા હતા. બ્રહ્મ તરીકે નહીં, છતાં તેમનો ગુણ પ્રવાહ કેવી રીતે શાન્ત થયો? આ પ્રશ્નની શંકાના ઉત્તરમાં શ્રીશુકદેવજી રાજાને સમજાવે છે કે શ્રીહરિ-શ્રીકૃષ્ણમાં કામ, ક્રોધ ભય વગેરે રાખવામાં આવે તો તેથી ભગવાન સાથે તન્મયતા પ્રાપ્ત થાય છે અને તે તન્મયતાથી સ્વરૂપ પ્રાપ્તિ થાય છે. (૧૦-૨૯ શ્લોક ૧૩ થી ૧૭)

વસ્ત્ર હરણ લીલા પ્રસંગે શ્રીકૃષ્ણે સ્વમુખે ગોપીજનોને રહસ્ય બતાવ્યું છે કે મારામાં તન્મયતાવાળી બુદ્ધિ જેમની થઈ હોય તેમનો કામ, કામ તરીકે સમર્થ રહેતો નથી. શેકેલા કે ઉકાળેલા અનાજ વગેરે દાણાનો બીજ તરીકે ઉપયોગ થઈ શકતો નથી.

પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા અથવા કોઈ પણ ભાવની તીવ્ર ઉત્કટતા અને

તીવ્રતા દ્વારા ભગવાન સાથે તાદાત્મ્ય થવાથી મુક્તિ મળે છે એવો પ્રમેય માર્ગનો શાસ્ત્રીય સિદ્ધાંત છે. તે સિદ્ધાંત પ્રમાણ માર્ગથી તદ્દન વિલક્ષણ હોવા છતાં તદ્દન સાચો છે. આવા ભાગવત ધર્મના પ્રમેય માર્ગ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ જીવમાત્રનો ઉદ્ધાર કરવા સમર્થ છે. એ રીતે ભગવાનના આ નામનું તાત્પર્ય છે. આ નામમાં ભાગવત ધર્મનું હાર્દ અત્યંત સંક્ષેપમાં સમાયેલું છે. આ ભાગવત ધર્મના પ્રવર્તક ભગવાન સ્વયં છે.

સુદર્શન મહાસર્પ ગ્રસ્ત નન્દવિમોચકઃ ।
ગીતમોહિત ગોપીધૃક્-શંખચૂડ વિનાશકઃ ॥૧૮૭॥

(૮૬૩) સુદર્શનમહાસર્પગ્રસ્તનન્દવિમોચકઃ = સુદર્શન નામના મહાન અજગરથી ગળાયેલા નંદજીને છોડાવનારા.

એકવાર શિવરાત્રીનો અવસર આવ્યો. નંદબાવા અને ગોપોએ અંબિકાવનની યાત્રા કરી. ત્યાં બધાએ સરસ્વતી નદીમાં સ્નાન કર્યું અને શંકર ભગવાન તથા અમ્બિકાજીનું પૂજન કર્યું. બધાનો ઉપવાસ હતો. જળ પીને રાત્રે નદીના તટ પર સૂઈ ગયા.

અંબિકા વનમાં એક અજગર હતો. તે ભૂખ્યો હતો. તે અહીંથી નીકળ્યો અને સૂતા નંદજીને પકડી લીધા. નંદબાવા કૃષ્ણને પોકારવા લાગ્યા. શ્રીકૃષ્ણની શરણાગતિ કરી. ગોવાળિયા જાગ્યા. અજગરને જોયો. લાકડીઓથી મારવા લાગ્યા. પણ અજગરે નંદજીને છોડ્યા નહીં. કૃષ્ણ ભગવાન પધાર્યા.

પોતાના ચરણોથી તે અજગરન સ્પર્શ્યો. તે જ વખતે અજગરના બધા અશુભ ભસ્મ થઈ ગયા. અજગરનું શરીર છોડી વિદ્યાધર બની ગયો.

પૂર્વ જન્મમાં તેનું નામ સુદર્શન હતું. અંગિરા ગોત્રના કુરૂપ ઋષિઓની મશ્કરી કરી. તેથી તેને અજગર યોનિનો શાપ મળેલો.

(૮૬૪) ગીતમોહિતગોપીધૃક્શંખચૂડવિનાશકઃ = શ્રીકૃષ્ણની મુરલીના ગાનથી મોહિત થયેલા ગોપીજનોને હરણ કરનાર શંખચૂડનો વધ કરનારા.

એક સમયે શ્રીકૃષ્ણ અને બલરામ રાત્રિના સમયે ગોપીજનો સાથે વિહાર કરતા હતા. ગોપીજનો પ્રભુના ગુણગાન ગાતા હતા. આ વખતે કૃષ્ણ અને

બલરામે એક સાથે મળીને રાગ આલાપ્યો. રાગમાં સ્વરોનો આરોહ-અવરોહ સુંદર લાગતો હતો. આ ગાન સાંભળી ગોપીજનો મોહિત થઈ ગયા. તેમને તેમના શરીરની સુધ પણ ન રહી.

આ વખતે ત્યાં શંખચૂડ નામ યક્ષ આવ્યો. તે કૂબેરનો સેવક હતો. તે ગોપીજનોને લઈને ઉત્તર દિશામાં ભાગવા લાગ્યો. ગોપીજનો ચીસો પાડવા લાગ્યા. બંને ભાઈઓએ આ જોયું. તેઓ શંખચૂડ તરફ દોડ્યા. તેમના હાથમાં શાલનું વૃક્ષ લીધું અને વેગથી દોડતા શંખચૂડ પાસે પહોંચ્યા.

યક્ષે જોયું. તેને લાગ્યું કે આ બંને ભાઈઓ મારો કાળ બનીને આવ્યા છે. તેણે ગોપીજનોને ત્યાં છોડી દીધા અને પ્રાણ બચાવવા ભાગ્યો. પ્રભુએ બલરામજીને ગોપીજનોની રક્ષા માટે રોક્યા અને આપ યક્ષની પાછળ દોડ્યા. થોડા અંતરે શંખ ચૂડને પકડ્યો. દુષ્ટના માથે મુક્કો માર્યો. યક્ષના માથે રહેલ ચૂડામણિ સહિત તેના માથાને ધડથી અલગ કરી દીધું. આ રીતે શંખચૂડને મારી ને મણિ લઈ લીધો. ગોપીજનો પાસે પાછા ફર્યા. મણિ બલરામજીને આપી દીધો. (૧૦-૩૪-૨૦ થી ૩૨)

ગુણસંગીત સંતુષ્ટિ-ગોપી સંસાર વિસ્મૃતિઃ ।
અરિષ્ટ મથનો દૈત્યબુદ્ધિ વ્યામોહકારકઃ ॥૧૮૮॥

(૮૬૫) ગુણસંગીતસંતુષ્ટિઃ = પોતાના ગુણોના સંગીતથી સંતુષ્ટ થયેલા.

ભગવાન કૃષ્ણ રોજ ગાયો ચરાવવા વનમાં જતાં. ગોપીજનોના ચિત્ત પણ પ્રભુ સાથે ચાલી જતા. એમનું મન શ્રીકૃષ્ણનું ચિંતન કરતું રહેતું અને વાણીથી તે પ્રભુની લીલાઓનું ગાન કરતાં. આ વખતે અંતર્યામી સ્વરૂપે ભગવાન તે ગાન સાંભળતા હતાં અને પ્રસન્ન થતા હતા. અહીં 'સંગીત' શબ્દ આવે છે તે ગોપીઓના યુગલગીતને અનુલક્ષીને યોજેલો જણાય છે. ૩૫મો અધ્યાય યુગલગીતનો છે.

(૮૬૬) ગોપીસંસારવિસ્મૃતિઃ = ગોપીજનોને સંસારની વિસ્મૃતિ કરાવનારા.

શ્રીગોપીજનો ગોવિંદના ગુણગાનમાં લીન થઈ જાય છે. પ્રભુ ગાયો ચરાવવા વૃંદાવનમાં ગયા છે. ગોપીજનો ઘરમાં રહીને આ લીલાઓ નિરખે છે અને પ્રભુના ગુણગાન ગાય છે.

અષ્ટસખા ગાય છે *'ધન્ય ધન્ય ગોકુલ હી ગોપિન, ઘર હી મેં બન કિનો.'* આથી જ ગોપીજનો યુગલગીતમાં પ્રભુની લીલાઓનું ગાન કરે છે.

પ્રભુ ગાયો ચરાવીને પાછા ફરી રહ્યા છે. ગોપીજનોને લાગે છે કે આપણી આશા-અભિલાષાઓ પૂર્ણ કરવા પ્રભુ આપણી પાસે આવી રહ્યા છે. ગ્વાલબાલોને વિદાય કરી રહ્યા છે. સંધ્યાનો સમય છે અને પ્રભુ મદભરી ચાલથી આપણી તરફ ચાલી રહ્યા છે.

શુકદેવજી આથી કહે છે કે ગોપીજનો બડભાગી છે. તેમનું મન શ્રીકૃષ્ણમાં લાગેલું રહે છે. તેઓ કૃષ્ણમય થઈ ગયા છે. શ્રીકૃષ્ણ દિવસે ગાયો ચરાવવા વનમાં જાય છે. આ વખતે ગોપીજનો તેમનું જ ચિંતન કર્યા કરે છે. પ્રભુની લીલાઓનું ગાન સખીઓ સાથે કરે છે. આ પ્રકારે તેમનો દિવસ વ્યતીત થાય છે (૧૦-૩૫-૨૬)

આવા મન અને ચિત્તવાળા ગોપીજનોને સંસાર વિસ્મૃતિ સાહજિક હતી.

(૮૬૭) અરિષ્ટમથનઃ = અરિષ્ટ નામના અસુરને હણનારા.

પ્રભુ વ્રજમાં પ્રવેશી રહ્યા હતા. આ વખતે અરિષ્ટાસુર નામનો એક દૈત્ય બળદનું રૂપ ધારણ કરીને આવ્યો. તેનું શરીર ભારેખમ હતું. તેના ચાલવાથી ધરતી કાંપતી હતી. તે આમ તેમ દોડતો હતો. તેથી ખેતરોની વાડ પણ તૂટી જતી. તે જોરથી ગર્જના કરતો હતો. તેના શિંગડા અણીદાર હતા. ગોપ, ગોપી અને પશુઓ ભયભીત થઈ ગયા.

ગભરાયેલા વ્રજવાસીઓ શ્રીકૃષ્ણના શરણમાં ગયા. અરિષ્ટથી બચાવવા વિનંતી કરી. પ્રભુએ તેમને સાંત્વન આપ્યું અને વૃષાસુરને લલકાર્યો. પ્રભુ તેમના એક સખાના ગળામાં હાથ પરોવીને ઊભા રહ્યા. આથી અરિષ્ટ ક્રોધિત થયો. અરિષ્ટે આને ભગવાનની ચુનૌતી માની. તે કૃષ્ણ તરફ દોડ્યો. કૃષ્ણે તેના બે શિંગડા પકડીને તેને અઢાર પગ જેટલો પાછળ ઠેલીને પાડી દીધો. પાછો તે તરત ઉભો થયો. ક્રોધ કરીને ફરી હુમલો કર્યો. પ્રભુએ ફરી તેના બે શિંગડા પકડ્યા. તેને લાત મારી. જમીન પર પાડી દીધો. પગથી દબાવી તેને કચડી નાખ્યો. તેના શિંગડા ઉખેડી નાખ્યા અને તેને

ખૂબ માર્યો. અરિષ્ટ ત્યાં જ પડી રહ્યો. તે પગને પછાડવા લાગ્યો. તેની આંખો ફાટી ગઈ. તેના પ્રાણ છૂટી ગયા. આમ પ્રભુએ બળદના રૂપમાં આવેલ અરિષ્ટને મારી નાંખ્યો. ગોવાળીયાઓ તેમની પ્રશંસા કરવા લાગ્યા. (૧૦-૩૬-૧ થી ૧૫)

(૮૬૮) દૈત્યબુદ્ધિવ્યામોહકારકઃ = દૈત્ય કંસરાજને નારદજીના વચનો દ્વારા બુદ્ધિમાં વ્યામોહ કરાવનાર.

નારદજીએ કંસને કહ્યું કે વસુદેવજીએ પ્રપંચ કરી નંદરાયજીને ત્યાં સ્થાપન કર્યો છે. કંસની બુદ્ધિમાં ભેદ થયો. તેને જાણ્યું કે વસુદેવનો મુખ્ય અપરાધ છે. આથી કંસે વસુદેવજી અને દેવકીજીને લોહના પાશથી બંધિયાર કર્યા હતા. આ ઉપરાંત કૃષ્ણને મારી નાખવા માટે મથુરામાં લાવવાનું કાવતરું કંસે ગોઠવ્યું હતું.

અરિષ્ટ અસુરને કૃષ્ણે માર્યો. નારદજી કંસની પાસે પહોંચ્યા. કંસને કહ્યું કે જે કન્યા તારા હાથથી છૂટી આકાશમાં ગઈ હતી તે યશોદાની પુત્રી હતી. વ્રજમાં શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે. બલરામજી રોહિણીના પુત્ર છે. વસુદેવજીએ તારા ડરથી એ બંનેને નંદજીના ત્યાં રાખ્યા છે. એ બંનેએ તમારા અનુચર દૈત્યોનો વધ કર્યો છે. કંસ ક્રોધિત થયો. કૃષ્ણને મારવા ધનુષયજ્ઞના પ્રારંભનો વિચાર કર્યો.

કંસ અત્યાચારો કરશે તો તેના પાપનો ઘડો જલદી ભરાશે. તેથી તેનો વધ વહેલો થશે. આથી નારદજીએ વસુદેવજી વિરૂદ્ધ કંસને ઉશ્કેરવાની તજવીજ કરી. આથી કંસની બુદ્ધિમાં ઉગ્ર પાપો કરવાનો વ્યામોહ પેદા થયો. આ વ્યામોહ શ્રીકૃષ્ણે જ નારદજી દ્વારા કરાવ્યો હતો.

કેશીઘાતી નારદેષ્ટઃ વ્યોમાસુર વિનાશકઃ ।
અક્રૂર ભક્તિસંરાદ્ધ પાદરેણુ મહાનિધિઃ ॥૧૮૯॥

(૮૬૯) કેશીઘાતીઃ = કેશી દૈત્યને મારનારા.

કંસને કેશી નામના દૈત્યને વ્રજમાં મોકલ્યો. તે કૃષ્ણને મારવા માટે દોડતો વ્રજમાં આવ્યો. તેણો ઘોડાનું રૂપ લીધું હતું. તે તેના પગલાઓથી ધરતીને ખોદતો આવ્યો. તે ભયાનક રીતે હણહણતો હતો. તેનાથી બધા કાંપવા લાગ્યા. મોટી આંખો હતી. મોટી ગરદન હતી. શરીર વિશાળ હતું. તેને જોઈને જ ડર લાગે એવું હતું.

પ્રભુએ જોયું કે ગોકુલ આનાથી ભયભીત થઈ ગયું છે. કૃષ્ણે જોયું કે દૈત્ય લડવા માટે કોઈને શોધે છે. પ્રભુ જ તેની સામે આવી ગયા અને તેને લલકાર્યો. ભગવાનને સામે આવેલા જોઈ તે ચિડાયો અને મોં ફાડીને પ્રભુ તરફ દોડ્યો. આવીને તેણે પ્રભુ તરફ બે લાતો મારી. પ્રભુએ પોતાની જાતને બચાવી. પ્રભુએ બે હાથથી તેના પાછલા બે પગ પકડ્યા. ક્રોધથી તેને ઘુમાવ્યો અને ચાર સો હાથ દૂર ફેંકી દીધો.

થોડીવાર પછી કેશી સચેત થયો. ઊભો થયો. ક્રોધથી ભગવાન તરફ દોડ્યો. તેણે મોં ફાડેલું હતું. ભગવાન હસ્યા. પોતાનો ડાબો હાથ તે દૈત્યના મ્હોમાં નાંખી દીધો. કેશીના દાંત તૂટી ગયા. પ્રભુએ કેશીના મ્હોમાં હાથ લંબાવ્યો. પ્રભુનો હાથ એટલો વધી ગયો કે તેને શ્વાસોચ્છ્વાસ લેવો ફાવ્યો જ નહીં. તેનો શ્વાસ ઘુંટાવા લાગ્યો. તે નિશ્ચેત થઈ પૃથ્વી પર પડ્યો. તેના પ્રાણ નીકળી ગયા. પ્રભુ તેના શરીરમાંથી પોતાનો ભુજદંડ ખેંચી લીધો. આમ વગર પ્રયત્ને જ આ શત્રુનો નાશ થયો.

(૮૭૦) નારદેષ્ટઃ = નારદજીના પ્રિય પ્રભુ

કેશી દૈત્યના વધ પછી નારદજી કંસ પાસેથી કૃષ્ણ પાસે આવ્યા. પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. પ્રભુને કહેવા લાગ્યા કે આપ યોગેશ્વર છો. આપનું સ્વરૂપ મન અને વાણીનો વિષય નથી. જગતનું નિયંત્રણ કરો છો. બધાના હૃદયમાં આપ નિવાસ કરો છો. નારજીએ શ્રીકૃષ્ણ ભવિષ્યમાં જે ચરિત્રો કરવાના હતા તેનું પણ વર્ણન કરવા લાગ્યા. આમ શ્રીકૃષ્ણ નારદજીના પ્રિય છે.

બીજો અર્થ એ થાય કે નારદજીની અભિલાષા હતી કે કંસનો નાશ થાય. શ્રીકૃષ્ણ દ્વારા નારદજીની આ ઈષ્ટ અભિલાષા સિદ્ધ થવાની છે.

(૮૭૧) વ્યોમાસુરવિનાશકઃ = વ્યોમાસુરનો નાશ કરનારા.

કેશીના મરવાથી ગ્વાલબાલ ભય રહિત થયા. ફરીથી પ્રભુ સાથે પશુપાલનના કામમાં લાગ્યા. એક વાર ગ્વાલબાલ પશુઓને ચરાવતા હતા. પહાડની ટોચ પર તે બધા હતા. ત્યાં બધા ચોર અને રક્ષકની રમત રમતા

હતા. આમાં કેટલાક ગ્વાલ ચોર બન્યા. કેટલાક રક્ષક બન્યા તો કેટલાક પશુ બન્યા. આ પ્રકારની રમત ચાલતી હતી. તે વખતે વ્યોમાસુર ત્યાં આવ્યો. તે મય દાનવનો પુત્ર હતો. સ્વયં માયાવી હતો. તેણે ગ્વાલનો વેષ ધર્યો. તે રમતમાં ચોર બન્યો. પશુ બનેલા બાળકોને તે ચોરતો. પહાડની ગુફામાં પૂરી દેતો અને ગુફાનો દરવાજો મોટા પત્થરથી ઢાંકી દેતો. આ રીતે માત્ર ચાર-પાંચ બાળકો બચ્યા.

ભગવાને વ્યોમાસુરનું દુષ્ટ કામ જાણ્યું. વ્યોમાસુર એક બાળકને ઉઠાવી જતો હતો ત્યારે પ્રભુએ તેને ગર્વથી પકડી લીધો અને ગળું દબાવા લાગ્યા. વ્યોમાસુરે પોતાનું સ્વરૂપ પહાડ જેવું કર્યું. છૂટવાનો પ્રયત્ન કર્યો. પણ પ્રભુના સંકજામાંથી તે છૂટી ન શક્યો. ભગવાને બે હાથથી જકડી તેને જમીન પર પાડી દીધો અને ગળું દબાવીને મારી નાંખ્યો. પ્રભુએ ગુફાના દ્વારનો પત્થર હટાવ્યો અને ગ્વાલબાલોને બહાર લઈ આવ્યા. દેવતાઓ વિમાનમાં બેસી પ્રભુની આ લીલા જોતા હતા. દેવતા અને ગ્વાલબાલ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં પાછા ફર્યા.

(૮૭૨) અક્રૂરભક્તિસંરાદ્ધપાદરેણુમહાનિધિઃ = અક્રૂરજીએ પૂર્ણ ભક્તિથી જેમની ચરણ રજ રૂપી મહાનિધિ (મહાભંડાર)નું આરાધન કરેલું છે એવા શ્રીકૃષ્ણ.

કંસને કૃષ્ણ-બલરામને ધનુષ્યયાગમાં બોલાવવા છે. આ કાર્ય તે અક્રૂરજીને સોંપે છે. સવારે અક્રૂરજી રથ પર સવાર થઈ ગોકુલ તરફ જવા નીકળે છે. વ્રજની યાત્રા કરતા રસ્તામાં ભગવાન શ્રીકૃષ્ણની પ્રેમમયી ભક્તિથી પરિપૂર્ણ થઈ ગયા.

અક્રૂરજી શ્વફલ્કજીના પુત્ર છે. માર્ગમાં તે પ્રભુના અને બલરામજીના ચિંતનમાં ડૂબી ગયા હતા. સાંજ થઈ હતી. તે નંદગાવ પહોંચ્યા. અક્રૂરજીએ ગોષ્ઠમાં પ્રભુના ચરણ ચિહ્નોના દર્શન કર્યા. ચરણમાં કમલ, યવ, અંકુશ વગેરે ચિહ્નો પૃથ્વીની શોભામાં વધારો કરતા હતા. બધા જ લોકપાલો આ રજને વંદન કરે છે.

આવા ચરણચિહ્નોના દર્શન કરતાં જ અક્રૂરજીના હૃદયમાં ખૂબ આલ્હાદ થયો. પોતાની જાતને તે સંભાળી શક્યા નહીં. વિહ્વળ થઈ ગયા. પ્રેમના આવેગથી તેમના રોમે રોમ ખિલી ઊઠ્યા. નેત્રોમાં આંસુ ભરાયા. ટપકવા લાગ્યા. તેઓ રથમાંથી કૂદી પડ્યા અને ધૂળમાં આળોટવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આ અમારા પ્રભુના ચરણોની રજ છે.

ભગવાનની ચરણરજને તેઓ નવનિધિ કરતાં પણ વધુ અમૂલ્ય એટલે મહાનિધિ રૂપ ગણતા હતા.

રથાવરોહશુદ્ધાત્મા ગોપીમાનસહારકઃ ।
હૃદસંદર્શિતાઽશેષ વૈકુણ્ઠાક્રૂર સંસ્તુતઃ ॥૧૯૦॥

(૮૭૩) રથાવરોહશુદ્ધાત્મા = રથ ઉપર બિરાજતી વખતે શુદ્ધ-વિકાર રહિત જેમનો આત્મા - અંતઃ કરણ છે એવા પ્રભુ.

અક્રૂર સાથે મથુરાનગરમાં પધારતી વખતે આપ રથમાં વિરાજીત થયા ત્યારે સર્વ ગોપીજનો તેમના માર્ગને રૂંધી મર્મમાં કટાક્ષપૂર્વક અનેક રીતે વચનો કહી ભાવો દર્શાવવા લાગ્યા. છતાં તેનાથી આપ લેશમાત્ર વિકારયુક્ત ન થયા. ધૈર્ય રાખીને રથને ચલાવવાની પ્રેરણા કરવા લાગ્યા.

(૮૭૪) ગોપીમાનસહારકઃ = ગોપીજનોના મનને હરણ કરનારા.

ગોપીજનોએ જાણ્યું કે અક્રૂરજી મથુરાથી વ્રજમાં આવ્યા છે. તે શ્રીકૃષ્ણ અને બલરામજીને મથુરા લઈ જવા આવ્યા છે. આ સાંભળી તેમને ખૂબ વ્યથા થઈ. તે વ્યાકુલ થઈ ગયા. તેમના મુખ કમલ વિલાઈ ગયા. તે બધા ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરવા લાગ્યા. સંસારનું તેમને ધ્યાન ન રહ્યું. ગોપીજનોને શ્રીકૃષ્ણનો પ્રેમ, મંદ હાસ્ય અને મધુર વાણીનું સ્મરણ થયું. તે બધા મોહિત થઈ ગયા.

ભગવાનની લટકીલી ચાલ, પ્રેમ ભરેલું હાસ્ય, દૃષ્ટિ અને મજાકનું ચિંતન ગોપીજનો કરવા લાગ્યા. આથી વિરહનો ભય તેમને થયો. ગોપીજનોનું જીવન પ્રભુને સમર્પિત હતું.

ગોપીજનો પરસ્પર વાત કરી રહ્યા હતા. પણ તેમનું મન શ્રીકૃષ્ણનો સ્પર્શ કરતું હતું. આલિંગન કરતું હતું. વિરહની સંભાવનાથી તે અત્યંત વ્યાકુલ થઈ ગયા હતા. લાજ છોડીને ઉંચા અવાજે ભગવાનને 'હે ગોવિંદ! હે દામોદર! હે માધવ!' એમ પોકારીને સુલલિત સ્વરથી રોવા લાગ્યા.

(૮૭૫) હ્રદસંદર્શિતાડશેષવૈકુણ્ઠાક્રૂરસંસ્તુતઃ = બ્રહ્મ હ્રદમાં સ્નાન કરતાં સંપૂર્ણ વૈકુંઠનું દર્શન પામેલા અક્રૂરજી વડે સારી રીતે સ્તુતિ કરાયેલા પ્રભુ

શ્રીકૃષ્ણ અને બલરામજી અક્રૂરજીની સાથે રથમાં સવાર થયા. યમુનાજીના કિનારે આવ્યા. અહીં તે બધાએ હાથ મોં ધોઈ યમુનાજીનું જલ પીધું. ત્યાર પછી પ્રભુ અને બલરામજી રથમાં બિરાજ્યા. અક્રૂરજી બંને ભાઈની આજ્ઞા લઈ. યમુનાજીના બ્રહ્મહ્રદમાં સ્નાન કરવા લાગ્યા. તેમણે ડૂબકી લગાવી. જલમાં તેમણે શ્રીકૃષ્ણ બલરામજીને એક સાથે બેઠેલા જોયા. તે વિચારવા લાગ્યા કે આ બંને ભાઈઓ તો રથ પર છે. અહીં કઈ રીતે આવ્યા? કદાચ રથ પર હમણાં નહીં હોય. આવું વિચારી તેમણે માથું જલની બહાર કાઢ્યું. તો બંને ભાઈઓને રથ પર બિરાજેલા જોયા. તેમને થયું કે જલમાં જે જોયું તે મારો ભ્રમ હશે તેથી ફરી ડુબકી લગાવી. તો ત્યાં પણ શ્રીશેષજીના દર્શન કર્યા. અને શેષજીની ગોદમાં શ્યામના દર્શન થયા. શ્યામ ચતુર્ભુજ રૂપે દેખાયા – રેશમી પીતાંબર ધારણ કરેલું હતું. પ્રભુએ મુકુટ ધર્યો હતો. ચાર આયુધો ચાર ભુજામાં હતી. વક્ષઃ સ્થળે શ્રી વત્સ ચિહ્ન હતું. ગળામાં કૌસ્તુભ મણિ હતો. વનમાળા ધારણ કરેલા. પાર્ષદો, સનકાદિ, પ્રજાપતિઓ તથા દેવો તેમની સ્તુતિ કરતા હતા. બાર શક્તિઓ ભગવાનની સેવા કરતી હતી.

ભગવાનની કાર્યસાધક બાર શક્તિઓ - (૧) શ્રી લક્ષ્મી (૨) પુષ્ટિ (૩) સરસ્વતી (૪) કાન્તિ (૫) કીર્તિ (૬) તુષ્ટિ (૭) ઈલા-ભૂમિ (૮) ઉર્જા (૯) વિદ્યા (૧૦) અવિદ્યા (૧૧) શક્તિ (૧૨) માયા. (૧૦-૩૯-૫૫)

ભગવાનના આ ઝાંખી કરી અક્રૂરજીનું હૃદય પરમાનંદથી છલોછલ ભરાઈ ગયું. તેમને પરમ ભક્તિ પ્રાપ્ત થઈ. શરીરમાં હર્ષાવેશ થયો. પ્રેમભાવ જન્મ્યો. આંખમાંથી આંસૂ વહેવા લાગ્યા. તેમણે પ્રભુને પ્રણામ કર્યા અને સ્તુતિ કરવા લાગ્યા.

પ્રભુ! આપ જ પ્રકૃતિ વગેરે બધા કારણોના કારણ છો. અવિનાશી છો. પુરુષોત્તમ નારાયણ છો. આપના નાભિકમલથી બ્રહ્માજીનો આવિર્ભાવ થયો છે.

આ રીતે અક્રૂરજીએ સુંદર રીતે પ્રભુની સ્તુતિ કરી.

અશેષ=અ+શેષ. અ એટલે વાસુદેવ શ્રીકૃષ્ણ. શેષ એટલે બલદેવજી, વૈકુંઠ લોક. આમ ત્રણે વસ્તુઓને યમુનાજીના હ્રદ-ધરામાં અક્રૂરજીને દર્શાવનાર પરમાત્મા.

મથુરાગમનોત્સાહઃ મથુરા ભાગ્યભાજનમ્ ।
મથુરાનગરી શોભા દર્શનોત્સુક માનસઃ ॥૧૯૧॥

(૮૭૬) મથુરાગમનોત્સાહઃ = મથુરામાં જવાને માટે ઉત્સાહવાળા.

અક્રૂરજી નંદગામમાં નંદબાવાને મળ્યા. બલરામ-શ્રીકૃષ્ણે તેમનું સન્માન કર્યું. અક્રૂરજીને તેમના શુભઆગમનનું કારણ પૂછ્યું. અક્રૂરજીએ કહ્યું કે કંસે યદુવંશીઓથી વેર કર્યું છે. વસુદેવજીને મારવાનો પ્રયત્ન પણ કર્યો. અક્રૂરજીએ કંસનો સંદેશ સંભળાવ્યો. આ સાંભળી બંને ભાઈ હસવા લાગ્યા. અને પિતાને કંસની આજ્ઞા સંભળાવી. નંદબાવાએ ગોપોને ગોરસ એકત્ર કરવા તથા ગાડા તૈયાર કરવા કહ્યું. સવારે મથુરા જવાની આજ્ઞા કરી. કૃષ્ણને મથુરા જઈ કંસ વધ કરવો હતો. આથી કૃષ્ણને ઉત્સાહ હતો.

મથુરાપુરી તરફ જતી વખતે અક્રૂરજીને પણ પ્રભુ સાથે છે તેથી ઉત્સાહ ઉમંગ થાય છે.

(૮૭૭) મથુરાભાગ્યભાજનમ્ = મથુરા નગરીની સદ્‌ભાગ્યના સ્થાનરૂપ.

શ્રીકૃષ્ણ-બલરામજી મથુરામાં પધાર્યા. બીજા દિવસે ત્રીજા પ્રહરમાં બંને ભાઈઓ મથુરાપુરી જોવા નીકળ્યા. સાથે ગ્વાલબાલો હતા. મથુરાનગરી સુંદર લાગતી હતી. બધાએ નગરીમાં પ્રવેશ કર્યો. તે સમયે સ્ત્રીઓ તેમને જોવા ઝટપટ અટારી પર ચઢી ગઈ. ઉતાવળમાં વસ્ત્ર અને ઘરેણા ઉલટા પહેરી દીધા. આંખમાં અંજન આંજવા પણ ન રોકાયા. ભોજનનો કોળીયો બાજુ રાખી કેટલાક સ્ત્રીઓ ચાલવા લાગી.

ભગવાન કૃષ્ણ ગજગતિ ચાલથી પધારતા હતા. પ્રભુના મધુર હાસ્ય અને પ્રેમભરી દૃષ્ટિથી સ્ત્રીઓનું મન પ્રભુમાં લાગી ગયું. સ્ત્રીઓએ નેત્ર દ્વારા પ્રભુને હૃદયમાં પધરાવ્યા. સ્ત્રીઓ તેમના મકાનની અટારીઓ પરથી રામ-

શ્યામ પર પુષ્પવર્ષા કરવા લાગ્યા. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ જુદા જુદા સ્થળોએ ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજીની પૂજા કરી.

રસ્તામાં એક દરજી મળ્યો. તેણે બંને ભાઈઓને સુંદર વસ્ત્રોથી શોભાયમાન કરી દીધા. ભગવાન શ્રીકૃષ્ણ રાજા થયા. દરજીને ખૂબ સુખ સંપત્તિ આપ્યા. પ્રભુ સુદામા માલીને ત્યાં પધાર્યા. ત્યાં પણ પ્રભુનું પૂજન થયું. પ્રભુએ તેને પણ સંપત્તિ આપી. રસ્તામાં કુબ્જા મળી. તેમણે પ્રભુને ચંદન લગાવ્યું.

બંને ભાઈઓ બજારમાં પહોંચ્યા. ત્યાં વેપારીઓએ પણ રામ-શ્યામનું પૂજન કર્યું.

આમ મથુરા નગરીના ભાગ્યના સ્થાનરૂપ શ્રીકૃષ્ણ છે.

(૮૭૮) મથુરાનગરીશોભાદર્શનોત્સુકમાનસઃ = મથુરાનગરીની શોભા જોવા માટે જેમનું મન ઉત્કંઠાવાળું થયેલું તેવા શ્રીકૃષ્ણ.

પ્રભુએ જોયું કે પરકોટામાં સ્ફટિક મણિના મુખ્ય દરવાજા હતા. ઘરોમાં પણ મોટા ફાટક બનાવ્યા હતા. તેમાં સોનાના કમાડ લાગ્યા હતા. બહારના દરવાજે સોનાના તોરણો હતા. નગરની ચારે બાજુ તાંબા અને પિત્તળની દિવાલો હતી. ખાઈ પણ હતી તેથી નગરમાં પ્રવેશ કરવો અઘરો હતો. ઠેર ઠેર બગીચાઓ હતા. સુવર્ણથી મઢેલા ચાર રસ્તાઓ, મહેલો અને સભા ગૃહો હતા. હીરામોતી જડીત ધજા અને ચબૂતરાઓ હતા. શ્રીકૃષ્ણ આવા મથુરાને જોવાની ઈચ્છાવાળા હતા. (૧૦-૪૧-૧૯)

દુષ્ટરંજકઘાતી ચ વાયકાર્ચિતવ્રિગહઃ ।
વસ્ત્રમાલાસુશોભાંગઃ કુબ્જાલેપનભૂષિતઃ ॥૧૯૨॥

(૮૭૯) દુષ્ટરંજકઘાતી = દુષ્ટ કંસના મનોરંજક ધોબીનો ઘાત કરનારા.

પ્રભુ અને બલરામ મથુરા નગરીમાં ફરતા હતા. ત્યાં એક ધોબી જોયો. તે કપડાં રંગવાનું કામ પણ કરતો હતો. પ્રભુએ તેની પાસે ધોયેલા ઉત્તમ કપડા માંગ્યા. ધોબી કંસનો સેવક હતો. તે ઉચ્છ્રૃંખલ હતો. ભગવાનને વસ્ત્રો ન આપ્યા. ક્રોધ કર્યો અને પ્રભુને ગમે તેમ બોલવા લાગ્યો. તે કહેવા લાગ્યો કે અહીંથી ભાગો. રાજાના સૈનિકો તમને કેદ કરશે. મારી નાંખશે. જે કંઈ પાસે હશે તે લૂંટી લેશે. ધોબી આવું ઘણું બોલ્યો.

શ્રીકૃષ્ણે થોડોક ક્રોધ કર્યો અને એક ચમાચો જોરથી માર્યો. તે સાથે ધોબીનું માથું ધડથી છૂટું પડી ગયું. ભૂમિ પર પડ્યું. આ જોઈને ધોબીના હાથ નીચે કામ કરનારા બધા કપડા છોડી ત્યાંથી ભાગી ગયા. પ્રભુએ ત્યાં પડેલા વસ્ત્રો પહેર્યા.

(૮૮૦) વાયકાર્ચિતવિગ્રહઃ = વાયકે જેમના દેહને સુશોભિત કર્યો હતા તેવા શ્રીકૃષ્ણઃ

વાયક એટલે દરજી, દરજીએ શ્રીકૃષ્ણના દેહને સુશોભિત કર્યો હતો. 'મથુરા ભાગ્યભાજનમ્' નામમાં તેનો ઉલ્લેખ કર્યો છે. ભગવાન તે દરજીની સેવાથી પ્રસન્ન થયા. સારુપ્ય મુક્તિ આપી.

(૮૮૧) વસ્ત્રમાલાસુશોભાંગઃ = માળીએ અર્પણ કરેલા વસ્ત્ર ઉપર ફૂલની માળાથી જેનું અંગ સારી રીતે શોભી રહ્યું તેવા શ્રીકૃષ્ણ.

સુદામા માળીએ ભગવાનને અને મોટાભાઈને ફૂલની માળાઓ અર્પણ કરી હતી. દરજીએ ભેટ કરેલા વસ્ત્રો પર એ માળાઓ શોભતી હતી. આથી બંને ભાઈઓના અંગ સારી રીતે શોભતા હતા. આ માળીને પણ ભગવાને ઉત્તમ વરદાનો આપ્યા હતા. (૧૦-૪૧-૪૩ થી ૫૨)

(૮૮૨) કુબ્જાલેપનભૂષિતઃ = કુબ્જાએ તૈયાર કરેલ સુગંધી લેપનથી ઘણુંજ રમણીય શરીર છે એવા.

કુબ્જાએ ચંદન વગેરે ઘસી લેપન બનાવેલું. તે કંસ માટે બનાવેલું. મથુરાના રસ્તામાં પ્રભુ મળ્યા. કુબ્જાએ તે ઉત્તમ લેપનથી પ્રભુને શોભીત કર્યા. (૧૦-૪૨-૧ થી ૫)

કુબ્જાસુરૂપકર્તા ચ કુબ્જારતિવરપ્રદઃ ।
પ્રસાદરૂપ સંતુષ્ટ - હરકોદણ્ડ ખણ્ડનઃ ॥૧૯૩॥

(૮૮૩) કુબ્જાસુરૂપકર્તા = કુબ્જાને સુંદર રૂપવાળી કરનારા.

પ્રભુ મથુરાના માર્ગમાં આગળ વધતા હતા. ત્યાં એક સુંદર સ્ત્રી મળી. શરીરથી વાંકી વળી ગયેલી હતી. બધા તેને કુબ્જા કહેતા. તેના હાથમાં ચંદનનું પાત્ર હતું. પ્રભુએ તેની પાસે અંગરાગની માંગણી કરી.

ત્રિવક્રા (કુબ્જા)એ તે ચંદન કંસ માટે બનાવેલું. પણ તે તેણે બંને ભાઈઓને આપ્યું અને કહ્યું કે આપ બંને ભાઈથી ઉત્તમ પાત્ર આ ચંદન માટે કાંઈ નથી.

પ્રભુએ પોતાના શ્યામ શરીર પર પીળા રંગનું અને બલદેવજીએ લાલ રંગનો અંગરાગ લગાવ્યો. પ્રભુ કુબ્જા પર પ્રસન્ન થયા. તેને પ્રત્યક્ષ ફલ આપવાનો વિચાર કર્યો. કુબ્જાને સીધી કરવા વિચાર્યું. પ્રભુએ પોતાના ચરણોથી કુબ્જાના બંને પંજા દબાવ્યા. હાથ ઉંચો કરીને બે આંગળીઓ તેની દાઢી પર લગાવી. પછી તેને થોડીક ઉંચકી. ઉંચકતાની સાથે તેના અંગો સીધા અને સમાન થઈ ગયા. ભગવાનના સ્પર્શથી તે ઉત્તમ યુવતી બની ગઈ. (૧૦-૪૨-૬ થી ૮)

(૮૮૪) કુબ્જારતિવરપ્રદઃ = કુબ્જાને રમણ કરવાનું વરદાન આપનારા.

કુબ્જા સુંદરી બની. ભગવાનને મળવાની કામના તેનામાં જાગૃત થઈ. ભગવાનને તે કહે છે 'આવો, ઘરે જઈએ. હું આપને અહીં છોડી શકતી નથી. આપે મારા ચિત્તને હરી લીધું છું. હું દાસી છું. મારા પર પ્રસન્ન થાઓ. પ્રભુએ કહ્યું 'મારું કાર્ય પૂરું કરી અવશ્ય આવીશ.'

(૮૮૫) પ્રસાદરૂપસંતુષ્ટહરકોદણ્ડખણ્ડનઃ = મહાદેવજીએ પ્રસન્ન થઈ કંસને કોદંડ-ધનુષ આપેલું. તેને તોડનારા - ખંડન કરનારા.

કુબ્જાને સુંદરી બનાવીને પ્રભુ ધનુષ યજ્ઞના સ્થાને પહોંચ્યાં. ત્યાં રંગશાળા હતી. ત્યાં એક અદ્ભુત ધનુષ હતું. તે ઈન્દ્રધનુષ જેવું લાગતું હતું. બહુમૂલ્ય અલંકારથી શણગાર્યું હતુંઃ તેની પૂજા થયેલી. ઘણા સૈનિકો તેની રક્ષા કરતા હતા. શ્રીકૃષ્ણે ધનુષને ઉઠાવી લીધું. ડાબા હાથે ધનુષ ઉચક્યું. તેની પણછ ખેંચી. એક ક્ષણમાં તેના વચ્ચેથી બે ટુકડા કરી દીધા. ધનુષ તૂટ્યુ તે સાથે ભયંકર અવાજ થયો. તે સાંભળી કંસ પણ ભયભીત થઈ ગયો. (૧૦-૪૨-૧૫ થી ૧૮)

શકલાહત કંસાપ્ત - ધનૂરક્ષક સૈનિકઃ ।
જાગ્રત્સ્વપ્નભયવ્યાપ્ત - મૃત્યુલક્ષણ બોધકઃ ॥૧૯૪॥

---

(૮૮૬) શકલાહતકંસાપ્તધનૂરક્ષકસૈનિકઃ = ભાંગી નાખેલા ધનુષ્યનો ટુકડા વડે કંસના ધનુષના રક્ષણ કરનારા આસ (સંબંધી) યોદ્ધાઓનો નાશ કરનારા.

શ્રીકૃષ્ણે ધનુષ તોડ્યું. તેના અવાજથી આકાશ, પૃથ્વી અને દિશાઓ ભરાઈ ગઈ. ધનુષની રક્ષા કરતા અસુરોને ગુસ્સો આવ્યો. ભગવાન કૃષ્ણને ઘેરીને તે બધા ઊભા થઈ ગયા અને 'પકડી લો, બાંધી લો, જાય નહીં' આવું બૂમો પાડીને કહેવા લાગ્યા. રામ અને શ્યામે તેમનો દુષ્ટ અભિપ્રાય જાણ્યો. બંને થોડા ક્રોધિત થયા. ધનુષના ટુકડા ઉચક્યા અને તેના દ્વારા જ તે બધા યોદ્ધાઓનો નાશ કર્યો. તે જ ધનુષના ટુકડાઓથી કંસે મોકલેલ સેનાનો પણ સંહાર કર્યો. (૧૦-૪૨-૧૯ થી ૨૦)

(૮૮૭) જાગ્રત્સ્વપ્નભયવ્યાપ્ત મૃત્યુલક્ષણબોધકઃ = જાગ્રત, સ્વપ્ન અને નિદ્રાની અવસ્થામાં ભયભીત થયેલા કંસને મૃત્યુના લક્ષણો દેખાડનારા.

શ્રીકૃષ્ણે અને બલરામે ધનુષ તોડ્યું. તેના રક્ષકોને માર્યા. તેમની સહાય માટે મોકલેલ સેનાનો સંહાર કર્યો. કંસે આ જાણ્યું. તે ખૂબ ડરી ગયો. તેની ઊંઘ ઉડી ગઈ. જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં તેણે અપશુકનો જોયા. તે બધા તેની મૃત્યુના સૂચક હતા.

જાગ્રત અવસ્થામાં જોયું કે પાણીમાં અને દર્પણમાં પ્રતિબિંબ તો પડે છે પણ તેમાં માથું દેખાતું નથી. ચંદ્ર, તારા અને દીવાઓની જ્યોતિ બબ્બે દેખાતી હતી. તેની છાયામાં છેદ દેખાતા હતા. કાનોમાં તેણે આંગળી નાંખી પણ પ્રાણોનો ઘૂં-ઘૂં શબ્દ સંભળાતો ન હતો. રેત કે કીચડમાં તેના પગના ચિહ્નો દેખાતા ન હતા.

સ્વપ્નમાં તેણે જોયું કે તે પ્રેતને ગળે લગાવે છે. ગધેડા પર બેઠો છે. તે ઝેર ખાઈ રહ્યો છે. તેનું શરીર તેલથી તરબતર છે. આમ સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં તેણે આ પ્રકારે ખૂબ અપશુકન જોયા. આનાથી તેને ખૂબ ચિંતા થઈ. તેને મૃત્યુનો ડર લાગ્યો. તેને ઊંઘ ન આવી. (૧૦-૪૨-૨૮ થી૩૦)

મથુરામલ્લ ઓજસ્વી મલ્લયુદ્ધવિશારદઃ ।
સઘઃ કુવલયાપીડઘાતી ચાણૂરમર્દનઃ ॥૧૯૫॥

(૮૮૮) મથુરામલ્લઃ = મથુરામાં અદ્વિતીય મલ્લ શ્રીકૃષ્ણ.

પ્રભુએ મથુરાપુરીમાં મલ્લની માફક સ્વચ્છંદ રીતે લીલા-ક્રીડા કરી છે. આપ મહા બલ સંપન્ન છે.

(૮૮૯) ઓજસ્વી = મલ્લયુદ્ધમાં પ્રભાવશાળી.

શ્રીકૃષ્ણ યુદ્ધમાં ઉત્સાહ ધરાવે છે. યુદ્ધમાં વિશેષ પ્રયત્ન કરે છે. આમ આપ પ્રભાવશાળી છે.

(૮૯૦) મલ્લયુદ્ધવિશારદ = મલ્લોની સાથે કુસ્તી કરવામાં ચતુર

મલ્લોની સાથે પ્રભુએ યુદ્ધ કર્યું તેમાં આપની ચતુરાઈ જણાવી છે. આપની હોશિયારીથી જણાય છે કે આપ સર્વ સમર્થ છે.

(૮૯૧) સઘઃ કુવલયાપીડઘાતી = કુવલયાપીડનો તરત જ ઘાત કરનારા.

કુવલયાપીડ નામનો મદોન્મત હાથી છે. પ્રભુએ તેને ચતુરાઈ અને કુશળતાથી માર્યો છે.

રામ અને શ્યામ રંગભૂમિના દરવાજે પહોંચ્યા. ત્યાં કુવલયાપીડ નામનો હાથી મહાવતની પ્રેરણાથી ઊભો હતો. પ્રભુએ પોતાની કમર કસી. વાંકડિયા વાળ બાંધી દીધા. મેઘગંભીર વાણીથી મહાવતને કહ્યું 'અમને બંનેને રસ્તો આપો. અમારા માર્ગથી ખસી જાઓ. નહીં હટો તો તમને બંનેને યમરાજના ત્યાં મોકલીશ. મહાવતને ગુસ્સો આવ્યો. તેણે હાથીને અંકુશ મારી ક્રોધી કર્યો અને શ્રીકૃષ્ણ તરફ મોકલ્યો.

હાથીએ ઝપટથી શ્રીકૃષ્ણને સૂંઢમાં ઝપટી લીધા. ભગવાને તેમાંથી સરકી ગયા. ઘૂંસો માર્યો અને હાથીના પગની વચ્ચે છૂપાઈ ગયા. હાથીએ સૂંઘીને ફરીથી શ્રીકૃષ્ણને પકડ્યા. પ્રભુ ફરી છૂટી ગયા. હવે પ્રભુએ હાથીની પૂંછડી પકડી અને રમત માત્રમાં તેને સો હાથ સુધી પાછળ ઘસડ્યો. પ્રભુ તેનું પૂછડું ઘુમાવતા હતા. આ રીતે રમતા હતા. હાથી પ્રભુને પકડવા ડાબી બાજુ ઘૂમે તો પ્રભુ જમણી બાજુ જતા અને હાથી જમણે વળે તો પ્રભુ ડાબી બાજુ જતા. પ્રભુ હવે હાથીની સામે આવ્યા. તેને એક ઘુંસો માર્યો અને સામે દોડવા લાગ્યા. પ્રભુએ ભાગતા ભાગતા જમીન પર પડવાનો અભિનય કર્યો અને ઊઠીને ત્યાંથી જલદી ભાગ્યા. હાથી સમજ્યો પ્રભુ જમીન પર પડ્યા છે. તેણે ક્રોધથી બંને દાંત ધરતી પર માર્યા. હાથીનો હુમલો નિષ્ફળ થયો. તે વધુ ચીડાયો. ભગવાન પર તૂટી પડ્યો. ભગવાને એક હાથે તેની સૂંઢ પકડી અને તેને ધરતી પર પટકી દીધો. ભગવાને રમતમાત્રમાં તેને પગેથી દબાવ્યો અને તેના દાંત ઉખાડી નાંખ્યા. હાથી અને મહાવતને મારી નાખ્યા.

ભગવાને હાથમાં દાંત રાખીને રંગભૂમિમાં પ્રવેશ કર્યો. આપે ખભા પર હાથી દાંત રાખ્યો હતો. શરીર પર રક્ત અને મદના ટીપાં શોભતા હતા. મુખકમલ પર પસીનાની બુંદો ઝલકતી હતી. રામ-શ્યામ બંનેના હાથમાં હાથી દાંત શસ્રના રૂપમાં શોભતા હતા. થોડા ગ્વાલ-બાલ તેમની સાથે-સાથે ચાલતા હતા. આ રીતે તે બધાએ રંગભૂમિમાં પ્રવેશ કર્યો. (૧૦-૪૩-૬થી૧૫)

(૮૯૨) ચાણૂરમર્દનઃ = ચાણૂરને મસળી નાંખનારા.

ચાણૂર નામનો અત્યંત બલિષ્ટ મલ્લ હતો. શ્રીકૃષ્ણે ચપળતા અને બળથી તેને મસળી દીધો હતો.

બંને ભાઈઓ રંગભૂમિમાં આવ્યા. ચાણૂરે તેમને કુશ્તી લડવા આહ્વાન કર્યું. ભગવાનની ઈચ્છા તો હતી જ. તેમણે ચાણૂરની વાતનું અનુમોદન કર્યું.

ચાણુરે કહ્યું કે તમે બંને ભાઈઓ બળવાન છે. એટલે અમારા જેવા બળવાન સાથે લડવું જોઈએ. કૃષ્ણને કહ્યું તમે મારી સાથે લડો અને બલરામ મુષ્ટિક સાથે લડશે.

ભગવાન અને ચાણૂર લડવામાં જુદા જુદા દાવ પેચ અજમાવતા હતા. ભગવાનની અંગ-પ્રત્યંગ વજ્રથી પણ કઠોર થતા હતા. આનાથી ચાણૂરની નસો ઢીલી થઈ ગઈ. તેને લાગતું હતું કે તેના શરીરના સાંધાઓ તૂટી રહ્યા છે. ક્રોધ કરી તેણે શ્રીકૃષ્ણની છાતી પર પ્રહાર કર્યો. પ્રભુ તેથી જરા પણ

વિચલિત ન થયા. આપે ચાણૂરના બંને હાથ પકડી લીધા અને અંતરિક્ષમાં તેને ઘણીવાર ફેરવ્યો અને ધરતી પર પછાડ્યો. ચાણૂરના પ્રાણ તો અંતરિક્ષમાં ઘૂમતાં જ નીકળી ગયા હતા. તેની વેષભૂષા અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી તે જમીન પર પડ્યો. (૧૦-૪૪-૨૦ થી ૨૩)

લીલાહતમહામલ્લ: શલતોશલ ઘાતક: ।
કંસાન્તકો જિતામિત્રો, વસુદેવ વિમોચક: ॥૧૯૬॥

---

(૮૯૩) લીલહતમહામલ્લ: = લીલામાત્રમાં જ મહામલ્લોનો ઘાત કરનારા.

લીલામાત્રમાં એટલે વગર શ્રમે. મલ્લો એટલે મહાબળવાન પહેલવાનો. પ્રભુએ તેમને સહજમાં માર્યા. પ્રભુએ આગળ હજુ લીલાઓ કરવાની છે. તેને સરળ કરવા મોટા મલ્લોને માર્યા.

---

(૮૯૪) શલતોશલઘાતક: = શલ તોશલનો ઘાત કરનારા.

શલ અને તોશલ પણ મલ્લો હતા. ચાણૂરને પ્રભુએ માર્યો. મુષ્ટિકને બલરામે માર્યો. હવે પહેલવાનો લડવા સામે આવ્યા. બલરામજીએ કૂટ નામના પહેલવાનને રમત માત્રમાં માર્યો. તે સમયે શ્રીકૃષ્ણે પગની ઠોકરથી શલનું માથું તેના ધડથી અલગ કર્યું અને તોશલને ઘાસની જેમ ચીરીને બે ટુકડા કરી દીધા.

---

(૮૯૫) કંસાન્તક: = કંસનો અંત-નાશ કરનારા.

કંસના મલ્લો પહેલવાનો તથા કુવલયાપીડને પ્રભુએ માર્યા. કંસને દુઃખ થયું. તે ચીડાયો. તે સેવકોને કહેવા લાગ્યો 'વસુદેવના આ છોકરાઓને નગર બહાર કાઢી મૂકો. ગોવાળિયાઓનું ધન ઝૂંટવી લો. નંદને કેદ કરો. કૃષ્ણે કંસનો બકવાદ સાંભળ્યો. આપ સ્ફૂર્તિથી વેગપૂર્વક ઉછળીને ઊંચા મંચ પર ચઢ્યા. કંસે આ જોયું. તે સિંહાસન પરથી ઉઠ્યો. હાથમાં ઢાલ તથા તલવાર લીધા. પ્રભુ પર વાર કરવા તે પેંતરો શોધવા લાગ્યો. આમ તેમ વાર કરવા લાગ્યો. ભગવાન પ્રચંડ તેજવાળા છે. ભગવાને તેને બળપૂર્વક પકડી લીધો. તે વખતે કંસનો મુકુટ પડી ગયો. ભગવાને તેના વાળ પકડી તેને ઊંચા મંચ પરથી રંગભૂમિમાં પાડી દીધો. પછી ભગવાન તેના ઉપર સ્વયં કૂદી પડ્યા. તે સાથે જ કંસનું મૃત્યુ થયું. પ્રભુ કંસની લાશને ભૂમિ પર ઘસડવા લાગ્યા. કંસ નિત્ય-નિરંતર ગભરાટથી શ્રીકૃષ્ણનું ચિંતન કરતો હતો. તેને શ્રીકૃષ્ણમાં દ્વેષભાવ કરેલો પણ આ પ્રકારના ચિંતનથી તેને મુક્તિ પ્રાપ્ત થઈ.

---

(૮૯૬) જિતામિત્ર: = સર્વ શત્રુઓને જીતી લેનાર.

સર્વમાં મુખ્ય એવા કંસનો વિનાશ કરવાથી સર્વનો પરાજય થયો મનાય. આથી શત્રુઓને જીતનારા પરમાત્મા એમ અહીં જણાવ્યું.

---

(૮૯૭) વસુદેવવિમોચક: = વસુદેવજીને બંધનમાંથી મુક્ત કરનારા.

કંસનો વધ કર્યા પછી શ્રીકૃષ્ણ અને શ્રીબલરામ પિતા-માતાને બંધન મુક્ત કર્યા હતા અને તેમના ચરણોમાં માથું ઝુકાવી વંદન કર્યા હતા.

અહીં કેવળ વસુદેવજીને છોડાવનારા એમ કહ્યું છે, પણ દેવકીજી સહિત શ્રીવસુદેવને મુક્ત કરનાર એવું સમજવું. શ્રી વસુદેવનું અંગ જ દેવકીજી છે. શાસ્ત્રમાં સ્ત્રીને પતિનું અંગ ગણવામાં આવી છે. આથી અહીં કેવળ પતિનું નામ જણાવવાથી સ્ત્રીનો પણ આશય છે એમ સમજવું.

જ્ઞાતતત્ત્વપિતૃજ્ઞાન મોહનામૃતવાઙ્મય ।
ઉગ્રસેન પ્રતિષ્ઠાતા યાદવાધિવિનાશક: ॥૧૯૭॥

---

(૮૯૮) જ્ઞાતતત્ત્વપિતૃજ્ઞાનમોહનામૃતવાઙ્મય: = જેમણે કૃષ્ણ સંબંધમાં તત્ત્વને જાણ્યું છે એવા માતાપિતાને અમૃત જેવી મધુર વાણીથી મોહિત કરનારા.

પ્રભુએ માતા પિતાને જેલના બંધનમાંથી મુક્ત કરાવ્યા. તેમને વંદન કર્યા. દેવકી-વસુદેવે હવે શ્રીકૃષ્ણને સમજે છે. તેથી તેમને હૃદયે ન લગાવ્યા. તેમને થયું કે જગદીશ્વરને પુત્ર કઈ રીતે મનાય?

પ્રભુએ વિચાર્યું કે મારા માતપિતાને મારું ઐશ્વર્ય દેખાયું. મારામાં ભગવાનનો ભાવ કર્યો. હવે મને પુત્ર-સ્નેહ નહીં મળે. આ સ્નેહ મેળવવા બંને ભાઈઓ માતા-પિતા પાસે આવ્યા. આદરપૂર્વક વિનયથી ઝૂક્યા અને કહેવા લાગ્યા.

(૮૯૯) ઉગ્રસેનપ્રતિષ્ઠાતા = ઉગ્રસેનને ફરીથી રાજ્યાસને સ્થાપિત કરનારા.

શ્રીકૃષ્ણે માતા-પિતાને સાંત્વન આપ્યું. પોતાના (માતામહ) નાના ઉગ્રસેનને યદુવંશીઓના રાજા બનાવ્યા. (૫૦-૪૫-૧૨). શ્રીકૃષ્ણે કહ્યું 'અમે આપની પ્રજા છીએ. આપ અમારા પર શાસન કરો. યયાતિના શ્રાપથી યદુવંશિયો રાજ સિંહાસન પર બેસી શકતા નથી. પણ આ મારી ઈચ્છા છે તેથી આપને કોઈ દોષ લાગશે નહીં. હું સેવક બની આપની સેવા કરતો રહીશ. આથી મોટા મોટા દેવો પણ તમને માથું ઝુકાવી ભેટ કરશે.

(૯૦૦) યાદવાધિવિનાશકઃ = યાદવોના પરિતાપનો અંત લાવનારા.

કંસના ભયના લીધે મથુરામાં વસતા યાદવો ભાગી ગયા હતા. કંસના ભયથી તે બધા વ્યાકુલ હતા. શ્રીકૃષ્ણ તો સમગ્ર વિશ્વના વિધાતા છે. આપે ભાગી ગયેલા યદુ, વૃષ્ણિ, અન્ધક, મધુ, દાશાર્હ અને કુકુર વગેરે વંશોમાં ઉત્પન્ન થયેલ સજાતિય સંબંધીઓને શોધી શોધી પાછા બોલાવ્યા. ભગવાને તે બધાનો સત્કાર કર્યો. સાંત્વના આપી. તેમને ખૂબ ધન આપ્યું અને તેમનો ઘરબાર વસાવ્યો. હવે યદુવંશીઓ શ્રીકૃષ્ણ અને બલરામજીથી સુરક્ષિત હતા.

નન્દાદિસાન્ત્વન કરો બ્રહ્મચર્યવ્રતેસ્થિતઃ ।
ગુરુશુશ્રૂષણપરો વિદ્યાપારમિતેશ્વરઃ ॥૧૯૮॥

(૯૦૧) નન્દાદિસાન્ત્વનકરઃ = નંદ વગેરેનું સાંત્વન કરનારા.

મથુરાવાસીઓને ઉત્સાહિત કરી પ્રભુ અને બલરામજી નંદબાબા પાસે ગયા. તેમને ભેટી પડ્યા. કહેવા લાગ્યા, 'આપે અને મા યશોદાએ ખૂબ જ લાડ પ્યારથી અમારું લાલન પાલન કર્યું છે. આપના શરીરથી પણ વધુ સ્નેહ સંતાનો પર આપે રાખ્યો છે. આપ હવે વ્રજમાં જાવ. આપને દુઃખ થશે પણ અહીંના મિત્ર-બંધુઓને સુખી કરી અમે આપને મળવા આવીશું. પ્રભુએ આ રીતે નંદબાવા અને વ્રજવાસીઓને સાંત્વન આપ્યું. આદર પૂર્વક વસ્ત્ર-અભૂષણોથી સત્કાર કર્યો. નંદબાવા બંને ભાઈઓને ભેટી પડ્યા. આંખમાં અશ્રુ ઉભરાયા. ગોપો સાથે વ્રજમાં જવા નીકળ્યા. (૧૦-૪૫-૨૪)

(૯૦૨) બ્રહ્મચર્યવ્રતેસ્થિતઃ = યજ્ઞોપવિત થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ બ્રહ્મચારીના વ્રતનું પાલન કરતા હતા.

ગર્ગાચાર્યજી વસુદેવજીના પુરોહિત હતા. તેમના દ્વારા રામ-શ્યામના યજ્ઞોપવિત સંસ્કાર વિધિપૂર્વક થયા. વસુદેવજીએ બ્રાહ્મણોનો સત્કાર કર્યો. ખૂબ જ દક્ષિણા આપી. વસુદેવજી અને કૃષ્ણ જન્મ વખતે ગૌદાન કર્યું. કંસે તે ગાયો બ્રાહ્મણો પાસેથી ઝૂંટવી લીધી હતી. વસુદેવજીએ ફરીથી ગાયોનું દાન કર્યું. આ રીતે બંને ભાઈના સંસ્કાર થયા. બંને દ્વિજ બન્યા. તેમનું બ્રહ્મચર્ય અખંડ જ હતું. હવે ગાયત્રીપૂર્વક અધ્યયન કરવા દ્વિજત્વ અંગીકાર કર્યું.

(૯૦૩) ગુરુશૂશ્રૂષણપરઃ = ગુરુની સેવા કરવામાં તત્પર.

શ્યામ અને રામના સંસ્કાર થયા. હવે બંનેને ગુરુકુલમાં નિવાસ કરવાની ઈચ્છા થઈ. બંને સાન્દીપની મુનિની પાસે ગયા. આ મુનિ કશ્યપ ગોત્રી હતા. તે અવન્તીપુર (ઉજ્જૈન)માં રહેતા હતા.

બંને ભાઈઓ વિધિપૂર્વક ગુરુજીની પાસે રહેવા લાગ્યા. બંને ભાઈઓ ખૂબ સંયમી જીવન જીવતા. બંને ભાઈઓ ગુરુની ભક્તિ ઈષ્ટદેવની માફક કરતા હતા. ગુરુની ઉત્તમ સેવા માટે બંને ભાઈઓ આદર્શ રૂપ હતા. ગુરુજી પણ બંનેનો આદર કરતા. (૧૦-૪૫-૩૨, ૩૩)

(૯૦૪) વિદ્યાપારમિતેશ્વરઃ = સર્વ વિદ્યાઓના પારને પામેલા પારંગત-સર્વેશ્વર પ્રભુ.

સાન્દીપનિજી શ્યામ અને રામની શુદ્ધભાવવાળી સેવાથી ખૂબ પ્રસન્ન થયા. બંને ભાઈઓને છ અંગ (છંદ, કલ્પ, નિરૂક્ત, જ્યોતિષ, શિક્ષા અને વ્યાકરણ) અને ઉપનિષદો સહિત સંપૂર્ણ વેદો (ઋગ, યજુ, સામ અને અથર્વ)ની શિક્ષા આપી. મંત્ર અને દેવતાઓનું જ્ઞાન આપ્યું. મનુસ્મૃતિ જેવા ધર્મશાસ્ત્ર, મીમાંસા જેવા વેદના તાત્પર્યને સમજાવતા શાસ્ત્રો અને ન્યાયશાસ્ત્ર (તર્કવિદ્યા)ની પણ શિક્ષા આપી. છ ભેદ (સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધ અને આશ્રય) યુક્ત રાજનીતિ ભણાવી. બંને ભાઈઓ બધી વિદ્યાઓના પ્રવર્તક છે. આમ છતાં શ્રેષ્ઠ મનુષ્ય જેવો વ્યવહાર કરી આ બધાનું અધ્યયન કરવા લાગ્યા. ગુરુ એકવાર કહેતા અને તરત શીખી લેતા. ચોસઠ દિવસ-

રાતમાં જ એમણે ચોસઠ કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ૬૪ કલાઓ આ પ્રમાણે છે : ૧. ગાનવિદ્યા ૨. વાદ્ય ૩. નૃત્ય, ૪. નાટ્ય, ૫. ચિત્રકલા, ૬. બેલ-બૂટા બનાવવા, ૭. પૂજાના ઉપહારની રચના. ૮. ફૂલની સેજ બનાવવી, ૯. દાંત, વસ્ત્ર, અંગોને રંગવા, ૧૦. મણિની ફર્શ બનાવવી, ૧૧. શય્યા રચના, ૧૨. જળને બાંધવું, ૧૩. વિચિત્ર સિદ્ધિઓ બતાવવી, ૧૪. હાર-માળા બનાવવી. ૧૫. કાન અને વેણીના ફૂલના ઘરેણા બનાવવા, ૧૬. કપડા-ઘરેણા બનાવવા, ૧૭. ફૂલના આભૂષણોથી શૃંગાર કરવો, ૧૮. કાનોના પત્તાની રચના કરવી, ૧૯. અત્તર વગેરે બનાવવું, ૨૦. જાદુગરી, ૨૧. ગમે તે વેષ ધારણ કરવો, ૨૨. હાથની કારીગરી, ૨૩. જુદી જુદી ખાવાની વસ્તુઓ બનાવવી, ૨૪. જુદા જુદા પીવાના પદાર્થ બનાવવા, ૨૯. કૂટનીતિ, ૩૦. ગ્રંથ શીખવવાની ચતુરાઈ, ૩૧. નાટક વગેરેની રચના, ૩૨. સમસ્યાની પૂર્તિ કરવી, ૩૩. બાણ વગેરે બનાવવા. ૩૪. ગાદી-તકિયા બનાવવા, ૩૫. બઢઈની કારીગરી, ૩૬. ગૃહ બનાવવાની કારીગરી, ૩૭. સોના, ચાંદી અને રત્નોની પરીક્ષા, ૩૮. સોનું ચાંદી બનાવવું, ૩૯. મણિઓનો રંગ પારખવો, ૪૦. ખાણોની ઓળખ, ૪૧. વૃક્ષ ચિકિત્સા, ૪૨. મરઘા વગેરે લડાવાની રીત, ૪૩. તોતા-મૈનાની બોલી બોલવી, ૪૪. ઉચ્ચારણની વિધિ, ૪૫. વાળની સફાઈનું કૌશલ, ૪૬. મુઠ્ઠી કે મનની વાત બતાવી દેવી, ૪૭. મ્લેચ્છ કાવ્યોને સમજવા ૪૮. વિભિન્ન દેશોની ભાષાનું જ્ઞાન, ૪૯. શુકન-અપશુકન જાણવા. શુભાશુભ બતાવવું, ૫૦. જુદા જુદા માટીના યંત્ર બનાવવા, ૫૧. રત્નોને જુદા આકારમાં કાપવા, ૫૨. સાંકેતિક ભાષા બનાવવી, ૫૩. મનમાં કટક રચના કરવી, ૫૪. નવી નવી વાતો કાઢવી, ૫૫. છળથી કામ કઢાવવું, ૫૬. બધા કોશોનું જ્ઞાન, ૫૭. બધા છંદોનું જ્ઞાન, ૫૮. વસ્ત્ર છૂપાવાની કે બદલાવાની વિદ્યા, ૫૯. દ્યૂતક્રીડા, ૬૦. દૂરના મનુષ્ય કે વસ્તુઓનું આકર્ષણ કરવું, ૬૧. બાળકોની રમત, ૬૨. મંત્રવિદ્યા, ૬૩. વિજય પ્રાપ્ત કરાવનાર વિદ્યા, ૬૪. વેતાલ વગેરે વશમાં કરવાની વિદ્યા.

સાન્દીપનિમૃતાપત્યદાતા કાલાન્તકાદિજિત્ ।
ગોકુલાશ્વાસન પરો, યશોદાનન્દપોષકઃ ॥૧૯૯॥

(૯૦૫) સાન્દીપનિમૃતાપત્યદાતા = સાંદીપનિ ગુરુના મૃત્યુ પામેલા પુત્રને સજીવન કરી અર્પણ કરનારા.

બંને ભાઈઓનું અધ્યયન સમાપ્ત થયું. બંને ભાઈઓએ ગુરુને ગુરુદક્ષિણા માંગવા કહ્યું. ગુરુનો પુત્ર પ્રભાસ ક્ષેત્રમાં સમુદ્રમાં ડૂબી મરી ગયેલો. ગુરુએ તે પુત્ર પાછો લાવી આપવા કહ્યું. બંને ભાઈઓ રથ પર સવાર થઈ પ્રભાસ ક્ષેત્ર આવ્યા. થોડીવાર સમુદ્ર તટે બેઠા. સમુદ્ર તો જાણે છે કે આ ભગવાન છે. આથી પૂજાની સામગ્રી લઈ મનુષ્ય વેષે પ્રભુ પાસે આવ્યો. ભગવાને સમુદ્રને ગુરુપુત્ર પાછો આપવા કહ્યું.

સમુદ્રે કહ્યું, 'મેં બાળક લીધો નથી. મારા જળમાં પંચજન નામે અસુર દૈત્ય રૂપે રહે છે. તેણે આ બાળક ચોરી લીધો હશે. ભગવાન તરત જળમાં પ્રવેશ્યા. શંખાસુરને માર્યો પણ બાળક તેના પેટમાં ન હતો. ભગવાને તેના શરીરનો શંખ લીધો અને બલરામજી સાથે યમપુરી આવ્યા. અહીં શંખ વગાડ્યો. યમરાજાએ તેમની પૂજા કરી અને સેવા સોંપવા કહ્યું. ભગવાને તેમની પાસેથી ગુરુપુત્ર માંગ્યો. યમરાજાએ ગુરુપુત્ર સોંપી દીધો. રામ-કૃષ્ણ ગુરુપુત્ર લઈ ઉજ્જૈન આવ્યા અને ગુરુને પુત્ર સોંપી દીધો.

(૯૦૬) કાલાન્તકાદિજિત્ = કાલ અને આતંકને જીતનારા.

કાલ એટલે મૃત્યુ. આતંક એટલે યમરાજા. ભગવાન મૃત્યુ પામેલા ગુરુપુત્રને મૃત્યુ અને યમરાજા પાસેથી પાછો લઈ આવ્યા.

ભગવાન ગુરુપુત્ર લેવા યમરાજ પાસે ગયા. ત્યારે યમરાજે પૂજન કરી કહ્યું, 'આપની શું સેવા કરું?' પ્રભુ કહે છે 'કર્મ બંધન અનુસાર મારા ગુરુપુત્રને અહીં લાવવામાં આવ્યો છે તમે તેના કર્મ પર ધ્યાન ન આપો. મારી આજ્ઞા સ્વીકારો. તેને મારી પાસે લાવો.'

યમરાજે કહ્યું, 'જેવી આજ્ઞા.' આવું કહી ભગવાનનો આદેશ સ્વીકાર્યો અને ગુરુપુત્રને લાવી આપ્યો.

(૯૦૭) ગોકુલાશ્વાસનપરઃ = ગોકુલમાં રહેતા નિજજનોને આશ્વાસન આપવામાં તત્પર.

પ્રભુએ ગોકુલમાં રહેતા સર્વ ગોપ-ગોપીઓને સંદેશા મોકલી આશ્વાસન આપ્યું છે. ઉદ્ધવજી દ્વારા આ સંદેશો મોકલ્યો છે. ઉદ્ધવજી બૃહસ્પતિજીના શિષ્ય છે. બુદ્ધિમાન છે. વૃષ્ણિવંશીયોમાં પ્રધાન પુરુષ છે, કૃષ્ણના તે પ્રિય સખા તથા મંત્રી પણ છે. એક દિવસ ભગવાને ઉદ્ધવજીનો હાથ પોતાના હાથમાં લીધો અને કહ્યું 'ઉદ્ધવ! તમે વ્રજમાં જાવ. ત્યાં મારા માતાપિતા - નંદયશોદાજી છે. તેમને આનંદિત કરો. ગોપીજનો મારા વિરહ વ્યાધિથી દુઃખી છે. તેમને મારો સંદેશ સંભળાવી વેદનામુક્ત કરો.' (૧૦-૪૬-૩)

(૯૦૮) યશોદાનન્દપોષકઃ = યશોદા તથા નંદરાયજીના પ્રાણોને પોષનારા.

શ્રીકૃષ્ણની આજ્ઞાથી ઉદ્ધવજી રથ પર સવાર થઈ નંદગામ નીકળ્યા. સૂર્યાસ્ત સમયે નંદબાવાના વ્રજમાં પહોંચ્યા. નંદબાવાને મળ્યા. નંદબાવાને આનંદ થયો. ઉદ્ધવજીને ભેટ્યા. ભોજન ઈત્યાદિથી આગતા સ્વાગતા કરી. વસુદેવજી, કૃષ્ણ વગેરેને યાદ કર્યા ઉદ્ધવજીએ જોયું કે નંદબાવાને કૃષ્ણ માટે અગાધ અનુરાગ છે. તેમણે નંદબાવાને કહ્યું, 'કૃષ્ણ આ જગતને બનાવે છે. નારાયણ છે. તેમના પ્રત્યે તમને વાત્સલ્ય ભાવ છે. આથી તમે ભાગ્યશાળી છો. કૃષ્ણ-બલરામ જ પુરુષ અને પ્રકૃતિરૂપ છે. તે બંને મનુષ્ય દેહ ગ્રહણ કરી પ્રકટ્યા છે. તેમના પ્રત્યે તમને વાત્સલ્ય ભાવ છે. હવે તમારે કોઈ શુભ કર્મ કરવાનું બાકી નથી. રાત ભર ઉદ્ધવજી અને નંદબાવા આવી વાતો કરતા રહ્યા. આમ નંદ-યશોદાજીના પ્રાણોનું પોષણ થયું.'

> ગોપિકાવિરહવ્યાજ મનોગતિરતિપ્રદઃ ।
> સમોદ્ધવભ્રમરવાક્ ગોપિકામોહનાશકઃ ॥૨૦૦॥

(૯૦૯) ગોપિકાવિરહવ્યાજમનોગતિરતિપ્રદઃ = ગોપીઓના વિરહના નિમિત્તે તેમને મનથી પ્રાપ્ત થનારા સંગના પરમ સુખને આપનારા.

શ્રીકૃષ્ણે ઉદ્ધવજી મારફત શ્રી ગોપીજનોને સંદેશો મોકલ્યો હતો.

નંદગામમાં ઉદ્ધવજી નંદબાવાને મળ્યા. પછી ગોપીજનોને મળ્યા. ઉદ્ધવજી કહે છે કે હું શ્રીકૃષ્ણનો દૂત છું. શ્રીકૃષ્ણે તમને પરમ સુખ આપવા એક પ્રિય સંદેશ મોકલ્યો છે તે સાંભળો.

ભગવાન સંદેશામાં કહે છે કે 'હું બધાનો આત્મા છું. એટલે મારાથી તમારો વિયોગ થઈ શકે નહીં. મન, પ્રાણ, પંચભૂત, ઈન્દ્રિય અને વિષયોનો હું આશ્રય છું.'

મન અને ઈન્દ્રિયો વિષયોનું ચિંતન કરે છે. તેને રોકી લેવા જોઈએ અને મારો સાક્ષાત્કાર કરવો જોઈએ. મારો સાક્ષાત્કાર જ સાચું ફળ છે. યોગ, તપસ્યા વગેરે સાધનો મનને નિરુદ્ધ કરી મારી પાસે મોકલે છે.

હું તમારું સર્વસ્વ છું. તમારાથી દૂર રહું છું તેનું કારણ છે. આનાથી તમે નિરંતર મારું ધ્યાન કરી શકો. શરીરથી હું દૂર છું પણ મનથી મારી સન્નિધિનો અનુભવ કરો.

દૂર રહેલા પ્રિયતમમાં મન જેટલું પૂરેપુરું વ્યાપેલું રહે છે તેટલું નજીકમાં પ્રત્યક્ષ રહેનારા પ્રિયતમમાં વ્યાપેલું નથી રહેતું. (૧૦-૪૭-૩૫)

(૯૧૦) સમોદ્ધવભ્રમરવાક્ = (૧) ભગવાન સમાન ઉદ્ધવજી ત્યાં વિરાજીત છતાં ગોપીજનો પ્રત્યે ભ્રમરના ગુંજારવ રૂપે જેમની વાણી છે એવા પ્રભુ. (૨) ભગવાન સમાન ઉદ્ધવજીને ભ્રમર કહી ભ્રમર ગીત કહેનારા શ્રીગોપીજનોને તે માટે અંતઃકરણ પ્રેરિત કરનારા પ્રભુ. (૩) ભગવાન સમાન ઉદ્ધવજીરૂપી અથવા ભ્રમર રૂપે વાણી બોલનારા.

ગોપીજનોના મન, વાણી અને શરીર શ્રીકૃષ્ણમાં તલ્લીન હતા. ઉદ્ધવજી કૃષ્ણના દૂત બનીને આવેલ. ગોપીજનો તેમની આગળ કૃષ્ણની લીલાઓને યાદ કરી કરી ગાવા લાગ્યા. સ્ત્રી સહજ લજ્જાને ભૂલી ગયા. રડવા લાગ્યા. તે સમયે એક ગોપીજનને શ્રીકૃષ્ણના મિલનની લીલાનું સ્મરણ થઈ રહ્યું હતું. તે સમયે એક ભ્રમર આવ્યો. તે ગુંજારવ કરતો હતો. ગોપીજનને લાગ્યું કે મન મનાવવા શ્રીકૃષ્ણે તેમનો દૂત મોકલ્યો છે. ગોપી ભમરાને કહેવા લાગ્યો. આ ભ્રમરગીત બન્યું. (ભાગવત ૧૦-૪૭ શ્લોક ૧૨ થી ૨૧) સુધી આ ગીત છે.)

(૯૧૧) ગોપિકામોહનાશકઃ = ગોપીજનોના મોહને દૂર કરનારા.

ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણનો સંદેશો ગોપીજનોને સંભળાવ્યો. ગોપીજનોને તે સાંભળી ખૂબ આનંદ થયો. શ્રીકૃષ્ણના સ્વરૂપ અને પ્રત્યેક લીલાઓની તેમને યાદ આવવા લાગી. ઉદ્ધવજીને પ્રેમથી આ લીલાઓ સંભળાવી.

શ્રીકૃષ્ણનો સંદેશ સાંભળી ગોપીજનોની વિરહ વ્યથા શાંત થઈ ગઈ હતી. ભગવાન શ્રીકૃષ્ણ આત્મા તરીકે સર્વત્ર બિરાજે છે. તેવું તે સમજી ગયા. ઉદ્ધવજી ગોપીજનોની વિરહ વ્યથા મટાડવા મહિનાઓ પર્યંત ત્યાં જ રહ્યા. આમ પ્રભુએ ઉદ્ધવજીના વચનો દ્વારા ગોપીજનોના વિરહથી થયેલ મોહ-ચિત્તભ્રમને દૂર કર્યાં. નાશ કર્યો. (૧૦-૪૭-૫૩)

કુબ્જારતિપ્રદોઽક્રૂર - પવિત્રીકૃતભૂગૃહઃ ।
પૃથાદુઃખ પ્રણેતા ચ પાણ્ડવાનાં સુખપ્રદઃ ॥૨૦૧॥

(૯૧૨) કુબ્જારતિપ્રદઃ = કુબ્જાને રતિ-સ્થિર પ્રીતિનું દાન કરનારા.

૮૮૪મા નામ 'કુબ્જારતિવરપ્રદઃ' - કુબ્જાને રમણ કરવાનું વરદાન આપનાર. આ વચન પ્રમાણે શ્રીકૃષ્ણ કુબ્જાના ઘરે પધાર્યા. પ્રભુ મિલનની આકાંક્ષા તેને હતી. આથી તે વ્યાકુલ થઈ હતી. કુબ્જાનું પ્રિય કરવા પ્રભુ તેના ઘરે પધાર્યા. સૈરંધ્રી (કુબ્જા) કામ તપ્તા હતી. પ્રભુએ તેનું પ્રિય કર્યું.

શુકદેવજી કહે છે. 'ભગવાન ઈશ્વરોના પણ ઈશ્વર છે. એમને પ્રસન્ન કરવા જીવ માટે ખૂબ જ મુશ્કેલ છે. જે એમને પ્રસન્ન કરી વિષય સુખ માંગે છે તે ચોક્કસ દુર્બુદ્ધિ છે.'

(૯૧૩) અક્રૂરપવિત્રીકૃતભૂગૃહઃ = અક્રૂરજીને ત્યાં પધારી તેમનાં ઘર ભૂમિ તથા ગૃહસ્થતાની સર્વ સામગ્રી પવિત્ર કરનારા.

ભગવાન બલરામજી તથા ઉદ્ધવજીને સાથે લઈ અક્રૂરજીના ઘરે પધાર્યા. અક્રૂરજીએ દૂરથી તેમને આવતા જોયા. તરત આગળ ગયા. પ્રભુને આલિંગન કર્યું. ઉદ્ધવજીએ ત્રણેયને નમસ્કાર કર્યા. એ ત્રણેયે પણ તેમને નમસ્કાર કર્યા. બધા આસન પર બિરાજ્યા. અક્રૂરજીએ તે બધાની વિધિપૂર્વક પૂજા કરી. પ્રણામ કર્યા અને પ્રભુના ચરણ ગોદમાં લઈ દબાવા લાગ્યા અને પ્રભુની સ્તુતિ કરી. ભગવાને અક્રૂરજીને હિતોપદેશ તથા હિતૈષી તરીકે

ગણાવ્યા. દર્શન માત્રથી પવિત્ર કરનારા સંતપુરુષ કહ્યા. (૧૦-૪૮-૧૨ થી ૨૭)

અક્રૂરજીએ સ્તુતિમાં શ્રીકૃષ્ણને કહ્યું છે કે, 'આપ સમગ્ર જગતના એક માત્ર પિતા અને શિક્ષક છો. આપના ચરણના પ્રક્ષાલનથી થયેલ ગંગાજી ત્રણ લોકોને પવિત્ર કરે છે. આજ આપ અમારા ઘરે પધાર્યા. આજ અમારું ઘર ધન્ય-ધન્ય થઈ ગયું છે તેમાં સંદેહ નથી.

(૯૧૪) પૃથાદુઃખપ્રણેતા = (૧) પૃથાના દુઃખને દૂર કરનારા. (૨) પૃથાને કૌરવોએ આપેલાં દુઃખોની હકીકત અક્રૂરજીને કહેનારા.

ભગવાને અક્રૂરજીને કહ્યું, 'આપ પાંડવોનું હિત કરવા તથા તેમનું કુશલ મંગલ જાણવા હસ્તિનાપુર જાવ. રાજા પાંડુના મૃત્યુ પછી કુન્તીમા તથા પાંડવો દુઃખમાં પડી ગયા છે. હવે ધૃતરાષ્ટ્ર તેમને હસ્તિનાપુર લઈ આવ્યા છે. હમણાં તે બધાં ત્યાં રહે છે. ધૃતરાષ્ટ્ર અંધ છે. મનોબળ કમજોર છે. દુર્યોધન દુષ્ટ છે. ધૃતરાષ્ટ્ર પુત્રને આધીન છે. આથી પાંડવો સાથે પુત્ર સમાન વ્યવહાર કરતા નથી. પાંડવો સંબંધી સમાચાર જાણવા અક્રૂરજીને મોકલ્યા.'

અક્રૂરજીએ કુંતાજીને તેમના પુત્રોના જન્મદાતા ધર્મ, વાયુ વગેરે દેવતાઓની યાદ અપાવી અને કહ્યું કે તમારા પુત્રો અધર્મનો નાશ કરવા જન્મ્યા છે. આ રીતે કુંતાજીને સાંત્વના આપી.

(૯૧૫) પાણ્ડવાનાંસુખપ્રદઃ = પાંડવોને સુખ આપનારા.

શ્રીકૃષ્ણે અક્રૂરજી દ્વારા પાંડવોને સંદેશો મોકલ્યો. આ રીતે પાંચે પુત્રોને સુખ, શાંતિ અને આનંદનું દાન કર્યું. અક્રૂરજીને હસ્તિનાપુર મોકલતી વખતે ભગવાને તેમને કહ્યું, 'આપ ત્યાં જઈ પાંડવોની સ્થિતિ જાણો. મને તે સમાચાર આપો. તે જાણીને તે સુહૃદોના સુખ માટે હું ઉપાય કરીશ.'

શ્રીકૃષ્ણે પાંડવોની રક્ષા કર્યાના અને તેમને સુખ સંપત્તિ પ્રાપ્ત કરાવી આપ્યાની કથાઓ મહાભારતમાં અનેક પ્રસિદ્ધ છે.

(અહીં દશમ સ્કંધ પૂર્વાધનાં ૭૨૯ થી ૯૨૫ નામો સંપન્ન થયા.)

●

(આગળના સ્કંધના નામોનું વિવેચન આ ગ્રંથના ત્રીજા ભાગમાં અપાશે.)

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં: ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)
[ઈન્કમટેક્ષ મુક્તિ નં. CIT/GNR/80G(5)/MHN-85/2007-2008]

visit us at www.vaishnavparivar.org

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- ❖ વૈષ્ણવ પરિવાર (માસિક)
- ❖ બાલપુષ્ટિ (બાલમાસિક)
- ❖ પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- ❖ શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ❖ ગૌસેવા.
- ❖ અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- ❖ સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- ❖ સારસ્વત સન્માન એવોર્ડ.
- ❖ પુષ્ટિમાર્ગ માટે વિશિષ્ટ સેવા આપનાર મહાનુભાવોનું શ્રીહરસાનીજી એવોર્ડથી સન્માન.
- ❖ રેનબસેરા
- ❖ સત્સંગ સત્રોનું આયોજન.
- ❖ બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન.
- ❖ કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફક્ત ડીસેમ્બરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

- ■ રૂા.૨૫૦/-થી ઉપરની દ્રવ્ય સહાયની રકમ ઈન્કમટેક્ષ ધારાની કલમ ૮૦(જી) અન્વયે કરમુક્તિને પાત્ર છે.
- ■ ડ્રાફ્ટ/ચેક 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામજોગ જ મોકલવો.
- ■ બેન્ક ઓફ બરોડાની કોઈ પણ શાખામાં શ્રીહરસાનીજી પ. ચે. ટ્રસ્ટના સેવિંગ્સ ખાતામાં રકમ ભરી શકાશે. સેવિંગ્સ ખાતા નંબર : ૦૧૫૨૦૧૦૦૦૦૪૮૮૯

મહેસાણા કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
મોબાઈલ : ૭૭૭૭૯ ૧૬૯૪૦
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય (સમય : સવારે ૧૧ થી સાંજે ૫)

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
ફોનઃ (ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
Email : chemiequip79@gmail.com

અંધેરી (મુંબઈ) કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ, અંધેરી(ઈ),
મુંબઈ. [ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]
Email : delight@vsnl.com

ઘાટકોપર (મુંબઈ) સંપર્ક કેન્દ્ર

શ્રી દિલીપભાઈ એ. પારેખ
બ્લોક નં.૨૧૩૪/૩૫, ક્લોવર રીજેન્સી, બી વિન્ગ,૧૩મા
માળે, રામજી આશર લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર
(ઈસ્ટ), ફોનઃ(રહે) ૨૫૦૧૧૩૦૬ (ઓ) ૩૦૨૯૭૬૦૩
મો. ૦૯૩૨૪૦૧૦૩૮૭

અમેરીકા સંપર્ક કેન્દ્ર

Bharat K. Mehta
28, Semel Avenue, Iselin, NJ - 08830 (U.S.A.)
PH :732-321-4041, email : b1k1m1@hotmail.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage, MI - 49024
Phone : 269-323-1880

Smt. Bhavana Vasudev Patel
33, Prairie Pointe Lane, Stream wood, IL-60107, U.S.A.
Ph. : 608-215-7811

With Best Compliments from

Rajendra R. Desai
✆ 098240 61750

Jignesh R. Desai
✆ 098243 14580

Desai Bros. & Co.

SHREEJI TRADERS

H.O.
"Anurag Building",
Near IDFC Bank,
Nagalpur, Highway,
Mehsana - 384 002
Phone : 02762-253760, 232211
Mobile : 96648 15329

Branch
Toranwali Mata No Chowk,
Station Road,
Mehsana - 384 001
Phone : 02762-244184

Email : jignesh_desai78@yahoo.com

Distributorship of

KANSAI NEROLAC PAINTS LIMITED
WONDER CEMENT
Birla White
ICA
Sika
TARALAC

Date of Publication : 01-01-2018
Registered News Paper
VAISHNAV PARIVAR (Monthly)
JANUARY-2018
Total Pages : 252 ■ કિંમત રૂ.૪૦

R.N.I. No. 38428 / 1983
Postal Reg. No. : L2/15/RNP/G-MEH-224/2017-18
LPWP license No. : PMG/HQ/052/2018-20
Valid upto 31-12-2020
Permitted to Post at Mehsana RMS on 1st of Every Month

If not delivered please return to
SHRI HARSANIJI PUBLIC CHARITABLE TRUST
Post Box No. 16, **MAHESANA - 384 002** [GUJARAT, INDIA]

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ વતી તંત્રી અને પ્રકાશક : વસંતબેન રમેશભાઈ પરીખ,
'વ્રજરજ', ૩૧, શિવ સોસાયટી વિ.૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
મુદ્રક : અમિત ર. પરીખ, પુષ્ટિ પ્રિન્ટ્સ, સી-૧/૬૩, જી.આઈ.ડી.સી., દેદિયાસણ, મહેસાણા.